
# જૈનાગમ નવનીત
# આગમ નિબંધ માળા
## [ ભાગ– ૩ ]





આગમ નિબંધમાળા ભાગ – ૩

# साहित्य सूचि

**[इन्टरनेट पर उपलब्ध–जैन ई लाइब्रेरी तथा आगम मनीषी]**

## हिन्दी साहित्य :–

| | |
|---|---|
| १ से ३२ | आगम सारांश हिंदी ३२ भागों में । |
| ३३ से ४० | जैनागम नवनीत सजिल्द भाग १ से ८ । |
| ४१ से ५० | (१) गुणस्थान स्वरूप (२) ध्यान स्वरूप (३) संवत्सरी विचारणा (४) जैनागम विरूद्ध मूर्तिपूजा (५) चौद नियम (६) १२ व्रत (७) सामायिक सूत्र सामान्य प्रश्नोत्तर युक्त (८) सामायिक प्रतिक्रमण के विशिष्ट प्रश्नोत्तर (९) हिन्दी में श्रमण प्रतिक्रमण (१०) श्रावक सविधि प्रतिक्रमण |
| ५१ से ६० | जैनागम नवनीत प्रश्नोत्तर भाग–१ से १० |
| ६१–६२ | जैनागम नवनीत प्रश्नोत्तर विविध दो भागों में |
| ६३–६४ | आचारांग प्रश्नोत्तर दो भागों में |
| ६५ | ज्ञानगच्छ में.......प्रकाशगुरु का शासन...... |
| ६६ | स्था. मान्य ३२ जैनागम परिचय एवं साहित्य समीक्षा |
| ६७ से ७१ तक | जैनागम नवनीत निबंधमाला भाग–१ से ५ |
| ७२ | एकलविहार से मुक्ति तथा सावंत्सरिक विचारणा |

## गुजराती साहित्य :–

| | |
|---|---|
| १ से ९ | जैनागम सुत्तागमे गुजराती लिपि में– ९ भागों में |
| १० | जैन श्रमणों की गोचरी, श्रावक के घर का विवेक |
| ११ | जैनागम ज्योतिष गणित एवं विज्ञान |
| १२ से १९ | जैनागम नवनीत–मीठी मीठी लागे छे महावीरनी देशना(८) |
| २०–२९ | जैनागम नवनीत प्रश्नोत्तर भाग–१ से १० |
| ३०–३१ | (१) १४ नियम, (२) १२ व्रत |
| ३२ | जैनागम नवनीत प्रश्नोत्तर विविध भाग–१ |
| ३३–३४ | आचारांग प्रश्नोत्तर दो भागों में |
| ३५–३९ | जैनागम नवनीत निबंधमाला भाग– १ से ५ |
| ४० | एकलविहार से मुक्ति तथा सावंत्सरिक विचारणा |
| ४१ | स्था. मान्य ३२ आगम परिचय एवं साहित्य समीक्षा (प्रेस में) |

**(योग–७२ + ४१ = ११३)**

જય ગુરુ સમરથ જય મહાવીર જય ગુરુ ચંપક

# જૈનાગમ નવનીત
# આગમ નિબંધમાલા
[ ભાગ– ૩ ]

આગમ મનીષી
શ્રી ત્રિલોકચંદજી જૈન
રાજકોટ.





**પ્રકાશક** :શ્રી જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિ, રાજકોટ.
[પુષ્પાંક : ૧૦૯]

**સંપાદક** :આગમ મનીષી શ્રી ત્રિલોકચંદજી જૈન

**પ્રકાશન સમય** :એપ્રિલ–૨૦૧૫

**પ્રથમ આવૃત્તિ** :પ્રત – ૧૦૦૦

**મૂલ્ય** :૫૦/– રૂ. પાંચ પુસ્તકોનો સેટ : રૂ. ૨૫૦/–

A/c No. :18800100011422Tilokchand Golchha
Bank Of Baroda, Rajkot (Raiya Road)

**પ્રાપ્તિસ્થાન** :શ્રી ત્રિલોકચંદજી જૈન
ઓમ સિધ્ધિ મકાન
૬, વૈશાલીનગર, રૈયા રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૭. (ગુજરાત)
મો. 098982 39961 :: 98980 37996

EMAIL :agammanishi@org
www.agammanishi.org/ jainlibrary.e.org

**કોમ્પ્યુટરાઈઝ–** અમીન આઝાદ – હિતેન ગાંધી
**ફોર કલર ડિઝાઈન–** હરીશભાઈ ટીલવા
**પ્રિન્ટિંગ પ્રેસ–** કિતાબઘર પ્રિંટરી
**બાઈન્ડર–** હબીબભાઈ, રાજકોટ

## પ્રકાશકીય - સંપાદકીય

માનવ જીવનમાં અનેક ઉતાર–ચડાવ આવતા રહે છે. જે માનવી એમાં સંભાળી– સંભાળીને ચાલે તે જ શ્રેષ્ઠ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે, નહિતર ગમે ત્યારે ભટકી પડે છે. એવી સ્થિતિમાં આગમ જ્ઞાન પ્રકાશ જ સાચો માર્ગદર્શક થઈને હિતકારી બની શકે છે.

આપણી જ્ઞાન પ્રકાશનની શ્રેણીમાં વાંચકોને ૩ર આગમ સારાંશ તથા ૩ર આગમ પ્રશ્નોત્તર પછી હવે નવા અવસરે આગમિક નિબંધ–સંગ્રહ પાંચ ભાગોમાં હસ્તગત કરાવવામાં આવશે જેમાં આગમ સારાંશ તથા પ્રશ્નોત્તરમાંથી જ ખાસ વિષયોને પસંદ કરી નિબંધના રૂપમાં રજુ કરવામાં આવશે.

આ નિબંધો– વાંચકો, લેખકો, માસિકપત્ર પ્રકાશકો તથા જીવન સુધારક જિજ્ઞાસુઓને ઉપયોગી, વિશેષ ઉપયોગી થઈ રહેશે. એવી શુભ ભાવનાથી આગમ જ્ઞાન સાગરને આ ત્રીજી નિબંધ શ્રેણીમાં તૈયાર કરવામાં આવેલ છે. હિન્દી ભાષામાં પ્રકાશિત કર્યા પછી હવે તેને ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરી રહ્યા છીએ.

**(૧) સ્વાધ્યાય સંઘોની ભલામણથી – આગમ સારાંશ**
**(ર) આચાર્યશ્રી દેવેન્દ્રમુનિજી અને શ્રી પ્રકાશમુનિજી ની પ્રેરણાથી – આગમ પ્રશ્નોત્તર**
**(૩) નૂતનપત્રિકા સંપાદકની પ્રેરણાથી – આગમ નિબંધ**

આશા કરીએ કે આગમ જીજ્ઞાસુ આ ત્રીજા ઉપક્રમથી ચોક્કસ લાભ પ્રાપ્ત કરશે. આ નિબંધમાળાના પ્રથમ અને દ્વિતીય ભાગ પ્રકાશિત થઈ ગયા છે.

નિબંધ માળાના આ ત્રીજા ભાગમાં આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ અને ભગવતી સૂત્ર શતક–૧ર સુધી માંથી કેટલાક વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે.

વાંચકોએ નિબંધ વાંચતાંજો સૂત્રસ્થળ જાણવાની આવશ્યકતા થાય તો અનુક્રમણિકામાં આપવામાં આવેલ છે, ત્યાં જોઈ લેવા.

**–આગમ મનીષી ત્રિલોકચંદ જૈન**





## અનુક્રમણિકા


| નિબંધ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | આગમોક્ત દિશાઓનું જ્ઞાન ( આચા૦ પ્રથમ) | ૧૧ |
| ર. | ર૭ ક્રિયાઓ આચારાંગથી ( આચા૦ પ્રથમ) | ૧૧ |
| ૩. | જ્ઞાની, અજ્ઞાની, વાસ્તવિક જ્ઞાની ( આચા૦ પ્રથમ) | ૧ર |
| ૪. | જીવોનાં પાપ કરવાનાં મુખ્ય કારણો અને પ્રકાર ( આચા૦ પ્રથમ) | ૧૩ |
| પ. | એકેન્દ્રિય જીવોની વેદનાનું સ્પષ્ટીકરણ ( આચા૦ પ્રથમ) | ૧૪ |
| ૬. | સાધુએ કેવું થવું, રહેવું અને બનવું ( આચા૦ પ્રથમ) | ૧પ |
| ૭. | સંયમ અને સંયમીના પર્યાય શબ્દો ( આચા૦ પ્રથમ) | ૧૭ |
| ૮. | ગુસ્સો અને ઘમંડ ઓછા કરવાના ઉપાયો ( આચા૦ પ્રથમ) | ૧૮ |
| ૯. | એક વ્રતમાં દોષ તો બધા વ્રતોમાં દોષ કેમ ? ( આચા૦ પ્રથમ) | ૧૯ |
| ૧૦. | મમત્વ ત્યાગવાનો ઉપદેશ કોને ( આચા૦ પ્રથમ) | ર૦ |
| ૧૧. | પ્રવચનમાં વિવેક તથા વિષય ( આચા૦ પ્રથમ) | ર૧ |
| ૧ર. | સમ્યગદષ્ટીને પાપ નથી લાગતું કે સાધુને ( આચા૦ પ્રથમ) | રર |
| ૧૩. | જે એગં જાણઈ સે સવ્વં જાણઈનો મતલબ ( આચા૦ પ્રથમ) | ર૩ |
| ૧૪. | શરીર પ્રત્યે ઉપેક્ષા તથા અપેક્ષા બન્ને ( આચા૦ પ્રથમ) | રપ |
| ૧પ. | સંયમના સંશય અને બાધકસ્થાન તથા વિવેક ( આચા૦ પ્રથમ) | ર૭ |
| ૧૬. | મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો( આચા૦ પ્રથમ) | ૩૦ |
| ૧૭. | શાસ્ત્રોમાં ૧૬ રોગો તથા વર્તમાનના રોગો ( આચા૦ પ્રથમ) | ૩૦ |
| ૧૮. | અચેલત્વનું મહાત્મ્ય આગમમાં ( આચા૦ પ્રથમ) | ૩૧ |
| ૧૯. | શાસ્ત્ર વચ્ચેના અધ્યયનનો વિચ્છેદ કેમ ( આચા૦ પ્રથમ) | ૩ર |
| ર૦. | વિશિષ્ટ સાધના અને વ્યવહાર ( આચા૦ પ્રથમ) | ૩૪ |
| ર૧. | જામા તિણ્ણિ ઉદાહિયા'નો અર્થ અનેકાંતિક ( આચા૦ પ્રથમ) | ૩૬ |
| રર. | વસ્ત્ર ધોવા, રંગવા કેમ ( આચા૦ પ્રથમ) | ૩૬ |
| ર૩. | બાહ્ય અને આભ્યંતર સાધના એક ચિંતન ( આચા૦ પ્રથમ) | ૩૭ |
| ર૪. | સચિત્ત અને સચિત્ત યુક્ત આહાર વિવેક ( આચા૦ દ્વિતીય) | ૩૯ |
| રપ. | દાનપિંડ અને દાનકુળ ( આચા૦ દ્વિતીય) | ૪૧ |
| ર૬. | જમણવારના મોટા પ્રસંગમાં ગોચરી ( આચા૦ દ્વિતીય) | ૪૧ |
| ર૭. | ગોચરી યોગ્ય કુળ ( આચા૦ દ્વિતીય) | ૪૩ |

| | | |
|---|---|---|
| ૨૮. | વાયુકાય જીવોની વિરાધના ( આચા૰ દ્વિતીય) | ૪૪ |
| ૨૯. | ૨૧ પ્રકારના ધોવાણ પાણી શા માટે ? ( આચા૰ દ્વિતીય) | ૪૭ |
| ૩૦. | કંદમૂળનો ત્યાગ વિચારણા ( આચા૰ દ્વિતીય) | ૪૮ |
| ૩૧. | કુંભીપક્વ ફળ ( આચા૰ દ્વિતીય) | ૪૯ |
| ૩૨. | આહાર–પાણી પરઠવાની વિધિ ( આચા૰ દ્વિતીય) | ૪૯ |
| ૩૩. | મદ્ય અને માંસ વિશેના પાઠની વિચારણા ( આચા૰ દ્વિતીય) | ૫૧ |
| ૩૪. | સાત પિંડેષણાઓનો ખુલાશો ( આચા૰ દ્વિતીય) | ૫૩ |
| ૩૫. | સાધુએ છત્ર,ચર્મ રાખવા કલ્પે છે ? ક્યારે ? ( આચા૰ દ્વિતીય) | ૫૪ |
| ૩૬. | અન્ય સંપ્રદાયગત સાધુ સાથે પાટ પર બેસવું ( આચા૰ દ્વિતીય) | ૫૫ |
| ૩૭. | વન ઉપવનમાં સ્થિરતા અને આહાર ( આચા૰ દ્વિતીય) | ૫૬ |
| ૩૮. | આગમ અનુસાર મળ–મૂત્ર વિસર્જન વિધિ ( આચા૰ દ્વિતીય) | ૫૭ |
| ૩૯. | ભગવાનનું ગર્ભ સંહરણ અને બ્રાહ્મણ કુળ ( આચા૰ દ્વિતીય) | ૫૮ |
| ૪૦. | વિવિધ મતમતાંતર સિદ્ધાંત સ્વરૂપ ( સૂય૰ પ્રથમ) | ૬૧ |
| ૪૧. | સૂયગડાંગ સુત્ર પ્રમાણે સાધુના ૩૬ અનાચાર ( સૂય૰ પ્રથમ) | ૬૯ |
| ૪૨. | દાનશાળા, પરબ અને દાણાપીઠની ચર્ચા ( સૂય૰ પ્રથમ) | ૭૦ |
| ૪૩. | ચાર સમવસરણ, ચાર વાદ, ૩૬૩ પાખંડ ( સૂય૰ પ્રથમ) | ૭૨ |
| ૪૪. | ઉચ્ચ ગુણો પર પાણી ફેરવતા અવગુણ ( સૂય૰ પ્રથમ) | ૭૬ |
| ૪૫. | સાધુ દ્વારા ધર્મોપદેશનો વિવેક ( સૂય૰ પ્રથમ) | ૭૬ |
| ૪૬. | બાર પ્રકારના જીવો તથા તેમનો આહાર ( સૂય૰ દ્વિતીય) | ૭૮ |
| ૪૭. | પ્રત્યાખ્યાનનું મહત્વ અને શ્રદ્ધા ( સૂય૰ દ્વિતીય) | ૮૧ |
| ૪૮. | ભાષા સંબંધી અનાચાર અને વિવેક જ્ઞાન ( સૂય૰ દ્વિતીય) | ૮૩ |
| ૪૯. | અપાત્ર–અયોગ્યને જ્ઞાન શામાટે આપવું ( સૂય૰ દ્વિતીય) | ૮૬ |
| ૫૦. | ધર્મની પ્રાપ્તિ તથા ધર્મનો પ્રકાર ( ઠાણાંગ) | ૮૭ |
| ૫૧. | ઈન્દ્ર સંબંધી જ્ઞાન ( ઠાણાંગ) | ૮૮ |
| ૫૨. | તારા તૂટવાનો અર્થ ( ઠાણાંગ) | ૯૧ |
| ૫૩. | લોકમાં થતા પ્રકાશ અને અંધકાર ( ઠાણાંગ) | ૯૦ |
| ૫૪. | માતા–પિતા આદિના ૠણથી ઉૠણ ( ઠાણાંગ) | ૯૩ |
| ૫૫. | તીર્થનું વિશ્લેષણ આગમાધારથી ( ઠાણાંગ) | ૯૪ |
| ૫૬. | ચોથો સન્યાસાશ્રમ છે તો જૈન દીક્ષા ક્યારે ( ઠાણાંગ) | ૯૪ |







| | | |
|---|---|---|
| ૫૭. | આત્મ સુરક્ષાના ત્રણ સાધનો ( ઠાણાંગ) | ૯૬ |
| ૫૮. | દેવોનું મનુષ્ય લોકમાં આવવું કે ન આવવું ( ઠાણાંગ) | ૯૭ |
| ૫૯. | સાધુને તપસ્યામાં ધોવણ પાણી કલ્પે ( ઠાણાંગ) | ૯૮ |
| ૬૦. | અનાવૃષ્ટી – અતિવૃષ્ટીનાં કારણો ( ઠાણાંગ) | ૯૯ |
| ૬૧. | ભૂકંપ શા માટે અને કેવી રીતે? ( ઠાણાંગ) | ૯૯ |
| ૬૨. | સાધુ તથા શ્રાવકના ત્રણ મનોરથ ( ઠાણાંગ) | ૧૦૧ |
| ૬૩. | 'પરોપદેશે પાંડિત્યમ્' ( ઠાણાંગ) | ૧૦૪ |
| ૬૪. | મોક્ષપ્રાપ્તિમાં તપ અને ક્રિયાઓના માપદંડ ( ઠાણાંગ) | ૧૦૪ |
| ૬૫. | ચાર કષાય અને ૧૬ કષાયોનું સ્વરૂપ ( ઠાણાંગ) | ૧૦૬ |
| ૬૬. | ચાર વિકથાઓ તથા ધર્મકથાઓનું વિશ્લેષણ ( ઠાણાંગ) | ૧૧૦ |
| ૬૭. | ગૃહસ્થ માટે વ્રત–પચ્ચક્ખાણ ( ઠાણાંગ) | ૧૧૩ |
| ૬૮. | ગૃહસ્થનો સાધુ પર માતા–પિતા હોવાનો અધિકાર ( ઠાણાંગ) | ૧૧૫ |
| ૬૯. | ચિકિત્સા–ચિકિત્સક–રોગનું પ્રજ્ઞાન આગમથી ( ઠાણાંગ) | ૧૧૮ |
| ૭૦. | શુભકર્મ દુઃખી કરે : અશુભકર્મ સુખી કરે ( ઠાણાંગ) | ૧૨૦ |
| ૭૧. | અવધિજ્ઞાનની ઉત્પત્તિ અને વિનાશ ( ઠાણાંગ) | ૧૨૧ |
| ૭૨. | ગચ્છમાં સંગઠન અને વિઘટનના કારણો ( ઠાણાંગ) | ૧૨૨ |
| ૭૩. | સાધુ–સાધ્વીએ એક મકાનમાં રહેવું ? ( ઠાણાંગ) | ૧૨૩ |
| ૭૪. | સંયમમાં ઉપકારી પદાર્થો (ગુરુ–શિષ્ય સિવાય) ( ઠાણાંગ) | ૧૨૫ |
| ૭૫. | શ્રુતના અધ્યયનનું ઉદ્દેશ્ય અને લાભ ( ઠાણાંગ) | ૧૨૬ |
| ૭૬. | વર્ષમાં ૬ તિથિઓની વધ–ઘટ ( ઠાણાંગ) | ૧૨૭ |
| ૭૭. | આયુષ્યકર્મમાં વધ–ઘટ ( ઠાણાંગ) | ૧૨૮ |
| ૭૮. | સાત નિહ્નવોનાં સિદ્ધાંતો અને સમાધાન ( ઠાણાંગ) | ૧૨૯ |
| ૭૯. | આયુર્વેદનાં આઠ શાસ્ત્ર ( ઠાણાંગ) | ૧૩૪ |
| ૮૦. | ચૈત્યવૃક્ષ અને કલ્પવૃક્ષનું જ્ઞાન ( ઠાણાંગ) | ૧૩૪ |
| ૮૧. | રોગોત્પત્તિ થવાનાં ૯ કારણો ( ઠાણાંગ) | ૧૩૬ |
| ૮૨. | પુણ્યના પ્રકાર અને સ્વરૂપ ( ઠાણાંગ) | ૧૩૯ |
| ૮૩. | ભગવાન મહાવીરના શાસનના ૯ જીવ તીર્થંકર થશે ( ઠાણાંગ) | ૧૪૧ |
| ૮૪. | આગમ શાસ્ત્રોના દસ–દસ અધ્યયન ( ઠાણાંગ) | ૧૪૨ |
| ૮૫. | દસ અચ્છેરાઓનું સ્પષ્ટીકરણ ( ઠાણાંગ) | ૧૪૪ |

| | | |
|---|---|---|
| ૮૬ | નક્ષત્ર સંયોગમાં જ્ઞાન વૃદ્ધિ ( ઠાણાંગ) | ૧૪૯ |
| ૮૭. | દસ મિથ્યાત્વ અને સમકિતના આગાર ( ઠાણાંગ) | ૧૫૦ |
| ૮૮. | સાત ભયનું વિશ્લેષણ (સમવાયાંગ) | ૧૫૦ |
| ૮૯. | ‘દશ યતિધર્મનું વિશ્લેષણ (સમવાયાંગ) | ૧૫૧ |
| ૯૦. | શ્રમણોના ૧૨ સંભોગ–વ્યવહાર (સમવાયાંગ) | ૧૫૩ |
| ૯૧. | સંયમના (૧૭) સત્તર પ્રકાર (સમવાયાંગ) | ૧૫૪ |
| ૯૨. | અણગારના ૨૭ ગુણ (સમવાયાંગ) | ૧૫૫ |
| ૯૩. | બત્રીસ યોગ સંગ્રહ (સમવાયાંગ) | ૧૫૫ |
| ૯૪. | અઠ્ઠાવીસ આચાર પ્રકલ્પ (સમવાયાંગ) | ૧૫૬ |
| ૯૫. | મરણના ૧૭ પ્રકાર (સમવાયાંગ) | ૧૫૭ |
| ૯૬. | સિદ્ધોનાં ૩૧ ગુણ–આઠ ગુણ (સમવાયાંગ) | ૧૫૮ |
| ૯૭. | સંવત્સરી ૫૦–૭૦ દિવસનું વિશ્લેષણ (સમવાયાંગ) | ૧૫૯ |
| ૯૮. | વૈયાવચ્ચના ૯૧ પ્રકાર (સમવાયાંગ) | ૧૬૧ |
| ૯૯. | શાસ્ત્રોના પ્રારંભ–અંતિમ મંગલપાઠની વિચારણા (ભગવતી) | ૧૬૨ |
| ૧૦૦. | દ્વાદશાંગી શાશ્વત કે અશાશ્વત? (ભગવતી) | ૧૬૫ |
| ૧૦૧. | શ્રમણોને કાંક્ષા મોહનું વેદન કેમ ? (ભગવતી) | ૧૬૬ |
| ૧૦૨. | સૂક્ષ્મ સ્નેહકાય અને મસ્તક ઢાંકવું વિચારણા (શતક–૧) | ૧૬૭ |
| ૧૦૩. | ગર્ભસ્થ જીવ સંબંધી આગમિક પરિજ્ઞા (શ.૧,૨ પ્ર–૧૨) | ૧૬૭ |
| ૧૦૪. | કવલાહારનું પરિણમન (શ.૧ પ્ર–૩૦) | ૧૬૯ |
| ૧૦૫. | વ્યવહારનય – નિશ્ચયનય કાલાશ્યવેશી અણગાર (શ.૧ પ્ર–૩૬) | ૧૭૦ |
| ૧૦૬. | અપ્રત્યાખ્યાની ક્રિયા કોને લાગે (શ.૧ ) | ૧૭૧ |
| ૧૦૭. | આધાકર્મ દોષવાળો આહાર અને તેનું ફળ (શ.૧,૫ પ્ર–૧૫) | ૧૭૧ |
| ૧૦૮. | એકેન્દ્રિય અને શ્વાચ્છોશ્વાસ (શ.૨) | ૧૭૨ |
| ૧૦૯. | કેવળી ભગવંતોનો આહાર (શ.૨) | ૧૭૩ |
| ૧૧૦. | તુંગિયા નગરીના શ્રાવકોના ગુણ (શ.૨ પ્ર–૧૩) | ૧૭૩ |
| ૧૧૧. | ઈશાનેન્દ્રનો પૂર્વભવ (શ.૩ પ્ર–૪) | ૧૭૫ |
| ૧૧૨. | ચમરેન્દ્રનો જન્મ અને અહંભાવ (શ.૩ પ્ર–૯,૧૦) | ૧૭૮ |
| ૧૧૩. | અચિત્તપદાર્થ કોનું ત્યક્ત શરીર (શ.૫ પ્ર–૪) | ૧૮૧ |
| ૧૧૪. | હરિણૈગમેશી દેવ સંબંધી સાચી જાણકારી (શ.૫ પ્ર–૭) | ૧૮૧ |




આગમ નિબંધમાળા ભાગ – ૩


| | | |
|---|---|---|
| ૧૧૫. | દેવોને મનઃપર્યવજ્ઞાન જેવી ક્ષમતા (શ.૫ પ્ર–૯) | ૧૮૨ |
| ૧૧૬. | આચાર્ય–ઉપાધ્યાયના કર્તવ્ય પાલનનું ફળ (શ.–૫) | ૧૮૪ |
| ૧૧૭. | શ્રાવક અનારંભી નહીં – સૂક્ષ્મ અનુમોદન (શ.૫ પ્ર–૧૭) | ૧૮૪ |
| ૧૧૮. | મહાવીર દ્વારા પાર્શ્વપ્રભુના નામથી નિરુપણ (શ.૫ પ્ર–૨૪) | ૧૮૫ |
| ૧૧૯. | અબાધાકાળ અને આયુષ્યકર્મ વિચારણા (શ.૬ પ્ર–૪) | ૧૮૭ |
| ૧૨૦. | તમસ્કાય પાણીનું પરિણામ (શ.૬ પ્ર–૭) | ૧૮૯ |
| ૧૨૧. | મારણાંતિક સમુદઘાત એક વિચારણા (શ.૬ પ્ર–૧૦) | ૧૯૦ |
| ૧૨૨. | ધાન્ય વગેરે સચિત્ત અને ઉગવાનો સ્વભાવ (શ.૬ પ્ર–૪) | ૧૯૨ |
| ૧૨૩. | દેવોનું નર્કમાં જવું અને પરમાધામી (શ.૬ પ્ર–૧૭) | ૧૯૩ |
| ૧૨૪. | પ્રાપ્ત આહાર શુદ્ધાશુદ્ધ કઈ રીતે (શ.૭ પ્ર–૬) | ૧૯૪ |
| ૧૨૫. | પરમાવધિજ્ઞાની તે જ ભવે મુક્ત થાય (શ.૭ પ્ર–૧૩) | ૧૯૬ |
| ૧૨૬. | કોણિક–ચેડાના યુદ્ધમાં મરનારની સમીક્ષા (શ.૭) | ૧૯૭ |
| ૧૨૭. | સદોષ–નિર્દોષ આહાર વહોરાવવાનું ફળ (શ.૮ પ્ર–૧૪) | ૧૯૮ |
| ૧૨૮. | સૂર્યપ્રકાશ તેજ અને નિસ્તેજ કેમ ? (શ.૮ પ્ર–૨૧) | ૧૯૯ |
| ૧૨૯. | આઠ કર્મબંધનાં કારણોનો વિસ્તાર(શ.૮ પ્ર–૨૫) | ૨૦૦ |
| ૧૩૦. | ઉર્ધ્વ અધો તિર્યક લોકનું સ્વરૂપ(શ.૧૧ પ્ર–૯,૧૦) | ૨૦૨ |
| ૧૩૧. | દસમો,અગીયારમો પૌષધ : શંખ–પુષ્કલી (શ.૧૨) | ૨૦૭ |
| ૧૩૨. | પુદ્ગલ પરાવર્તનના પ્રકાર (શ.૧૨ ઉદ્દે.–૪) | ૨૧૧ |
| ૧૩૩. | અઢાર પાપનું સ્વરૂપ અને ભેદ(શ.૧૨) | ૨૧૨ |
| ૧૩૪. | દરેક જીવ સાથે સંબંધઃ અનંતવાર (શ.૧૨ ઉદ્દે.–૭) | ૨૧૩ |
| ૧૩૫. | પાંચ પ્રકારના દેવ તથા અલ્પબહુત્વ (શ.૧૨ ઉદ્દે.–૯) | ૨૧૩ |
| ૧૩૬. | લોક મધ્ય તથા ત્રણે લોક મધ્ય ક્યાં (શ.૧૩ ઉદ્દે.–૪) | ૨૧૪ |
| ૧૩૭. | શ્રાવકના પ્રત્યાખ્યાનમાં કરણ યોગ (શ. ૮ ઉદ્દે.–૫) | ૨૧૪ |
| ૧૩૮. | સંથારો – દીક્ષા તારીખનું રહસ્ય | ૨૧૬ |
| –– | વીતેલી વાત – સ્વાસ્થ્ય સુધાર અને પ્રાયશ્ચિત્તીકરણ | ૨૨૨ |
| –– | સૂચના–સંદેશ | ૨૨૩ |

## નિબંધ–૧

# આગમોક્ત દિશાઓનું જ્ઞાન

**પ્ર.૨ : લોકમાં દિશાઓ કેટલી છે ?**

**જવાબ :** દિશા શબ્દથી દિશાઓ અને વિદિશાઓ બંનેની ગણના થાય છે. આગમમાં ઉત્કૃષ્ટ ૧૦ દિશાઓ કહેવામાં આવી છે તથા અન્ય અપેક્ષાથી આગમમાં ક્યાંક ૪, ક્યાંક ૬ અને ક્યાંક ૮ દિશાઓ પણ કહેવાય છે. અહીં આચારાંગમાં વ્યાખ્યાકારે અન્ય અપેક્ષાથી ૧૮ દ્રવ્યદિશા અને ૧૮ ભાવ દિશાઓનું પણ કથન કર્યું છે.

**૧૮ દ્રવ્યદિશા–** ચાર દિશા+ચાર વિદિશા=૮, આ આઠના કલ્પિત આંતરા=વચ્ચે, એમ ૮+૮=૧૬+ઊંચી દિશા+નીચી દિશા=૧૮ દ્રવ્યદિશા.

**૧૮ ભાવદિશા–** ચાર સ્થાવર+ચાર વનસ્પતિ(અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ)+૪ શેષ તિર્યંચ ત્રસ(બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેંદ્રિય)+ચાર મનુષ્ય(કર્મભૂમિ, અકર્મભૂમિ,અન્તર્દ્વીપ, સંમૂર્ચ્છિમ)+૧ દેવ+૧ નરક, આ પ્રકારે **૪**+૪+૪+૪+૧+૧=૧૮.

વાસ્તવમાં આ એક પ્રકારની કલ્પના છે, જે વ્યાખ્યાકારો દ્વારા સંખ્યા મેળવવા રૂપે કરેલ છે. તેને અપેક્ષામાત્રથી સ્વીકાર કરી શકાય છે પરંતુ એકાંતિક ધ્રુવ સિદ્ધાંત રૂપે નહિ. સિદ્ધાંતની અપેક્ષાએ તો ઉત્કૃષ્ટ ૧૦ દિશાઓ છે. જીવના ભેદ પણ આગમથી ૧૪, ગતિ-૪, દંડક-૨૪ આદિ આદિ સંખ્યાઓ સૈદ્ધાંતિક છે.

## નિબંધ–૨

# ૨૭ ક્રિયાઓ આચારાંગથી

આત્મા કર્મોના કારણે ભવ-ભ્રમણ, સંસાર-ભ્રમણ કરે છે અને તે કર્મોની ઉત્પાદક અર્થાત્ કર્મોને ઉત્પન્ન કરાવનારી જીવની પોતાની ક્રિયાઓ છે. તે ક્રિયાઓ અહીં સૂત્રમાં ત્રણ શબ્દોમાં સંક્ષિપ્ત કરીને ૨૭ કહી છે. તેમાં આધાર– ત્રણ કરણ, ત્રણ યોગ અને ત્રણ કાલને બતાવવામાં આવેલ છે. ત્રણે કાળના સંયોગથી જીવનું સમસ્ત સંસાર ભ્રમણ ચક્ર ચાલ્યા કરે છે. સૂત્રમાં એ કરણ, યોગ અને કાલ ત્રણેના સંયોગથી ૨૭ ભંગ વિવક્ષિત કરીને પહેલો, ચૌદમો અને સત્તાવીશમો એ ત્રણ ભંગ મૂળ પાઠમાં કહ્યા છે. જેમ કે– **(१) अकरिस्सं चाहं (१४) कारवेसुं चाहं (२७) करओ यावि समणुण्णे भविस्सामि ।**





અહીં શબ્દોમાં સ્પષ્ટરૂપે ત્રણ કરણ અને ત્રણ કાળ પ્રતિફલિત થાય છે. પરંતુ ત્રણ કરણ અને ત્રણ યોગ એ બીજાશાસ્ત્રોમાં ક્રિયાના પ્રકારોમાં પ્રસિદ્ધ છે. સાધુ અને શ્રાવકની પાપક્રિયાના પ્રત્યાખ્યાનમાં પણ ત્રણ કરણ (કરવું, કરાવવું, અનુમોદવું) ની સાથે ત્રણ યોગ હોય જ છે. માટે અહીં પણ યોગોને અંતર્ભાવિત સમજવા ઉચિત જ છે. આ રીતે અહીં ત્રણ શબ્દોથી ૨૭ ક્રિયાઓ સમસ્ત કર્મ સંગ્રહમાં કારણ રૂપે કહેવાઈ છે અને કર્મ જ સંસારભ્રમણનું કારણ છે.

## નિબંધ–૩

# જ્ઞાની, અજ્ઞાની, વાસ્તવિક જ્ઞાની

ઉપરોક્ત વર્ણનથી જેઓએ (૧) આત્માના અસ્તિત્વને સમજેલ છે, સ્વીકારેલ છે (૨) આત્માના સંસાર ભ્રમણને જાણી લીધેલ છે, માની લીધેલ છે, (૩) આત્મા કર્મોના અનુસારે સંસાર ભ્રમણ કરે છે, તેમજ (૪) ક્રિયાઓથી કર્મોની ઉત્પત્તિ થાય છે, તેમ સમજી લીધું છે; આ ચારેયનું તાત્પર્ય એ છે કે– **૧.** આત્મા **૨.** લોક **૩.** કર્મ **૪.** ક્રિયાઓ, આ ચારેને જેણે જાણી લીધેલ છે, માની લીધેલ છે અર્થાત્ તેનું જે સ્વરૂપ સર્વજ્ઞોએ જાણ્યું સ્વીકાર્યું છે, તેને જે સમજે છે, સ્વીકારે છે, તેને જ અહીં જ્ઞાની, પ્રબુદ્ધ આત્મા કહ્યા છે.

અપેક્ષાથી અર્થાત્ જ્ઞાન અને સમજણની અપેક્ષાથી તે જ્ઞાની છે. પરંતુ જો એવું જ્ઞાન સમજ્યા પછી પણ અર્થાત્ ઉપર કહેલ આત્મ સ્વરૂપનું ભાન થવા છતાં પણ જે ઉદયભાવમાં ઢળી જાય છે, જન્મ મરણ અને કર્મોની દુઃખ પરંપરાને ભોગવતા રહે છે, તેમજ વધારતા રહે છે. માટે અપ્રત્યાખ્યાનની અપેક્ષાએ તથા અવિરતિની અપેક્ષાએ તેનું જાણવું પણ ન જાણવા બરાબર થઈ જાય છે. જેથી તે જીવોની ગણના જ્ઞાનીમાં થઈ શકતી નથી, આ અપેક્ષાથી તેને પણ અપરિજ્ઞાતકર્મા કહેવાયા છે, તે સંસાર ભ્રમણ વધારતા જ રહે છે. ક્રિયાઓ અને કર્મોને જાણીને તેને છોડી શકતા નથી, તે બીજા પ્રકારની અપેક્ષિત અજ્ઞાનતા સ્વીકાર કરવામાં આવી છે અર્થાત્ એવા પ્રાણી અપેક્ષાથી સાચા જ્ઞાની નથી. ***યથા– જેમણે સાપ, કુતરા વગેરેનો સ્વભાવ જાણી લીધો છે, છતા પણ કુતુહલને કારણવશ તેનાથી દૂર ન થઈને તેને છંછેડે કે રંજાડે છે અને પછી તેનાથી દુઃખી થાય છે, તો તે વિષયની અપેક્ષાએ અજ્ઞાની કહેવાય છે અર્થાત્ તેનું જ્ઞાન અજ્ઞાની બરાબર થઈ જાય છે. આ પ્રકારે અપેક્ષાથી એ જ્ઞાની અને અપેક્ષાથી અજ્ઞાની આત્માઓ સમજવા જોઈએ.***

પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે કે લોકમાં, આ સમસ્ત કર્મની

જનક ક્રિયાઓ અને ક્રિયાઓ કરવાના કારણો જે બતાવવામાં આવ્યા છે તે જાણીને, સમજીને, સ્વીકારીને જે આત્માઓ તે ક્રિયાઓનો ત્યાગ કરે છે, ક્રિયાઓનાં કારણોથી પણ દૂર રહે છે અર્થાત્ શક્ય સમસ્ત ક્રિયાઓ, આશ્રવોનો ત્યાગ કરનારા જ સાચા અને શ્રેષ્ઠ અથવા વાસ્તવિક જ્ઞાની છે. આ શુદ્ધ અને ઉચ્ચ અપેક્ષાએ અંતિમ કથન કરેલ છે. તે ઉદ્દેશકનું અંતિમ વાક્ય આ પ્રમાણે છે– **जस्सेते लोग सि कम्म समार भा परिण्णाया भव ति, से हु मुणी परिण्णाय कम्मे त्ति बेमि**

**અર્થ :–** જે આ લોકમાં કર્મના સમારંભ રૂપ ક્રિયાઓ અને તેનાં કારણોને પરિપૂર્ણ રીતે જાણીને, તેનો ત્યાગ કરે છે તે પરિજ્ઞાતકર્મા મુનિ કહેવાય છે. આ પ્રકારે મુનિજીવન સ્વીકારીને પાપક્રિયાઓ અને કારણોનો શક્ય ત્યાગ કરનારા સંસાર ત્યાગી મુનિ અને જિનાજ્ઞામાં વિચરણ કરનારા શ્રમણો જ સાચા જ્ઞાની છે.

## નિબંધ–૪

# જીવોનાં પાપ કરવાનાં મુખ્ય કારણો અને પ્રકાર

આ ઉક્ત એક પ્રકારના જ્ઞાની આત્માઓને અને સંસારના અન્ય સંપૂર્ણ અજ્ઞાની આત્માઓને પાપકાર્યો કરવામાં મુખ્ય કારણો આ પ્રમાણે છે– **(૧)** તે આત્માઓ પ્રાપ્ત થયેલ જીવન અને શરીરના નિર્વાહ માટે વિવિધ પાપ ક્રિયાઓ કરે છે. **(૨)** કેટલાક આત્માઓ માન સંજ્ઞામાં ખેંચાઈને પોતાના યશ-કીર્તિ, માન-સન્માન, પૂજા-પ્રતિષ્ઠા માટે પાપક્રિયાઓનો સ્વીકાર કરે છે. **(૩)** કેટલાક આત્માઓ મતિભ્રમથી કે કુધર્મ પ્રચારકોની સોબતથી અથવા દેખા-દેખીથી ધર્મના નામે, ભગવાનના નામે, મોક્ષ પ્રાપ્તિનો ખોટો માર્ગ અપનાવીને વિવિધ પાપક્રિયાઓ કરે છે. જેમ કે– ધર્મના નામે જીવોની બલિ ચઢાવવી, હોમ-હવન, દ્રવ્યપૂજા, ફૂલ, પાણી, અગ્નિ આદિની પ્રવૃત્તિ, નાચવું-કૂદવું, ઢોલ, તાલ આદિ વાજિંત્ર વગાડવા વગેરે પાપક્રિયાઓ લોકો ધર્મની દષ્ટિએ પણ કરતા રહે છે. **(૪)** પોતાના પર આવેલી આપત્તિ, રોગ, આંતક, ઉપદ્રવ આદિને દૂર કરવા માટે અર્થાત્ કોઈ પણ પ્રકારે પોતાના બચાવ, સુરક્ષા, સ્વાર્થ માટે; ઉપરોક્ત અપેક્ષા વાળા જ્ઞાની અને સમસ્ત અજ્ઞાની પ્રાણીઓ પાપક્રિયાઓ કરે છે.

પાપક્રિયાઓનાં કારણો શાસ્ત્રકારે મુખ્ય ચાર શબ્દોથી આ પ્રમાણે કહ્યા છે– **(१) इमस्स चेव जीवियस्स (२) परिव दण-माणण-पूयणाए (३) जाई-मरण-मोयणाए (४) दुक्खपडिग्घायहेउ ।**





એક પ્રમાદ મૂલક અને બીજી વિષયાર્થ મૂલક. (૧) પ્રાણી પોતાના જીવન નિર્વાહ અને ઈન્દ્રિય વિષયોની પૂર્તિ માટે અથવા તો (૨) અસાવધાની–બેપરવાહીથી જીવ હિંસા કરે છે. એ બંનેને અર્થદંડ અને અનર્થદંડ પણ કહી શકાય છે. ચોથા ઉદ્દેશકનું તે વાક્ય આ પ્રકારે છે– **जे पमत्ते गुणट्ठिए से हु द डे त्ति पवुच्चइ** જે પ્રમાદી અને વિષયાર્થી છે તે હિંસાની પ્રવૃત્તિ કરે છે.

## નિબંધ–૫

# એકેન્દ્રિય જીવોની વેદનાનું સ્પષ્ટીકરણ

સ્થાવર જીવોની વેદના અવ્યક્ત વેદના હોય છે અર્થાત્ પોતાની વેદનાને તે જીવ વ્યક્ત કરી શકતા નથી અને અલ્પજ્ઞ તેના દુઃખને જાણી શકતા નથી. વિશિષ્ટ જ્ઞાની પોતાના જ્ઞાનથી જાણી શકે છે અને દષ્ટાંત દ્વારા સમજાવી શકે છે. એકેન્દ્રિયોની એ અવ્યક્ત વેદનાને શાસ્ત્રમાં દષ્ટાંત દ્વારા આ રીતે સમજાવેલ છે– **(૧)** કોઈ અંધ, બહેરા, મૂંગા, અપંગ, હાથ-પગ રહિત એવી હીનાંગ અશક્ત વ્યક્તિને કોઈ જોર-જોરથી પ્રહાર કરે તો તે હીનાંગ અંધ વ્યક્તિ પોતાના દુઃખને કોઈ પ્રકારે પ્રગટ ન કરી શકે, છતાં પણ તે વ્યક્તિ ને અસહ્ય વેદના થાય, એ આપણું અંતર્મન સ્વીકાર કરે છે. એવી જ રીતે બધાં અંગોપાંગોના અભાવમાં માત્ર શરીરવાળા એકેન્દ્રિય પ્રાણીઓને પણ વેદના થાય છે.

**(૨)** જે રીતે શુદ્ધ ચેતના, વ્યક્ત ચેતનાવાળા પ્રાણી અથવા માનવનાં પગની આંગળીથી લઈને માથા સુધી શરીરના કોઈ પણ ભાગમાં કોઈ છેદન-ભેદન કરે તો વેદના સ્પષ્ટ દેખાય છે, તે જ રીતે પૃથ્વી, વૃક્ષ આદિના છેદન- ભેદનથી તે જીવોને પણ વેદના થાય છે.

**(૩)** એક વ્યક્તિ અન્ય વ્યક્તિને તલવારથી ભલેને એક જ વારમાં પ્રાણ રહિત કરી દે, આ રીતે તરત જ મરવા છતાં પણ તે માનવ શરીરની અપાર વેદનામાં મરે છે, તેવી જ રીતે શીઘ્ર મરનારા આ સ્થાવર પ્રાણીઓને પણ અપાર વેદના થાય છે, કેમ કે વેદનાનો અનુભવ કરનાર ચેતનનું અસ્તિત્વ તેમાં પણ છે.

**(૪)** જે રીતે કોઈ વ્યક્તિ અત્યંત મારથી બેહોશ–મૂર્ચ્છિત થઈને પડી જાય અથવા કોઈ બાળક ઊંચા સ્થાનેથી પડતાં જ મૂર્ચ્છિત થઈ જાય અને રડવાનો અવાજ પણ ન કરે તો પણ તેને અપાર વેદના થાય છે. એવું આપણે સ્વીકારીએ છીએ. તેવી જ રીતે સ્થાવર પ્રાણીઓને કષ્ટ–વેદના થાય છે, તેને જ્ઞાનીઓના વચનથી અને આ દષ્ટાંતોથી સમજીને સ્વીકારવું જોઈએ.

આ પ્રકારના દૃષ્ટાંત સૂચક શબ્દો આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં આપેલ છે. ભગવતી સૂત્ર, શતક–૧૯, ઉદ્દેશક–૩માં સ્પર્શમાત્રથી આ એકેન્દ્રિય જીવોની વેદનાનું દૃષ્ટાંત યુક્ત વિસ્તૃત કથન છે.

સમુચ્ચય બોલની અપેક્ષા પૃથ્વીથી પાણી સૂક્ષ્મ છે, પાણીથી અગ્નિ, અગ્નિથી વાયુ અને વાયુથી વનસ્પતિ સૂક્ષ્મ છે. સમુચ્ચય ઉત્કૃષ્ટ અવગાહનાની અપેક્ષાએ વાયુથી અગ્નિ **બાદર(મોટી)** છે. અગ્નિથી પાણી બાદર છે, પાણીથી પૃથ્વી બાદર છે અને પૃથ્વીથી વનસ્પતિ બાદર(મોટી) છે.

ચાર સ્થાવરની જઘન્ય ઉત્કૃષ્ટ બધી અવગાહનાઓ અંગુલના અસંખ્યાતમા ભાગની છે અર્થાત્ ઉક્ત ૪૩ બોલોમાં અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની જ છે, કેવલ ૪૪ મા બોલમાં ઉત્કૃષ્ટ એક હજાર યોજન સાધિક છે.

**પૃથ્વીકાયની સૂક્ષ્મતા અને કઠોરતા–** અહીં શતક–૧૯,ઉદ્દેશક–૩માં એમ સમજાવવામાં આવ્યું છે કે ઉપરોક્ત ૪૪ બોલોના અલ્પબહુત્વમાં બાદર પૃથ્વીકાયનો ક્રમ નવમો છે અર્થાત્ આઠ વાર અસંખ્યગણા કરે એટલી એની અવગાહના છે. છતાં પણ ચક્રવર્તીની યુવાન સ્વસ્થ દાસી વજ્રમય શિલા અને શિલાપુત્રક(લોઢા)થી લાખના ગોળા જેટલી પૃથ્વીકાયને ૨૧ વાર પીસે તો કોઈ જીવ મરે છે, કોઈ મરતા નથી, કોઈ સંઘર્ષને પ્રાપ્ત થાય છે, કોઈકને સંઘર્ષ થતો નથી, કોઈને સ્પર્શ થાય છે, કોઈને સ્પર્શ માત્ર પણ થતો નથી. આ પ્રમાણે કેટલાક પીસાઈ જાય છે, કેટલાક પીસાતા નથી. એટલી નાની પૃથ્વીકાયની અવગાહના હોય છે.

**પૃથ્વી આદિ પાંચ સ્થાવરની વેદના–** અહીં ત્રીજા ઉદ્દેશકમાં એમ સમજાવવામાં આવ્યું છે કે– કોઈ યુવાન, સ્વસ્થ પુરુષ કોઈ વૃદ્ધ અશક્ત પુરુષને મસ્તક પર જોર-જોરથી પ્રહાર કરે, ત્યારે તેને જેવી વેદના થાય છે તેનાથી પણ અનિષ્ટતર વેદના પૃથ્વીકાય આદિ પાંચે ય એકેંદ્રિય જીવોને સ્પર્શ માત્રથી થાય છે.

### નિબંધ–૬

## સાધુએ કેવું થવું, રહેવું અને બનવું

જેમણે ગૃહ ત્યાગ કર્યો છે, સંસારનો ત્યાગ કર્યો છે, તેમણે સરળ, સ્વચ્છ હૃદયવાળા, સરળતાથી પરિપૂર્ણ બનીને, સદા મોક્ષના લક્ષ્યથી, સંસાર મુક્ત બનવાના ઉદ્દેશ સાથે પુરુષાર્થ કરવો જોઈએ. કોઈ પણ પ્રકારની માયા, કપટ,





પ્રપંચ, ચાલાકી અને છળ-પ્રપંચ સ્વાર્થવશ અથવા દ્વેષ-ઈર્ષ્યાવશ કોઈ પણ પ્રકારે ન કરવા જોઈએ. પવિત્ર, પરમ પવિત્ર હૃદયવાળા બનીને મોક્ષ સાધનામાં મગ્ન રહેવું જોઈએ. તેમજ કોઈ પ્રાણી, માનવ કે સાધક આત્માઓ પ્રત્યે કિંચિત્માત્ર પણ ક્લેશભાવ કે ડંખ ન રાખતાં સહજ, સરલ ભાવોમાં લીન રહેવું જોઈએ. એવી સહજતા, સરલતા નિષ્કપટતા, પવિત્રતાયુક્ત સાધના સંપન્ન આત્માને અણગાર કહેવાય છે.

ઘર છોડીને અણગાર બનેલ સાધકે જે ભાવના, શ્રદ્ધા, ઉત્સાહ અને લક્ષથી ઘરનો ત્યાગ કર્યો છે, તે ભાવોને કાયમ–સ્થિર રાખી જીવનપર્યંત સંયમનું પાલન કરવું જોઈએ. શ્રદ્ધા, ઉત્સાહ અને લક્ષમાં કોઈ પણ પ્રકારની કચાસ કરનારા વિચાર–દૃષ્ટિકોણ, સંકટ આપત્તિ કે બાધાઓ ઉપસ્થિત થઈ જાય તો જ્ઞાન અને વિવેક યુક્ત વાસ્તવિક ચિંતનથી સ્વયં સમાધિષ્ટ–સ્થિર થવું જોઈએ અથવા ગુરુ આદિના સહવાસ, સંગતિ, સંસ્કારથી તે વૈચારિક કે પરિસ્થિતિજન્ય બાધાઓને સમાપ્ત કરવી જોઈએ, તેને વિચારોથી કાઢી નાંખવી જોઈએ અને લક્ષ, ઉત્સાહ, શ્રદ્ધામાં પૂર્વવત્ સ્થિર રહેવું જોઈએ.

સંયમ સ્વીકાર કર્યા પછી કોઈ પણ પ્રકારના તર્કોમાં પડીને કે મિથ્યાત્વ મોહના ઉદયથી ખેંચાઈને તે જીવોના અસ્તિત્વનો, દુઃખોનો, એની વિરાધનાઓનો અને તત્સંબંધી સંયમ વિધિઓનો ક્યારે ય પણ અપલાપ કરવો નહિ, ખંડન કરવું નહિ. તેનો ક્યારે ય પણ વચન કે મનથી અસ્વીકાર કરવો નહિ, વિવેક અને સાવધાનીથી તે જીવો પ્રતિ રહેલી આસ્થાને સ્થિર રાખી, તત્સંબંધી વિરાધનાઓથી સંપૂર્ણ રીતે દૂર રહેવું જોઈએ તથા સંયમ વિધિઓમાં એકાકાર રહેવું જોઈએ. અહીં શ્રદ્ધા અને અપલાપ શબ્દનું તાત્પર્ય એ છે કે ક્યારે ય પણ અયોગ્ય વાક્યોથી જીવોનો કે જીવ વિરાધનાનો અથવા સંયમ નિયમોનો નિષેધ કે અવહેલના ન કરવી જોઈએ. દા.ત. ખાણમાંથી નીકળેલા પત્થર કે માટીમાં શું જીવ હોય શકે ? નળના પાણીમાં શું જીવ છે ? અગ્નિમાં તો કોઈ જીવ રહી જ ન શકે તો તે જીવ કેમ છે ? હવા તો ચાલતી જ રહે છે. બલ્બમાં, ટ્યુબમાં ક્યાંથી જીવ પ્રવેશે છે ? વિજળીના સાધન તો ભગવાનના વખતમાં હતા જ નહીં, પાણી તો પીવા માટે જ હોય છે, આકાશમાંથી પડે ત્યારે જ અચિત થઈ જાય છે, પછી મડદા ક્યારે ય પણ જીવતા થતા નથી, તો પાણી સચિત કેમ થાય ? કેવી રીતે થાય ? ઈત્યાદિ તર્કવિતર્કો, જીવોનાં અસ્તિત્વનો, સ્વરૂપનો અપલાપ કરનાર છે. એવા વિચારો અને વાતો ન કરતાં શ્રદ્ધાને યથાવત્ સ્થિર રાખવી જોઈએ.

તર્ક-વિતર્કોથી જીવોના અસ્તિત્વનો નિષેધ કરનાર ક્યારેક પોતાના અસ્તિત્વનો નિષેધ કરીને નાસ્તિક બની શકે છે. ઉક્ત ભાવોને કહેનારા ત્રીજા ઉદ્દેશકનાં આગમ વાક્યો આ છે– **से जहावि अणगारे उज्जुकडे णियाग पडिवण्णे अमाय कुव्वमाणे, वियाहिअे । जाए सद्धाए णिक्ख तो तमेव अणुपालिया, विजहित्तु विसोत्तिय ।**

અહીં પ્રથમ વાક્યમાં **अणगारे** ની સાથે **वियाहिए** ને જોડીને અર્થ કરવાથી અર્થાત્ વ્યવસ્થિત શબ્દોનો સમન્વય કરીને અર્થ કરવાથી ભાવાર્થ નીકળે છે કે– અણગાર તે કહેવાય છે જે સરળતાથી ભાવિત કે સરળતાથી ઓતપ્રોત થઈને તથા છળ-કપટ પ્રપંચોનાં સેવનથી મુક્ત થઈને મોક્ષ સાધનામાં લીન રહે છે, તે સાચા અણગાર કહેવાય છે.

બીજા વાક્યમાં **विसोत्तिय** શબ્દ છે તેનો અર્થ આ પ્રમાણે છે– શ્રદ્ધા, ઉત્સાહ અને લક્ષમાં બાધક વિચાર, અડચણ કરનારા તત્ત્વ, લક્ષમાં ભેદ પાડનાર દષ્ટિકોણ કે પરિસ્થિતિઓ. એની સાથે **विजहित्तु** ક્રિયાપદથી એ બાધક તત્ત્વોને છોડવાનો, કાઢવાનો, દૂર કરવાનો ઉપદેશ-નિર્દેશ કરેલ છે.

### નિબંધ–૭

## સંયમ અને સંયમીના પર્યાય શબ્દો

આચા૦અધ્યયન– ૧ : સંયમીના અર્થમાં પ્રયુક્ત શબ્દો– **मुणी, अणगार, स यत, आय कद सी, दविया, वसुम** । સંયમવાચી શબ્દો– **अभय ,विणय , अकुतोभय , आयाणीय , असत्थ** ।

અધ્યયન–૨ : સંયમના અર્થબોધક શબ્દો– **धीरो, प डिए, कुसले, समिए, धुवचारिणो, पासगस्स, भिक्खू, आरिएहिं, मइम , वीरे** । સંયમવાચી શબ્દો– **अहो विहाराए, णिक्खम्म, स कमणे, मोण अणुघायणस्स** ।

અધ્યયન–૩ : સંયમી– **णिग्ग थ, अ जू, अतिविज्जो, णिक्कम्मद सी, परमद सी, अणोमद सी, अणण्ण परम णाणी, महेसी, दूरालइय उवरयसत्थ, पलिय तकर, विद्यूतकप्पे** । સંયમ– **सव्व ,परम ,अणण्ण , महाजाण** આ સંયમના શબ્દ છે.

અધ્યયન–૪ : સંયમ– **उवसम , ब भचेर सि, सच्च सि** ।

અધ્યયન–૫ : સંયમી– **विरयस्स, परमचक्खु, वण्णाएसी, माणवा,**





**णरे, वेयवी, णिट्ठियट्ठी, परियाए, मह , आराम** । આ સંયમવાચી શબ્દો છે.

શેષ અધ્યયન : સંયમી– **वसु, महामुणी, णगिणा, विधूतकप्पे, महावीराण , आगयपण्णाणाण , भगवओ, उदासीणे, णममाणेहिं, णिट्ठियट्ठी** । સંયમ– **लूहाओ** ।

### નિબંધ–૮

## ગુસ્સો અને ઘમંડ ઓછા કરવાના ઉપાયો

ક્રોધ અને માન એક રીતે નહીં અનેક રીતે આત્મામાં ઉત્પન્ન થાય છે, તેને દૂર કરવાના ઉપાય પણ અનેક છે. છતાં અહીં એક ઉપાય બતાવ્યો છે.

ક્રોધની ઉત્પત્તિના મૂળમાં અધિકતર માન રહેલું હોય છે અને માનના મૂળમાં વિશેષ કરી ઉચ્ચગોત્રથી પ્રાપ્ત સુસંયોગ નિમિત્ત બને છે. તેથી સાધકે ચિંતન કરવું જોઇએ કે જીવ અનેકવાર જાતિ, કુલ, બલ, તપ, શ્રુત, ઐશ્વર્ય, રૂપ અને લાભ આદિ હીન અથવા ઉચ્ચ પ્રાપ્ત કરતો જ રહે છે. ઉચ્ચતા-હીનતાનું આ ચક્ર બધાં પ્રાણીઓમાં ચાલતું જ રહે છે. મારો આત્મા ક્યારેક અલ્પજ્ઞાની, અવિવેકી, હીન અવસ્થા અથવા નાસમજ, મૂર્ખતા, હોશિયારી અથવા ગરીબી, અમીરી, સુરૂપ, કુરૂપ આદિ પ્રાપ્ત કરે જ છે. માટે બીજાનો તિરસ્કાર કરવો, તેની કોઇપણ ભૂલ યા હીન દશા પર ગુસ્સો કરવો, પોતાની કોઇ પણ ગુણ સંપન્નતામાં અભિમાન કરવું, સમજદાર માટે યોગ્ય નથી, ઉપયુક્ત નથી.

તેને એમ વિચાર કરવો જોઇએ કે મારો આત્મા પણ કેટલીકવાર અંધત્વ, બહેરાશ, મુંગાપણું, એકાક્ષી, કુબડાપણું, અપંગ, વામન, શ્યામપણું, કાબર-ચિતરાપણું આદિ અનેક શરીરની હીન અવસ્થાઓ, હીન યોનિઓ, હીન ગતિઓ અર્થાત્ નરક નિગોદ આદિ ૮૪ લાખ યોનિઓમાં સુખ-દુઃખ ભોગવતા ભટકી રહેલ છે. આ પ્રકારે પોતાની અને બીજાઓની સર્વ અવસ્થાઓનો વિચાર કરીને પોતાની અંદર રહેલ માન-અભિમાનને નિર્મૂલ બનાવવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. વર્તમાનમાં સ્વયંના અનેક અવગુણ, ગુણહીનતા, અપુણ્ય આદિને પણ સન્મુખ રાખી ગુણોનું કે પુણ્ય આદિનું અભિમાન ન કરવું જોઇએ. આ પ્રકારે માનનિગ્રહ કરવાથી તત્જન્ય ક્રોધ સ્વતઃ શાંત થઈ જાય છે. આત્માના લઘુતાના ચિંતનથી કે અહંકાર રહિત ભાવનાઓથી ક્રોધ ઉપશાંત થાય છે. તે જ રીતે

બીજાની બધી અશુભ અવસ્થાઓની સાથે તેની શુભ અવસ્થાઓનું, અવગુણોની સાથે ગુણોનું ચિંતન કરવાથી માન કષાય મંદ થાય છે અને ગુસ્સો ઉત્પન્ન થતો નથી.

તત્પશ્ચાત્ અન્ય દષ્ટિકોણ બતાવવામાં આવેલ છે કે પોતાના ઘમંડ ગુસ્સાના પ્રતિફળથી જો કોઇને વાચિક યા કાયિક કંઇ પણ કષ્ટ આપવામાં આવે તો ત્યાં એ ચિંતન કરવું જોઇએ કે સર્વ પ્રાણીઓને દુઃખ અપ્રિય છે, મરવું અપ્રિય છે, સર્વ સુખ ઇચ્છે છે, જીવવું સર્વને પ્રિય છે. કટુ શબ્દ કે તિરસ્કારનાં વચનોને કોઇ પણ સાંભળવા ઇચ્છતા નથી. પરંતુ આ તમામ વ્યવહારોથી પ્રાણીઓને દુઃખાનુભવ થાય છે. તેથી કોઈના સુખનો નાશ કરવો ઉચિત નથી. તેનું પરિણામ આત્માને માટે પણ હિતકારી નથી. આ પ્રકારનાં ચિંતનથી પણ પોતાના ગુસ્સાને નિષ્ફળ કરવો જોઇએ.

## નિબંધ–૯

## એક વ્રતમાં દોષ તો બધા વ્રતોમાં દોષ કેમ ?

સુખની લાલસાઓ વધવાથી અથવા દુઃખથી ગભરાઇ જવાથી, વ્યાકુળ થઇ જવાથી, સાધુનું સાધ્વાચારથી પતન થાય છે અને પોતાના જ **અપ્રમત્ત ભાવોથી** અર્થાત્ વૈરાગ્ય અને જ્ઞાનની જાગૃતિ રાખવાથી ફરી ઉત્થાન થઇ શકે છે. પતનને અભિમુખ બનેલો સાધક પહેલાં એક મહાવ્રતને દૂષિત કરે છે. પછી રાત્રિ ભોજન સહિત છ વ્રતોમાંથી અન્ય કોઇ વ્રતમાં વિપરીત આચરણ કરવા માટે તત્પર થઇ જાય છે અર્થાત્ એક દોષનો પ્રારંભ થતાં ધીરે ધીરે અનેક દોષ પ્રવેશ થવા લાગે છે. મોહ કર્મોદયના તીવ્ર ઉદયના કારણે અને તેને નિષ્ફળ ન કરવાથી સાધકની એવી દશાઓ થાય છે. પરંતુ જ્યારે મોહ કર્મ **ઉપશાંત થાય** કે તેનો ઉદયમંદ થાય અથવા અન્ય કોઇ પુરુષાર્થથી મોહનીયકર્મના ક્ષય કે ક્ષયોપશમમાં વૃદ્ધિ થાય તો સાધક પુનઃ **અપ્રમત્ત ભાવોમાં** સ્થિત થાય છે. ત્યારે તે વિચાર કરે કે આ બધુ મે મારા અસંયમ ભાવોથી સંગ્રહ કરેલ છે, તેના કર્મબંધથી હું મુક્ત થઈ શકતો નથી. આ પ્રકારે તે જ્ઞાન દશામાં પહોંચી જાય છે.

અહીં છ વ્રતના સ્થાને છ કાયને લક્ષમાં રાખીને અર્થઘટન કરવામાં આવે છે. તે અનુસાર સાધક પ્રારંભમાં કોઇ એક કાયની વિરાધના કરે, પછી ધીરે ધીરે ક્રમશઃ છ માંથી કોઇની પણ વિરાધના કરવામાં તત્પર થઇ જાય છે. અહીં સૂત્રનો અર્થ બલાત્ એકાંતરૂપે કરવામાં આવે છે, પરંતુ તેમ કરવું યોગ્ય નથી. જેમ કે– એક વ્રત દૂષિત કરનારા નિયમતઃ બધાં વ્રત દૂષિત કરે છે. એક કાયની





વિરાધના કરનારા નિયમતઃ બધી કાયની વિરાધના કરે છે, આ અર્થ સમજ ભ્રમના કારણે ચાલ્યો આવે છે. સૂત્રના સાચો અર્થભાવ ઉપર બતાવેલ છે. એકાંતિક અર્થ કરવો જોઇએ નહીં.

## નિબંધ–૧૦

## મમત્વ ત્યાગવાનો ઉપદેશ કોને

સાધુને મમત્વ કે મમત્વની બુદ્ધિ–પ્રકૃતિ રાખવાનો સૂત્રમાં નિષેધ કર્યો છે અને કહ્યું છે કે તે જ મુનિ સંયમ માર્ગને સમજ્યા છે કે જેને ક્યાં ય મમત્વ ભાવ નથી. આ જાણીને, સમજીને બુદ્ધિમાન સાધક લોકવૃત્તિ અને લોકસંજ્ઞા એટલે કે સંસાર પ્રવાહરૂપ મમતા મૂર્છાભાવનો ત્યાગ કરતાં સંયમમાં પુરુષાર્થ કરે. તેનો આગમ પાઠ આ પ્રમાણે છે– **जे ममाइय मइ  जहाइ से जहइ ममाइय  । से हु दिट्ठपहे मुणी, जस्स णत्थि ममाइय  । त  परिण्णाय मेहावी, विदित्ता लोग , व ता लोगसण्णं, से मइम  परक्कमेज्जासि ।**

માટે સાધુને શિષ્ય શિષ્યાનો કે શ્રાવક સમાજનો ત્યાગ કરવાનો નથી પરંતુ તેમના પ્રતિ મમત્વબુદ્ધિનો ત્યાગ કરવો જરૂરી છે. કેમ કે મમતા મૂર્છા જ પરિગ્રહ છે. તે સિવાય સાધુને રતિ અરતિરૂપ મનની ચંચળતાનો ત્યાગ કરવો પણ જરૂરી છે. સાધક પોતાના જીવનમાં અંશમાત્ર પણ રતિ અરતિ સહન ન કરે અર્થાત્ રતિભાવ અને અરતિભાવ બંનેને રહેવા દેવા નહીં. મનને પૂર્ણ સ્થિર, તટસ્થ, સમભાવમાં રાખે. મનોજ્ઞ અમનોજ્ઞ શબ્દાદિ પાંચે વિષયોના સંયોગમાં સહનશીલ બને. ઐહિક પુદ્‌ગલ સંયોગોમાં આનંદ અને ખેદ બંનેથી દૂર રહે.

આ રીતે મુનિ મમતા મૂર્ચ્છા કરે નહીં, મમત્વ બુદ્ધિ પણ ન રાખે, મનની ચંચળતાને પણ ઓછી કરે તથા પૌદ્‌ગલિક આનંદ અને દુઃખ બંનેમાં તટસ્થ રહે, ક્યાં ય આસક્ત ન બને પરંતુ સર્વ પ્રકારે, સર્વ સંયોગો, સર્વ અવસ્થાઓમાં કર્મ ક્ષય કરવામાં તલ્લીન રહે. એમ પણ કહ્યું છે કે તે આહારમાં પણ મમત્વભાવ ન રાખતાં ત્યાગભાવ રાખે. સારા-સારા મનોજ્ઞ ખાદ્ય પદાર્થોનો ત્યાગ કરી, રૂક્ષ ભોજનમાં સંતુષ્ટ રહે.

અંતે ઉપસંહાર કરતાં કહ્યું છે કે ઉક્ત મમત્વ, મમત્વબુદ્ધિ, રતિ-અરતિ ભાવ, પુદ્‌ગલ આનંદ, ઈહલૌકિક આનંદ અને આહારનો આનંદ એ બધી વૃત્તિઓનો ત્યાગ કરનાર મુનિ સંસાર પ્રવાહને પાર કરી શકે છે અથવા પાર કરેલ છે, મુક્ત થયેલ છે. તે જ વાસ્તવમાં વિરત છે અને વિરતિભાવમાં સ્થિર છે.

આ પ્રમાણે મુનિ જીવનમાં મમત્વ અને મમત્વબુદ્ધિ તથા સૂક્ષ્મતમ મમત્વ- રૂપ રતિ-અરતિ, મનની ચંચળતા, વ્યગ્રતા, આસક્તિ વગેરેના ત્યાગનો મુખ્ય ઉપદેશ છે, જે આચા૦અધ્ય૦૨ના છઠ્ઠા ઉદ્દેશાના પ્રારંભના સૂત્રમાં છે.

### નિબંધ–૧૧

## પ્રવચનમાં વિવેક તથા વિષય

ઉપદેશ આપવામાં સ્વાર્થભાવ અને સંકીર્ણભાવ ન હોવો જોઈએ. ઉપદેશ સાંભળવાના ઈચ્છુક વ્યક્તિઓ ગરીબ અમીર કોઈ પણ હોય, મુનિ ઉપદેશ આપવામાં ભેદભાવ ન રાખે, રુચિપૂર્વક હાર્દિક લગનથી ઉપદેશ આપે. એકને હર્ષથી, એકને દુર્મનથી સંભળાવે, એવું ન કરે.

ઉપદેશના વિષયનો નિર્ણય અને તેનું વિવેચન વિવેકબુદ્ધિથી કરે, શ્રોતાને વિરોધભાવ ઉત્પન્ન થાય તે રીતે, અવિવેકથી ઉપદેશ આપવો શ્રેયસ્કર નથી. પરિષદની કે શ્રોતાની માનસ દશા કે વિચારણાનો ખ્યાલ રાખી, તેનું હિત કેમ થાય, તે કોઈ પણ રીતે કર્મ બંધથી, આશ્રવથી મુક્ત થાય, તે રીતે વિચારપૂર્વક, વિવેકપૂર્વક ઉપદેશ આપવો જોઈએ.

તે જ સાધક બધી અપેક્ષાઓએ, બુદ્ધિમત્તાથી અને વિચક્ષણતાથી પ્રવર્તન કરનાર છે, જે ક્યાં ય પણ પાપથી લિપ્ત થતો નથી, કર્મબંધનમાં જોડાતો નથી અને અન્યને પણ કર્મબંધનમાં જોડાવતો નથી; જે કર્મબંધનથી મુક્ત થવાની અન્વેષણા કરે છે અર્થાત્ કર્મબંધનથી પોતે પણ અલગ રહે, બીજાને પણ કર્મ બંધનથી દૂર કરવામાં પ્રયત્નશીલ રહે, તે જ સંયમનો, મોક્ષમાર્ગનો કુશળ જ્ઞાતા છે. એ પ્રકારે અહીં મુનિના ઉપદેશનું વિવેકજ્ઞાન બતાવવામાં આવેલ છે.

**પ્રશ્ન–** સામાન્ય રીતે મુનિ કયા વિષયો પર ઉપદેશ આપે કે જેથી કોઈને પણ વિરોધભાવ ન થાય અને શ્રોતાઓનું હિત થાય ?

**જવાબ :** આ વિષયનું કથન છઠ્ઠા અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં કર્યું છે. તે આ પ્રમાણે છે– ધર્મિષ્ઠ કે ધર્મથી અનભિજ્ઞ(અજાણ) કોઈ પણ વ્યક્તિ ધર્મ શ્રવણની ભાવનાથી ઉપસ્થિત થાય તો તેને મુનિ (૧) **स तिं**= સમભાવ, ક્ષમાભાવ અથવા જીવાદિ તત્ત્વોનાં અસ્તિત્વભાવનો, ધર્મ, અધર્મ, પાપના સ્વરૂપનો (૨) **विरतिं**= હિંસા, અસત્ય આદિ પાપ ત્યાગ અને વ્રત નિયમોના વિશ્લેષણનો (૩) ઉપશાંતિ= કષાય ત્યાગનો (૪) મોક્ષ પ્રેરક= સંસારથી મુક્તિ- દાયક વિષયોનો (૫) **सोय**= ભાવોની પવિત્રતાનો (૬) સરલતા= નિષ્કપટતાનો (૭) લઘુતા= નમ્રતા,





વિનયભાવ, અપરિગ્રહ ભાવનો (૮) અહિંસા, સત્ય આદિ વિષયોનો અથવા દઢતાપૂર્વક દોષ રહિત વ્રત પાલનનો ઉપદેશ આપે. ઉપરોક્ત વિષયો પર પ્રસંગાનુસાર વિવેકપૂર્વક કથન કરે, બોલવામાં પોતાને પરેશાની ન થાય અને સામેવાળા શ્રોતાજનનો કોઈ પણ પ્રકારે તિરસ્કાર, અવહેલના ન થાય, અન્ય પણ કોઈ પ્રાણીને દુઃખદાયક ન થાય એવું વક્તવ્ય કે પ્રવચન સાધુ કરે. સંપૂર્ણ અનાસાતનાત્મક અર્થાત્ સર્વ જીવોને સુખકારી, સંસારથી તારનાર અને કર્મબંધથી મુક્ત કરાવનાર ઉપદેશ આપે.

કોઈ પ્રકારના રાગદ્વેષની ભાવનાથી, હૃદયની કલુષિતતાથી, કટુતાથી, કોઈને દુઃખકારી ઉપદેશ ન કરે. ઉપદેશકનું હૃદય ઉપદેશના સમયે પૂર્ણ પવિત્ર, શાંત, હિતકારી અને સહજભાવથી યુક્ત હોવું જોઈએ.

### નિબંધ–૧૨

## સમ્યગદષ્ટીને પાપ નથી લાગતું કે સાધુને

આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં આ વિષયનો સૂત્રપાઠ આ પ્રકારે છે– **समत्तद सी ण करेइ पाव** । **आयकद सी ण करेइ पाव** । તેની પહેલાં વાક્ય છે– **तम्हातिविज्जो परम ति णच्चा** । **तम्हा**= તેથી, **अतिविज्जो**= અતિવિદ્વાન, પરમવિદ્વાન, ઉત્તમજ્ઞાની, પરમજ્ઞાની, **परम ति णच्चा**= મોક્ષ-માર્ગને સમજીને, **समत्तद सी**=સદા સમત્વદર્શી બનીને, સદા સમત્વમાં રમણ કરનાર થઈને, **ण करेइ पाव**= પાપકર્મોનું આચરણ કરતા નથી.

તે પ્રકારે આતંકદર્શી–કર્મોના આતંકને સમ્યક પ્રકારે સમજનારા, કર્મ સ્વરૂપને સમજનારા, તેનાથી સાવધાન રહેનારા આતંકદર્શી કહેવાય છે. તે પણ પાપ કર્મોનું આચરણ કરતા નથી. દશવૈકાલિક સૂત્રમાં યતનાપૂર્વક સંયમપ્રવૃત્તિ કરનારને પાપકર્મનો બંધ ન કરનાર કહ્યા છે. કેમ કે તે યતનાપૂર્વક(સાવધાની સાથે) આચરણમાં રમણ કરે છે. પરંતુ અહીં સમત્વમાં રમણ કરનારાને પાપાચરણો કરવાનો નિષેધ કર્યો છે અથવા પાપાચરણ ન કરનારા કહ્યા છે. જેનાથી પાપબંધનો નિષેધ તો સ્વતઃ થઈ જાય છે.

વૈકલ્પિક રીતે **समत्त** નો સમ્યગ્દૃષ્ટિ અર્થ કરવામાં આવે છે અને એ અપેક્ષાથી ઘટિત પણ થઈ શકે છે. પરંતુ અહીં શીતોષ્ણીય અધ્યયનના પ્રસંગમાં સમત્વ અર્થ વિશેષ ઉપયુક્ત છે અને પ્રાચીન ટીકાકારે પણ આ અર્થ કર્યો છે.

## નિબંધ–૧૩

# જે એગં જાણઈ સે સવ્વં જાણઇનો મતલબ

અર્થ પરંપરામાં માત્ર આ સૂત્રના શબ્દો પર લક્ષ્ય રાખીને કરાતો તાત્ત્વિક અર્થ પ્રચલિત છે. આ કારણે તેની પ્રાસંગિકતા સમજવામાં મુશ્કેલી થાય છે. આ આચારાંગસૂત્રમાં શબ્દોના અર્થ કરવાની જે પદ્ધતિ અનેક સ્થળે સ્વીકારી છે, તે જ પદ્ધતિ અહીં પણ શબ્દાર્થ કરવામાં આવે તો જ આ સૂત્રનો આશય સ્પષ્ટ થઈ શકે છે.

**વિચારણા :–** આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં એક વાક્ય અને તેનો અર્થ આ પ્રમાણે છે– **पडिलेहिय सव्व  समायाय**= અહીં પ્રતિલેખના શબ્દનો ભાવાત્મક અર્થ કર્યો છે. સર્વ શબ્દનો સંખ્યાત્મક અર્થ ન કરતાં સર્વ વિરતિનું સંક્ષિપ્ત રૂપ માનીને પ્રસંગાનુકૂલ અર્થ કર્યો છે– **पडिलेहिय**= કર્મ સંબંધી સંપૂર્ણ સ્વરૂપને જાણી સમજીને, તેનો વિચાર કરી, **सव्व** = સંયમ, સર્વ વિરતિનો **समायाय** = સ્વીકાર કરીને.

આ વિધિથી વિચારીએ તો પ્રશ્નગત સૂત્રપાઠથી પહેલાં ચારે ય કષાય ત્યાગનું અને સ્વકૃત કર્મક્ષયનું કથન કરવામાં આવેલ છે અને તે સૂત્ર પછી પણ પ્રમત્ત-અપ્રમત્ત સાધકની વાત કરી છે. ત્યાર પછી પણ સંપૂર્ણ ઉદ્દેશકમાં ઈન્દ્રિયવિજય, કર્મજય, સંયમપ્રેરણા આદિ વિષયોનો સંગ્રહ છે. તેથી આ સૂત્રનો અર્થ પણ પ્રસંગ અનુસાર આ પ્રકારે કરવો જોઈએ– જે એક આત્મ સ્વરૂપને જાણી લે છે અર્થાત્ આત્મ તત્ત્વને સારી રીતે સમજી લે છે, જન્મ, મરણ, કર્મબંધ, સંસાર ભ્રમણ અને ફરી કર્મક્ષય અને મુક્તિ પ્રાપ્ત કરી શકવા સુધીની બધી અવસ્થાઓને જાણી-સમજી લે છે, હૃદયમાં શ્રદ્ધાથી ધારણ કરી લે છે. તે **सव्व**= સર્વ વિરતિ=સંયમને પણ સમજી લે છે. સાચું શ્રેષ્ઠ જાણવું તે જ કહેવાય છે કે જેની સાથે તેનો સ્વીકાર અર્થાત્ આચરણ પણ થાય. આ પ્રકારે આ સૂત્રપાઠનો અર્થ થયો કે– જે એક આત્મ સ્વરૂપને સમજી લે છે, તે સંયમ સ્વરૂપને પણ સમજી લે છે, સ્વીકાર કરી લે છે. જે સંયમને સમજીને સ્વીકારી લે છે, તે આત્માના સ્વરૂપને સારી રીતે જાણી સમજી લે છે.

અહીં આ સૂત્રની પહેલાં અને પછી સંયમનો જ વિષય છે અને અધ્યયન પણ **શીતોષ્ણીય** સંયમગ્રહણ અને પાલન સંબંધી છે. તેને અનુરૂપ ત્યાર પછીનું સૂત્ર અને તેનો અર્થ આ પ્રકારે છે– **सव्वओ पमत्तस्स भय , सव्वओ**





**अप्पमत्तस्स णत्थि भय** । પ્રમાદીને = સંસારીને, પાપ ત્યાગ ન કરનારાને ભય હોય છે. પાપત્યાગી, અપ્રમત્તને કોઈ ભય રહેતો નથી. તે બધી રીતે નિર્ભય થઈ જાય છે. અથવા જે સર્વ પ્રકારે પ્રમાદમાં સંલગ્ન છે. તેમને ભય–કર્મબંધ અને દુઃખની પ્રાપ્તિ થાય છે અને જે સર્વથા અપ્રમત્ત, સંયમભાવમાં લીન રહે છે તેને કર્મબંધ અને દુઃખરૂપ કોઈ ભય હોતો નથી. આ સૂત્રપાઠ પ્રશ્નોક્ત સૂત્રપાઠ પછીનું છે. તેમાં પણ સંયમલક્ષી વિષયની પ્રરૂપણા છે. ત્યાર પછી આ સૂત્ર છે– **जे एग  णामे से सव्व  णामे, जे सव्व  णामे से एग  णामे**= જે એક આત્માને વશમાં કરી લે છે, તેના પર કાબુ મેળવી લે છે, તે મન અને ઈન્દ્રિયોને વશમાં કરી લે છે. જે મન અને ઈન્દ્રિયો પર કાબુ મેળવી લે છે, તે આત્મવિજેતા થઈને આત્મદમન કરી લે છે. અહીં કષાય અને કર્મને લઈને પણ સમજી શકાય છે. તેમાં અનંતાનુબંધી અને અન્ય કષાયનું ગ્રહણ થાય અથવા મોહકર્મ અને અન્ય કર્મનું પણ ગ્રહણ થઈ શકે છે. તેમ છતાં આત્મા, મન અને ઈન્દ્રિય સંબંધી અર્થ વિશેષ ઉચિત છે.

**दुक्ख  लोगस्स जाणित्ता, व ता लोगस्स स जोग , ज ति वीरा महा जाण , परेण पर  ज ति णावक ख ति जीविय** = સંસારનાં દુઃખોને જાણીને વીર પુરુષ સમસ્ત સંયોગોનો ત્યાગ કરી સંયમ સાધનામાં જોડાઈ જાય છે અને સાધનામાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે. ફરી ક્યારે ય અસંયમ જીવનની ઈચ્છા કરતા નથી.

**एग  विगिंचमाणे पुढो विगिंचइ, पुढो विगिंचमाणे एग  विगिंचइ** = જે એક ક્રોધ કષાયને દૂર કરવામાં, છોડવામાં સફળ થાય છે. તે બીજા માન, માયા, લોભકષાયને પણ ત્યાગી શકે છે અને જે બીજા માન, માયા, લોભ આદિ કોઈને પણ ત્યાગવામાં સફળ થાય છે, તે ક્રોધનો પણ ત્યાગ કરી શકે છે. તાત્પર્ય એ છે કે જે કોઈ પણ એક કષાયને દૂર કરવામાં, તેના પર વિજય મેળવવામાં પૂર્ણ સફળ થઈ જાય તો, તે બીજા કોઈ પણ કષાય પર વિજય પ્રાપ્ત કરી શકે છે. અન્યત્ર પણ કહ્યું છે– **विगिंच कोह , अविक पमाणो, इम  णिरुद्धाउयं संपेहाए** । અહીં પણ ક્રોધને દૂર કરવાના અર્થમાં **विगिंच** શબ્દનો પ્રયોગ કર્યો છે એને લક્ષ્યમાં રાખીને ઉપર પણ **વિગિંચ** શબ્દનો અર્થ કર્યો છે. **सड्ढी आणाए मेहावी, लोग  च आणाए अभिसमेच्चा अकुओभय** = બુદ્ધિમાન સાધક જિનાજ્ઞામાં શ્રદ્ધા રાખે અને જિનાજ્ઞા અનુસાર શ્રદ્ધાપૂર્વક સંસાર ભ્રમણ સ્વરૂપને સમજીને, ચિંતન કરીને સંયમનો સ્વીકાર કરે અથવા સર્વ જીવોને અભયદાન આપે.

**अत्थि सत्थं परेण परं, णत्थि असत्थं परेण परं** = સંસારમાં એક બીજાથી ચઢિયાતાં **સત્થ** = શસ્ત્ર, પાપકાર્ય છે પરંતુ સમસ્ત પાપના ત્યાગરૂપ સંયમ તો એક જ છે. હિંસા જૂઠ આદિ વિવિધ પ્રકારનાં પાપ છે. જ્યારે તે સર્વના ત્યાગ રૂપ સંયમ એક છે. અહીં સંયમીનાં અસંખ્ય સંયમ સ્થાનરૂપ આત્મ પરિણામોની અપેક્ષા નથી પરંતુ બાહ્ય પાપ ત્યાગરૂપ સંયમ વિધિની અપેક્ષા છે. આ પ્રકારે આ સંપૂર્ણ અધ્યયન સંયમ આચાર અંગે છે. તે અનુસાર **जे एगं जाणइ से सव्वं जाणइ** સૂત્રનો અર્થ સંયમની અપેક્ષાએ જ કરવો જોઈએ.

## નિબંધ–૧૪

# શરીર પ્રત્યે ઉપેક્ષા તથા અપેક્ષા બન્ને

આ અધ્યયનમાં શરીર પ્રતિ ઉત્કૃષ્ટ કક્ષાની ઉપેક્ષા અને નિર્મોહભાવ સહિતના આચરણનો ઉપદેશ આપવામાં આવેલ છે. માનવ શરીરને અનુપમ અવસર સમજીને, શરીર નાશવંત જ છે તે પ્રકારની વિચારણા કરીને, શરીરનો મોહ છોડીને, તેને પુષ્ટ ન કરતાં તપથી કૃશ કરવું તે જ બુદ્ધિમત્તા છે એટલે કે શરીર દ્વારા યથાશક્ય તપ-સંયમની આરાધના કરી લેવી જોઈએ. આગમ શબ્દોમાં માંસ-લોહીને ઓછા કરવાની, શરીરને કૃશ કરવાની સ્પષ્ટ પ્રેરણા છે તથા શેરડીને પીલવાની અને બે-ચાર વાર પીલવાની અર્થાત્ પ્રપીડન અને નિષ્પ્રીડન કરવાની સમાન વારંવાર વિકટ તપ દ્વારા માનવભવ અને માનવ દેહનો પૂરો કસ(સાર) કાઢવાનો મહાન આદર્શ ઉપદેશ આપવામાં આવેલ છે.

આવા ઉત્કૃષ્ટ, વિકટ ઉપદેશ પ્રેરણા પ્રવાહની સાથે આગમ પાઠમાં એક વિવેક રાખવાનો સંદેશ પણ આપેલ છે. જેમાં આટલી બધી શરીરની ઉપેક્ષાઓ અને નિર્મોહતાની સાથે તેની અપેક્ષાનું તત્ત્વ પણ મૂકેલ છે કે આ મહાન વૈરાગ્ય પૂર્ણ વિકટ તપ સાધનાઓની સાથે એ વિવેક પણ હોવો જોઈએ કે જ્ઞાન અને વૈરાગ્યથી પરિપૂર્ણ આ શરીર નિરપેક્ષ નિર્મોહી સાધનામાં આત્મસમાધિ ભાવોની ઉચ્ચતા, અંતર્મનની પ્રસન્નતા અને ઉત્સાહ બરાબર છે કે નહીં ? જો આત્મ સમાધિમાં અથવા આત્માના ઉચ્ચ ભાવોમાં મલિનતા થાય, શારીરિક ક્ષમતાનું ઉલ્લંઘન થાય તો થોડોક સમય શરીરને વિરામ આપીને ફરી સાધનાને બળવાન બનાવવા વિવેક રાખવો જોઈએ. વિવેકનું લક્ષ્ય ન હોય તો અવિવેક થવાથી ક્યારેક આત્મ સાધનામાં નુકશાન પણ થઈ શકે છે.





આ પ્રકારે આ જિનશાસનમાં ઉત્કટ અને ઘોર તપ સાધનામાં પણ વિવેક સર્વત્ર અપેક્ષિત છે. પોતાની વાસ્તવિક ક્ષમતા હોય તો કઠોરમાં કઠોર દુષ્કર તપ સાધના માટે પણ નિષેધ નથી, પ્રેરણા જ છે. એવા પ્રેરક કેટલાંક આગમ વાક્ય આ પ્રકારે છે– **इह आणाकंखी पंडिए अणिहे, एगं अप्पाणं संपेहाए धुणे सरीरं । कसेहि अप्पाणं, जरेहि अप्पाणं, जहा जुण्णाइं कट्ठाइं हव्ववाहो पमत्थइ । एवं अत्तसमाहिए, अणिहे ।**

જિનાજ્ઞાની આકાંક્ષા, અપેક્ષા રાખનાર પંડિત મુનિ પોતાના આત્માના એકત્વનો વિચાર કરી અને શરીરથી પોતાના ભિન્નત્વનો વિચાર કરી શરીરને કૃશ કરે, જીર્ણ કરે. જે રીતે અગ્નિ જીર્ણ લાકડાનો શીઘ્ર નાશ કરી નાંખે છે, તે રીતે શરીરના માધ્યમથી કર્મોનો નાશ કરે.

અહીં અંતિમ વાક્યમાં વિવેક અને શરીરની અપેક્ષાની વાત કરી છે કે– **एवं अत्तसमाहिए** આ પ્રકારે કરતાં થકાં પણ આત્મ સમાધિનું ધ્યાન રાખે. પરંતુ **अणिहे**–શરીર પ્રત્યે મોહ ભાવ ન કરતાં થકાં.

આ પ્રકારે શરીરની નિર્મોહતાની સાથે આત્મસમાધિ, સહનશીલતા, પ્રસન્નતાનો પણ નિર્દેશ કરવામાં આવેલ છે. તે વાક્ય આ પ્રકારે છે– **आवीलए पवीलए णिप्पीलए, जहित्ता पुव्वसंजोगं, हिच्चा उवसमं ।विगिंच मंससोणियं, एस पुरिसे दविए, वीरे, आयाणिज्जे वियाहिए । जे धुणाइ समुस्सयं, वसित्ता बंभचेरंसि ।** ભાવાર્થ પ્રાયઃ ઉપર કહેલ છે. વિશેષ એ છે કે સંયમીને લક્ષ્ય કરીને આ ઉપદેશ આપવામાં આવેલ છે. આ પ્રકારની શરીર નિરપેક્ષ ઉત્કટ સાધના કરનારને આદર્શ સંયમવાન, વીર, પૂજનીય કહેવામાં આવે છે. જે સંયમમાં(બ્રહ્મચર્યવાસમાં)સ્થિર રહીને **समुस्सय** આ શરીરનો અને કર્મ સમૂહનો ક્ષય કરવામાં સંલગ્ન રહે છે. આ સર્વ ઉપદેશ મોક્ષ પ્રાપ્તિના લક્ષ્યવાન સાધકો માટે છે, પરંતુ જે સંયમ સ્વીકાર પછી કર્મક્ષયના લક્ષ્ય સાથે અનેક સામાજિક કે ઐહિક પ્રવૃત્તિમાં જોડાઈ જાય છે તે શરીર પ્રતિ ઉત્કૃષ્ટ કોટિનો નિર્મોહભાવ કેળવી શકતા નથી.

તેવા મંદ ઉત્સાહવાળા સાધકોએ પોતાના જીવનમાં ક્યારેક આ સૂત્રથી પ્રેરણા પામીને જ્ઞાન ચિંતન અને વૈરાગ્યના સિંચનથી અવશેષ જીવનમાં કે અંતિમ જીવનમાં સૂત્રોક્ત નિર્મોહભાવ, આત્મ જાગૃતિ પેદા કરી કર્મોનો ક્ષય કરવામાં પોતાની સંપૂર્ણ શક્તિ લગાવવી જોઈએ.

## નિબંધ–૧૫

# સંયમના સંશય અને બાધકસ્થાન તથા વિવેક

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય.૧૬ માં દશવિધ બ્રહ્મચર્યની સમાધિ, સાવધાનીનું વર્ણન કરીને અંતે ગાથા–૧૪માં આ પ્રમાણે કહ્યું છે કે **स का ठाणाणि सव्वाणि, वज्जेज्जा पणिहाणव** । અન્ય પણ સમસ્ત શંકાના સ્થાનોને અર્થાત્ બ્રહ્મચર્ય ભાવોના બાધક તત્ત્વોને જાણીને તેનો પૂર્ણપણે ત્યાગ કરે, તે પ્રવૃત્તિઓથી દૂર રહે. આચારાંગ સૂત્રના આ અધ્યયનમાં પૂર્વોક્ત ભાવાનુસાર **ससय** શબ્દથી વિષયનો પ્રારંભ કર્યો છે. યથા– **स सय परियाणओ, स सारे परिण्णाए भवइ** સંશય = બ્રહ્મચર્ય પરિણામોમાં સંશયાત્મક સ્થિતિ ઉત્પન્ન કરનારા સમસ્ત તત્ત્વોને ભાવોને **परियाणओ**= જ્ઞ પરિજ્ઞાથી જાણીને,પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે અને બ્રહ્મચર્યના પરિણામોમાં દઢ રહે, તે જ **स सारे परिण्णाए** = સંસારનો ત્યાગી કે મુક્ત થઇ શકે છે. જે બ્રહ્મચર્યમાં શંકા ઉત્પન્ન કરનારી પ્રવૃત્તિઓને સમજતા નથી અથવા સમજીને તેનાથી દૂર રહેતા નથી, તે સંસાર ત્યાગી કે મુક્ત થઇ શકતા નથી.

**जे छेए** = જે કુશલ, વિવેકી, મોક્ષગામી સંયમી સાધક હોય છે. **से सागारिय ण सेवइ** । તે ક્યારે ય કુશીલનું સેવન કરતા નથી. પરંતુ કોઇ નિષ્ફળ સાધક **कट्टु एव अविजाणओ** મૈથુન સેવન કરીને પણ પોતાના અસદાચરણને છુપાવે છે, ગુરુ સમક્ષ દોષોની આલોચના, નિંદા આદિ કરીને શુદ્ધ થતા નથી. તે તેની **बिइया म दस्स बालया** = મંદબુદ્ધિવાન, વિવેકપૂર્વક આત્મસંયમ અથવા આત્મરક્ષા ન કરી શકનાર એવા તે સાધકની આ બીજી અજ્ઞાનતા છે કે જે શુદ્ધિ પણ કરતા નથી અને પૂછવા પર અજાણ બની જાય છે, તે સ્વયંને જ કર્મોથી ભારે બનાવે છે. આ તેનો બીજો અપરાધ છે. તેથી સંયમ સાધનામાં તત્પર સાધકોએ સદા સાવધાન રહેવું જોઇએ.

**लद्धा हुरत्था** = ક્યારેક કામભોગ સેવનનો સંયોગ ઉપસ્થિત થઇ જાય તો પણ **पडिलेहाए आगमित्ता** = ચિંતનપૂર્વક પોતાના કર્તવ્ય-અકર્તવ્યને જાણીને કે ગુપ્તદોષ સેવનના પરિણામને સમજીને **आणविज्जा अणासेवणयाए** = સ્વયંને કુશીલ સેવનના ત્યાગ માટે આજ્ઞાપિત કરે. એટલે કે આત્મા પર અનુશાસન–અંકુશ રાખીને ક્યારે ય કુશીલનું સેવન ન કરે.





**पासह एगे रूवेसु गिद्धे परिणिज्जमाणे** = સ્ત્રીના ભાવોમાં આસક્ત થઇને વિવિધ પરિણતિમાં પરિણત થનારા કેટલાક જીવો અને સાધકોની કેવી દશા થાય છે ? તેને જૂઓ.

**एत्थ फासे पुणो पुणो** = તે વારંવાર કષ્ટોને પ્રાપ્ત કરે છે. તેને આ ભવમાં અપમાન, અસન્માન અને વિવિધ યાતનાઓ તથા તિરસ્કારની પ્રાપ્તિ થાય છે, ભવાંતરમાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે.

આ જાણીને સંશયકારી સ્થાનોને એટલે કે બ્રહ્મચર્યમાં સ્ખલના થાય તેવી પ્રવૃત્તિઓને જાણીને, સમજીને તેનો ત્યાગ કરવામાં સાવધાન રહેવું જોઇએ. તેવા સાવધાન સાધક જ બ્રહ્મચર્યમાં સફળ થઇ શકે છે.

**પ્રશ્ન– સંશયકારી સ્થાન કયા કયા છે ?**

**જવાબ–** આ સ્પષ્ટીકરણ પ્રસ્તુત અધ્યયનમાં નથી. પરંતુ ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્ર અને આચારાંગ સૂત્ર દ્વિતીય શ્રુતસ્કંધના 'ભાવના' અધ્યયનમાં સંશય સ્થાનોનું કથન છે, તેનો સાર એ છે કે બ્રહ્મચારી સાધક (૧) સ્ત્રીનો સંપર્ક ન કરે (૨) તેના અંગોપાંગને આસક્તિભાવોથી કે એકીટસે ન જૂએ (૩) તત્સંબંધી ચિંતન કે કથા ન કરે (૪) આવશ્યકતાઓને છોડીને સ્ત્રીઓથી સદા દૂર રહે (૫) આહારની મર્યાદા, ઉણોદરી, વિગય ત્યાગ, તપસ્યા આદિની આરાધનાનું લક્ષ રાખે (૬) શબ્દાદિ પાંચે ય ઈન્દ્રિય વિષયોમાં ઉદાસીન ભાવ રાખે, વિષયોના પ્રવાહમાં વહે નહીં; આગમ સ્વાધ્યાય, ચિંતન, મનન, ધ્યાન આદિ સત્ક્રિયા કરતા રહે; આત્માર્થ પ્રેરક આગમ વાક્યોથી બ્રહ્મચર્યના પરિણામોને પુષ્ટ કરે.

**પ્રશ્ન– બ્રહ્મચર્યમાં બાધા ઉત્પન કરનાર, બ્રહ્મચર્ય સમાધિના પરીણામોમાં સંશય યુક્ત સ્થિતિરૂપ ચલ-વિચલ પરીણામ કરી દેનાર પ્રસંગો પ્રત્યે પહેલેથી જ સાવધાની રાખવા માટે ઉપરોક્ત ઉપદેશ વિષય સૂચિત કરવામાં આવ્યો છે, પરંતુ જો કોઈ પણ પ્રકારની અસાવધાની રહેવાથી ક્યારેક ચલ-વિચલ પરિણામો થઈ જાય તો શું કરવું જોઇએ ?**

**જવાબ :** કોઇ પણ પરિસ્થિતિમાં અનાચાર સેવન-કુશીલ સેવન તો ન જ કરવું જોઇએ. પરંતુ ચલ-વિચલ પરિણામોની ચિકિત્સા આગમોક્ત વિધિથી કરવી જોઇએ. યથા– **उबाहिज्जमाणे गामधम्मेहिं**– ઈન્દ્રિય સ્વભાવથી જો પ્રબલ રૂપે કાય પરિચારણાની ઈચ્છા થાય, ચિત્ત વ્યાકુળ બની જાય, કુશીલ સેવન માટે અંતઃકરણ પ્રેરિત કરતું હોય ત્યારે નિમ્નોક્ત ઉપાયોનું સેવન કરવું જોઇએ–

(૧) **अवि णिब्बलासए**– ભોજ્ય પદાર્થોમાં અત્યંત સામાન્ય પદાર્થ ગ્રહણ કરે, મનોજ્ઞ આહારનો ત્યાગ કરીને અલ્પ દ્રવ્યોનો જ આહાર કરે. (૨) **अवि ओमोयरिय कुज्जा**– તે પછી આવશ્યક હોય તો અલ્પ ભોજન કરે એટલે કે ઊણોદરી કરે. (૩) **अवि उड्ढ ठाण ठाएज्जा**– જો ત્યાર પછી પણ આવશ્યક હોય તો નિરંતર વધુ સમય સુધી ઊભા રહે, બેસે કે સૂવે નહીં. (૪) **अवि गामाणुगाम दुइज्जेज्जा**– અથવા ગ્રામાનુગ્રામ વિહાર કરે. (૫) **अवि आहार वोच्छि देज्जा**– અથવા આહારના સંપૂર્ણ ત્યાગ રૂપ તપસ્યાનો પ્રારંભ કરે યા આજીવન અનશન કરે.(૬) **अवि चए इत्थीसु मण** – આ રીતે કોઈ પણ પ્રકારે સ્ત્રીના સેવનની ઈચ્છાથી મનને નિવૃત્ત કરે.

સ્ત્રીસંસર્ગ–વિષય-સેવન આત્મા માટે પહેલાં કે પછી દુઃખનું કારણ છે, અશાંતિ અને કર્મબંધની વૃદ્ધિનું કારણ છે. કેમ કે તેમાં તીવ્ર આસક્તિ અને અવિવેક હોય છે. તેથી આત્મ સાધકોએ સમ્યક પ્રકારે વિચાર કરીને, ભાવીના દુઃખદ પરિણામોને જાણીને આત્માને અનુશાસિત કરવો જોઈએ. વિવેક યુક્ત નિર્ણય લઈને આત્માની સુરક્ષા કરવી જોઈએ. તત્સંબંધી મૂળપાઠ આ પ્રમાણે છે– **पुव्व द डा पच्छा फासा, पुव्व फासा पच्छा द डा । इच्चेते कलहा स गकरा भव ति । त पडिलेहाए आगमेत्ता आणवेज्जा अणासेवणाए । से णो काहिए, णो पासणिए, णो स पसारए, णो मामए, णो कयकिरिए, वइगुत्ते, अज्झप्पस वुडे परिवज्जइ सया पाव , एव मोण समणुवासिज्जासि । काहिए**= ત્યાર પછી ભવિષ્યમાં સ્ત્રી સંબંધી કથા વિકથા કે કામકથા ન કરે. **पासणिए**= વાસનાપૂર્ણ દષ્ટિથી સ્ત્રીઓને ન જૂએ. **स पसारए**= પરસ્પર આદાન પ્રદાન દ્વારા સ્ત્રી સંપર્ક વધારે નહીં. **मामए**=મમત્વ કે રાગ ભાવ રાખે નહીં. **कयकिरिए**= શરીરની શોભા વિભૂષા વગેરે ન કરે. પરંતુ મૌન કરે અથવા વચનનો વિવેક જાળવે, પરિણામોને સંવૃત્ત કરે,શુભમાં જોડે, અશુભથી દૂર રહે, જ્ઞાન-વૈરાગ્યના સંસ્કારોથી આત્મ પરિણામોને પવિત્ર રાખે, પાપોને છોડે. આ રીતે સંયમ ભાવનું સમ્યક પાલન કરે.

આચારાંગ સૂત્રના આઠમા અધ્યયનમાં અંતિમ એક ઉપાય પ્રગટ કરતાં કહ્યું છે કે કોઈ પણ પ્રકારે બ્રહ્મચર્યની સુરક્ષા કરવી શક્ય ન હોય તો આગમ કથિત પરિણામોથી આત્માને ભાવિત કરીને ફાંસી આદિ કોઈ પણ યોગ્ય વિધિથી પોતાનું જીવન સમાપ્ત કરી લે, પરંતુ ભિક્ષુ સ્ત્રી સેવન કે કુશીલ સેવન ન કરે. **तवस्सिणो हु त सेय , ज एगे विहमाइए, तत्थावि तस्स काल**





**परियाए, से वि तत्थ विअ तिकारए**–(અધ્ય.૮) આ રીતે મૃત્યુ પ્રાપ્ત થાય તો પણ તે આરાધક છે, કર્મોનો અંત કરનાર છે.

### નિબંધ–૧૬

## મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો

આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં કહ્યું છે– **से सुय च मे अज्झत्थय च मे, ब ध पमोक्खो अज्झत्थेव** = મેં સર્વજ્ઞો પાસેથી સાંભળીને, વિચારીને, અનુભવ કરીને સમજ્યું છે કે જીવોને કર્મબંધ અને કર્મમુક્તિ આત્મ પરિણામોથી જ થાય છે અર્થાત્ વિચારોથી જ થાય છે.

આત્મપરિણામ સૂક્ષ્મદષ્ટિ છે અને તેને જ સ્થૂલ દષ્ટિથી ચિંતન મનન કહે છે. ચિંતન–મનન મનરૂપ સાધનથી થાય છે. શુભાશુભ પરિણામ એકેન્દ્રિય આદિ સર્વ જીવોને હોય છે. ***આગમકારોનો આશય સર્વ જીવો માટે આત્મ-પરિણામોથી છે અને ઉપરોક્ત ઉક્તિમાં મનુષ્યો માટે અને વિશિષ્ટ કર્મોની અપેક્ષાએ છે. જેનું તાત્પર્ય એમ સમજવું કે મનુષ્યોને મનોસંકલ્પ વિના વચન કે કાયાથી થનારી પ્રવૃત્તિમાં કર્મબંધ નગણ્ય થાય છે, ખાસ કર્મબંધ મનસહિત પ્રવૃત્તિમાં જ થાય છે.***

વ્યવહાર દષ્ટિ કે સ્થૂલ દષ્ટિએ ચિંતન-મનન અને આત્માના પરિણામને અલગ–અલગ સમજવા કઠિન હોવાથી બંનેનો સમન્વય કરાય છે. એક અપેક્ષાએ મનયોગના અભાવમાં એકેન્દ્રિયાદિ ને આત્માના અધ્યવસાયો–પરિણામોથી અને કાયયોગના માધ્યમથી અથવા વચનયોગના માધ્યમથી પણ અલ્પ કર્મબંધ થાય છે. અહીં સૂત્રમાં ગણધર પ્રભુએ પોતાના માટે **મેં** શબ્દનો પ્રયોગ કર્યો છે અને ચિંતન તથા આત્મ પરિણામો બંને માટે **अज्झत्थ** શબ્દનો પ્રયોગ કર્યો છે.

### નિબંધ–૧૭

## શાસ્ત્રોમાં ૧૬ રોગો તથા વર્તમાનના રોગો

આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં કેટલાક મહારોગોનું વર્ણન છે. જેમ કે (૧) ગંડમાલા (૨) કોઢ (૩) રાજયક્ષ્મા–ક્ષયરોગ (૪) અપસ્માર–મૃગી રોગ (૫) કાણત્વ (૬) જડતા–લકવા(અંગોપાંગ ચેતના શૂન્ય થઈ જવા) (૭) કૂણિત્વ–હાથોની વિકલતા (૮) કૂબડાપણું (૯) ઉદરરોગ– અનેક પ્રકારના હોય છે–લીવરની ખરાબી, ગેસ, એસિડીટી (૧૦) મૂંગાપણું (૧૧) શોથ–સોજાઆવવા (૧૨)

ભસ્મક રોગ (૧૩) કંપન રોગ (૧૪) પંગુ–પગની વિકલતા (૧૫) શ્લીપદ–હાથીપગ(સ્થૂલપગ) (૧૬) મધુપ્રમેહ– મીઠીપેશાબ ડાયાબીટીઝ આદિ સોળ મહારોગનું કથન કર્યું છે. તે રોગો દીર્ઘકાલ સુધી રહી શકે છે. તે સિવાય અનેક આતંક હોય છે . તત્કાલ મૃત્યુ પ્રાપ્ત કરાવનાર રોગને આતંક શબ્દથી કહેવાય છે પરંતુ અહીં તેનું વિવરણ નથી.

૧૬ પ્રકારના રોગોનો નિર્દેશ શાસ્ત્રોમાં અનેક સ્થાને છે, વર્તમાનમાં પ્રચલિત અનેક રોગોનો સમાવેશ સોળ રોગોમાં થઈ જાય છે. અવશેષ રહેલા રોગો કેટલાક આતંક રૂપ હોય છે અને કેટલાક સામાન્ય હોય છે.

### નિબંધ–૧૮

## અચેલત્વનું મહાત્મ્ય આગમમાં

સુસાધક મુનિ સંયમમાં ઉપસ્થિત થઈને, સદા કર્મક્ષય કરીને આત્માને નિર્મળ બનાવે છે. આવા ઉચ્ચ સાધકોમાંથી કેટલાક સાધકો વિશેષ કર્મક્ષય માટે નિર્વસ્ત્ર સાધના સ્વીકાર કરે છે. તે નિર્વસ્ત્ર રહેનારા ભિક્ષુઓને આ પ્રકારનો સંકલ્પ હોતો નથી કે મારા વસ્ત્ર જીર્ણ થઈ ગયા છે, નવા વસ્ત્રની યાચના કરીશ, દોરો લાવીશ, સોય લાવીશ, વસ્ત્રને જોડીશ, સાંધીશ, નાનાને મોટું બનાવીશ ઈત્યાદિ. તેવા સાધક મોટા વસ્ત્રને નાનું બનાવીશ, પહેરીશ, ઓઢીશ ઈત્યાદિ સંકલ્પોથી પણ મુક્ત થઈ જાય છે.

અચેલ સાધનામાં વિચરણ કરતા ભિક્ષુને તૃણસ્પર્શનો પરીષહ, શીત-ઉષ્ણ તથા ડાંસ-મચ્છરનો પરીષહ વારંવાર આવે છે અર્થાત્ વસ્ત્ર ન હોવાથી વિહાર અથવા ગોચરીમાં ઉનાળાના દિવસમાં સૂર્યનો આતાપ સીધો શરીર પર પડે છે, શીતકાલમાં શીતળ હવા શરીરનો સ્પર્શ કરે છે, પાથરવાના ઘાસ અને તેના કાંટા શરીરમાં ખૂંચે છે, ડાંસ-મચ્છરથી કોઈ રક્ષા થતી નથી. આ સર્વ પ્રકારના પરીષહોને સહન કરવાથી અચેલ સાધકોને મહાન કર્મનિર્જરા થાય છે. અન્ય પણ વિવિધ પ્રકારના કષ્ટ નિર્વસ્ત્ર ભિક્ષુને સહન કરવા જ પડે છે. ઉપધિ નહીં હોવાથી હળવાપણું થાય છે. તેને વિવિધ પ્રકારના તપની ઉપલબ્ધિ થાય છે. તે અચેલ મુનિ ભગવદાજ્ઞા પ્રમાણે જ સમ્યક વિધિથી સંયમ ધર્મનું પાલન કરે છે.

આ રીતે તે મહાન વીર સંયમ સાધકોની સાધના અનેક વર્ષો સુધી અથવા દેશોન ક્રોડપૂર્વ વર્ષો સુધી ચાલે છે. તેની મહાન સહનશીલતાને જૂઓ, વિચાર કરો. તે સાધકની કેટલી હિંમત છે ? તે પ્રજ્ઞા સંપન્ન સાધકોનું શરીર કૃશ





થઈ જાય છે, લોહી-માંસ અલ્પ રહે છે. આ પ્રકારના મુનિ અંતે રાગદ્વેષની શ્રેણીને સમાપ્ત કરીને સર્વજ્ઞ બની જાય છે. આવા પ્રકારના અચેલ સાધક વાસ્તવમાં તીર્ણ, મુક્ત, વિરત કહેવાય છે.

**વર્તમાને અચેલત્વ, સચેલત્વને લઈને બે એકાંગી પરંપરા ચાલે છે. પરંતુ આગમમાં બંનેનો સમન્વય કર્યો છે. અચેલ અને સચેલ બંને ધર્મોનું નિષ્પક્ષતાથી, અનાગ્રહથી આગમ શાસ્ત્રોમાં મંડન જ છે, ખંડન નથી. તેમ છતાં એકાંત પરંપરાઓ ચાલે છે. પક્ષાગ્રહના કારણે સમન્વય કરીને સમજવાની બુદ્ધિ જેઓની કુંઠિત થઈ ગઈ હોય તો તે શાસ્ત્રના ગંભીર આશયને એટલે કે ઉભય સાધનાની સમ્યકતાને સમજી શકતા નથી.**

ત્યારે અચેલકતાના આગ્રહવાળા કહે કે વસ્ત્રો રાખનારની મુક્તિ હોતી નથી અને સચેલકતાના આગ્રહવાળા પોતાનો કલ્પિત અમોઘ શસ્ત્ર હાથમાં લઈ લે છે કે નવ પૂર્વના જ્ઞાન વિના અચેલત્વ કે એકત્વ થઈ શકતું નથી તેનો વિચ્છેદ થઈ ગયો છે. પરંતુ બન્ને માટે આગમાધાર નથી સ્વબુદ્ધિ કલ્પિત અવિવેકી આગ્રહ માત્ર છે.

### નિબંધ–૧૯

## શાસ્ત્ર વચ્ચેના અધ્યયનનો વિચ્છેદ કેમ

મહાપરિજ્ઞા નામનું સાતમું અધ્યયન આજે ઉપલબ્ધ નથી. તેના નામનો ઉલ્લેખ શ્રી સમવાયાંગ સૂત્રમાં છે. તેમાં સંયમની, બ્રહ્મચર્યની વિશેષ સાવધાની અને પરિસ્થિતિઓમાં પરાજિત ન થવાની પરિજ્ઞાનું વર્ણન હોવાથી તેનું **મહાપરિજ્ઞા** સાર્થક નામ છે. પ્રાચીન ટીકા, ચૂર્ણિ, નિર્યુક્તિ અને અન્ય વ્યાખ્યા ગ્રંથોને જોતાં લાગે છે કે આ અધ્યયનમાં અધિકાંશતઃ દેવાંગનાઓ અને નરાંગનાઓ જનિત ઉપસર્ગોનું, મોહોત્પાદક વિવિધ પરિસ્થિતિઓનું વર્ણન હતું. તેનાથી મુનિએ અંશ માત્ર પણ ચલિત ન થવાનો ઉપદેશ હતો. તેમજ કોઈ પ્રાચીન વર્ણન અનુસાર અસહ્ય ઉપસર્ગોના સમયે સામાન્ય વિશેષ સાધુઓની સુરક્ષા માટે આકાશગામિની આદિ સહજ વિદ્યાના સૂત્ર પણ તેમાં હતા. મોહોત્પાદક અને વિશિષ્ટ વિદ્યાઓથી યુક્ત આ અધ્યયનનાં લેખનને અનુચિત સમજીને શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણે અન્ય બહુશ્રુત શ્રમણોની સંમતિપૂર્વક તેને વિચ્છિન્ન કર્યું. શાસ્ત્ર લેખન કાલમાં શાસ્ત્ર સંપાદનનો પૂર્ણ અધિકાર આચાર્યોએ રાખ્યો હતો. કારણ કે મૌખિક જ્ઞાન તો સીમિત રહે છે જ્યારે લેખિત વિષય પરંપરાએ

અસીમિત થાય તે નિશ્ચિત છે. તેથી ભવિષ્યની હિત બુદ્ધિથી, દીર્ઘદર્શી આચાર્યોએ શાસ્ત્ર સંપાદન સ્વયં કર્યું. કેટલાક શાસ્ત્રોના ભિન્ન વર્ણન જે આજે ઉપલબ્ધ છે, તેનું પણ સરળ સમાધાન તે જ છે અન્યથા અનેક તર્ક–વિતર્ક થાય છે.

સૂયગડાંગ સૂત્ર અધ્ય.૪, ઉદ્દે.ર માં સ્ત્રીચર્યાનો વિષય છે જેની વાંચના આપવી કે સાંભળવી તે સંકોચજન્ય છે. તેમાં જે મોહત્પાદક વર્ણન છે, તેનાથી પણ અધિક વિસ્તૃત વર્ણન મહાપરિજ્ઞા અધ્યયનમાં હતું. તેથી લેખનકાળમાં તેને વિચ્છિન્ન કર્યું. તે પ્રમાણે સમજવું જ સમાધાનકારક છે.

નિર્યુક્તિકાર શ્રી દ્વિતીય ભદ્રબાહુસ્વામી શ્રી દેવર્દ્ધિગણીથી ૪૦–૫૦ વર્ષ પછી જ થયા હતા. ત્યાં સુધી આ અધ્યયનની માહિતી મૌખિક પરંપરામાં હતી જેથી તેઓએ નિર્યુક્તિમાં તે અધ્યયનના નામની વ્યાખ્યા અને વિષય પરિચય આપ્યો છે. તેઓએ અધ્યયનના સાત ઉદ્દેશક હોવાનું કથન કરીને કોઈ પણ સૂત્ર, વાક્ય, તેના અર્થ કે વિવેચનનો ઉલ્લેખ કર્યો નથી. તેથી સ્પષ્ટ થાય છે કે નિર્યુક્તિકારની પૂર્વે જ આ અધ્યયન વિચ્છિન્ન થયું હતું અને તે સમય શાસ્ત્રલેખનો જ સમજવો જોઈએ. ત્યાર પછી ચૂર્ણિકારે પણ નિર્યુક્તિના આધારે જ પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો છે. ત્યાર પછી ટીકાકાર શ્રી શીલાંકાચાર્યે માત્ર વિચ્છેદ થયાનું જ કથન કર્યું છે.

ઉલ્લેખનીય વિશેષ વાત એ છે કે લાડનૂથી આચાર્ય તુલસી, મુનિ નથમલજી અને અનેક તેરાપંથી વિદ્વાન સંતોએ આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુત-સ્કંધના અર્થ, ટિપ્પણ, વ્યાખ્યા વગેરે અતિ શ્રમપૂર્વક ત્રણ વર્ષમાં પૂર્ણ કર્યા. તેઓએ છટ્ઠા અધ્યયન પછી આઠમા અધ્યયનનો જ પ્રારંભ કર્યો છે. સાતમું અધ્યયન શા માટે નથી ? તે વિષયને સંપાદકીય, ભૂમિકા, પરિશિષ્ટ, ટિપ્પણ આદિ ક્યાં ય સ્પર્શ્યો નથી; તે વિચારણીય અને આશ્ચર્યજનક છે.

તેથી અનુમાન કરી શકાય છે કે મહાન વિદ્વાન સંત પણ આ પ્રશ્નનું સમાધાન કરી શકતા નથી. આવા અનેક પ્રશ્નોનું મૂળભૂત કારણ શાસ્ત્ર લેખન-કાલમાં જે સંશોધન, સંપાદનના અધિકારપૂર્વક કામ થયું હતું; તેનો વિવરણપત્ર ઈતિહાસરૂપે અલગ સંકલિત કર્યો નહીં હોય અથવા કદાચિત્ કર્યો હશે તો પણ તે એક બે પ્રત હોવાથી વિલીન થઈ ગયો હશે. તેનું જ્વલંત ઉદાહરણ છે– પ્રશ્નવ્યાકરણ સૂત્ર. તેમાં આજે જે વિષય ઉપલબ્ધ છે તે પૂર્ણરૂપે અન્ય જ છે. જ્યારે નંદીસૂત્રમાં તે અંગે કંઈક ભિન્ન જ કથન છે તથા ઠાણાંગ સૂત્ર, સમવાયાંગ





સૂત્રમાં પણ પ્રશ્નવ્યાકરણ સૂત્રના વિષયોનું જે કથન છે તેમાં એકરૂપતા નથી. વર્તમાને ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણ સૂત્રનો વિષય ત્રણે સૂત્રોના કથનથી સર્વથા ભિન્ન છે.

આ રીતે અંગસૂત્રમાં પૂર્ણ પરિવર્તન કર્યા પછી પણ તેનું કોઈ લેખિત ઐતિહાસિક પ્રમાણ આચાર્યોએ સુરક્ષિત રાખ્યું નથી, તે જ અનેક પ્રશ્નોનું કે મૂંઝવણનું મૂળભૂત કારણ છે. આ પ્રમાણે વિચારણા કરવાથી યોગ્ય સમાધાન થઈ શકે છે.

**સાર :–** સ્ત્રી પરીષહનું મોહોત્પાદક વર્ણન અને વિશિષ્ટ વિદ્યાઓનો સંકેત હોવાથી લેખનકાલમાં આ અધ્યયનને વિચ્છિન્ન કર્યું હતું. પરંતુ સમવાયાંગ સૂત્રમાંથી તેનું નામ વિચ્છેદ કર્યું નહીં. જેમ કે પ્રશ્નવ્યાકરણ સૂત્ર પૂર્ણ રીતે નવું જ બનાવી દીધું તોપણ નંદી સૂત્ર, ઠાણાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્રમાં તેનો પરિચય વિષય યથાવત્ રાખ્યો. તેમાં કંઈ પણ પરિવર્તન કર્યું નથી. આ પણ એક છદ્મસ્થિક દોષ છે. જેથી આજના તાર્કિક જિજ્ઞાસુઓને અનેક સત્યાસત્ય કલ્પનાઓ કરવી પડે છે.

વિભિન્ન અધ્યયન, મનન અને અનુભવના આધારે વિષયનું સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો છે. જેનાથી અનેક જિજ્ઞાસુઓનું સમાધાન થઈ શકશે.

### નિબંધ–૨૦

## વિશિષ્ટ સાધના અને વ્યવહાર

આ અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં એક વિશિષ્ટ નિયમ-અભિગ્રહનું કથન છે. જેમાં વસ્ત્રની ઊણોદરી, આહારની સ્વતંત્રતાનો નિર્દેશ છે. તે મુનિ સ્વયં કોઈ કષ્ટ કે રોગના કારણે ભિક્ષાર્થે ન જઈ શકે તોપણ કોઈની સેવા લેતા નથી અને શ્રદ્ધાવાન ગૃહસ્થો સામે લાવીને આપે તોપણ તે આહાર લેવાનો સ્પષ્ટ નિષેધ કરી દે છે.

પાંચમા અને સાતમા ઉદ્દેશકમાં આહાર સંબંધી એક-એક ચૌભંગી છે. તેનું તાત્પર્ય એ છે કે સાધનાશીલ, વૃત્તિસંક્ષેપ કરવાના લક્ષ્યવાળા સાધક ગુર્વાજ્ઞા પ્રાપ્ત કરીને પારસ્પરિક આહાર-વ્યવહાર સંબંધી અનેક પ્રકારના અભિગ્રહ કરી શકે છે. તેમાં તે પોતાના માટે, બીજા દ્વારા આહાર મંગાવવાનો ત્યાગ કરી શકે છે અને અન્ય માટે લાવવાનો પણ ત્યાગ કરી શકે છે. આ અભિગ્રહ ગુરુઆજ્ઞા અને વિવેકપૂર્વક જ કરાય છે. તે આત્મ સાધનામાં પુષ્ટિકારક હોય છે. આ પ્રકારના

ઉચ્ચકોટિના સાધકોને માટે વ્યવહાર ગૌણ બની જાય છે અને લોકેષણા છૂટી જાય છે, સાધનાની પ્રગતિ જ તેનું એકમાત્ર લક્ષ્ય હોય છે. આવા વિશિષ્ટ સાધકો ક્યારે ય અન્યને હીન અને પોતાને ઉચ્ચ માનતા નથી.

અભિગ્રહધારી સાધકોની ઉપરોક્ત બંને ચૌભંગીમાં એક-એક છૂટ પણ રાખવાનું વિધાન છે– (૧) રુગ્ણ અવસ્થામાં કોઈની પણ સેવા કરીશ અને કોઈની પણ સેવા લઈશ (૨) સ્વાભાવિક પોતે લાવેલા આહારમાંથી અધિક હોય તો તે કોઈને પણ આપીશ અને અન્ય પાસેથી પણ લઈશ.

ઉપરોક્ત અભિગ્રહનો ઉદ્દેશ્ય વ્યવહારની ઉપેક્ષા કે ખંડન માટે નથી પરંતુ સ્વયંની વૃત્તિસંક્ષેપ તપ અથવા ભિક્ષાચરી તપ દ્વારા કર્મ નિર્જરા અને નિર્વાણની પ્રાપ્તિનો છે.

આગમ વિધાનોના આદર્શોને સમજીને અને હૃદયંગમ કરીને સાધકોએ લોકેષણા અને જનવ્યવહારથી પર થઈને, વૃત્તિસંક્ષેપરૂપ શ્રેષ્ઠ આચારથી આત્મ-ગુણોને પુષ્ટ કરવામાં અને કર્મસમૂહને નષ્ટ કરવામાં પ્રયત્નશીલ રહેવું જોઈએ.

તે ઉપરાંત જે સાધક સામાજિકતા, જનસંપર્ક, ધર્મ પ્રભાવનાના મુખ્ય લક્ષમાં પ્રવર્તિત છે, તેમણે સમાજના સમસ્ત સાધુઓની સાથે ઔદાર્યપૂર્ણ વ્યવહાર રાખીને સમાજમાં પ્રેમ અને એકતા તેમજ સહૃદયતાના આદર્શને ઉપસ્થિત કરવો જોઈએ. જેથી ચતુર્વિધ સંઘમાં રાગ-દ્વેષ, નિંદા-વિકથાના માધ્યમથી કર્મબંધની વૃદ્ધિ ન થાય. શાંતિ, પ્રેમ અને પ્રમોદ ભાવોની વૃદ્ધિ થાય. ખરેખર શાંતિ અને સમાધિની ઉપલબ્ધિ તે જ સાધનાની સફળતા છે.

આગમનિર્દિષ્ટ તપ, નિયમ અને વિશિષ્ટ અભિગ્રહોના પાલનની ક્ષમતા વધારીને યથાસમયે, યથાયોગ્ય આત્મવિકાસ કરવો જોઈએ. તેમ છતાં પ્રત્યેક પ્રવૃત્તિમાં કે નિવૃત્તિમાં ભાવોની પવિત્રતા ન તૂટે તેનું લક્ષ્ય રાખવું પણ જરૂરી છે. આ પ્રકારની ભાવવિશુદ્ધિની સાવધાની રાખીને આત્માને સુરક્ષિત રાખવો જોઈએ.

ભાવશુદ્ધિયુક્ત સાધના જ પ્રાણયુક્ત બને છે. ભાવોની પવિત્રતા વિના સાધના નિષ્પ્રાણ બની જાય છે. નિષ્પ્રાણ શરીરની જેમ નિષ્પ્રાણ સાધનાની કોઈ પણ કિંમત નથી. નિષ્પ્રાણ અર્થાત્ કલુષિત ચિત્તયુક્ત સાધના વાતાવરણને દૂષિત બનાવીને સ્વયંનું અને સમાજનું અહિત કરે છે.

તેથી દરેક આત્મસાધકે આગમોના અનેકાંતિક આશયોને હૃદયંગમ કરીને સ્વયંના જીવનને અને સામાજિક વાતાવરણને સુવાસિત રાખવું જોઈએ.





## નિબંધ–૨૧

# જામા તિણ્ણિ ઉદાહિયા'નો અર્થ અનેકાંતિક

પ્રથમ ઉદ્દેશકમાં નિમ્ન સૂત્રમાં આચારની અનેકાંતિકતાને પ્રગટ કરી છે. જેને મહાન વિવેક કહેવાય છે– **एस मह विवेगे वियाहिए– गामे अदुवा रण्णे, णेव गामे णेव रण्णे धम्म । जामा तिण्णि उदाहिया, जेसु इमे आयरिया स बुज्झमाणा समुट्ठिया ।**

સંયમ સાધના કે તપ સાધના ગામમાં કે વનમાં ગમે ત્યાં થઈ શકે છે. એકાંતે ગામમાં જ કે એકાંતે વનમાં જ થાય તેમ સમજવું નહિ. જો ભાવોની શુદ્ધિ, પવિત્રતા, વિવેક અને આત્મનિગ્રહની સાવધાની હોય તો સાધના સર્વત્ર શક્ય છે. ભાવોની પવિત્રતા ન હોય તો ક્યાં ય સફળતા મળતી નથી. આ અનેકાંતદર્શન છે.

***તે જ રીતે જીવનની ત્રણે અવસ્થા– બાલ, યુવાની અને વૃદ્ધાવસ્થામાંથી ગમે તે અવસ્થામાં સાધના થઈ શકે છે, સંયમ સ્વીકાર કરી શકાય છે, વિવેક અને જાગૃતિની મુખ્યતા છે, વયની નહિ.***

***કોઈ પણ અવસ્થામાં,વયમાં વિવેકી અને જાગૃત વ્યક્તિ સાધના પથમાં સફળ થઈ શકે છે. આમાં ક્યાં ય પણ એકાંત આગ્રહ નથી.***

જ્યારે વિવેક અને સાવધાનીના અભાવમાં કોઈપણ અવસ્થામાં દીક્ષિત થનાર સાધક અસફળ થઈ શકે છે. તે માન સન્માનમાં કે વિષય કષાયમાં ડૂબી જાય છે. માટે વયનો આગ્રહ જૈન સિદ્ધાંત સ્વીકારતો નથી. પરંતુ નિર્ણયનો વિવેક સર્વત્ર આવશ્યક છે.

## નિબંધ–૨૨

# વસ્ત્ર ધોવા, રંગવા કેમ

વસ્ત્ર સંબંધી વિશિષ્ટ અભિગ્રહ ધારણ કરનાર સાધકો વસ્ત્ર ગ્રહણ કર્યા પછી, જે પ્રકારનું વસ્ત્ર પ્રાપ્ત થયું હોય, તેને તે જ રીતે ઉપયોગમાં લે. ધોવું, સીવવું, નીલ–ગળી આદિ પદાર્થનો ઉપયોગ કરવો વગેરે કોઈ પણ વસ્ત્ર પરિકર્મ તેઓ કરતા નથી. સામાન્ય સાધુને પણ વસ્ત્રને રંગવાનું કલ્પનીય નથી, માટે અહીં વસ્ત્ર ધોવાની સાથે જે રંગવાનો સંકેત છે, તે વસ્ત્ર ધોયા પછી તેની સફેદાઈ માટે જે નીલ–ગળી આદિ પદાર્થોનો ઉપયોગ થાય છે, તેનું જ રંગવું શબ્દથી કથન કર્યું છે.

તે વિશિષ્ટ સાધક પોતાની પાસે રાખેલાં વસ્ત્રો પર મમત્વ ભાવ ન રાખે અને ચોરી આદિના ભયથી તેને છુપાવીને પણ ન રાખે.

આ અધ્યયનમાં વસ્ત્ર ધોવા-રંગવા સંબંધી વિધિ-નિષેધ બતાવેલ છે. જેનો આશય આ પ્રકારે છે– જો શક્ય અને સુલભ હોય તો સાધુએ વસ્ત્ર ગ્રહણ કર્યા પછી સીધો જ તેનો ઉપયોગ કરી શકે તેવા વસ્ત્રને વિવેકપૂર્વક ગ્રહણ કરવા જોઈએ. વસ્ત્ર ગ્રહણ કર્યા પછી તરત જ ધોવા ન પડે, સીવવા ન પડે તેનું ધ્યાન રાખી વસ્ત્ર ગ્રહણ કરવાં જોઈએ. તેથી જ જ્યાં વસ્ત્ર લેવાનું કે નવા ગ્રહણ કરવાનું વિધાન છે ત્યાં જ **ण धोएज्जा, ण रएज्जा** પાઠ હોય છે અર્થાત્ જેવાતેવા મળતાં વસ્ત્રો ગ્રહણ કરીને પછી તરત જ ધોવું, રંગવું વગેરે ક્રિયા ન કરવી પડે તેનો વિવેક રાખવો જોઈએ. સામાન્ય અને સ્થવિરકલ્પી સાધુ માટે સર્વથા વસ્ત્ર ધોવાનો નિષેધ કરવાનો અહીં સૂત્રકારનો આશય નથી.

વસ્ત્ર ગ્રહણ કર્યા પછી 'મને આ વસ્ત્ર જૂના અને અમનોજ્ઞ ગંધવાળા મળ્યા છે.' તેમ વિચારી થોડી કે વધુ માત્રામાં વસ્ત્રને ધોવા, સુગંધિત કરવા વગેરે પ્રવૃત્તિ ન કરવી.

આ નિષેધ કર્યા પછી વસ્ત્ર ક્યાં ન સૂકવવા તેની વિધિ બતાવી છે. તેનું તાત્પર્ય સ્પષ્ટ છે કે વસ્ત્રનો ઉપયોગ કરતાં-કરતાં તેને ધોવાની આવશ્યકતા જણાય તો ધોયા પછી યોગ્ય સ્થળે સૂકવવા, અયોગ્ય સ્થળે ન સૂકવવા.

નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત વિધાનોમાં વસ્ત્ર ધોવાનું પ્રાયશ્ચિત્ત બતાવ્યું નથી પરંતુ વિભૂષા માટે વસ્ત્ર ધોવાનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. તે પરથી સાધુએ એકાંતે, વસ્ત્ર ન જ ધોવા, તે વાત સિદ્ધ થતી નથી. વસ્ત્ર ધોવાનો જે જ્યાં નિષેધ છે તે નવા વસ્ત્ર ગ્રહણ કરવાના સમયે વિવેકથી ગ્રહણ કરવાની સૂચનાના આશયથી છે.

### નિબંધ–૨૩

## બાહ્ય અને આભ્યંતર સાધના એક ચિંતન

આ અધ્યયનના પાંચમા, છટ્ઠા, સાતમા ઉદ્દેશકમાં આહાર સંબંધી અભિગ્રહનું વર્ણન છે અને ચોથાથી સાતમા સુધીના ચાર ઉદ્દેશકમાં વસ્ત્ર સંબંધી અભિગ્રહનું વર્ણન છે. આ અભિગ્રહ સ્થૂલ દષ્ટિએ બાહ્ય તપ ઊણોદરી અને વૃત્તિસંક્ષેપ તપમાં સમાવિષ્ટ થાય છે. તેમ છતાં તેની સાથે સહિષ્ણુતા, લોકરુચિનો ત્યાગ, શરીર પ્રતિ મોહ ત્યાગ, નિસ્પૃહતા, સુખૈષણાનો ત્યાગ અને જિનાજ્ઞામાં રમણતા આદિ ભાવોથી પરિણામોની વિશુદ્ધિ થાય છે. તે અભિગ્રહધારી સાધકો





આત્મવિશુદ્ધિના લક્ષ્યપૂર્વક અપ્રમાદભાવે સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગમાં તલ્લીન બને છે. અનેક પ્રકારે તેની આભ્યંતર તપ સાધના વિકસિત થાય છે. કર્મક્ષયનું લક્ષ્ય હોવાથી તે ઉચ્ચ કોટિના સાધકો મહાન નિર્જરા કરે છે. આ રીતે વિમોક્ષ નામના આ અધ્યયનમાં સૂચિત પ્રત્યેક વિધાન મોક્ષ પ્રાપ્તિમાં સહાયક છે. જે સ્થૂલ અને સૂક્ષ્મ બંને દષ્ટિકોણથી જોતાં દ્રવ્ય અને ભાવ સાધનાની પ્રવૃત્તિ છે. તેની શ્રદ્ધા રાખવી જોઈએ પરંતુ કેવળ એક જ દષ્ટિએ તેને બાહ્ય પ્રવૃત્તિ માત્ર છે, તેમ કહીને તે ઉત્તમ વિમોક્ષદાયક સાધનાઓની ઉપેક્ષા ન કરવી જોઈએ. સ્થૂલ દષ્ટિએ બાહ્ય દેખાતા અભિગ્રહ વગેરે ક્રિયાઓ પણ ક્રમશઃ દેહાસક્તિ છોડાવી દેહાતીત દશાનો અનુભવ કરાવનારી સાધના છે.

સાર એ છે કે નાની કે મોટી, કઠિન કે સરળ કોઈ પણ જિનાજ્ઞાયુક્ત સાધનાની સાથે સમ્યગ્જ્ઞાન, સમ્યક શ્રદ્ધાન, સમ્યક પ્રરૂપણા સમ્યગ્લક્ષ્ય હોય તો તે સર્વ સાધનાઓ આત્માને માટે લાભદાયક જ છે અને તે મોક્ષપર્યંત લઈ જનારી છે. તેથી જ તીર્થંકરોએ તેને ઉપાદેય અને આચરણીય કહી છે.

તીર્થંકર પ્રભુ જેવા ઉચ્ચ કોટિના આત્માઓ પણ ગૃહત્યાગ, મહાવ્રત ગ્રહણ પ્રતિજ્ઞા, કેશલોચ, પાદવિહાર, ભિક્ષાવૃત્તિ, અસ્નાન, અદંતધાવન, વિવિધ અભિગ્રહ, તપસ્યા આદિ સ્થૂલ દષ્ટિએ દેખાતી બાહ્ય સાધનાનો સ્વયં સ્વીકાર કરે છે તથા તે બાહ્ય સાધનાનો ઉપદેશ આપે છે, અન્યને તે સાધના કરાવે છે. આ રીતે આ સર્વ સાધનાઓ તીર્થંકરો અને મહાન આત્માઓ દ્વારા આસેવિત છે, ઉપાદેય છે અને સર્વથા હિતાવહ છે.

એકાંત દષ્ટિ એ કેવળ ભાવક્રિયાને જ મહત્ત્વ આપીને બાહ્ય સાધનાની ઉપેક્ષા કરવી તે ઉચિત નથી. તેથી આત્મહિતૈષી સાધકોએ દ્રવ્ય અને ભાવનો સમન્વય કરીને જિનાજ્ઞામય સાધના કરવી જોઈએ. ખરેખર જિનાજ્ઞામય દરેક સાધનાઓ મોક્ષદાયક છે. આ સંસારમાં કેટલાય બુદ્ધિની કુશળતાવાળા અને પોતાને જિનેશ્વરના અનુયાયી હોવાનો દેખાવ કરતા લોકો એકાંતમાર્ગની પ્રરૂપણા કરનારા હોય છે. તે શ્રાવક ધર્મ કે સાધુ ધર્મની સાધના માટે પણ ઉપેક્ષાના પ્રેરક હોય છે. પરંતુ પુણ્યવાન સાધકોએ અનેકાંતિક જિન સર્વજ્ઞોક્ત માર્ગમાં સ્થિરતાની સાથે ગતિમાન રહેવું જોઈએ અને **पवाएण पवाय जाणिज्जा तथा णिट्ठियट्ठी वीरे आगमेण सया परक्कमिज्जासि**, આ બે સૂત્ર વાક્યોથી સિદ્ધાંતની કસોટી કરીને ત્યાગ-વ્રતના આચરણનો નિર્ણય કરવો જોઈએ. આ બે વાક્યોનો અર્થ પૂર્વના નિબંધોમાં આવી ગયો છે.

## નિબંધ–૨૪

# સચિત્ત અને સચિત્ત યુક્ત આહાર વિવેક

કોઈ પણ પદાર્થને જેમ કે– સાકર-મિષ્ટાન્ન વગેરે ક્યારેક નિઃસંદેહ થઈને વિશ્વાસથી જોયા વિના લેવાથી તેમાં કીડીઓ હોઈ શકે છે, અન્ય પણ કંથવા, અનાજના જીવ લટ આદિ પણ, તેમાં હોય તો તે ત્રસ જીવ ધ્યાન બહાર પાત્રમાં ખાદ્ય પદાર્થની સાથે આવી શકે છે.

અનેક દિવસના જૂના ખાદ્યપદાર્થોમાં લીલ-ફૂગ થઈ ગઈ હોય તો તે પણ ભૂલથી ક્યારેક આવી શકે છે, જેમ કે– અથાણાં, મુરબ્બા અને મીઠાઈ વગેરે. લાડુ, બરફી આદિમાં પણ ફૂગ થઈ શકે છે. જે બહારથી સ્વાભાવિક સહજ રૂપે દેખાતી ન હોય.

સાકર વગેરે અચિત્ત સૂકા પદાર્થોની સાથે જીરૂ વગેરે સચિત્ત બીજ પણ આવી શકે છે. ખસખસના દાણા, રાઈ(સરસવ) પણ કોઈ પદાર્થમાં ભળી જવાથી આવી શકે છે. કેટલીક ચીજોને અચિત્ત-શસ્ત્રપરિણત સમજી ગ્રહણ કરવામાં આવે અને પછી તે સચિત્ત-અશસ્ત્ર પરિણત છે તેવી ખબર પડે છે.

વગર રાંધેલી લીલી વનસ્પતિ કોથમીર વગેરે કોઈ પણ બીજા ખાદ્ય પદાર્થની સાથે આવી શકે છે. જેમ કે– ખમણ વગેરે પર નાંખવામાં આવેલ કોથમીર વગેરે. આ જ પ્રકારે કાચી કાકડી, દૂધી આદિ રાઈતામાં નાંખ્યા હોય અને તે ગ્રહણ થઈ જાય.

કોઈ પણ ભીના(નરમ) ખાદ્યપદાર્થનો સ્વાદ બગડી ગયો હોય, ખાટો અથવા મીઠો વિકૃત સ્વાદ બની ગયો હોય તો તેમાં રસજ જીવ ઉત્પન્ન થઈ જાય છે. મીઠાઈ અથવા અન્ય ખાદ્ય રોટલી વગેરેમાં પણ સ્વાદ અને ગંધ બગડી જવાથી રસજ–ત્રસ જીવ થઈ જાય છે. એવા ઉપર કહેલા બધા પદાર્થ ભૂલથી લેવામાં આવી જાય છે.

આ પ્રકારે ત્રસ જીવ, બીજ, ફૂગ, વનસ્પતિ વગેરેથી યુક્ત આહાર સચિત્ત અથવા સચિત્ત સંયુક્ત ગ્રહણ કરવામાં આવી શકે છે.

**વિવેક :** ત્રસ જીવનું અને સૂકા પદાર્થમાં બીજનું નીકળવું સંભવ હોય તો તે કાઢીને અચિત્ત ખાદ્ય પદાર્થનો ખાવામાં ઉપયોગ થઈ શકે છે. ફૂગ અને રસજ જીવવાળા પદાર્થ તો અખાદ્ય, અપથ્ય અર્થાત્ વિકૃત હોવાથી પરઠવા યોગ્ય હોય





છે. લીલી વનસ્પતિના ટુકડા અથવા પાંદડા ક્યારેક કાઢી શકાય તેમ હોય તો તેને કાઢીને અવશેષ આહારનો ઉપયોગ કરી શકાય છે. અચિત્ત પાણીમાં ક્યારેક ત્રસ જીવ હોઈ શકે છે. તે ગળીને શુદ્ધ કરીને પાણી અચિત્ત હોય તો ઉપયોગમાં આવી શકે છે.

ગાળવાથી બાકી રહેલા તે ત્રસ જીવોને વિવેકથી જલીય(પાણીવાળા) સ્થાનોમાં પરઠી શકાય છે.

ક્યારેક સચિત્ત જળ ભૂલથી આવી જાય તો તે દાતાને પાછું આપી શકાય છે. તેમજ ભૂલથી કોઈ પણ વસ્તુની સાથે સચિત્ત પદાર્થ પાત્રમાં આવી જાય અથવા કોઈ અવિવેકથી નાંખી દે તો તેવા સમયે પાછો આપી શકાય છે. સાકરના બદલે પીસેલું સચિત્ત નમક(મીઠું) આવી જાય અને દાતા પાછું લેવા ન ઈચ્છે તો પરઠવાની વિધિથી પરઠી શકાય છે અર્થાત્ પાણીને જલીય સ્થાનોના નજીક અથવા પાત્ર સહિત પરઠી દેવાય. અન્ય સચિત્ત પદાર્થો અને લીલ-ફૂગ પણ એકાંતમાં પોલાણમાં અર્થાત્ કાંટાની વાડ આદિમાં પરઠી શકાય છે. પૂર્ણ નિઃશંક અચિત્ત શુદ્ધ આહાર હોય તો જ ખાવાનું કલ્પે છે.

**અગ્નિ પર ચઢી ગયા પછી પણ કોઈ પદાર્થ સાધુને અકલ્પ્ય–** સીંગની કાચી ફળી, તાજા કાચા અનાજના પોંક અને મકાઈના ડોડા વગેરે અગ્નિ પર રાખીને શેકવામાં આવે છે. જે થોડા શેકેલા હોય, વારંવાર ઘુમાવીને શેકવામાં ન આવ્યા હોય તો અગ્રાહ્ય થાય છે. વારંવાર ફેરવીને અધિક સમય અગ્નિ પર રાખીને શેક્યા હોય તો પૂર્ણ અચિત્ત થયેલા તે પદાર્થ ક્યારેક આવશ્યકતા હોય તો ગ્રહણ કરી શકાય છે. પરંતુ તેમાં ફેંકવાને યોગ્ય પદાર્થ ડૂંડા વગેરે ગૃહસ્થ પોતે કાઢીને આપે તો ગ્રાહ્ય થાય છે અને ડૂંડા સહિત હોય તો ગ્રહણ કરવા નહીં. આ પ્રકારે પ્રત્યક્ષ અગ્નિ પર સીધા રાખેલા પદાર્થ પણ સચિત્ત કે મિશ્ર રહી શકે છે. એમ આ અધ્યયનના પહેલા ઉદ્દેશકમાં સૂચવવામાં આવેલ છે. તો જે પદાર્થ અગ્નિ પર વાસણમાં ચઢાવેલો હોય અને જલ્દી હટાવી લીધો હોય તો તે પણ અગ્રાહ્ય મિશ્ર કે સચિત્ત રહી શકે છે. તેમજ કેવલ ધૂમાડો કરી પકાવેલા પદાર્થ પણ અચિત્ત માનવામાં આવતા નથી. કારણ કે જ્યારે અગ્નિ પર સીધો રાખેલો પદાર્થ પણ પૂરો તપતો નથી અને મિશ્ર રહી શકે છે, તો માત્ર ધુમાડાથી પકાવેલ પદાર્થ અચિત્ત માની લેવા યોગ્ય નથી. તે સચિત્ત રહી શકે છે અને તેમાં બીજ પણ સચિત્ત જ રહે છે.

## નિબંધ–૨૫

# દાનપિંડ અને દાનકુળ

જે આહાર માત્ર યાચકોને આપવામાં આવે છે, ઘરવાળા અથવા અન્ય ગૃહસ્થ ત્યાં બેસીને ખાતા નથી, તે દાનપિંડ અગ્રાહ્ય થાય છે. માત્ર યાચકો માટે હોવાથી તે આહાર જૈન શ્રમણને લેવામાં અદીનવૃત્તિ રહેતી નથી પરંતુ દીનવૃત્તિ પેદા થાય છે અને ધર્મની લઘુતા થાય છે, સીમિત દાનપિંડ હોવાથી અન્યને અંતરાય પણ પડે છે. પરંતુ જ્યાં પ્રચુર આહાર દેવામાં આવે છે કે ખવડાવવામાં આવે છે અને દાતા ખુદ પોતે પણ ત્યાં ખાય છે તો જૈન શ્રમણ પોતાની વિધિ વિવેકની સાથે આવશ્યક હોવા પર ગ્રહણ કરી શકે છે. તે દાનપિંડ અને કુળ આ પ્રકારના હોય છે–

**(૧)** જ્યાં અગ્ર–શ્રેષ્ઠ પદાર્થ એટલે કે વિશિષ્ટ ભોજન પદાર્થ લાડુ વગેરે આપવામાં આવતા હોય. **(૨)** મર્યાદિત બનેલો સમસ્ત આહાર હંમેશાં યાચકોને દેવામાં આવતો હોય તે 'નિતિય પિંડ'(પૂર્ણ)કહેવાય છે. **(૩)** જે ઘરોમાં જે આહાર બન્યો હોય તેમાંથી અડધો ભાગ અલગ કરી દાન કરવામાં આવતો હોય. **(૪)** તેમજ ચોથો ભાગ દાન કરવામાં આવતો હોય. **(૫)** ષષ્ટાંશ, અષ્ટમાંશ અને તૃતીયાંશ આહાર દાન કરવામાં આવતો હોય, આ વિભાગરૂપ દાનપિંડ લેવામાં દીનતા અને અંતરાય દોષની મુખ્યતાના કારણે તે દાનપિંડ લેવા માટે, તે દાનપિંડ આપનારા ઘરે ગોચરી જવું કલ્પતું નથી. તેને માટે નિશીથ સૂત્રના બીજા ઉદ્દેશામાં લઘુમાસિક પ્રાયશ્ચિત્ત વિધાન પણ છે.

દાનપિંડ નિષેધનું કથન મર્યાદિત આહાર સંબંધી જાણવું પરંતુ જ્યાં દાનપિંડની કોઈ સીમા હોતી નથી, ત્યાં અંતરાય દોષ લાગતો નથી અને ત્યાં જૈન શ્રમણોને અગર સમ્માનપૂર્વક દેવાની ભાવના હોય તો દીનતા પણ થતી નથી. આવી ભોજનશાળાઓ આદિમાંથી યથાપ્રસંગ જૈન શ્રમણ ગોચરી કરી લે તો તેનો આ સૂત્રોમાં નિષેધ નથી. જ્ઞાતા સૂત્ર આદિમાં સાધ્વીઓનું દાન-શાળામાં ગોચરી જવાનું વર્ણન મળે છે.

## નિબંધ–૨૬

# જમણવારના મોટા પ્રસંગમાં ગોચરી

ઘણાં મોટા જમણવારમાં વિશિષ્ટ ખાદ્ય પદાર્થો પ્રતિ આસક્તિના ભાવોથી શ્રમણને ગોચરી જવાનું કલ્પતું નથી. તે જ રીતે તે દિશામાં પણ જવાની





મનાઈ છે. જે જમણવારમાં જઈ થોભવું પડે, ઊભું રહેવું પડે તો ત્યાં પણ જવાની મનાઈ છે. આહારની દુર્લભતા અને જરૂરી પરિસ્થિતિથી એવા મોટા જમણવારમાં જવું પડે તો બે કોષથી પણ વધારે દૂર અર્થાત્ ૭ કિલોમીટરથી આગળ હોય તો ત્યાં પણ ગોચરીએ જવું નહીં પરંતુ ૭ કિલોમીટરની અંદર હોય તો જનાકુલતાનો સમય જ્યારે ન હોય ત્યારે જઈ શકાય છે. તે અનેક ગામોના અનેક દિવસો સુધી ચાલતા જમણવારની અપેક્ષા છે. સામાન્ય રીતે કોઈ પણ નાના મોટા જમણવારમાં આસક્તિ પરિણામોથી જવું નિષિદ્ધ છે.

કોઈના ઘરે વ્યક્તિગત કોઈ મહોત્સવ હોય, જેમ કે અઠ્ઠાઈ તપના પારણાં હોય, અન્ય પણ કોઈ ઋતુ પરિવર્તન વગેરેનો મહોત્સવ હોય, જેમાં અન્ય શ્રમણ, બ્રાહ્મણ આદિને પણ ભોજન આપવાનું હોય, ત્યાં અનાસક્તિથી અને આવશ્યકતાથી સાધુ જ્યારે જનસમુદાયની ભીડ ન થઈ હોય અથવા સમાપ્ત થઈ ગઈ હોય ત્યારે ત્યાં ગોચરીએ જઈ શકે છે.

ગામ-નગર આદિનો કોઈ મહોત્સવ, મેળો અથવા યક્ષ મહોત્સવ આદિ હોય તેમાં ભોજનશાળા આદિ હોય છે. ત્યાં પણ ઉપરોક્ત પ્રકારે ભિક્ષુ યથા–પ્રસંગ વિવેક રાખીને ગોચરીએ જઈ શકે છે.

ઉપરોક્ત નિષ્કર્ષ આ અધ્યયનના બીજા, ત્રીજા અને ચોથા ઉદ્દેશકથી નીકળે છે. ચોથા ઉદ્દેશક અનુસાર વર-વધૂના ઘરે લગ્નથી પૂર્વ અથવા પછીના ભોજન આદિ પ્રસંગોમાં પણ ઉપરોક્ત રીતે પ્રસંગ-પરિસ્થિતિ પ્રમાણે જઈ શકાય છે. આ ત્રણે ય ઉદ્દેશકોમાં નિષેધ અને વિધાન બંને છે. તેથી અપેક્ષા બતાવી અહીં ઉભયમુખી(બન્ને પક્ષનું) સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયન અનુસાર જ્યાં સાધુને ગૃહસ્થોની પંક્તિમાં ઊભા રહેવું પડે ત્યાં જવાનો નિષેધ છે. સર્વ શાસ્ત્ર પાઠોનું તાત્પર્ય આ છે– **(૧)** દીનતા ન હોય, પૂર્ણ સન્માન હોય **(૨)** કોઈને પણ અંતરાય ન હોય **(૩)** ધર્મની લઘુતા ન હોય **(૪)** આસક્તિનો ભાવ ન હોય **(૫)** પંગતમાં ઊભા રહેવું ન પડે **(૬)** લોકોની ભીડ ન હોય, એવા સમયે અને એવા સ્થાનોમાં વિવેક પૂર્વક સાધુ-સાધ્વી આવશ્યકતા હોય ત્યારે ગોચરી જઈ શકે છે.

જો અન્યત્ર ગોચરી સુલભ હોય તેમજ ત્યાગ, અભિગ્રહ વધારવા હોય તો સાધુ ત્યાં ન જાય તે શ્રેષ્ઠ છે પરંતુ જમણવારમાં જવું ન જોઈએ એવો એકાંતિક નિયમ નથી. તેથી પ્રરૂપણા કરવામાં વિવેક રાખવો જોઈએ. જો અન્યત્ર ગોચરી

સુલભ ન હોય એટલે કે સાધુ માટે લાવેલા, ખરીદેલા કે બનાવેલા દોષ યુક્ત પદાર્થો ગ્રહણ કરવા પડતા હોય તો આગમની આજ્ઞાને સમજીને વિવેકથી વર્તન કરવું જોઈએ અર્થાત્ બીજા દોષવાળી ગોચરી ન લેતાં જમણવારમાં વિધિ વિવેકથી જઈ શકાય છે.

## નિબંધ–૨૭

# ગોચરી યોગ્ય કુળ

સમાજના વ્યવહારમાં જે કુળોની સાથે અસ્પૃશ્યતાનો વ્યવહાર હોય અથવા જે માસાંહાર અથવા અનાર્યતા આદિના કારણે ઘૃણિત, નિંદિત કુળ હોય, તેમાં જૈન શ્રમણોને વ્યવહારની પ્રમુખતાથી ગોચરી જવું નિષિદ્ધ છે એટલે કે શ્રમણો માટે વૈશ્યવર્ગ, બ્રાહ્મણવર્ગ, ક્ષત્રિયવર્ગ વગેરે મુખ્યતાએ ગોચરીના કુળ છે. તે લોકોનો જે કુળોની સાથે પરહેજનો વ્યવહાર હોય, ત્યાં સાધુના જવાથી તે લોકોને પોતાના ઘરોમાં સાધુનું આવવું ઉપયુક્ત લાગતું નથી, રુચતું નથી; આ હેતુથી શાસ્ત્રમાં કોઈ જાતિના નામ દર્શાવ્યા વિના ઘૃણિત–જુગુપ્સિત અને નિંદિત કુળોમાં સાધુને ભિક્ષાર્થ જવાનો નિષેધ સ્પષ્ટ રૂપથી કરવામાં આવ્યો છે અને અનિંદિત-અજુગુપ્સિત કુળોના કેટલાક નામ ઉદાહરણ રૂપે આપવામાં આવ્યાં છે, સાથે એમ પણ કહ્યું છે કે આ પ્રકારના જો અન્ય કુળો અજુગુપ્સિત હોય તો ત્યાં ભિક્ષુ ગોચરી જઈ શકે છે. આ પ્રસંગમાં શાસ્ત્રકારે ઊંચ-નીચ શબ્દપ્રયોગ કર્યો નથી પરંતુ જુગુપ્સિત-અજુગુપ્સિત શબ્દથી વિધાન કરેલ છે. આ શબ્દો સામાજિકતા સાથે સંબંધ ધરાવે છે.

જ્યાં ગૌતમ સ્વામી આદિને ગોચરી જવા સંબંધી વર્ણન આવે છે ત્યાં ઊંચ, નીચ અને મધ્યમ કુળ શબ્દોનો પ્રયોગ છે ત્યાં સર્વત્ર તે ત્રણેયમાં ગોચરી જવાનું વિધાન છે. તે સમૃદ્ધિની અપેક્ષાએ ધનવાન, મધ્યમ અને સામાન્ય ઘરોને માટે પ્રયુક્ત છે. તેનો આશય એટલો જ છે કે કલ્પનીય સર્વ ઘરોમાં નિષ્પક્ષ ભાવથી ગોચરી જવું જોઈએ. અમીર, ગરીબ અથવા મધ્યમ વર્ગના ભેદભાવ રાખવા જોઈએ નહીં. અતઃ સૂત્રકારની બંને જગ્યાની ભિન્ન-ભિન્ન અપેક્ષાને યોગ્ય રીતે સમજીને વિવેકપૂર્ણ શ્રદ્ધા, પ્રરૂપણા અને વ્યવહાર કરવો જોઈએ. પરંતુ આગમ આશયને સમજ્યા વિના પોતાના સંકલ્પ અથવા આગ્રહથી કોઈ પણ જાતની એકાંત પ્રરૂપણા કરવી યોગ્ય નથી. તાત્પર્ય એ થયું કે જુગુપ્સિત-લોકનિંદિત, અસ્પૃશ્ય કુલોમાં ભિક્ષાર્થ ન જવું અને અમીર, ગરીબના ભેદભાવથી





ગોચરી કરવી નહીં. પરંતુ ત્રણે પ્રકારના ઘરોમાં સામુદાનિક ગોચરી કરવી જોઈએ.

**પ્રશ્ન– ગોચરી જવા યોગ્ય ઉદાહરણ રૂપમાં કહેવાયેલા કુળો કયા છે ?**

**જવાબ–** આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં ગોચરી જવા યોગ્ય ઉદાહરણ રૂપ કુળોનાં નામ આ પ્રકારે છે– (૧) ઉગ્રકુળ=જાગીરદાર વગેરે (૨) ભોગકુળ=પૂજ્ય સ્થાનીય પુરોહિત કુળ (૩) રાજન્યકુળ=રાજમિત્ર અથવા રાજપરિવારનું કુળ (૪) ક્ષત્રિય=સૈનિક કુળ, રાઠોડ વગેરે (૫) ઈક્ષ્વાકુ કુળ=ભગવાન ઋષભદેવનું કુળ (૬) હરિવંશ કુળ=નેમનાથ ભગવાનનું કુળ (૭) ગોપાલોનું કુળ (૮) વૈશ્ય=વણિકકુળ (૯) નાપિતકુળ (૧૦) સુથારકુળ (૧૧) કોટવાલકુળ (૧૨) વણકરકુળ; અન્ય પણ એવા લોકવ્યવહારમાં યોગ્ય કુળ જે હોય તે સર્વ ભિક્ષાયોગ્ય કુળ સમજવા જોઈએ.

## નિબંધ–૨૮

# વાયુકાય જીવોની વિરાધના

આગમોક્ત વિરાધના બે પ્રકારથી થાય છે અર્થાત્ આગમમાં વિરાધના (સમારંભ) બે અપેક્ષાઓથી કહેવામાં આવે છે– જીવોની હિંસા થવાથી અને જીવોની ઉત્પત્તિ થવાથી.

જેમ કોઈ દીપકને બુઝાવે તો જીવ મરે અને કોઈ દીપક કે ટયુબ લાઈટ ચાલુ કરે, તો તેમાં અગ્નિના જીવો આવીને ઉત્પન્ન થાય. બંને જ વ્યક્તિ અગ્નિકાયની વિરાધના કરનારા ગણવામાં આવે છે. જીવોની ઉત્પત્તિ પણ મૃત્યુની નિમિત્તક છે. તે જીવોના જન્મથી ત્યાં મૃત્યુની પરંપરા ચાલુ થઈ જાય છે. જ્યાં સુધી તે દીપક, ટયુબલાઈટ ચાલુ રહેશે ત્યાં સુધી તે જીવોના જન્મ-મરણની પરંપરા ચાલુ રહેશે. તેથી અગ્નિ પ્રગટાવનારા દીપક, ટયુબલાઈટ ચાલુ કરનારા પણ અગ્નિકાયની વિરાધના કરનારા કહેવાય છે, ત્યાં મચ્છર પતંગિયા આદિ ત્રસ જીવ ઉત્પન્ન થઈને મરણ પામે છે. તો તે અગ્નિ પ્રગટાવનારા તે ત્રસ જીવોની પણ વિરાધના કરનારા ગણાય છે. કેમ કે ટયુબલાઈટ જલાવવાના નિમિત્તથી જ ત્યાં ત્રસ જીવોના જન્મ-મરણની પરંપરા ચાલુ થાય છે.

કોઈએ વાસણમાં કે પત્થરના ખાડામાં અથવા ઉપરથી ઢાંકેલા વાડામાં પેશાબ કર્યો હોય, અંતર્મુહૂર્ત બાદ ત્યાં સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થઈ, જન્મ-મરણ ચાલુ થઈ જાય છે. તો આ અવિવેક કરનારાને સંમૂર્ચ્છિમ જીવોની વિરાધના

કરનારા ગણવામાં આવે છે કારણ કે પરંપરાથી તેઓ વિરાધના તથા જન્મ મરણના નિમિત્તક બન્યા જ છે. જો કે તે વ્યક્તિ પુનઃ ત્યાં ક્યારે ય આવીને કોઈ જીવોને સ્પર્શ કરતા નથી અને કોઈ પ્રકારથી તે જીવોને કષ્ટ પણ પહોંચાડતા નથી. છતાં આગમમાં વિરાધના કરનારા બે અપેક્ષાઓથી ગણવામાં આવ્યા છે.

આવી જ રીતે વાયુકાયના જીવોની વિરાધના પણ બંને રીતે ગણવામાં આવે છે– (૧) આપણે કોઈ પણ શરીરની કે વચનની અથવા કોઈ પણ યોગ સ્પંદનની પ્રવૃત્તિ કરીએ તો તેમાં વાયુકાયની વિરાધના થાય છે. વાયુકાયના જીવ સર્વત્ર પોલાર સ્થાનમાં ભરેલા હોય છે. તે આપણી દરેક સ્પંદન પ્રવૃતિથી મરતા રહે છે. કારણ કે બાદર એકેન્દ્રિય એવા જ શરીર નામકર્મો વાળા હોય છે કે સ્પર્શ માત્રથી તેમને અત્યંત વેદના થાય છે અને અનેકો, હજારો યા અસંખ્ય જીવ પણ સ્પર્શ કરવામાત્રથી મરતા રહે છે. અતઃ જ્યાં પણ આપણે વાયુકાયમાં રહીએ છીએ, વાયુના જીવોને આપણો સ્પર્શ થાય છે, આપણે જે કંઈ પણ સ્પંદન કરીએ છીએ કે સ્થિર બેસીએ છીએ, તોપણ આપણા સ્પર્શમાં આવનારા વાયુજીવ મરતા જ રહે છે. જેવી રીતે વર્ષાના સમયે કોઈ પાણીનું ટીપું શરીર ઉપર પડે તો આપણા સ્પર્શથી તેમાં રહેલા અસંખ્ય જીવો સ્વતઃ મરતા રહે છે, તેવી જ રીતે વાયુકાયના જીવ આપણા સ્પર્શથી સદાય સર્વત્ર મરતા જ રહે છે. આ પહેલા પ્રકારની હિંસા છે.

(૨) કોઈ વ્યક્તિ પંખા કે ફૂંકથી હવા કરે અથવા કોઈ પણ પદાર્થને તીવ્ર વેગથી હલાવે, ગતિ કરાવે, ફેંકે તો તેનાથી હવાની–વાયુની ઉદીરણા થાય છે, અર્થાત્ વાયુ નિષ્પન્ન થાય છે તેમાં વાયુકાયના જીવ ઉત્પન્ન થાય છે. જેમ દીપક જલાવવાથી ત્યાં અગ્નિના જીવોનું જન્મ-મરણ પ્રારંભ થાય છે તેમ હવા ઉત્પન્ન થવાથી ત્યાં વિશેષ વાયુકાયના જીવોનો ઉત્પન્ન થવાનો અર્થાત્ જન્મ-મરણનો પ્રારંભ થાય છે. અતઃ હવા પેદા કરવાથી વાયુકાયના જીવોની હિંસા થાય છે. આ જન્મ-મરણ પ્રારંભ થવાના નિમિત્તથી વાયુકાયના જીવોની હિંસા છે. આ બીજા પ્રકારની વિરાધના સમજવી જોઈએ.

યોગોનું પ્રવર્તન ઓછું કરવાથી પ્રથમ પ્રકારની વિરાધના ન્યૂન, ન્યૂનતમ થતી જાય છે અને ફૂંકવું કે પંખો ચલાવવો આદિ હવા નાખવાના કાર્યો ન કરવાથી દ્વિતીય પ્રકારના વાયુકાયની વિરાધના બિલકુલ થતી નથી.

સંયમ ગ્રહણ કરનારા શ્રમણ બીજા પ્રકારની વિરાધનાના પૂર્ણ ત્યાગી





હોય છે અને તે વિરાધનાથી બચવા માટે તે દરેક કાર્ય યતનાથી, વિવેકથી કરે છે. પ્રથમ પ્રકારની વિરાધનાથી બચવા માટે તે પોતાની પ્રવૃત્તિઓને ઘટાડતા રહે છે. તેઓ નિવૃત્તિ તરફ આગળ વધવાનું લક્ષ્ય રાખે છે, આવશ્યક અને આગમ આજ્ઞાનુસારની પ્રવૃત્તિઓ જ કરે છે. તેઓ આગળ વધીને નિવૃત્ત સાધનામય જીવનમાં અધિકતમ ધ્યાન અને કાયોત્સર્ગમાં સમય પસાર કરે છે. પ્રથમ પ્રકારની વિરાધના શરીરના અંદરના સૂક્ષ્મતમ સંચારથી પણ ચાલુ રહે છે. જે કેવલજ્ઞાનીને તેરમા ગુણસ્થાનના અંતિમ સમય સુધી પણ હોય છે.

આગમમાં શ્રમણોને માટે વાયુકાયની અહિંસાના અનેક પ્રકરણોમાં બીજા પ્રકારની **ફૂંકવું અને વીંઝવું** રૂપ હિંસાકારી પ્રવૃત્તિનો સર્વથા નિષેધ કરવામાં આવે છે અને તેની સાવધાની માટે પ્રત્યેક કાર્ય યતનાથી, શાંતિથી, વિવેકથી કરવાની પ્રેરણા કરવામાં આવે છે. આ રીતે વાયુકાયની હિંસાને રોકવા માટે જ સંયમની સમસ્ત વિધિઓ હોય છે તેમજ અનાવશ્યક પ્રવર્તનોને ઘટાડવા હોય છે. આવશ્યક પ્રવૃતિઓની જે કાંઈ શાસ્ત્રમાં આજ્ઞા છે, તે પણ સંયમ જીવન અને દીર્ઘાયુ સુધી આ ઔદારિક શરીરના નિર્વાહને માટે સૂચિત કરાઈ છે. ભાવસંયમની સમાધિ અને શરીરની સમાધિ આદિ લક્ષ્યોથી દીર્ઘદષ્ટિથી સર્વજ્ઞો દ્વારા સંયમની સમસ્ત વિધિઓ આગમમાં બતાવાઈ છે.

જો કે અનેક વિધિઓ ગોચરી, વિહાર, આદિ પ્રવૃત્તિરૂપ છે, તોપણ તે સંયમસાધકના અહિંસક જીવનની સુંદર સફળતાના લક્ષથી તથા શરીર અને બ્રહ્મચર્યની સુવ્યવસ્થાના લક્ષથી જ કહેવાયેલ છે. તે પ્રવૃત્તિઓ આયુષ્ય કર્મના અસ્તિત્વમાં આવશ્યક અને લાભદાયક હોવાથી સર્વજ્ઞો દ્વારા કહેવાઈ છે.

ગૃહસ્થ જીવનની અપેક્ષાએ મુનિ જીવનમાં અનેક પ્રવૃત્તિઓ અલ્પ હોય છે, તેમજ જે સાધક નિવૃત્તિની તરફ પ્રગતિ કરે, આહાર અને વ્યવહાર સીમિત કરે, દીર્ઘ તપસ્યા અને ધ્યાન કાયોત્સર્ગમાં વૃદ્ધિ કરે, તો તેમની પ્રવૃત્તિઓ ક્રમશઃ ઘટતી જાય છે. આ પ્રકારે વાયુકાયની વિરાધના અલ્પ-અલ્પતમ થતી જાય છે. પરંતુ પ્રવૃત્તિની સંપૂર્ણ સમાપ્તિ તો ૧૪ મા ગુણસ્થાનમાં પહોંચવાથી અર્થાત્ યોગનિરોધ થયા પછી મોક્ષ જવાની કેટલીક ક્ષણ પૂર્વ શરીર છૂટવાના સમયે જ થાય છે.

આમ અપેક્ષાઓથી બે પ્રકારની ગણવામાં આવતી આગમિક વિરાધનાનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. આગમની વ્યાખ્યાઓમાં વાયુકાયના શસ્ત્ર બે પ્રકારના કહ્યા છે– સ્વકાયશસ્ત્ર અને પરકાયશસ્ત્ર. વાયુના જીવ વાયુજીવો કે

વાયુશરીરોથી પણ મરે છે અને અન્ય કોઈ પણ પદાર્થોથી યા જીવોથી પણ મરતા રહે છે.

કેટલીક પરંપરામાં વાયુકાય માટે સ્વકાય શસ્ત્ર જ માન્ય કરાય છે, પરકાય શસ્ત્રને સ્વીકારતા નથી, પરંતુ તે ઉચિત નથી. વાયુકાય માટે સ્વકાય શસ્ત્ર અને પરકાય શસ્ત્ર બંને થાય છે. વાસ્તવમાં બીજા પ્રકારની વિરાધનાની વ્યવહારમાં મુખ્યતા છે. જ્યારે પ્રથમ પ્રકારની વિરાધનામાં જીવનની સમસ્ત પ્રવૃત્તિઓનો, હિંસાકાર્યોનો સમાવેશ છે.

### નિબંધ–૨૯

## ૨૧ પ્રકારના ધોવાણ પાણી શા માટે ?

પરંપરા અને પ્રચલન પ્રમાણે ૨૧ પ્રકારના ધોવણ પાણી હોય છે, એવી કથન પરંપરા છે. જેનો આધાર બીજા આચારંગના પહેલા અધ્યયનનો સાતમો આઠમો ઉદ્દેશક છે. જોકે તે પાઠમાં કોઈ સંખ્યાનો નિર્દેશ પણ નથી.

આ અધ્યયનના સાતમા ઉદ્દેશકના **અંતે એક** સૂત્રમાં ત્રણ પ્રકારના અચિત્ત પાણીનાં નામ આપીને અન્ય પણ આ પ્રકારનાં અચિત્ત પાણી મળે તો ભિક્ષુ ગ્રહણ કરી શકે છે એમ કહેવાયું છે.

**બીજા** સૂત્રમાં અચિત્ત પાણીના છ નામ આપીને કહેવાયું છે કે અન્ય પણ આ પ્રકારનાં અચિત્ત પાણી ભિક્ષુ લઈ શકે છે. સાતમા ઉદ્દેશકના તે બે સૂત્રોની આ વાસ્તવિકતા છે.

આઠમા ઉદ્દેશકના પ્રથમ સૂત્રમાં ૧૨ પ્રકારના અચિત્ત પાણીનાં નામ છે. જેમાં બીજ ગોટલી આદિ પડ્યા હોય તો તેને લેવાનો કે ગળીને લેવાનો પણ નિષેધ છે. આ સૂત્રમાં પણ બાર નામ આપીને કહેવાયું છે કે અન્ય પણ આ પ્રકારના બીજ આદિથી યુક્ત પાણી કદાચ અચિત્ત હોય તોપણ અપ્રાસુક અને અનેષણીય જાણીને ન લેવું.

આ ત્રણે ય સૂત્રોક્ત નામોનો સરવાળો કરીને ૩+૬+૧૨=૨૧ની સંખ્યા ધોવણ પાણીને માટે ચલાવવામાં આવી છે. પરંતુ વાસ્તવિકતા જે છે તે ઉપર સ્પષ્ટ કરવામાં આવી છે.

આ ૨૧ સિવાય બે નામો દશવૈકાલિક સૂત્રમાં તથા નિશીથ સૂત્રમાં પણ એક અન્ય નામ વિશેષ છે, જે અન્ય સૂત્રોમાં નથી. નિશીથ ઉદ્દેશક–૧૭માં





**अ बक जिय** શબ્દ અધિક છે. દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનમાં **वारधोयण** નવો શબ્દ છે. ઉષ્ણોદકનું કથન પણ દશવૈકાલિક સૂત્રમાં અને ઠાણાંગ સૂત્રમાં છે. આ ત્રણે ય શબ્દ આચારાંગમાં કહેલ ૨૧ નામમાં નથી. આચારાંગ સૂત્રમાં આવેલ શુદ્ધોદક શબ્દથી કોઈ ઉષ્ણોદક અર્થ કરે છે, તે ભ્રમ છે. નિશીથ સૂત્રમાં શુદ્ધોદકને ધોવણ પાણીની સાથે ગણવામાં આવ્યું છે, ત્યાં ગરમ પાણી અર્થ કરવો યોગ્ય થતો પણ નથી.

આ સમસ્ત શાસ્ત્ર પાઠોનો સાર એ છે કે ૨૧ પ્રકારના ધોવણની આ સંખ્યા એક પરંપરા માત્ર છે. અચિત્ત પાણી આગમ પાઠો અનુસાર અનેક પ્રકારના એટલે સંખ્યાતા(ચાલીસ–પચાસ) થઈ શકે છે. સૂત્રમાં જે નામ આપ્યા છે, તે તો ઉદાહરણાર્થ આપ્યા છે, એવું સમજવું જોઈએ.

### નિબંધ–૩૦

## કંદમૂળનો ત્યાગ વિચારણા

ઉત્તરાધ્યયન સૂત્રમાં **લસણની** ગણના સાધારણ વનસ્પતિમાં કરી છે અને તે જમીનની અંદર જ થાય છે. માટે તે અનંતજીવી કંદમૂળ છે. ગોશાલકના આજીવિકોપાસક પણ કંદમૂળના ત્યાગી હોય છે તે પ્રકારે ભગવતી સૂત્રમાં વર્ણન છે. તો પછી શ્રમણોપાસક તો અવશ્ય કંદમૂળના ત્યાગી હોવા જ જોઈએ, એ તેનો ભાવાર્થ છે. શ્રાવક કંદમૂળના ત્યાગી હોય તો શ્રમણોના પાત્રમાં કંદમૂળ આવવાની શક્યતા જ નથી. તેમ છતાં દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં અને આચારાંગ પ્રથમ અધ્યયન અને સાતમા અધ્યયનમાં આવેલ વર્ણનથી ધ્વનિત થાય છે કે સાધુ માટે આ સંબંધમાં એકાંતિક નિયમ નથી.

એનો ફલિતાર્થ એ થાય છે કે આદર્શ માર્ગથી સાધુ અને શ્રાવક બંનેએ કંદમૂળનો ઉપયોગ ન કરવો જોઈએ, કારણ કે તે અનંત જીવી છે.

કંદમૂળમાં અનંત જીવોની વિરાધના છે. તોપણ તે એકેન્દ્રિય જીવ છે, વનસ્પતિ જીવ છે. તેને પંચેન્દ્રિયના માંસ ભક્ષણના સમાન નરકનું કારણ કહ્યું નથી. કોઈ પ્રાંતમાં કોઈક ખાદ્ય પદાર્થમાં લસણ નાંખવામાં આવે છે. કોઈક પ્રાંતોમાં આદુ અને હળદરનો ઉપયોગ થાય છે. એવા ક્ષેત્રોમાં આ ચીજો અચિત્ત રૂપમાં સાધુની ગોચરીમાં આવી જવાનો પૂર્ણ સંભવ રહે છે. તેમજ ઔષધ રૂપે સ્વાસ્થ્યના કોઈ કારણથી પણ લસણનો ઉપયોગ ફાયદાકારક માનવામાં આવે છે ઈત્યાદિ કારણોથી અચિત્ત લસણ અને અચિત્ત કંદમૂળ સાધુને માટે એકાંતિક મદ્ય માંસ

જેટલું આગમોમાં નિષિદ્ધ નથી. તોપણ ભગવતી સૂત્રમાં ગોશાલક ઉપાસકોના કથનથી પ્રભુ મહાવીરે પોતાના શ્રાવકોને કંદમૂળના ત્યાગી બનવાની પ્રેરણા આપી છે. તેને લક્ષમાં રાખીને સામાન્ય રીતે સાધુ અને શ્રાવકોએ લસણ, આદુ, હળદર, બટેટા આદિ સમસ્ત કંદમૂળ જાતિના પદાર્થોનો ઉપયોગ ન કરવો જોઈએ.

આ અધ્યયનના આઠમા ઉદ્દેશકમાં વનસ્પતિના અનેક વિભાગોનું જુદું-જુદું કથન કરીને તેની અપ્રાસુક અનેષણીય અવસ્થામાં ભિક્ષુને ગ્રહણ કરવાનો નિષેધ છે. જેમાં લસણ અને તેના વિભાગો તથા અર્ક(રસ)ને માટે પણ અપ્રાસુક અનેષણીય લેવાનો નિષેધ છે. પ્રતિપક્ષમાં અહીં કોઈ પણ વનસ્પતિને માટે લેવાનું વિધાન નથી પરંતુ આગળ સાતમા અધ્યયનમાં પ્રતિપક્ષ વિધાનમાં લસણ લેવાનું સ્પષ્ટ કથન છે. દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં સચિત્ત કંદમૂળ લેવાનું અનાચારમાં ગણવામાં આવ્યું છે. ત્યાં પણ પ્રતિપક્ષ રૂપ અચિત્તને ગ્રહણ કરવાનું સ્પષ્ટીકરણ નથી. આ રીતે શાસ્ત્ર કથિત ઉત્સર્ગ અને અપવાદ માર્ગને જાણી સાધુ અને શ્રાવકોએ વિવેકપૂર્વક કાર્ય કરવું જોઈએ. અપવાદ માર્ગના સેવનમાં, વ્યવહારશુદ્ધિ અનિવાર્ય છે, તે ભૂલાવું ન જોઈએ. સાથે ય સૂત્ર વિપરીત એકાંતિક પ્રરૂપણ કરીને કોઈએ સામાજિક વાતાવરણને દૂષિત પણ ન જ કરવું જોઈએ.

**નિબંધ–૩૧**

## કુંભીપક્વ ફળ

બીજા આચારાંગના પ્રથમ અધ્યયનના આઠમા ઉદ્દેશકમાં અનેક પ્રકારના કુંભીપક્વ ફળોના નામ કહીને, કુંભીપક્વ વિશેષણ લગાવી, તે ફળોને અનેષણીય અપ્રાસુક કહ્યા છે. તેની ટીકામાં આચાર્ય શીલાંકે કુંભીપક્વ ફળોને પકાવવાની વિધિ બતાવીને કહ્યું છે કે આ પ્રકારે ધુમાડા અને તાપથી ફળનો દળ ભાગ પાકે છે, પરંતુ તે ફળ કે તેના બીજ અચિત્ત થઈ જતા નથી. તેથી એ કુંભીપક્વ ફળ અપ્રાસુક અનેષણીય રહે છે.

**નિબંધ–૩૨**

## આહાર-પાણી પરઠવાની વિધિ

પરઠવા યોગ્ય આહાર અનેક પ્રકારના હોય છે. જેમ કે– સચિત્ત, રસચલિત્ત, ત્રસ જીવ મિશ્રિત, શસ્ત્ર પરિણતની અપેક્ષા મિશ્ર(સચિત્ત), નિર્દોષ અચિત્ત પણ અતિમાત્રામાં આવેલ હોય, શય્યાતરપિંડ, આધાકર્મી આદિ વિશેષ





દોષયુક્ત, વિષયુક્ત, અખાદ્ય પદાર્થ મિશ્રિત, પ્રત્યાખ્યાનવાળા પદાર્થ અને લીલ-ફૂગ યુક્ત પદાર્થ. (૧) વિષ યુક્ત યા રોગ ઉત્પન્ન કરનારા પદાર્થ અચિત્ત હોય તો ધૂળ, રેતી યા રાખ આદિ અચિત્ત પદાર્થમાં ભેળવીને પરઠવા અને ઉપરથી પણ રાખ, રેતી આદિથી ઢાંકી દેવામાં આવે છે. (૨) સચિત્ત, રસચલિત, લીલ-ફૂગથી યુક્ત પદાર્થને રેતી રાખ આદિ કોઈમાં પણ ભેળવવામાં આવતા નથી પરંતુ આ પદાર્થોના જીવોની વિરાધનાનો અધિકતમ બચાવ સંભવ હોય તેવી રીતે પોલાણવાળા સ્થાનોમાં, જેમ કે પથ્થર ખંડેરના ઢગલા, અન્ય કોઈ પણ પ્રકારના ઢગલા કે જેમાં વચ્ચે વચ્ચે જગ્યા હોય, કાંટાની વાડમાં, ઈત્યાદિ સ્થળોમાં વિવેકથી પરઠી શકાય છે. (૩) ત્રસ જીવ મિશ્રિત ખાદ્યપદાર્થ એકાંત સ્થળમાં યા દિવાલની પાસે પરઠવામાં આવે છે. જેથી જીવો પર કોઈનો પગ ન આવે. તે જીવ દિવાલના સહારે સુરક્ષિત બેસી શકે, જઈ શકે અને તેને છાંયો પણ મળી શકે. તડકામાં યા શીઘ્ર તડકો આવે તેમ હોય તો એવી જગ્યામાં ત્રસ જીવો યુક્ત પદાર્થ પરઠવામાં આવતા નથી. જે ખાદ્યપદાર્થમાંથી ત્રસ જીવ કાઢીને સાફ થઈ શકતા હોય, તે પરઠવામાં આવતા નથી. જે પદાર્થ ત્રસ જીવો પડવાથી અને મરી જવાથી અખાદ્ય જેવા થઈ ગયા હોય તો તે વિવેકપૂર્વક પરઠી દેવામાં આવે છે. (૪) અચિત્ત નિર્દોષ આહાર વધારે માત્રામાં હોવાથી એકાંતમાં ખુલ્લી જગ્યામાં કંઈક ઊંચાઈવાળી જગ્યામાં પરઠી દેવામાં આવે છે. (૫) અચિત્ત સદોષ ખાદ્ય પદાર્થ આવાગમનના માર્ગથી અતિ દૂર એકાંતમાં ખુલ્લામાં પરઠી દેવામાં આવે છે. અચિત્ત ખાદ્યપદાર્થોને પરઠવામાં ભાષ્યકારોએ અનેક વિકલ્પોથી અનેક વિધિઓ, સંકેત આદિ બતાવ્યા છે. જેનો હેતુ એ છે કે તેનો ઉપયોગ પશુ પક્ષી કરી શકે અને ક્યારેક કોઈ માનવ પણ કરી શકે ઈત્યાદિ વિશેષ અનુભવ કે પરિશીલન આવશ્યક સૂત્રના ભાષ્ય(વ્યાખ્યા)થી કરવો જોઈએ.

પરઠવાના સમયે લોકોની દૃષ્ટિ ન પડે, આવાગમન ન હોય, ધર્મની કે ખુદ સાધુની હીલના નિંદા ન થાય, તેનો પૂર્ણ વિવેક રાખવો જોઈએ. પરઠવાનું કાર્ય અનુભવશીલ વિવેકી સાધુએ જ કરવું, આ વાતનો વિવેક રાખવો જોઈએ. સકારણ આહાર પરઠવા અંગે પ્રાયશ્ચિત્ત આગમમાં નથી પરંતુ વિરાધના અને દીર્ઘ દૃષ્ટિકોણથી સમાચારીમાં જે પ્રાયશ્ચિત્ત વિધાન હોય તે ગુરુ આજ્ઞાથી નિર્જરાર્થ ગ્રહણ કરી લેવું જોઈએ. સચિત્ત અને દોષયુક્ત આહારનું મુખ્ય પ્રાયશ્ચિત્ત તો ગવેષણા કરનારને આવે છે. પરઠવાવાળાને વ્યવહારિક અને સામાચારિક પ્રાયશ્ચિત્ત યથાલઘુષ્ક(અલ્પતમ) આવે છે.

સચિત્ત પાણી કે ત્રસ જીવ યુક્ત પાણી હોય તો જલીય સ્થાનોની નજીક જઈ તેની બહાર યોગ્ય ભીની જગ્યા હોય તો ત્યાં પરઠી દેવામાં આવે છે. ત્યાર પછી તે પાણી આગળ પાણીમાં પહોંચી જાય અથવા એવી જગ્યા બહાર ન હોય, કિનારો પૂર્ણ સૂકો હોય તો પાણીમાં વિવેકથી પરઠી દેવામાં આવે છે. પરઠનાર સાધુ અપ્કાયની વિરાધના આદિ કારણે એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે. આ વિધિ આવશ્યક સૂત્રની ભાષ્યમાં બતાવેલ છે. શાસ્ત્રના મૂળપાઠોમાં આહાર પરઠવાનો નિર્દેશ અનેક જગ્યાએ છે પરંતુ આહાર પરઠવાની સ્પષ્ટ વિધિ તો વ્યાખ્યાગ્રંથોમાંથી જ જાણવા મળે છે. સચિત્ત પાણી પરઠવાની વિધિ મૂળપાઠમાં આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના છટ્ઠા પાત્રૈષણા અધ્યયનમાં બતાવેલ છે. ત્યાં પણ ગૃહસ્થને ફરી પાછું આપવું કે સચિત્ત પાણીમાં સ્વયં નાંખવું આદિ વિધિનો નિર્દેશ છે.

## નિબંધ–૩૩

## મદ્ય અને માંસ વિશેના પાઠની વિચારણા

**પ્રશ્ન–** મદ્ય અને માંસના આહારને નરકનું કારણ કહ્યું છે. તોપણ શાસ્ત્રમાં અનેક સ્થાને સાધુને માટે એવા વિષયના પાઠ કેમ આવે છે ?

**જવાબ–** દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે સાધુનો આહાર મદ્ય, માંસ અને મત્સ્યથી રહિત હોય છે અને તે શ્રમણ વારંવાર વિગયોનો પણ ત્યાગ કરીને લુખો આહાર કરે છે. ઠાણાંગ સૂત્રમાં માંસાહાર અને મદ્યપાનને નરકાયુ બંધનાં કારણ કહેવામાં આવ્યા છે. તેનું સેવન જૈન સાધુ તો શું જૈન શ્રાવક પણ કરતા નથી. જે ગોચરીના કુળ કહેવાયા છે, તેમાં પણ બે શબ્દ વિશેષણરૂપ છે– અજુગુપ્સિત અને અગર્હિત. અગર્હિતનો અર્થ છે અનિંદિત, પ્રતિષ્ઠિત. જ્યાં માંસાહાર કરવામાં આવે છે, પકાવવામાં આવે છે, તે લોકમાં જુગુપ્સિત કુળ ન હોય તોપણ નિંદિત-ગર્હિત કુળ ગણાય છે. જેથી માંસાહારી ઘરોમાં ગોચરી જવું પણ વર્જિત છે. તેથી સાધુની ગોચરી સંબંધી કે આહાર સંબંધી પાઠોમાં માંસ વિષયક પાઠ હોવા ઉપયુક્ત નથી. જે પાઠ ઉપલબ્ધ છે, તેમાં લેખનકાળમાં થયેલી વિકૃતિનો કે દુર્માનસનો પ્રભાવ થયો છે, તેમ સમજવું જોઈએ. આ બાબતોનું સંશોધન-સંપાદન થવું આવશ્યક હોવા છતાં પણ જૈન વિદ્વાનોની એકાંગી દષ્ટિના કારણે, ***'એ પાઠ પ્રક્ષિપ્ત છે'*** એવું માનવા છતાં પણ ઉપેક્ષા કરવામાં આવે છે તથા કોઈ કોઈ વિદ્વાન શબ્દકોષોનું આલંબન લઈ વનસ્પતિપરક અર્થ પણ કરે છે.





આચારાંગ સૂત્રમાં એવા આપત્તિજનક પાઠ ચાર જગ્યાએ છે. જે સાધુની ગોચરી સાથે સંબંધ રાખે છે. જેમ કે પ્રથમ અધ્યયનના ચોથા, આઠમા, નવમા અને દસમા ઉદ્દેશકમાં સાધ્વાચારના પ્રકરણમાં અને સાધુની ગોચરી જવાના ઘરોના પ્રસંગમાં માંસાહારનું કથન શાસ્ત્ર સંગત થઈ શકતું નથી. ભગવતી સૂત્રમાં સ્વયં ભગવાન મહાવીરના પ્રકરણમાં, નિશીથ સૂત્રમાં અને સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રમાં એવા આપત્તિજનક માંસ મદ્ય સંબંધી વિધાયક પાઠ છે. શ્રમણોના સંમેલનમાં પણ આ નિર્ણય લેવાયો છે કે– આચારાંગ સૂત્ર, ભગવતી સૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર આદિ સૂત્રમાં જિનવાણી વિપરીત પાઠ છે, જે ગણધર રચિત નથી અને એવા માંસ, મદ્યના પાઠ પ્રરૂપણા કરવા યોગ્ય નથી.

તાત્પર્ય એ થયું કે આ પાઠ ગણધર રચિત જિનવાણી નથી, તો પછી પ્રક્ષિપ્ત જ છે; એવું સીધું જ સમજવું જોઈએ. પ્રક્ષિપ્ત છે એવું જાણી અને માનીને પણ તે પાઠોને શાસ્ત્રમાં રાખવા અને વનસ્પતિપરક અર્થ પણ કરવા અથવા તેના અર્થ જ ન કરવા, આ સુવિચારકતા નથી. ખરેખર જૈન શાસ્ત્રોમાં સાધુને માટે માંસ મદ્યનું વિધાન હોઈ શકે જ નહીં. કારણ કે ઠાણાંગ સૂત્રમાં એમને નરકનું સ્પષ્ટ કારણ કહ્યું છે. તો પછી સાધુ જીવનની ગોચરી સાથે તેનો સંબંધ કિંચિત્ પણ હોઈ શકતો નથી તથા માંસ ભક્ષણની પ્રરૂપણા પ્રેરણા કરનારા સૂર્ય પ્રજ્ઞપ્તિના પાઠો તો અત્યંત નિકૃષ્ટ દરજ્જાના છે. એ બધા પાઠ સંશોધનની આવશ્કતાવાળા છે કારણ કે તેને જિનવાણી માનવામાં આવતી નથી. તેમ છતાં તેને આગમ પાઠમાં રાખવામાં આવે છે, તેને વિદ્વાન સંપાદકોની આગમ સંપાદન સંબંધી કર્તવ્યનિષ્ઠતા કહી શકાતી નથી.

એનો સાર એમ સમજવાનો છે કે મદ્યમાંસનો આહાર શ્રાવકોને પણ યોગ્ય નથી. મદ્યમાંસનો આહાર ખાવાવાળા ઘરોમાં ગોચરી પણ નથી જઈ શકાતું. કારણ કે તે નિંદિત કુળ ગણવામાં આવે છે. માટે એવા અશુદ્ધ આહાર સંબંધી શાસ્ત્રના પાઠ મધ્યકાલમાં આવેલી વિકૃતિનું કારણ છે. તેનું યોગ્ય સંશોધન-સંપાદન થવાની આવશ્યકતા છે. કથા વર્ણનમાં, સાધુ યા શ્રાવક સિવાયની વ્યક્તિઓનાં વર્ણનમાં, એવા પાઠ હોય તો સમજદારો માટે ચર્ચાનો વિષય બનતો નથી. જેમ કે જ્ઞાતાસૂત્રની કથાઓ કે દુઃખવિપાક સૂત્રની પ્રત્યેક કથાઓ. કથાઓના વર્ણન સાધુ શ્રાવક અવસ્થાથી ભિન્ન છે. તે વર્ણનથી ધર્મના સિદ્ધાંતો પર ઘા લાગતો નથી પરંતુ આચારાંગ કે નિશીથ સૂત્રના વિધિસૂચક પાઠ સીધા સાધ્વાચારથી સંબંધિત છે. ભગવતી સૂત્રનો પાઠ સીધો કેવલી તીર્થંકર પ્રભુ

મહાવીર સ્વામી સાથે સંબંધ રાખે છે અને સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રનો પાઠ તો માંસ ભક્ષણની પ્રરૂપણા કે પ્રેરણા કરનારો છે. આ પાઠોનું યોગ્ય સંપાદન ન કરનારા સંપાદકો, પ્રકાશકો જિનવાણીના મહાન અપરાધી થાય છે. શાસન સેવાને બદલે કુસેવા કરે છે. દુર્બુદ્ધિથી પ્રક્ષેપ કરી અનંત સંસાર વધારનારાઓના સહાયક અને અનુમોદક થાય છે.

સાચા અર્થમાં તે સંપાદક ગણધરોને બદનામ કરે છે કે તેઓને ભાષા વિવેક કે વચન પ્રયોગનો વિવેક પણ ન હતો કે જે મદ્ય-માંસ શબ્દોના પ્રયોગથી નરકાયુ બંધનો વિષય કહ્યો છે તે જ મદ્ય-માંસ શબ્દથી સાધુની ગોચરી અને ભગવાન મહાવીરના ઔષધ વિષયને પણ કહી દીધો અને એ જ શબ્દોથી યાત્રા કરવાની સફળતા અને કાર્યોની સિદ્ધિ થાય તે પણ બતાવી દીધું. ખરેખર એવા પાઠોને છાપનારા સ્પષ્ટ જ તીર્થંકરો અને ગણધરોની મહાન આશાતના કરવાના ભાગી થાય છે અને ભવિષ્યમાં જૈનાગમોની ઘોર નિંદા કરાવનારા બને છે; જોકે ખરેખર એવી રચના તીર્થંકરો, ગણધરોની છે જ નહિ.

જૈનધર્મનો એક સાચો શ્રાવક પણ અનાર્ય લોકોના માંસાહારને સહન નથી કરી શકતો. માંસાહારની વાત સાંભળવાનું પણ પસંદ નથી કરી શકતો, ત્યાં સૂત્ર છપાવનારા પોતાના જ શાસ્ત્રોમાં માંસની પ્રરૂપણા-પ્રેરણા કરનારા મૂળપાઠને છપાવી પોતાને ભગવાનના અને જિનશાસનના મહાન ઈમાનદાર અને વફાદાર હોવાનો સંતોષ લે છે. એવા પાઠોનું સંશોધન કરવું પણ અનંત સંસાર વધારનાર માને છે, આ ચોક્કસ સમજભ્રમ છે.

જેમ પોતાના શરીરનું કોઈ અંગ વિકૃત થઈ ગયુ હોય અને ખ્યાલમાં આવી ગયું હોય તો તેને ઓપરેશન દ્વારા નિકાલ કરાય છે, તેની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. એવી જ રીતે ઉપર ચર્ચિત જિનાગમની પ્રરૂપણાથી વિપરીત પાઠ, ગણધરોની રચના નથી એવું સ્વીકાર કરી લીધા પછી પણ તે પાઠોને જેમ છે તેમજ છપાવવો તે કોઈ પણ પ્રકારની સમજદારી કે બુદ્ધિમાની નથી પરંતુ જિનવાણી પ્રત્યેની ઉપેક્ષા જ કહેવાય છે.

### નિબંધ–૩૪

## સાત પિંડેષણાઓનો ખુલાશો

ગોચરીના આહાર આદિથી સંબંધિત સાત પ્રકારના અભિગ્રહોને અહીં સાત પિંડેષણાની સંજ્ઞાથી સૂચિત કરેલ છે. જેનો ભાવાર્થ આ પ્રકારે છે– (૧)





દાતાનો હાથ કે પાત્ર કોઈ પણ પદાર્થથી લિપ્ત ન હોય, તેમના પાસેથી ભિક્ષા ગ્રહણ કરવી, અન્યથા ન લેવું. ગોચરી દીધા પછી દાતાને પાણીની વિરાધના ન કરવી પડે, હાથ વગેરે ધોવા ન પડે, તેવો વિવેક રાખી લેવું. (૨) કોઈ પણ ખાદ્ય પદાર્થથી હાથ આદિ લિપ્ત–ખરડાયેલા હોય તો તેની પાસેથી ભિક્ષા લેવી, અન્યથા ન લેવી. (૩) જે વાસણોમાં આહાર બનાવ્યો હોય કે બનાવીને વ્યવસ્થિત રાખ્યો હોય તેમાંથી દેવામાં આવે, તો લેવો અન્યથા ન લેવો (૪) દાળીયા, ચણા, ખાખરા આદિ જે પદાર્થોથી પાત્રમાં કોઈ લેપ ન લાગે એવા ખાદ્યપદાર્થ મળે તો લેવા અન્યથા ન લેવા. (૫) ભોજન જે મૂળ વાસણોમાંથી અન્ય વાસણમાં પીરસવા આદિ કોઈ પ્રયોજનથી રાખ્યો હોય, ક્યાંક લઈ જવાને માટે ટીફીન આદિમાં કે અન્ય નાના વાસણમાં નાંખેલો હોય એવું મળે તો લેવું અન્યથા ન લેવું (૬) હાથમાં કે થાળીમાં પોતાને માટે કે અન્યને માટે પીરસાઈ ગયેલું હોય, ખાવાને માટે લઈ લીધું હોય તે આહારમાંથી અગર મળે તો લેવું, ન મળે તો ન લેવું. (૭) દાઝી ગયેલ, વધેલ-ઘટેલ, દેખીને જ જેને સામાન્ય માણસ લેવા કે ખાવા ન ઈચ્છે એવો અમનોજ્ઞ, ફેંકવા જેવો આહાર અગર મળે, કોઈ દાતા દેવા ઈચ્છે તો લેવો અન્યથા સારો–મનોજ્ઞ આહાર ન લેવો.

અંતે આ સર્વ પડિમાઓના સાધકોને શિક્ષા આપવામાં આવી છે કે કોઈ પણ સાધક કોઈ પણ પડિમા(અભિગ્રહ) પોતાની ક્ષમતા અનુસાર ધારણ કરે. પરંતુ પોતાને શ્રેષ્ઠ યા ઊંચા અને બીજાને હલકા કે નિમ્ન સમજવાનો પ્રયત્ન કરે નહીં પરંતુ જે સાધકને જેમાં સમાધિ અને ઉત્સાહ વધે તે પ્રકારનો અભિગ્રહ તેઓ ધારણ કરે છે તોપણ અમે બધા ય જિનાજ્ઞા અનુસાર અને પોતપોતાની સમાધિ ભાવ અનુસાર કરીએ છીએ, એવું સમજે, માને. પોતાનો ઉત્કર્ષ અને અન્યનો અપકર્ષ કરવાનો અહીં મૂળપાઠમાં સર્વથા નિષેધ કર્યો છે.

### નિબંધ–૩૫

## સાધુએ છત્ર,ચર્મ રાખવા કલ્પે છે ? ક્યારે ?

આજ્ઞા લેવા યોગ્ય સાધુના અનેક ઉપકરણોના નામ આચારાંગ અધ્યયન–૭માં ગણાવ્યાં છે. વ્યવહાર સૂત્રમાં પણ વૃદ્ધ સાધુના વર્ણન પ્રસંગે આવા ઉપકરણોના નામ બતાવ્યા છે. અન્ય મતાવલંબી સાધુઓના પણ આવા ઉપકરણોના નામ બીજા શ્રુતસ્કંધના બીજા અધ્યયનના ત્રીજા ઉદ્દેશકમાં કહ્યા છે.

સ્થવિરકલ્પી સાધુઓ જુદી જુદી શારીરિક પરિસ્થિતિઓમાંથી પસાર

થાય છે. તેને ક્યારે, કઈ પરિસ્થિતિમાં કયા ઉપકરણો રાખીને શરીર તેમજ સંયમ જીવનને પાર પહોંચાડવું, તેનો ગંભીર વિચાર કરવો જોઈએ એટલે કે હંમેશાં માટે કોઈપણ પ્રકારે એકાંતિક આગ્રહ રાખવો ન જોઈએ. આ અપેક્ષાએ સૂત્રોમાં અનેક વિષયો પ્રસંગોપાત આવ્યા છે, જેમ કે નૌકાવિહાર વગેરે.

જોકે આવા અપવાદિક માર્ગ વિષયક સૂત્રો કે સૂત્રગત વિષયોનો સંબંધ પરિસ્થિતિ પર, વ્યક્તિ પર તથા જ્ઞાની, ગીતાર્થ, બહુશ્રુત ગુરુની આજ્ઞા પર નિર્ભર રહે છે. રાજમાર્ગ, વિધિમાર્ગ કે ધ્રુવમાર્ગ તો તે જ રહે છે, જે સ્પષ્ટ રૂપે શાસ્ત્રમાં આચરણીય કે અનાચરણીય રૂપે બતાવેલ છે. દશવૈકાલિક સૂત્ર, સૂયગડાંગ સૂત્ર વગેરે અનેક સૂત્રમાં છત્ર ધારણ કરવાને અનાચરણીય કહેલ છે તેથી 'છત્ર રાખવું' તે સાધ્વાચાર વિહિત નથી, પ્રરૂપણા અને સ્વીકારવા માટે તે જ માર્ગ યોગ્ય છે. અપવાદની પરિસ્થિતિઓના આચરણ, પ્રચાર કે પ્રરૂપણા યોગ્ય ન કહેવાય. છત્રની જેમ જ ચર્મ વગેરે કોઈ પણ ઉપકરણ ભિક્ષુ માટે અકારણ રાખવા તે વિધિ નથી. સાધુ માટે સામાન્યપણે વસ્ત્ર-પાત્ર વગેરે ૧૪ ઉપકરણ જ રાખવા તે રાજમાર્ગ છે. તેથી વધુ ઉપકરણ રાખવા અતિ જરૂરી હોય ત્યારે ગુરુ આજ્ઞા પ્રમાણે રાખી શકે છે. જરૂરિયાત પૂર્ણ થતાં તે ઉપકરણો છોડી દેવા જોઈએ. જે સાધુ દેખાદેખી વગેરે કોઈ કારણથી અનાવશ્યક ઉપકરણો રાખે તો તે જિનાજ્ઞાના ચોર કહેવાય છે. શાસ્ત્રઆજ્ઞાનું ઉલ્લંઘન કરવું, ગુરુ આજ્ઞા વિના ઉપકરણ રાખવાં, વધારવા તે અદત્ત મહાવ્રતના દોષ છે. દશવૈકાલિક સૂત્ર અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં તે માટે તપચોર, રૂપચોર(સાધુલિંગ, ઉપકરણ સંબંધી), વ્રતચોર, આચાર ભાવચોર વગેરે શબ્દપ્રયોગો(નાના-મોટા સર્વ વિધાનની અપેક્ષાએ) થયા છે.

### નિબંધ–૩૬

## અન્ય સંપ્રદાયગત સાધુ સાથે પાટ પર બેસવું

આ અધ્યયનમાં કહ્યું છે કે સાધુ જ્યાં રહ્યા હોય ત્યાં પોતાના સાંભોગિક, એક માંડલિક આહાર સંબંધવાળા કોઈ સાધુ પધારે તો તે પોતાના આહાર-પાણીમાંથી આગંતુક સાધુને નિમંત્રિત કરે અને આહાર-પાણી આપે. જો અન્ય શુદ્ધ વ્યવહારવાળા સાધર્મિક સાધુ આવે કે જેની સાથે એક માંડલિક આહાર સંબંધ ન હોય તો આહાર-પાણીનું નિમંત્રણ ન કરે પરંતુ પોતે ગ્રહણ કરેલ મકાન, સ્થાન, પાટ, પાટલા, સંથારા, ઘાસ વગેરેનું નિમંત્રણ કરે, આપે.





પોતાના આહાર પાણી આપવાનું તાત્પર્ય છે કે એક સાથે બેસી જમવું. તે જ રીતે પોતાનું મકાન, પાટ આપવાથી મકાનમાં સાથે રહેવું, પાટ વગેરે પર સાથે બેસવું તેવો અર્થ સ્પષ્ટ છે.

લિંગ અને પ્રરૂપણામાં જેઓ સમાન છે, આચારમાં વ્યવહારોચિત છે, સમાજમાં પ્રતિષ્ઠિત છે, પ્રસંગોપાત જેઓને સન્માન આપવામાં આવે છે, આદર આપવામાં આવે છે અને જેઓ સાથે વંદન વ્યવહાર કે શિષ્ટાચાર કરી શકાય, પોતાના મકાનમાં સન્માન સાથે રાખી શકાય, સાથે બેસી પ્રવચન આપી શકાય છે; તેવા સ્વલિંગી સાધુઓ સાથે એક પાટ પર બેસવાનો નિષેધ કરી અલગ પાટનો આગ્રહ રાખવો તે વાત આગમથી ઉપયુક્ત નથી. તેઓને પોતાની પાટ માટે નિમંત્રણ કરવું તેમ આગમ પાઠ છે. તેઓને પોતાની પાટ આપી પોતે બીજી પાટ પર બેસવું તેઓ અર્થ આ સૂત્રનો થતો નથી. પોતાનું મકાન તેમને આપી પોતે તે મકાનમાં ન રહેવું તેવો અર્થ પણ થતો નથી. તેથી જે કોઈ આગમના નામે સાધર્મિક અન્ય સાંભોગિક સાધુઓ સાથે પાટ વ્યવહારનો નિષેધ કરે છે અર્થાત્ તેઓને પોતાની પાટ નિમંત્રણપૂર્વક આપીને પછી પોતે અલગ પાટ પર બેસે છે તેઓએ આ શાસ્ત્ર પાઠનો જરૂર વિચાર કરવો જોઈએ અને સમાજમાં વિવેકથી રહેવું જોઈએ. ગુજરાતના સાધુઓ આ બાબતમાં જે વિવેક વર્તે છે તે સૂત્રાનુસારી છે અને પ્રસંશનીય છે. ગુજરાતમાં ૯–૧૦ સંપ્રદાયો છે, તેઓ વચ્ચે ભલે આહાર-પાણીનો સંબંધ ન હોય તોપણ તેઓ એક પાટ પર બેસવાનો પરહેજ કોઈની સાથે કરતા નથી. તે પરંપરા આ અધ્યયનના પાઠથી પુષ્ટ છે, અનુકરણીય છે. સાર એ છે કે સ્થાનકવાસી સંપ્રદાયના જુદા-જુદા ગચ્છના સાધુઓએ પરસ્પર અલગ પાટ પર બેસવાનો આગ્રહ રાખવો ન જોઈએ.

### નિબંધ–૩૭

## વન ઉપવનમાં સ્થિરતા અને આહાર

સાતમાં અધ્યયનના બીજા ઉદ્દેશકમાં વન-ઉપવનમાં રહેલા કેટલાક પદાર્થોનું વર્ણન છે. વિહાર કરતાં ક્યારેક સાધુ ત્યાં સ્થિરતા કરે અને તે પદાર્થ ખાવાની આવશ્યકતા કે ઇચ્છા થાય અને ત્યાં તે પદાર્થને અચિત્ત બનાવવાની પ્રક્રિયા કરતી શાળાઓ હોય, તે પદાર્થોને ઉકાળવામાં, સુધારવામાં આવતા હોય અને તેનો રસ કે અર્ક કાઢવામાં આવતો હોય તથા સાધુની સંયમવિધિ પ્રમાણે મળે તેમ હોય તો સાધુ એષણાના નિયમાનુસાર તેને ગ્રહણ કરીને ઉપયોગ કરી

શકે છે. આ અધ્યયનમાં ઉદાહરણરૂપે શેરડી, કેરી અને લસણ સંબંધી ત્રણ સ્થળનું અને તે પદાર્થોનું વર્ણન છે. ઉપલક્ષણથી અન્ય ફળ, વનસ્પતિ માટે પણ તેમજ સમજવું. સાધુ જે સ્થાનમાં જેની આજ્ઞા લઈ ઉતર્યા હોય તે શય્યાતરના આહાર-પાણી લઇ ન શકે. જે ઉપવનમાં ઉતર્યા હોય તે સિવાયનાં આજુબાજુનાં ઉપવનોમાંથી ગ્રહણ કરવાનું સમજવું.

આ અધ્યયનમાં લસણ સંબંધી સાત સૂત્ર છે. તેના પર વિચારણા– ઊહાપોહ, ચર્ચાનો વિષય ઉત્પન્ન થાય છે. પરંતુ આગમમાં વનસ્પતિ સંબંધી ખાદ્ય પદાર્થો માટે કોઇ એકાંતિક નિયમ નથી. સાધુને માટે સચિત્ત ત્યાગનો નિયમ આવશ્યક છે તેમ સમજવું. ક્ષેત્ર અને કાળ અનુસાર ક્યાંક તેનું પ્રચલન વધુ હોય છે અને ક્યાંક તેનું પ્રચલન ઓછું હોય છે. ગુજરાતમાં કંદમૂળ ત્યાગનું ઘણું મહત્ત્વ હોવા છતાં આદુ-હળદરનું પ્રચલન છે. તેને માટે કોઇ ઊહાપોહ નથી. રાજસ્થાન વગેરે પ્રાંતમાં કંદમૂળનું પ્રચલન છે તે માટે ત્યાં તેનો વધારે ઊહાપોહ નથી. પરંતુ આગમમાં આ બધા કંદમૂળોનાં નામ એકી સાથે જ આવે છે. કોઈનું પણ વધારે કે ઓછું મહત્ત્વ શાસ્ત્રમાં નથી.

કોઈ પણ ખાદ્ય પદાર્થનો ત્યાગ તે શ્રેષ્ઠ છે તોપણ એકાંતિક પ્રરૂપણા આગમ સંમત નથી. અચિત્ત પદાર્થનો ઉપયોગ સાધુ કરી શકે છે. તે વાતને લઈને કોઇ કુતર્ક કરે કે અચિત્ત માંસ પણ મળી શકે છે, તેનો ઉપયોગ સાધુ કરી શકેને ? આવો પ્રશ્ન કરવો તે સર્વથા અવિવેક અને કુતર્ક છે. કારણ કે માંસનો આગમમાં એકાંતે નિષેધ છે. માંસભક્ષણને નરકનું કારણ બતાવેલ છે. મૂર્તિપૂજક પ્રાચીન આચાર્ય પણ લસણ સંબંધી સાત સૂત્રોનો અર્થ એવી જ રીતે કરે છે. છતાં તે લોકો દુરાગ્રહ અને અવિવેકથી કંદમૂળને માંસતુલ્ય કહીને તેનો નિષેધ કરે છે, તે યોગ્ય નથી.

ઉપરોક્ત વિચારણા અનેકાંત દૃષ્ટિ રજૂ કરવા માટે જ છે, પરંતુ કંદમૂળ વાપરવાની પ્રેરણા અર્થે નહિ. આ વાતનું પાઠકોએ ખાસ ધ્યાન રાખવું જાઈએ.

### નિબંધ–૩૮

## આગમ અનુસાર મળ-મૂત્ર વિસર્જન વિધિ

જો યોગ્ય અંતરે યોગ્ય અચિત્ત ભૂમિ શૌચ નિવૃત્તિને માટે ઉપલબ્ધ હોય અને યોગ્ય શારીરિક બાધા હોય તો શ્રમણ ત્યાં જઇ શકે છે. જતાં પૂર્વે તેમણે પોતાની સાથે જીર્ણ વસ્ત્રખંડ લઇ જવું આવશ્યક છે. જો જીર્ણ વસ્ત્રખંડ તેની





પાસે ન હોય તો સાથી શ્રમણો પાસેથી યાચના કરીને લઇ જાય. તેનો ઉપયોગ શૌચ નિવૃત્તિ પછી અંગ વિશુદ્ધિ માટે, જળ શુદ્ધિની પૂર્વે કરવામાં આવે છે. જેનાથી થોડા જ પાણીથી અંગ શુદ્ધ થઇ શકે.

જ્યાં સૂર્યનો તાપ દિવસમાં ગમે ત્યારે આવતો હોય તેવા સ્થાનમાં બેસે. લોકોનું આવાગમન યા દૃષ્ટિ સંચાર ન હોય એવા સ્થાનમાં બેસે, કોઇ પણ પ્રકારની જીવ વિરાધના અર્થાત્ લીલું ઘાસ યા ત્રસજીવ, કીડી આદિની વિરાધના ન થાય તેનો વિવેક રાખે.

જે ગ્રામ આદિમાં બહાર જવા જેવી યોગ્ય જગ્યા ઉપલબ્ધ ન હોય અથવા શારીરિક બાધા અત્યંત વેગપૂર્વક હોય તો સાધુ પોતાના નિવાસ સ્થાનમાં જ એકાંતમાં અન્ય સાધુને પ્રતિકૂળ ન થાય અને ગૃહસ્થોનું આવાગમન ન હોય એવી જગ્યામાં જઇને પોતાના પાત્ર આદિમાં મળ-વિસર્જન કરીને પછી તેને વિવેકપૂર્વક લઇ જઇ યોગ્ય સ્થાનમાં સૂત્રોક્ત વિધિ-નિષેધોનું ધ્યાન રાખી પરઠી દે.

આ અધ્યયનમાંથી અને નિશીથ સૂત્રથી તથા અન્ય આગમ વર્ણનથી આ બંને પ્રકારની વિધિઓ સાધુના મળ વિસર્જનને માટે સ્પષ્ટ થાય છે. આ બંને વિધિઓને ગુરુ સાંનિધ્યથી સારી રીતે સમજી લીધા પછી અને પોતાના વિવેક અને નિર્ણયની ક્ષમતા થવા પર સાધુને મળ વિસર્જનમાં કોઇ ક્ષેત્રમાં દુવિધા જેવી સ્થિતિ રહેતી નથી. જો કોઇ ક્ષેત્રમાં બંને પ્રકારની વિધિઓથી પણ યોગ્ય પરિષ્ઠાપન સંભવ ન હોય તો તેવી જગ્યાએ સાધુએ રહેવું કલ્પતું નથી. પછી કોઇ પણ લાભના આગ્રહથી એવા સ્થાનોમાં જવું અથવા રહેવું સાધુને માટે ઉચિત નથી, સર્વથા વર્જીત છે.

કારણ કે એવા સ્થાનોમાં જવાની અથવા રહેવાની પ્રવૃત્તિ કર્યા પછી અનેક સાવદ્ય અને આગમ વિપરીત આચરણો કરવાની પ્રેરણા મળે છે અને ભાવના જાગે છે. પછી સંયમનું મુખ્ય લક્ષ, અનુકંપા ભાવ અને છ કાય રક્ષણનો ધીરે-ધીરે વિનાશ થાય છે. માટે યોગ્ય ક્ષેત્રોમાં પરિષ્ઠાપન ભૂમિથી સંપન્ન સ્થાનોમાં જ રહેવું જોઇએ.

### નિબંધ–૩૯

## ભગવાનનું ગર્ભ સંહરણ અને બ્રાહ્મણ કુળ

આ આચારાંગમાં ભગવાનના ગર્ભ સંહરણની તિથિ બતાવેલ છે. તેની સાથે એટલું જ કહેવાયું છે કે ભગવાન મહાવીર સ્વામીના ભક્ત દેવે પોતાના

પરંપરાનુગત ધ્રુવાચાર સમજીને અથવા શક્રેન્દ્રની આજ્ઞા થવા પર પોતાનું કર્તવ્ય સમજીને ભગવાનના ગર્ભનું સંહરણ કર્યું. આ પ્રકારે તેનો ભાવાર્થ છે. શક્રેન્દ્ર દ્વારા આદેશ દેવાનું કે તેની પાછળ રહેલા કારણનું વર્ણન અહીં નથી. કલ્પસૂત્રમાં તે વર્ણન છે. જે આ પ્રમાણે છે–

શક્રેન્દ્ર દેવે જ્યારે એ જાણ્યું કે ચોવીસમા તીર્થંકર દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાં આવ્યા છે. ત્યારે તેમણે વિચાર્યું કે ''તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ વગેરે ઉત્તમ પુરુષો (૧) અંત્યકુળ(ક્ષુદ્ર) (૨) પ્રાંતકુળ(અધર્મી) (૩) તુચ્છકુળ (નાનો પરિવાર) અથવા અપ્રસિદ્ધકુળ કે હજામ, ધોબી વગેરે (૪) દરિદ્રકુળ (ગરીબ) (૫) કૃપણકુળ(દાન નહીં આપનાર) (૬) ભિક્ખકુળ(ભિક્ષાથી જીવન ચલાવનારા કે ભોજન માંગનારા) (૭) બ્રાહ્મણકુળ, આ બધા કુળોમાં ઉત્પન્ન થતાં નથી. પરંતુ (૧) ઉગ્રકુળ (૨) ભોગકુળ (૩) રાજન્યકુળ (૪) ઈક્ષ્વાકુકુળ (૫) ક્ષત્રિયકુળ (૬) હરિવંશકુળ વગેરે, આવા કુળોમાં જેના માતૃ-પિતૃકુળ અકલંકિત હોય ત્યાં ઉત્પન્ન થાય છે.'' આવો વિચાર કરીને શક્રેન્દ્રે હરિણગમેષી દેવને આદેશ આપ્યો હતો.

ઉપર કહેલ આ શાસ્ત્રના મૌલિક વર્ણનમાં બ્રાહ્મણ માટે કે અન્ય કોઈને માટે **નીચકુલ** શબ્દનો પ્રયોગ છે જ નહીં તથા અંત, પ્રાંત, દ્રરિદ્ર, તુચ્છ અને યાચક કુળોમાં પણ બ્રાહ્મણનો સમાવેશ ન કરતાં તેને ઉક્ત બધાં કુળોથી સ્વતંત્ર કહેલ છે. ઉત્તમ પુરુષોનાં ગર્ભમાં આવનારા કુળોની નામાવલિ માટે પણ ઊંચ કુળ શબ્દનો પ્રયોગ કરેલ નથી અને તે કુળોમાં વણિક–વૈશ્યકુળને પણ કહેલ નથી. આ રીતે જે કુળોમાં જન્મે છે અને જે કુળોમાં નથી જન્મતા તે બંને પ્રકારનાં કુળોનાં નામોનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તાત્પર્ય એ છે કે બ્રાહ્મણ અને વૈશ્ય બંને કુળોમાં તીર્થંકર જન્મ લેતા નથી, તે માત્ર ક્ષત્રિય કુળમાં જન્મ ધારણ કરે છે. આ રીતે સૂત્રમાં બ્રાહ્મણ કે વૈશ્ય કોઈને પણ નીચ કે ઊંચ કુળના બતાવવાનો શાસ્ત્રકારનો આશય નથી.

આ પ્રકારે શાસ્ત્રના મૂળપાઠમાં ઊંચ કે નીચ કુળ એવા શબ્દ છે જ નહીં પરંતુ પરંપરાથી અવિવેકજન્ય ભાષાના પ્રયોગથી આ પ્રકારના શબ્દો બોલવાની પ્રથા થઈ ગયેલ છે, તે યોગ્ય નથી. પરંપરાથી એમ પણ કહેવાય છે કે''મરીચિના ભવમાં અહંભાવના કારણે બંધાયેલા નીચ ગોત્ર કર્મ બાકી રહેવાથી તેને ભોગવવા માટે ભગવાનને બ્રાહ્મણના કુળમાં જન્મ ધારણ કરવો પડયો.'' આ કથન પણ આગમથી વિપરીત છે. તેનું કારણ આ પ્રકારે છે– મરીચિના જીવને પૂર્વે નયસારના





ભવમાં સમકિત પ્રાપ્ત થયું હતું. એક વાર સમકિત આવ્યા પછી કોઈ પણ જીવ એક ક્રોડાક્રોડ સાગરોપમથી વધુ સ્થિતિનાં કર્મોનો બંધ કરતા નથી. મરીચિ અને ભગવાન મહાવીરના ભવ વચ્ચે એક ક્રોડાક્રોડ સાગરોપમથી વધારે સમય થાય છે. માટે મરીચિ સંબંધી કથન પણ વિચાર્યા વિના જ કલ્પનાથી પ્રચલિત થઈ ગયેલ છે. જીવોને નીચ ગોત્ર કર્મથી બ્રાહ્મણ કુળ મળે છે, એ કથન પણ મન કલ્પિત જ છે. એવો કોઈ પાઠ કોઈ પણ શાસ્ત્રમાં છે જ નહીં અને તેની પાછળ કોઈ શાસ્ત્રનો આધાર પણ નથી.

બ્રાહ્મણ કુળને શાસ્ત્રમાં કોઈ પણ જગ્યાએ અપવિત્ર કહેવાયેલ નથી પરંતુ તેને સન્માનનીય અને પવિત્ર કુળમાં ગણાવેલ છે. બ્રાહ્મણ કુળમાં ગોચરી જવાનું અને તેઓને ધર્મી કે શ્રમણ બનાવવાનો પણ નિષેધ નથી. અનિંદિત અને અગર્હિત કુળોમાં તેને સ્પષ્ટ રૂપે ગણાવેલ છે અર્થાત્ બ્રાહ્મણ કુળને નિંદિત-ગર્હિત કુળમાં કહેલ નથી. દીક્ષા માટેના અયોગ્ય માં પણ તેઓની ગણતરી કરેલ નથી.

તીર્થંકરથી બીજા ક્રમમાં આવતાં લોકપૂજ્ય અને શ્રમણ શિરોમણી પદ ઉપર પ્રભુ મહાવીરે બધા જ બ્રાહ્મણ ગોત્રીય ઉચ્ચ આત્માઓને નિયુક્ત કર્યા હતા, ગૌતમાદિની સાથે પ્રારંભથી લઈને અંત સુધી સદાય સમ્માનપૂર્વક જ વ્યવહાર રાખ્યો હતો. પોતાના ધર્મશાસનના પ્રાણસમા દ્વાદશાંગી આગમની મૌલિક રચના અને સંપાદનનું કાર્ય પણ બધા બ્રાહ્મણ ગોત્રીય ગૌતમાદિક ગણધરોની જવાબદારીમાં રાખેલ હતું. પ્રભુના આ સમસ્ત વ્યવહારો તેઓનું અપમાન નહીં પરંતુ સમ્માન જ કહેવાય છે.

સાર એ છે કે બ્રાહ્મણ કુળને નીચ કુળ માનવું એ એક પ્રકારની, ભ્રમથી ઉત્પન્ન થયેલી પરંપરા છે અને ભગવાન મહાવીર માટે નીચ ગોત્રના ઉદયથી બ્રાહ્મણ થવાની વાત પણ સમજ વગરની છે. તીર્થંકર વગેરે ઉત્તમ પુરુષો ક્ષત્રિય આદિ ઉપર કહેલ છ કુળોમાં જ જન્મ ધારણ કરે એ સ્વાભાવિક જ છે એટલે કે અનાદિ **સ્વભાવ** છે. તેઓ વણિક(વૈશ્ય)કુળમાં પણ જન્મ લેતા નથી. માટે શક્રેન્દ્રે સંહરણ કરવાનો આદેશ આપ્યો હતો.

ઠાણાંગ સૂત્રમાં કહેલાં દસ આશ્ચર્યમાં ભગવાનના ગર્ભસંહરણ થવાના પ્રસંગને તીર્થંકર જેવા અર્થાત્ મહાપુરુષને એક ગર્ભમાં સ્થિરતાથી નહીં રહેતાં, એક ગર્ભથી બીજા ગર્ભમાં ફેરવવાના પ્રસંગને લોકનું આશ્ચર્ય કહેલ છે. પરંતુ બ્રાહ્મણના કુળમાં આવવાનું આશ્ચર્ય થયું, એમ કહ્યું નથી. આ આશ્ચર્ય માટે ઠાણાંગ

સૂત્રનો શબ્દ છે– **गब्भहरण।** ઠાણાંગ સૂત્રના દસ આશ્ચર્ય કહેનાર તે સૂત્રમાં પણ ઊંચ કુળ કે નીચ કુળની કોઈ વાત જ નથી.

## નિબંધ–૪૦

# વિવિધ મતમતાંતર સિદ્ધાંત સ્વરૂપ

સૂયડાંગસૂત્રના પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં ગાથા ૭ થી ૧૮ સુધી આવા અનેક સિદ્ધાંત એટલે કે મતમતાંતર બતાવ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) પાંચ મહાભૂતવાદ (૨) એકાત્મવાદ (૩) તજ્જીવ-તત્શરીરવાદ (૪) અકારકવાદ (૫) આત્મષષ્ટવાદ (૬) ક્ષણિકવાદ. આ ક્ષણિકવાદના બે રૂપ છે– **૧.** પંચ- સ્કંધવાદ **૨.** ચારધાતુવાદ. તે સિવાય (૭) નિયતિવાદ (૮) અજ્ઞાનવાદ (૯) કર્મોપચય નિષેધવાદ (ક્રિયાવાદી) (૧૦) જગત કર્તૃત્વવાદ (૧૧) અવતાર વાદ (૧૨) લોકવાદ વગેરે સંબંધી પણ સંકેત છે.

**પાંચ મહાભૂતવાદ સિદ્ધાંત–** પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ મહાભૂત સર્વલોક વ્યાપી તેમજ સર્વને પ્રત્યક્ષ હોવાથી મહાન છે. આ સિવાય આત્મા વગેરે કોઈ પદાર્થ નથી. આ પાંચ મહાભૂતોના ભેગા થવાથી ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થાય છે, તે પાંચ તત્ત્વોથી અલગ નથી કારણ કે તે પાંચ ભૂતોનું જ કાર્ય છે. આ પ્રમાણે આ મતવાળાઓ આત્મા, પરલોક, પુનર્જન્મ વગેરે તથા શુભ-અશુભ કાર્ય અને તેના ફળ તેમજ કર્તા-ભોક્તા વગેરે કોઈનો પણ સ્વીકાર કરતા નથી. તેઓ પ્રત્યક્ષનો સ્વીકાર કરે છે, અનુમાન વગેરે સ્વીકારતા નથી.

ખરેખર આ જગતમાં પુનર્જન્મ અને પરલોક વગેરે હોવામાં અનેક પ્રમાણોની સાબિતી છે. તેને નહીં માનવાથી દાન-ધર્મ, સેવા, પરોપકાર, મોક્ષ સાધના વગેરે બધું નિષ્ફળ થઈ જાય, હિંસા, ચોરી, અરાજકતા, અવ્યવસ્થાની બોલબાલા થઈ જાય. તે સિવાય પાંચ મહાભૂતોનો ગુણ ચૈતન્ય નથી તેથી તેના સંયોગથી તે ચૈતન્ય ગુણ ઉત્પન્ન ન થઈ શકે. જો એમ હોય તો માટી વગેરે મેળવીને બનાવવામાં આવેલા પૂતળામાં પણ ચેતનાનો ગુણ કેમ પેદા થતો નથી ? પાંચ તત્ત્વ શરીરમાં રહેલા હોય તોપણ પ્રાણીનું મૃત્યુ થયા પછી તે શરીરમાં ચેતન તત્ત્વ કેમ રહેતું નથી ? જ્યારે પાંચે ય તત્ત્વો તો રહેતા જ હોય છે, પાંચે ય ઈન્દ્રિયો પણ પાંચ મહાભૂતમાંથી ઉત્પન્ન થાય છે, એનો ગુણ પણ ચૈતન્ય નથી. કારણ કે એક ઈન્દ્રિય બીજી ઈન્દ્રિયના વિષયને જાણી શકતી નથી, પરંતુ પાંચે ય ઈન્દ્રિયોથી થતાં જ્ઞાનને હાજર રાખવાવાળું ચૈતન્ય તત્ત્વ જુદું જ છે.





નિષ્કર્ષ એ છે કે પાંચ ભૂતવાદનો સિદ્ધાંત મિથ્યાત્વથી ભરેલો છે, અજ્ઞાનમૂલક છે. માટે તે કર્મબંધ અને સંસાર વૃદ્ધિનું કારણ છે. આ ચાર્વાકોનો મત છે, તેને લોકાયતિક પણ કહે છે.

**એકાત્મવાદ સિદ્ધાંત–** સમસ્ત લોકવ્યાપી એક જ આત્મા છે. જુદા-જુદા જે જીવો દેખાઈ રહ્યા છે તે તો માત્ર ભ્રમ છે. પૃથ્વી એક છે છતાં પણ તેના અલગ-અલગ જગ્યાએ અલગ-અલગ રૂપ દેખાય છે, જેમકે પહાડ વગેરે. તે જ રીતે એક જ આત્મા અનેક રૂપોમાં દેખાય છે. પૃથ્વીથી(માટીથી) બનતા ઘડા વગેરેના અનેક રૂપોમાં પણ માટી તો એક જ છે. પાણીથી ભરેલા અનેક ઘડાઓમાં ચંદ્ર દેખાય છે તોપણ ચંદ્ર તો એક જ છે. તે જ રીતે ઉપાધિ ભેદથી એક જ આત્મા અનેક રૂપોમાં દેખાય છે.

હકીકતમાં આ યુક્તિ વિહીન સિદ્ધાંત છે. આખાએ વિશ્વમાં એક જ આત્મા માનવાથી નીચે પ્રમાણે મુશ્કેલીઓ આવે છે. જેમ કે **(૧)** એક વ્યક્તિ પાપ-ચોરી વગેરે કરશે તેનું ફળ બધી જ વ્યક્તિઓએ ભોગવવું પડશે. **(૨)** એક કર્મબંધનમાં પડે તેથી બધા જ કર્મબંધનમાં પડશે અને એકની મુક્તિ થવાથી બધાની મુક્તિ થઈ જશે. આ રીતે બંધ અને મોક્ષની વ્યવસ્થા પણ રહેશે નહિ. **(૩)** એકનો જન્મ કે એકનું મરણ અથવા એકનું પ્રવૃત્તિમય થતાં એ જ સ્થિતિ બધાની થશે, જે ક્યારે ય સંભવિત નથી. **(૪)** જડ અને ચેતન બધામાં એક જ આત્મા લોકવ્યાપી માનવાથી આત્માનો જ્ઞાન ગુણ જડમાં પણ માનવો પડશે. **(૫)** એકનું જ્ઞાન બીજામાં પણ માનવું પડશે જે અસંભવ છે. **(૬)** ઉપદેશ્ય અને ઉપદેશક યાને શ્રોતા અને વક્તા બધા એક જ છે તો પછી ઉપદેશ અને શાસ્ત્રરચના વગેરેની કોઈ જરૂરત જ નહિ રહે. ગુરુ-શિષ્ય, અધ્યયન-અધ્યાપન વગેરે પણ વ્યર્થ સિદ્ધ થઈ જશે.

શાસ્ત્રકાર કહે છે કે પ્રત્યક્ષમાં જોઈ શકાય છે કે જે પાપકર્મ કરે છે તે જ તેનું ફળ એકલો ભોગવે છે, બધાને ભોગવવું પડતું નથી. આ પ્રમાણે આખાએ વિશ્વના સજીવ-નિર્જીવ પદાર્થોમાં એક આત્માને વ્યાપક માનવું યુક્તિસંગત નથી, વ્યવહારસંગત અને બુદ્ધિગમ્ય પણ નથી. પરંતુ મિથ્યાત્વના તીવ્ર ઉદયથી કેટલા ય લોકો આવા સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. ઉત્તરમીમાંસા (વેદાંત)દર્શનનો આ મત છે.

**તજ્જીવ-તત્શરીરવાદ–** શરીર છે તે જ જીવ છે, જીવ છે તે જ શરીર છે. શરીર ઉત્પન્ન થવાથી આત્માની અભિવ્યક્તિ થાય છે. શરીરનો નાશ થવાથી આત્મા

ક્યાંય જતો દેખાતો નથી એટલે તે શરીરથી અભિન્ન છે, એક જ છે. આ સિદ્ધાંતમાં શરીરની વાત કરી છે અને પહેલાના સિદ્ધાંતમાં પંચ મહાભૂત મળવાથી ચૈતન્ય શક્તિશાળી થઈને ચાલવું, બોલવું વગેરે ક્રિયા કરવા લાગે છે.

આ સિદ્ધાંત પ્રમાણે પુણ્ય-પાપ વગેરે કંઈ હોતું નથીં. લોક-પરલોક, શુભ-અશુભ કર્મ ફળ હોતાં નથી, પરંતુ શરીરના વિનાશની સાથે આત્માનો પણ વિનાશ થઈ જાય છે. તે(આત્મા) ક્યાંય જતો નથી અને કોઈ ફળ પણ ભોગવતો નથી.

રાજપ્રશ્નીય સૂત્રમાં આ સિદ્ધાંતના પક્ષ-વિપક્ષની વિસ્તૃત ચર્ચા છે. આ માન્યતાવાળાઓનું કહેવું છે કે જગતમાં જે કંઈ પણ વિચિત્રતા નજરે જોઈએ છીએ તે બધું(કુદરતી) પ્રકૃતિથી થાય છે. પૂર્વકૃત કર્મ માનવાની જરૂરત નથી. આ એક રીતનું નાસ્તિક શ્રદ્ધાન છે. એવું માનવાથી જગતમાં શુભકાર્ય કરવાનું પ્રોત્સાહન સમાપ્ત થઈ જશે. મતલબ કે શુભકાર્યને નામે પૂર્ણવિરામ મૂકાઈ જશે. વાસ્તવમાં જગતની વિચિત્રતાને સ્વભાવગત માનવા છતાં પણ જ્યારે આ સ્વભાવગત પરિસ્થિતિનું કારણ શોધવામાં આવે તો પૂર્વકૃત કર્મ સ્વીકારવું અનિવાર્ય થાય છે કારણ કે તેના વિના સંસારની વ્યવસ્થા ચાલી શકતી નથી.

દા.ત. એક સાથે એક જ સમયે જન્મેલા બે બાળકોમાંથી એક રડે છે, એક નહીં; એક બીમાર રહે છે અને બીજું તંદુરસ્ત, એક જલ્દી આયુષ્ય પૂરું કરે છે, બીજું લાંબુ આયુષ્ય ભોગવે છે. એક જ સરખા તત્ત્વોની આવી ભિન્ન પરિસ્થિતિની પાછળ પૂર્વકૃત કર્મ તત્ત્વ અવશ્ય હોય છે. તેના કારણે જ આ સારાએ સંસારની વ્યવસ્થા ચાલે છે. છેવટે જીવ અને શરીરને એક જ માનવાના આ સિદ્ધાંતવાળા પણ ઈહલૌકિક સુખોમાં આસક્ત થઈને તેમજ ધર્મ આરાધનાથી કે શુભકાર્યોથી વંચિત રહીને પોતાના જન્મ-મરણ વધારે છે.

**અકારકવાદ સિદ્ધાંત–** આ સિદ્ધાંતમાં આત્માને અકર્તા–અક્રિય માનવામાં આવ્યો છે. કાચના સ્વભાવથી જ જેવી રીતે પોતાની મેળે પ્રતિબિંબ પડે છે તેવી જ રીતે પ્રાકૃતિક વિકારો પુરુષમાં(આત્મામાં) પ્રતિબિંબિત થાય છે. જે રીતે આકાશ નિષ્ક્રિય છે તોપણ તેમાં અનેક રૂપનો આભાસ થાય છે. તેમજ આત્મામાં અનેક ક્રિયાઓનો આભાસ થાય છે પરંતુ આત્મા સ્વયં આકાશની માફક નિષ્ક્રિય છે. હકીકતમાં આત્માને અક્રિય માનવાથી કોઈ અકૃત કર્મનું ફળ ભોગવશે. કોઈ કરેલા કર્મફળથી વંચિત થઈ જશે, એકના અશુભ કાર્યથી બધા દુઃખી થશે, નરકાદિ ચાર ગતિ અને મોક્ષ માનવાનું પણ અર્થશૂન્ય થઈ જશે. આ સિદ્ધાંતને માનનારા





સાંખ્યમતવાળાઓની અનેક પ્રકારની સાધનાઓ વ્યર્થ થશે. આ મતમાં આત્મા અને આત્માની બધી ક્રિયાઓ માનવા છતાં આત્માને નિર્લેપ અને અકર્તા માનવામાં આવ્યો છે. જ્યારે સુખી-દુઃખી થતા જીવો પ્રત્યક્ષ જોવાય છે અને આ બધા અનુભવો જીવને જ થઈ શકે છે. છતાં પણ મિથ્યાત્વના ઉદયથી એવું માનનારા અનેક લોકો હોય છે. નરક, સ્વર્ગ, મોક્ષ માનતા હોવા છતાં પણ આત્માને અકર્તા માનીને નરક વગેરેમાં જવાનો પણ સ્વીકાર કરે છે. શાસ્ત્રકાર કહે છે કે આ અજ્ઞાન અંધકાર એટલે સંસાર અંધકારમાં પરિભ્રમણ કરાવનારું થાય છે– **तमाओ ते तम ज ति म दा मोहेण पाउडा ।**

**આત્મષષ્ઠવાદનો સિદ્ધાંત–** આ સિદ્ધાંતવાળા પાંચ ભૂત અને આત્મા, આ છ તત્ત્વોનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારે છે, પરંતુ એકાંત રૂપથી છએયને નિત્ય અવિનાશી માને છે પરંતુ કંઈક અંશે નિત્ય, કંઈક અંશે અનિત્ય; દ્રવ્યની અપેક્ષાએ નિત્ય, પર્યાયની અપેક્ષાએ અનિત્ય, એવું માનતા નથી. એકાંત નિત્યનો મિથ્યાગ્રહ પકડી રાખવો તે જ તેમનું અયોગ્ય છે.

**ક્ષણિકવાદનો સિદ્ધાંત–** આ સિદ્ધાંતવાળા પ્રત્યેક તત્ત્વની પ્રતિક્ષણ ઉત્પત્તિ અને વિનાશ માને છે. આ લોકો પદાર્થોની પરિવર્તન પામનારી પર્યાયને દ્રવ્યનું પરિવર્તન માને છે, દ્રવ્ય અને પર્યાયના વિભાગ નથી માનતા. તે મતવાળાઓના બે પ્રકાર છે– (૧) પાંચ સ્કંધ માનનારા (૨) ચાર ધાતુ માનનારા.

**પાંચ સ્કંધ–** ૧. રૂપસ્કંધ ૨. વેદનાસ્કંધ ૩. સંજ્ઞાસ્કંધ ૪. સંસ્કારસ્કંધ ૫. વિજ્ઞાન સ્કંધ. શીત વગેરે અલગ-અલગ રૂપોમાં વિકાર પ્રાપ્ત થવાના સ્વભાવવાળો જે ધર્મ છે તે બધું એક થઈને **રૂપસ્કંધ** બની જાય છે. સુખ દુઃખ વેદન કરવાના સ્વભાવવાળા ધર્મનું એકત્રિત થવું **વેદના સ્કંધ** છે. અલગ અલગ સંજ્ઞાઓના કારણે વસ્તુ વિશેષને ઓળખવાના લક્ષણવાળા સ્કંધ **સંજ્ઞાસ્કંધ** છે. પુણ્ય-પાપ વગેરે ધર્મ-રાશિના લક્ષણવાળા સ્કંધ **સંસ્કારસ્કંધ** છે. જે જાણવાના લક્ષણવાળું છે તે રૂપવિજ્ઞાન, રસવિજ્ઞાન વગેરે વિજ્ઞાન સમુદાયને **વિજ્ઞાનસ્કંધ** કહે છે. આ પાંચ સ્કંધોના સિવાય આત્મા નામનો કોઈ પદાર્થ નથી. આ પાંચ સ્કંધોથી સંસાર ચાલે છે.

**સ્વપક્ષ નિરૂપણ :** આત્માને નહિ માનવાથી તો ખુદનો જ ઈન્કાર થાય છે. જ્યારે ખુદ જ કોઈ તત્ત્વ હોય નહિ તો પછી કર્તાપણું અને ભોક્તાપણું વગેરે કંઈ જ નથી. સ્વર્ગ-નરક માનવા છતાં પણ આત્મા વિના તેનો કોઈ અર્થ નથી, તેથી આ ક્ષણિકવાદ પણ આત્મ કલ્યાણ સાધનામાં અપૂર્ણ છે, અયોગ્ય છે.

**ચાર સ્કંધ :–** પૃથ્વી, જલ, તેજ અને વાયુ . આ સિદ્ધાંતવાદી આ ચાર (તત્ત્વો) વસ્તુઓને જ સર્વ જગત માને છે. તેઓ પણ આ ચારથી વિશેષ કોઈ તત્ત્વને એટલે કે આત્માને માનતા નથી. તેઓ પણ પદાર્થને ક્ષણ વિનાશી માને છે.
**સ્વપક્ષ :** શાસ્ત્રકારે આ બધાને અફલવાદી કહ્યા છે. આ પ્રકારના એકાંત સિદ્ધાંતથી આત્મા અને કર્મ તથા તેના ફળ ભોગવવાની વ્યવસ્થા બરાબર થઈ શકતી નથી. તોપણ આ બધા જ મતવાળા આ વાત કરે છે કે અમારા મતનો સ્વીકાર કરો એનાથી તમારી મુક્તિ જલ્દી-જલ્દી થઈ જશે, કલ્યાણ થઈ જશે.

હકીકતમાં આત્મા અને કર્મબંધ કે વિમોક્ષના સાચા સ્વરૂપને સમજ્યા વિના કે માન્યા વિના કોઈ સાધના અને તેનાથી મળતું ફળ પ્રાપ્ત થાય નહીં. કારણ કે કોઈ મતમાં આત્મા નથી, કોઈમાં પરભવ–પુનર્જન્મ નથી. કોઈમાં આત્મા અક્રિય છે, અકર્તા છે, ફળ ભોક્તા પણ નથી. તો પછી તેને માટે કોઈ સાધનાની જરૂર જ રહેતી નથી.

સારાંશ એ છે કે આત્મદ્રવ્યને સાચા સ્વરૂપમાં સ્વીકારવું તે ધર્મ સાધનાઓને માટે સર્વ પ્રથમ જરૂરી છે. તેના વગર મિથ્યા સમજના કારણે સાચી સાધના અને સાચું પરિણામ પ્રાપ્ત થવું સંભવ નથી, અસંભવ જ છે.

**નિયતિવાદનો સિદ્ધાંત–** નિયતિવાદી એકાંત નિયતિથી જ સંપૂર્ણ સંસારના કાર્યોને માને છે. તેઓ કાળ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થને કાર્ય થવામાં જરૂરી માનતા નથી. તેઓનું કહેવું છે કે એક સરખા સમયમાં કામ કરવાવાળી બે વ્યક્તિમાં એક સફળ થાય છે એક અસફળ, એક જ સરખા સ્વભાવવાળા અનાજમાં કોઈ ઊગે છે કોઈ નહિ. માટે કોઈ પણ કાર્ય થવામાં એક માત્ર નિયતિ જ કારણ છે.

જૈનદર્શન નિયતિ સહિત કાલ, સ્વભાવ વગેરે પાંચ સમવાયનો સ્વીકાર કરે છે. કારણ કે અનેક કાર્યોની નિષ્પત્તિમાં સ્વભાવ પ્રમુખ હોય છે. કોઈ કાર્ય બનવામાં કાળ પ્રમુખ હોય છે એટલે કે બધે જ એક સરખો નિયમ હોતો નથી. જેમ કે લીમડાનું ઝાડ ઉગાડવામાં લીમડાના બીજનો સ્વભાવ અને પરિપક્વ થવાનો સમય તથા પુરુષાર્થ તેમજ તેમાં ઊગવાવાળા જીવનું આયુષ્યકર્મ વગેરે પણ કારણભૂત હોય છે. ક્યારેક સ્વભાવ વગર કાર્ય થતું નથી, ક્યારેક નિયતિ વિના કાર્ય નથી થતું અને ઘણા કાર્યો પુરુષાર્થ કરવાથી થાય છે પરંતુ પુરુષાર્થ વિના થતા નથી. પરિણામે પાંચે સમવાયનો સંયોગ, એ કાર્ય સિદ્ધ કરવામાં સાપેક્ષ છે. એકાંત નિયતિવાદનો સ્વીકાર કરવાથી અને બીજાની ઉપેક્ષા કે નિષેધ કરવાથી કેટલા ય સંસાર વ્યવહાર ચાલી શકતા નથી.





એકાંત આગ્રહને કારણે નિયતિવાદ પણ દોષિત છે. તે વ્યક્તિઓને પુરુષાર્થી થવાના પ્રેરક બનવાની જગ્યાએ પુરુષાર્થહીન બનવામાં પ્રેરક થાય છે. પુરુષાર્થમાં અનુત્સાહ પેદા કરે છે. જ્યારે સંસાર વ્યવહારમાં બધે જ પુરુષાર્થની ઘણી જ જરૂર રહે છે.

**અજ્ઞાનવાદનો સિદ્ધાંત–** અજ્ઞાનવાદનો સિદ્ધાંત તો કોઈની પાસે જવાનો, સંગતિ કે સત્સંગ કરવાનો, જ્ઞાન પ્રાપ્ત કરવાનો જ નિષેધ કરે છે. જ્ઞાનના અભાવમાં પોતે જ અજ્ઞાની હોય છે, તેથી તે બીજાને શું માર્ગદર્શન આપી શકે ? ખરેખર પોતે જ અજ્ઞાનમાં ડૂબેલો વ્યક્તિ બીજાને જ્ઞાન આપી શકતો નથી. આંધળી વ્યક્તિ બીજાને રસ્તો કઈ રીતે બતાવી શકે ? વળી આંધળી વ્યક્તિની પાછળ ચાલનારો પણ માર્ગ ભૂલ્યો જ થાય છે. આ રીતે અજ્ઞાનવાદીઓની વાત અનુકરણ કરવા યોગ્ય નથી. શાસ્ત્રકારે એને મૃગની ઉપમા આપી છે. મૃગ પોતાના મતિ ભ્રમથી રક્ષણના સ્થાનમાં શંકાશીલ હોય છે અને જાળમાં ફસાઈ જાય છે. તેવી જ રીતે અજ્ઞાનવાદી અજ્ઞાની હોવાને કારણે અજ્ઞાનની જાળમાં ફસાઈ જાય છે.

અજ્ઞાનવાદીને કોઈ પણ પ્રકારના વિમર્શની પણ યોગ્યતા નથી હોતી. કારણ કે વિચારવિમર્શ માટે પણ જ્ઞાનની જરૂરત રહે છે. આ રીતે તેઓ અજ્ઞાનતાને કારણે પોતાના જ હિતનો વિચાર્ર કરવાની પણ યોગ્યતા ધરાવતાં નથી, તો પછી બીજાને ઉપદેશ આપવો કે અનુશાસિત કરવામાં કેવી રીતે યોગ્ય થઈ શકે ? અજ્ઞાનતાને કારણે તેઓ કોઈને પણ ઉપદેશ દ્વારા માર્ગદર્શક બનવામાં બધી જ રીતે અયોગ્ય છે, આંધળાની સમાન છે.

આ પ્રમાણે અજ્ઞાનવાદી પોતે જ અજ્ઞાની હોવા છતાં પણ પોતાને પંડિત માનીને બીજાનો સત્સંગ પણ નથી કરતાં, તર્ક વિતર્ક માત્રથી(ભોળા) નિર્દોષ લોકોને પથભ્રષ્ટ કરે છે. તેઓ કર્મોથી તેમજ દુઃખથી છૂટી શકતા નથી; પિંજરાના પક્ષીની માફક સંસારમાં જ રહે છે, મુક્ત થઈ શકતા નથી.

**કર્મોપચય નિષેધવાદ–ક્રિયાવાદી દર્શન–** આ અધ્યયનના બીજા ઉદ્દેશકની ગાથા નં. **૨૪ થી ૨૯** માં આ દર્શનનું કથન કરવામાં આવ્યું છે. વ્યાખ્યાકારોએ આને બૌદ્ધ માન્યતાનું સૂચન કર્યું છે. બૌદ્ધ નીચે પ્રમાણેની ક્રિયાઓને માત્ર ક્રિયાઓ જ માને છે. તેનાથી કર્મોપચય માનતા નથી. જેમ કે– (૧) કોઈ પણ ક્રિયા ચિત્તશુદ્ધિ પૂર્વક કરવામાં આવે તો કર્મોપચય થતો નથી. પિતા પુત્રને મારીને તેનું માંસ ખાય અને તેમાં પરિણામ અને કારણ શુદ્ધ હોય તો બંધ થતો નથી (૨) ક્રોધાવેશમાં કોઈ મનમાં રૌદ્રવિચાર કરે પરંતુ પ્રવૃત્તિ ન કરે તો કર્મબંધ થતો નથી

(૩) સંકલ્પ વિના અજાણતાં અસાવધાનીથી જે ક્રિયાઓ થાય છે જેમાં મારવાની બુદ્ધિ(ભાવ) નથી તો હિંસાને કારણે થનારો કર્મબંધ તેને થતો નથી અર્થાત્ ભોજન, વ્યાપાર કે ગમનાગમન પ્રવૃત્તિમાં જ્યાં હિંસાનો સંકલ્પ જ નથી તો કર્મોપચય થતાં નથી (૪) સ્વપ્નાવસ્થામાં થનારા હિંસા આદિ કાર્યથી પણ કર્મોપચય થતાં નથી. આ તમામ વાતનો આશય એ છે કે મન અને શરીર બંને જોડાય અને પ્રવૃત્તિ થાય તો કર્મોપચય થાય છે, એકલા મન કે એકલી કાયાથી નહિ. દા.ત. તેમના સિદ્ધાંત પ્રમાણે જ્યારે ૧. જેને હણવાનું છે તે પ્રાણી સામે હોય ૨. હણવાવાળ ાને એ જાણકારી હોય કે આ જીવ છે ૩. વળી હણનારાનો એ સંકલ્પ હોય છે કે **હું આને મારું** આવી સ્થિતિમાં તે પ્રાણીને તકલીફ(કષ્ટ) પહોંચાડે કે મારી નાખે તો જ કર્મબંધ થાય છે. જો તે જીવ છટકીને ભાગી જાય તો કર્મબંધ નથી થતો.

**સ્વપક્ષ નિરૂપણ :–** જૈનદર્શન અનુસાર એ બધાં જ વિકલ્પો યુક્ત કર્મબંધનું કથન અજ્ઞાનદશાનું કારણ છે. આ સંસાર(દુનિયામાં) એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના પ્રાણીઓ છે. બધાંના કર્મબંધ અને સંસાર-ભ્રમણ થાય છે. મન,વચન, કાયા આ ત્રણેના સંયોગથી કે પ્રત્યેક સ્વતંત્ર હોય તો પણ પ્રત્યેક યોગ અને પ્રત્યેક કષાયથી કર્મબંધ થાય છે. કોઈ પણ ક્રિયાના ફળસ્વરૂપે કર્મબંધ ન થાય તેમ નથી. તીવ્ર અથવા મંદ કર્મબંધ અવશ્ય હોય છે. અજ્ઞાનદશાથી અથવા પોતાના સ્વાર્થથી કોઈ પંચેન્દ્રિય વધ જાણીને કરે તો તેના પરિણામોને કોઈ પણ રીતે વિશુદ્ધ માની શકાય નહિ. આ માટે પુત્રને મારીને ખાવાથી કર્મબંધ થતો નથી, એવું કથન તો અજ્ઞાનતાથી ભરેલું જ છે, તદ્દન ખોટું જ છે.

આ પ્રકારની માન્યતાને કારણે તે માન્યતા ધરાવનારાઓને શાસ્ત્રકારે કર્મ ચિંતાથી રહિત કહ્યા છે. કાણાવાળી નાવને ચલાવનારો વ્યક્તિ જો અંધ હોય તો તેમાં રહેલા મુસાફરો સુરક્ષિત દશામાં પાણીને પાર કરી શકતા નથી. એ જ રીતે આ એકાંતવાદિઓ અને અજ્ઞાનવાળાઓનું શરણ સ્વીકારવાથી કોઈ સંસાર પાર કરી શકતા નથી પરંતુ સંસારમાં જ ભ્રમણ કરે છે.

**જગત કર્તૃત્વવાદ સિદ્ધાંત–** ચરાચર પદાર્થવાળો આ લોક કોણે બનાવ્યો ? કેવી રીતે બન્યો ? વગેરે પ્રશ્નોના ઉત્તરમાં લોકની ઉત્પત્તિ અને તેનો કર્તા કોઈને માનવો, આ જગત કર્તૃત્વવાદ સિદ્ધાંત છે. આ વિષયમાં જુદા-જુદા મત શાસ્ત્રકારે બતાવ્યા છે, તે આ પ્રમાણે છે– આ જગત (૧) દેવ દ્વારા બન્યું (૨) બ્રહ્માએ એને બનાવ્યું (૩) ભગવાને બનાવ્યું (૪) મુખ્ય(પ્રકૃતિ વગેરે)દ્વારા બન્યું (૫) સ્વયંભૂ (વિષ્ણુ)એ બનાવ્યું (૬) યમરાજાએ માયા કરી છે (૭) ઈંડાથી પૃથ્વી ઉત્પન્ન





થઈ અને તેમાં તત્ત્વોને બ્રહ્માએ બનાવ્યા છે. આ રીતે પોતપોતાના આશયથી જુદી જુદી રીતે અજ્ઞાની માણસો લોકની ઉત્પત્તિ માને છે, પરંતુ તેઓ આ વાત નથી સમજતા કે લોક શાશ્વત છે, તેને કોઈએ બનાવવાની જરૂર જ નથી.

હકીકતમાં લોકોત્પત્તિ જાણવાની જરૂર નથી, પરંતુ દુઃખોત્પત્તિ કેમ થાય છે તે જાણવું જરૂરી છે. અશુભ આચરણથી દુઃખ ઉત્પન્ન થાય છે. દુઃખ ઉત્પત્તિનું કારણ જાણ્યા વિના દુઃખને રોકવાના ઉપાય રૂપ સંયમ કે સંવરને કેવી રીતે જાણી શકે ? પાપાચરણ જ દુઃખોત્પત્તિનું કારણ છે અને પાપોનો ત્યાગ જ દુઃખ રોકવાનો ઉપાય છે. લોક તો અનાદિથી છે તે ક્યારે ય ન હતો એવું નથી.

**અવતારવાદ–** ત્રીજા ઉદ્દેશકની ૧૧મી અને ૧૨ મી ગાથામાં આ અવતારવાદનું દિગ્દર્શન છે. તેને ત્રૈરાશિકવાદ પણ કહેવામાં આવે છે. એમાં જીવની ત્રણ અવસ્થાઓ સ્વીકાર્ય છે–(૧) સંસાર અવસ્થા (૨) સિદ્ધ અવસ્થા (૩) અવતાર અવસ્થા. અવતારવાદવાળાઓની એ માન્યતા છે કે લીલાના ઉદ્દેશથી કે અધર્મ વિનાશ અને ધર્મોત્થાનને માટે મહાન આત્માઓ ફરીને આ લોકમાં અવતાર (સંસારી રૂપ) સ્વીકાર કરે છે. આ પ્રકારની માન્યતા વૈદિક પરંપરામાં જાણીતી છે. ગીતા વગેરે ગ્રંથોમાં પણ સ્પષ્ટ વર્ણન છે.

**જૈન દર્શનની આ માન્યતા છે કે** સિદ્ધાત્મા કર્મરહિત થઈ જતાં હોઈને ફરીને સંસારમાં આવવાનું તેમને કોઈ જ કારણ રહેતું નથી. તેઓમાં લીલા, રાગ કે દ્વેષ કંઈ જ નથી. જગતના ઉદ્ધારને માટે કે ધર્મના ઉદ્ધારને માટે સ્વાભાવિક રીતે એક પછી એક માનવ ભવધારી મહાન આત્માઓ ધર્મપ્રવર્તન કરતા રહે છે. એ રીતે જ આ સંસારચક્ર ચાલતું રહે છે.

ત્રીજા ઉદ્દેશકની છેલ્લી ગાથાઓમાં કહેવામાં આવ્યું છે કે અહીં વર્ણન કરાયેલ આ બધાય મત–સિદ્ધાંતવાળાઓ પોતપોતાના મતના વખાણ કરે છે અને તેની તરફેણ કરે છે. પોતાના મતથી(સિદ્ધિ) મુક્તિ થવાનો દાવો કરે છે. ખરેખર તેઓ મુક્તિને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખવા છતાં પણ પોતાના અયોગ્ય આશયમાં બંધાયેલા રહે છે. તેને સાચા અર્થમાં સમજીને છોડવા માટે તત્પર થઈ શકતા નથી. આ કારણે મિથ્યા–અજ્ઞાનમાં રહીને તેઓ સાચી સાધનાના અભાવે સંસારમાં જ ભ્રમણ કરતા રહે છે.

**લોકવાદ–** લોકવાદ એટલે લોકમાં પ્રચલિત ધારણાઓ. લોકમાં આધારભૂત-અનાધારભૂત ચાલી આવતી મનઘડંત પરંપરાઓને અહીં ચોથા ઉદ્દેશકમાં લોકવાદથી સૂચિત કરવામાં આવી છે. બહુચર્ચિત વિષય પણ લોકવાદ કહેવામાં

આવે છે. જેમ કે– (૧) અનેક પ્રકારના અવતાર સંબંધી વાતો (૨) આ લોક સાત દ્વીપમય છે (૩) લોક અનંત છે તેનો પાર નથી (૪) જે પદાર્થ શ્રેષ્ઠ છે અને મોક્ષોપયોગી છે તેને જોવાવાળા સર્વજ્ઞ હોય છે. સંસારના તમામ કીડાઓને જોવાની આવશ્યકતા સર્વજ્ઞને હોતી નથી (૫) પુત્ર વિના ગતિ સુધરતી નથી, સ્વર્ગ મળતું નથી (૬) તે પુરુષ ચોક્કસ શ્રૃગાલ બને છે જેને વિષ્ટા સહિત અગ્નિદાહ દેવામાં આવે છે (૭) કૂતરા યક્ષ છે, બ્રાહ્મણ દેવ છે (૮) જે બ્રાહ્મણોને વાદમાં હરાવે છે તે સ્મશાનમાં વૃક્ષ થાય છે (૯) બ્રહ્મા સૂવે છે ત્યારે જગતમાં પ્રલય થાય છે (૧૦) મૃતકની ઈચ્છાપૂર્તિ નથી થતી ત્યાં સુધી તે પ્રેતાત્મા રૂપમાં અહીં ભટકે છે. આ પ્રકારે અનેક પ્રકારની દંતકથાઓ ચાલતી આવે છે, ચલાવવામાં આવે છે. (૧૧) જે જેવો છે તેવો જ બને છે, જેમ કે ત્રસ જીવો ત્રસ જ રહે છે, સ્થાવર જીવો સ્થાવર જ રહે છે, એ જ રીતે સ્ત્રી, પુરુષ, મનુષ્ય, ગાય, પક્ષી વગેરે મરીને જે જેવાં છે તેવા જ બને છે; બીજા રૂપને ધારણ કરતા નથી. એટલે કે સ્ત્રી મરીને સ્ત્રી જ બને છે, ગાય મરીને ગાય જ બને છે.

આધાર રહિત અથવા તો અસંગત માન્યતાઓ ઉપાદેય થઈ શકતી નથી. લોકવાદમાં સેંકડો વાતો આવી જાય છે. પરંતુ તેમાં સત્ય અને ગ્રહણ કરવા યોગ્ય કોઈક જ હોય છે. તેમાં મોટાભાગે ભ્રામક તત્ત્વોની જ વાતો હોય છે. માટે આત્મકલ્યાણના સાધકોએ આગમ પ્રમાણથી પ્રમાણિત અને કલ્યાણકારી તત્ત્વોની શોધ કરવી જોઈએ, લોકવાદમાં તણાવું જોઈએ નહિ.

### નિબંધ–૪૧

## સૂયગડાંગ સૂત્ર પ્રમાણે સાધુના ૩૬ અનાચાર

અધ્યનના શરૂઆતમાં બે ગાથાઓમાં જીવોના સંકલનની સાથે પ્રથમ મહાવ્રતમાં અહિંસાપાલનનો સંદેશો આપીને ત્રીજી ગાથામાં અવશેષ ચારે ય મહાવ્રતોના પાલનની એક સાથે સૂચના કરવામાં આવી છે. પછીની અનેક ગાથાઓમાં સાધકને વિદ્વાન શબ્દથી પ્રોત્સાહિત કરીને સંયમના ઉત્તરગુણો સંબંધી દોષોથી દૂર રહીને તેનો ત્યાગ કરવાનો સંદેશ આપવામાં આવ્યો છે. તે વિષય આ પ્રમાણે છે– (૧) સૌથી પહેલાં કર્માશ્રવ કરાવનારા ચાર કષાયોને જાણીને તેનો ત્યાગ કરવાનો છે, તેમ વિદ્વાન સાધકને સૂચના કરી છે. આ ચારે કષાયોના ચાર નવા જ પર્યાય નામથી તેને કહેવામાં આવ્યા છે, જેમ કે– **पलिउचण** –માયા(કપટ), **भयण** –લોભ, **थंडिल** –ક્રોધ, **उस्सयण** –માન.





**સાધ્વાચારના ઉત્તરગુણ સંબંધી દોષોનું સૂચન–** ધોવું, ગળી કરવી, રંગ લગાડવો, (૨) એનિમા લેવું (૩) વિરેચન–જુલાબ (૪) વમન– ઉલટી કરવી (૫) અંજન–આંખો આંજવી (૬) અત્તર કે તેલ લગાવવું (૭) માળા ધારણ કરવી (૮) સ્નાન કરવું (૯) દંત પ્રક્ષાલન, પરિગ્રહ અને કુશીલ ત્યાગ પણ અહીંયા ગાથાક્રમમાં મૂળગુણો કહેલ છે. (૧૦) આહારની ગવેષણાના દોષ, અનેષણીય ત્યાગ (૧૧) રસાયણ સેવન (૧૨) ચક્ષુ વિભૂષા (૧૩) રસોમાં આસક્તિ (૧૪) ઉપઘાત–પરપીડાકારી પ્રવૃત્તિ (૧૫) શરીરના અંગોપાંગ ધોવા (૧૬) ઉબટન–લેપ (૧૭) ગૃહસ્થોની સાથે પરસ્પર અતિ વ્યવહાર (૧૮) જ્યોતિષ પ્રશ્ન, શય્યાતર પિંડ (૧૯) જુગારની રમત (૨૦) જુગાર–સટ્ટા વગેરેના આંકડા બતાવવા (૨૧) હસ્તકર્મ (૨૨) કજિયા–વિવાદ (૨૩) પાદત્રાણ–પગરખા (૨૪) છત્રી–છત્ર (૨૫) નાલીકાની રમત (૨૬) પંખાનો ઉપયોગ (૨૭) પરસ્પર પરિકર્મ (૨૮) લીલી વનસ્પતિ–લીલોતરી ઉપર મળમૂત્ર પરઠવું (૨૯) ગૃહસ્થના વાસણ (૩૦) ગૃહસ્થના વસ્ત્ર (૩૧) ગૃહસ્થના આસન, પથારી, ખાટ (૩૨) ઘરોમાં બેસવું (૩૩) ખબર-અંતર પૂછવા અથવા સાવદ્ય પ્રશ્નો પૂછવા (૩૪) પૂર્વજીવન સ્મરણ(સુખ-ભોગ) (૩૫) યશકીર્તિ, વખાણની ઈચ્છા (૩૬) ગૃહસ્થને આહાર વગેરે આપવા; આ તમામ દોષસ્થાનો છે. ભિક્ષુ તેનો ત્યાગ કરે, શુદ્ધ સંયમ અને નિયમમાં રહે. અહીં ઉત્તરગુણોની સાથે કોઈ કોઈ મૂળગુણ સંબંધી કથન પણ છે.

**ભાષા વિવેક :–** સાધુ (૧) કોઈની વચમાં ન બોલે (૨) મર્મકારી વચન ન બોલે (૩) માયાનો ત્યાગ કરી, વિચારીને બોલે (૪) મિશ્રભાષા ન બોલે (૫) બોલી લીધા પછી પસ્તાવુ પડે તેવું ન બોલે (૬) ગોપનીય વાત પ્રગટ ન કરે (૭) હોળ -ગોળ કે તું તું એવા અમનોજ્ઞ શબ્દો ન બોલે.

### નિબંધ–૪૨

## દાનશાળા, પરબ અને દાણાપીઠની ચર્ચા

મુનિ પુણ્ય-પાપ તત્ત્વના સમુચ્ચય સ્વરૂપને સમજાવી શકે છે પરંતુ ઉપરોક્ત સ્થાન કે કાર્યની સ્પષ્ટ અનુમોદના, પ્રેરણા કરી શકતા નથી, તેમજ તેનો નિષેધ પણ કરી શકતા નથી. ગૃહસ્થ અનુકંપા રસથી અને કર્તવ્યભાવથી સ્વયં તે કાર્ય કરે છે. શાસ્ત્રકારોએ આ અધ્યયનમાં સ્પષ્ટ કર્યુ છે કે મુનિ આ સ્થાનોને કે આ કાર્યોને ધર્મ કે પુણ્ય કહીને સ્પષ્ટ પ્રેરણા કરે તો ત્યાં થનારા

આરંભ-સમારંભની અનુમોદના–પ્રેરણા થવાથી સાધુના પ્રથમ મહાવ્રતમાં દોષ લાગે છે. જો પ્રતિપક્ષમાં જઈને સાધુ ગૃહસ્થો દ્વારા થઈ રહેલા આ અનુકંપા સભર કાર્યોનો નિષેધ કરે કે તેને પાપ કે અધર્મ બતાવે તોપણ તેનું પ્રથમ મહાવ્રત દૂષિત થાય છે, કારણ કે એવું કરવામાં પ્રાણી માટે જીવન ચલાવવામાં છેદ–અંતરાયનો દોષ લાગે છે અને તે હિંસારૂપ છે. માટે જૈન મુનિ દાન-પુણ્ય વગેરે કાર્ય કે સ્થળના પક્ષ કે પ્રતિપક્ષ રૂપ કોઈ પણ આગ્રહમાં ન પડે. બંને પક્ષની ભાષા ન બોલે અને વિવેકપૂર્વક કર્મબંધથી બચે, તો જ તે નિર્વાણમાર્ગની સાચી આરાધના કરી શકે છે.

સાર એ છે કે મુનિ ઉપસ્થિત પરિષદને યોગ્ય જીવતત્ત્વ, પુણ્યતત્ત્વ, પાપતત્ત્વનું સ્વરૂપ, અનુકંપા ધર્મનો સાર-સ્વરૂપ યથા અવસર સમજાવ પરંતુ નિર્દિષ્ટ સ્થળો કે કાર્યોની સ્પષ્ટ ચર્ચામાં ન જાય.

રાયપ્પસેણીય સૂત્રમાં કેશી સ્વામી દ્વારા પ્રદેશી રાજાને આપવામાં આવેલ બોધ તેમજ ચર્ચાનું પ્રકરણ છે. તેમાં પણ પ્રતિબુદ્ધ થયા પછી રાજાએ પોતાની રીતે સ્પષ્ટ કર્યું છે કે હું રાજ્યની આવકનો એક ભાગ દાનશાળામાં વાપરીશ. ત્યાં કેશીમુનિ દ્વારા દાનશાળાની પ્રેરણાનો પણ ઉલ્લેખ નથી અને પરદેશી રાજા દ્વારા પોતે જ દાનશાળા માટેની અંતરભાવના પ્રગટ કરવા પર કેશીશ્રમણે તેનો નિષેધ કર્યો હોય તેવો પણ ત્યાં ઉલ્લેખ નથી. ગૃહસ્થ ધર્મ અને ગૃહસ્થ-ભાવોના પ્રત્યેક પ્રવર્તનમાં જૈનમુનિએ દખલ કરવી જરૂરી હોતી નથી, ગૃહસ્થના એવાં કેટલા ય કાર્યો હોય છે કે જેમાં તેમણે તટસ્થ અને મૌનભાવમાં રહેવાનું હોય છે. તે પ્રમાણે કેશીશ્રમણે પરદેશી રાજાના કથનને મૌનપૂર્વક જ સાંભળ્યું. તેના પક્ષ કે પ્રતિપક્ષમાં કંઈ પણ કહ્યું નહિ અર્થાત્ તેની દાનશાળા ખોલવાની વાત પર ધન્યવાદ પણ ન આપ્યા કે તેમ કરતાં તેમને રોક્યા પણ નહિ. આ આગમ દષ્ટાંતથી પણ પ્રસ્તુત અધ્યયનગત ભાવોની જ પુષ્ટિ થાય છે. માટે મુનિ બંને પ્રકારની ભાષા બોલે નહિ.

આ પ્રમાણે ગૃહસ્થના મિશ્રમાર્ગના આ મુદા સંબંધી વિચારણા મુનિની ભાષાને લક્ષ્ય બિંદુ બનાવીને ગાથા ૧૬ થી ૨૧ સુધી કહેલ છે.

આગળ ગાથા નં. ૨૨, ૨૩, ૨૪ માં મુનિને નિર્વાણ માર્ગનો ઉપદેશ આપવા માટે સૂચન કરવામાં આવેલ છે કે તે ઉપદેશ સંસાર સમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓને માટે દ્વીપના સમાન રખેવાળ હોય. મુનિ ખુદ તો આશ્રવોને રોકે તેમજ આશ્રવરહિત બનીને શુદ્ધ અનાશ્રવ ધર્મ, સંયમ-સંવર ધર્મનું વર્ણન કરે





કારણ કે તે જ અનુપમ અને પરિપૂર્ણ મોક્ષ માર્ગ છે. મુનિ પોતે પણ યતના-પૂર્વક નિર્વાણ માર્ગની સાધના કરે.

## નિબંધ–૪૩

# ચાર સમવસરણ, ચાર વાદ, ૩૬૩ પાખંડ

ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદી આ ચાર સમવસરણ છે. એના વિસ્તૃત ભેદની અપેક્ષા ત્રણસો ત્રેસઠ(૩૬૩) મત-મતાંતરો કહેલ છે.

(૧) **ક્રિયાવાદી**ના ૧૮૦ ભેદ થાય છે. તેમાં મુખ્ય ભેદ નવ તત્ત્વ છે. તેના સ્વતઃ પરતઃ તેમજ નિત્ય-અનિત્ય આવા બબ્બે ભેદ થાય છે. ત્યાર બાદ કાળ, સ્વભાવ, નિયતિ, ઈશ્વર અને આત્મા આ પાંચ ભેદ હોય છે. જેને કારણે ૯×૨×૨×૫= ૧૮૦ કુલ ભેદ થાય છે.

(૨) **અક્રિયાવાદી**ના ૮૪ ભેદ થાય છે. તેમાં મુખ્ય ભેદ સાત તત્ત્વ છે. તેને સ્વતઃ પરતઃ બે ભેદથી ગુણાકાર કરીને પછી કાળ, સ્વભાવ, નિયતિ, ઈશ્વર, યદચ્છા અને આત્મા આ છ ભેદથી ગુણાકાર કરીએ, જેમ કે– ૭×૨×૬=૮૪ કુલ ભેદ થયા.

(૩) **વિનયવાદી**ના ૩૨ ભેદ થાય છે– (૧) દેવતા (૨) રાજા (૩) યતિ (૪) જ્ઞાતિ (૫) વૃદ્ધ (૬) અધમ (૭) માતા (૮) પિતા. આ આઠનું મન, વચન, કાયાથી અને દાન આપી વિનય કરવો જોઈએ. આ પ્રમાણે ૮×૪=૩૨ કુલ ભેદ થાય છે.

(૪) **અજ્ઞાનવાદી**ના ૬૭ ભેદ થાય છે– જીવાદિ નવ તત્ત્વોના સાત-સાત ભંગ થાય છે– (૧) અસ્તિ (૨) નાસ્તિ (૩) અસ્તિ-નાસ્તિ (૪) અવક્તવ્ય (૫) અસ્તિ-અવક્તવ્ય (૬) નાસ્તિ-અવક્તવ્ય (૭) અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય. આ રીતે ૯×૭=૬૩. પહેલાના ચાર ભાંગામાં સત્પદાર્થની ઉત્પત્તિ હોય છે, આ કોણ જાણે છે અને જાણવાથી લાભ શું ? આ પ્રમાણે અસત્, સદસત્ અને અવક્તવ્યને માટે ઉક્ત પ્રશ્ન ઉપસ્થિત કરવો, એ કુલ ચાર ભંગ જોડવાથી ૬૩+૪=૬૭ ભેદ થાય છે.

**ક્રિયાવાદી વગેરે ચારે મતમતાંતરોનો સિદ્ધાંત–** એ ચારે એકાંતવાદી છે. તેમાં ક્રિયાવાદ, વિનયવાદ કેટલાક તબક્કા સુધી ઠીક પણ છે, પરંતુ એકાંત આગ્રહ થવાથી અશુદ્ધ છે.

**(૧) ક્રિયાવાદ–** આ સિદ્ધાંતવાળા ક્રિયાથી મુક્તિ માને છે. જ્ઞાનની ઉપાદેયતા સ્વીકારતા નથી. જો કે જ્ઞાન વિનાની ક્રિયા આંધળી હોય છે, પૂર્ણરૂપથી ફળ-દાયી થઈ શકતી નથી. આટલા માટે ક્રિયાવાદના વર્ણનની ગાથા ૧૧ માં કહેવામાં આવ્યું છે કે તીર્થંકર વિદ્યા અને ચરણ એટલે જ્ઞાન અને ક્રિયા બંનેથી મુક્તિનું કથન કરે છે. બીજી વાત એ છે કે આ ક્રિયાવાદીઓ બધા પદાર્થોમાં અસ્તિત્વધર્મ સ્વીકાર કરે છે, નાસ્તિત્વધર્મ સ્વીકારતા નથી. હકીકતમાં એકાંત અસ્તિત્વ માનવાથી જગતના તમામ વ્યવહારોનો છેદ ઉડી જાય છે. માટે પ્રત્યેક વસ્તુ પોત-પોતાના સ્વરૂપથી છે અને પર સ્વરૂપથી નથી, એવું માનવું જ જોઈએ.

**(૨) અક્રિયાવાદ–** આ અક્રિયાવાદી ત્રણ પ્રકારના છે– (૧) આત્માને જ નથી સ્વીકારતા (૨) આત્મા વગેરે બધા પદાર્થો ક્ષણવિનાશી છે–અનિત્ય છે (૩) આત્મા સર્વલોકવ્યાપી છે. આ ત્રણેના મતમાં ક્રિયાને કોઈ મહત્ત્વ નથી. કારણ કે મૂળ આત્મા સંબંધી માન્યતા જ અશુદ્ધ છે માટે તેઓ એક પ્રકારથી નાસ્તિક મત બને છે. આત્માના જન્મ-મરણ, ભવભ્રમણની સિદ્ધિ આ ત્રણેમાં થઈ શકતી નથી, કારણ કે મૂળ માન્યતા જ અશુદ્ધ છે. હકીકતમાં આત્મા છે, તે દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે; શરીરવ્યાપી છે, એક શરીરનો ત્યાગ કરી નવું શરીર ધારણ કરીને જન્મ-મરણ કરે છે.

**(૩) વિનયવાદ–** એકાંત વિનયવાદ પણ દૂષિત છે, કારણ કે તેઓ જ્ઞાન ક્રિયાનો નિષેધ કરીને ગુણી-અવગુણી, પાપી-ધર્મી સર્વને એક સરખા ગણે છે. વાસ્તવમાં આ વિનયધર્મ નહિ, અવિવેક ધર્મ છે. જેમાં કોઈ પ્રકારનું વિવેક- જ્ઞાન કે વિવેક વ્યવહાર નથી. આ મતવાળા વાસ્તવમાં અજ્ઞાની છે, અવિવેકી છે. તેના કારણે ધર્મના મૂળ વિનય જેવા ગુણના આલંબનથી પણ મોક્ષમાર્ગથી અને મુક્તિથી દૂર જાય છે. જેનું કારણ એ છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગની ઉપેક્ષા કરવી એ જ તેઓનો મૂળ મંત્ર છે.

આ માન્યતાવાળા એમ માને છે કે બધાનો વિનય કરવા માત્રથી જ મુક્તિ થઈ જશે. એનો હેતુ એ છે કે અહંનો નાશ થઈ જવાથી અને આત્મામાં પૂર્ણ નમ્રતા આવી જવાથી તે આત્માની જલ્દી મુક્તિ થઈ જાય છે પરંતુ આ તેનો એકાંતવાદ છે. નમ્રતા સારી ચીજ છે પરંતુ એકલા કોઈ ગુણથી મુક્તિ કહેવી યોગ્ય નથી. એકલા ઘી થી શીરો કદાપિ બની શકતો નથી. તે જ પ્રમાણે એકલા વિનયથી મુક્તિ માનવી ભ્રમ છે, ખોટું છે. તેની સાથે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ પણ જોઈએ. ત્યારે જ મોક્ષની વિવેકપૂર્ણ સાધના થઈ શકે છે. આ મતવાળા





ગધેડા, કૂતરા, પશુ, પક્ષી, અધમ, ઉત્તમ; સૌ સામે મળવાવાળાને નમસ્કાર કરવાનો પોતાનો સિદ્ધાંત માને છે અને તેનાથી મોક્ષ પ્રાપ્ત કરવાનો સંતોષ લે છે.

**(૪) અજ્ઞાનવાદ–** આ મતવાળાઓની એવી સમજ છે કે જ્ઞાનથી અનેક વિવાદ ઉત્પન્ન થાય છે. વિભિન્નતાઓ પણ જ્ઞાનવાળાઓમાં જોવા મળે છે. આત્મા અને લોકના વિષયમાં ભિન્ન-ભિન્ન માન્યતાઓ જ્ઞાનના કારણે જ હોય છે. તેથી શાંતિનું સ્થાન અજ્ઞાન છે અને શાંતિ જ મુક્તિની નિશાની છે.

વાસ્તવમાં અજ્ઞાનવાદીઓને કોઈ સિદ્ધાંત નથી હોઈ શકતા, કારણ કે સિદ્ધાંત તો સ્વયં જ્ઞાન સ્વરૂપ હોય છે. ઉપદેશ આપવો કે કોઈને સમજાવવું અથવા ચર્ચા કરવી વગેરે પણ જ્ઞાનના માધ્યમથી થાય છે. અજ્ઞાનવાદીઓએ વાસ્તવમાં ભણવું, લખવું, બોલવું, સમજવું, સમજાવવું, ઉપદેશ દેવો, ચર્ચા કરવી, પોતાના મતનું સ્થાપન કરવું અને અન્યના મતનું ઉત્થાપન કરવું વગેરે કંઈ પણ કરવાનું નથી હોતું. જ્યારે આ અજ્ઞાનવાદી ઉક્ત બધી પ્રવૃત્તિઓ કરે છે. આ રીતે સ્પષ્ટપણે તેઓના મતમાં વચનવિરોધ હોય છે. જ્ઞાનનો ઉપયોગ ડગલે ને પગલે કરવો જ પડે છે, છતાં પણ જ્ઞાનની ઉપેક્ષા દેખાડવી અને અજ્ઞાનનો દાવો કરવો એ તેમનું દુઃસાહસ માત્ર છે.

સાચા અર્થમાં અજ્ઞાનવાદી તે છે કે જે આંખ અને મોઢું વગેરે બધું બંધ કરીને કાળી અંધારી ઓરડીમાં એકલા બેસીને માત્ર સંલેખના-સંથારાની સાધના કરે. એ સિવાય કોઈ વ્યક્તિને કંઈ પણ કહેવું, સમજાવવું કે ચર્ચા કરવી એ જ્ઞાનનો ઉપયોગ કરવા સમાન છે. તેથી એ બધું તેના અજ્ઞાનવાદનું અપમાન છે. આમ અજ્ઞાનવાદીઓની કથની અને કરણીમાં જ વિરોધ આવે છે. એવા સિદ્ધાંતથી ભોળા જીવોનું કલ્યાણને બદલે કર્મબંધ અને સંસારવૃદ્ધિ થવાની અધિક સંભાવના છે. કહ્યું છે કે– **अण्णाणी किं काही, किं वा णाहिइ सेयपावग ।दशवै.॥४॥** કોઈપણ ક્ષેત્રમાં અજ્ઞાની હિતાહિતનો વિવેક કરી શકતા નથી. માટે જ્ઞાનપૂર્વક સચ્ચારિત્ર દ્વારા મુક્તિની આરાધના કરવી એ જ નિરાબાધ માર્ગ છે, જે સર્વજ્ઞ, સર્વદર્શી મહાપુરુષો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે.

**પ્રશ્ન– આ ચારે સમવસરણમા સર્વજ્ઞ સર્વદર્શીનો કયો વાદ છે ?**

**જવાબ–** ઉક્ત ચારે ય સમવસરણ એકાંતવાદની અપેક્ષાએ કહેલ છે. સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર પ્રભુનો મોક્ષમાર્ગ જ્ઞાન અને ક્રિયાના સુમેળવાળો સિદ્ધાંત છે. એકાંતના આગ્રહમાં પ્રભુનો સિદ્ધાંત નથી. જેમ લોટ, પાણી, સાકર અને ઘીના

સુમેળથી શીરો બને છે, તે જ પ્રમાણે પ્રભુ દ્વારા નિર્દિષ્ટ મોક્ષમાર્ગમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ એ ચારેયનો સમાદર છે, સુમેળ યુક્ત સાધના છે. આમ તો અપેક્ષાથી પ્રભુનો અનેકાંગી સિદ્ધાંત ક્રિયાવાદીના રૂપમાં પરિચય પામે છે પરંતુ તે અહીં નિર્દિષ્ટ એકાંગી ક્રિયાવાદી રૂપ નથી. ભગવતી સૂત્ર શતક–૩૦માં ચાર સમવસરણના ભેદથી તત્ત્વજ્ઞાન સંબંધી વિસ્તાર છે. ત્યાં સર્વજ્ઞ પ્રભુના સિદ્ધાંતને ક્રિયાવાદીના નામથી સૂચિત કરવામાં આવેલ છે અને એકાંતવાદી ત્યાં ત્રણ ભેદમાં જ સમાવિષ્ટ કર્યા છે. જેનાથી તીર્થંકર પ્રભુનો માર્ગ ક્રિયાવાદી સમવસરણમાં અપેક્ષા વિશેષથી ગણાવાય છે. તે અપેક્ષા અનેકાંત દર્શનરૂપ અને એકાંત આગ્રહના અભાવ રૂપે છે.

**પ્રશ્ન.** દુનિયામાં મતમતાંતર શું ૩૬૩ જ હોય છે ?

**ઉત્તર.** જુદા-જુદા સમયે તેની સંખ્યા ઘટતી વધતી રહે છે. તેને કોઈ એક સંખ્યામાં બાંધવું એ સત્યથી વેગળું થઈ જાય છે. માત્ર અપેક્ષા અને વિવક્ષાથી જ તે સંખ્યાનો સુમેળ કરવો પડે છે. વાસ્તવમાં મતમતાંતર સમય-સમયના માનવોના સ્વતંત્ર ચિંતન પર નિર્ભર રહે છે. એક-એક મુખ્ય મત પણ દુનિયામાં ઘણા છે અને તેમાં પણ અનેક બુદ્ધિવાદી ચિંતકોના નવા નવા મતમતાંતર થતાં રહે છે.

આ અધ્યયનમાં ક્રિયાવાદી આદિ ચાર મુખ્ય ભેદોનું વર્ણન છે અને વ્યાખ્યાકારોએ આ ચારના ૩૬૩ કુલ ભેદ કર્યા છે. ચિંતન કરીને એ ભેદોને સમજતાં દુનિયાના સર્વ મતમતાંતરોનો એમાં સમાવેશ થઈ શકતો નથી. છતાં પણ એક સીમામાં રહીને કોઈ પણ પ્રકારે ૩૬૩ ભેદમાં બધા મતોનો સમાવેશ થઈ જાય છે, એમ માની લેવામાં આવે છે. આવી કથન પરંપરા પણ બહુ પ્રચારમાં છે, જેના કારણે લોકમાં ૩૬૩ પાખંડ મત કહેવાય છે. વાસ્તવમાં ઉપર નિર્દિષ્ટ ૪ સમવસરણના ભેદ પ્રભેદરૂપ ૩૬૩ પ્રકાર જે છે તેને ૩૬૩ પાખંડની સંજ્ઞા આપવી તે ફરી વિચારણા કરવા યોગ્ય છે, કારણ કે ઈશ્વર કર્તૃત્વવાદી, નિયતિવાદી આદિ અનેકવાદ દુનિયામાં છે જેનો આ ૩૬૩ ભેદોમાં સમાવેશ થઈ શકતો નથી. તેમજ વર્તમાનમાં થયેલ દાદાભગવાન, સોનગઢી, શ્રીમદ્ રાજચંદ્ર વગેરેના પંથોને પણ આ ભેદોમાં સમજાવવા કઠિન છે. માટે વ્યાખ્યાકારોએ ચાર સમવસરણના જે ૩૬૩ ભેદ કહ્યા છે તેને તે રૂપમાં એટલે કે ભેદ-પ્રભેદ રૂપે સમજી શકાય છે. સાથે જ અન્ય અનેક મતમતાંતરોના રૂપ હોઈ શકે છે, એ પણ સ્વીકારવું જોઈએ.





## નિબંધ–૪૪

# ઉચ્ચ ગુણો પર પાણી ફેરવતા અવગુણ

એક શ્રમણ સર્વથા અકિંચન છે, ભિક્ષા દ્વારા નિર્વાહ કરે છે, તેમાં પણ લૂખોસૂકો આહાર પ્રાપ્ત કરીને પ્રાણ ધારણ કરે છે, એટલા આચારવાન હોવા છતાં પણ જો તે પોતાની ઋદ્ધિ–લબ્ધિ અને ભક્તોની ભીડ કે ઠાઠમાઠનો તેમજ પોતાના શરીરનો ગર્વ કરે છે, પોતાની પ્રશંસા અને પ્રસિદ્ધિની આકાંક્ષા કરે છે, તો તે જન્મ-મરણની વૃદ્ધિ જ કરે છે.

એક શ્રમણ ભાષાવિદ છે, હિત-મિત-પ્રિય ભાષણ કરે છે, પ્રતિભા સંપન્ન છે, શાસ્ત્ર જ્ઞાનમાં નિપુણ–વિશારદ છે, પ્રજ્ઞાવાન–બુદ્ધિશાળી છે અને ધર્મ ભાવનાથી તેનું હૃદય સારી રીતે ભાવિત છે, તેમ છતાં જો તે ક્યારે ય અહંભાવમાં આવીને બીજાનો તિરસ્કાર કરે છે, બીજાની નિંદા કરે છે, તેને ખીજાય છે, પોતાના લાભના મદમાં કે સ્વાર્થમાં બીજાની હીલના-હાંસી કરે છે; તો તે ગુણવાન હોવા છતાં પણ મૂર્ખની કોટિમાં આવી જાય છે.

આવી તુચ્છ પ્રકૃતિના સાધક પોતાની પ્રજ્ઞાના મદમાં બધા ગુણો પર પાણી ફેરવી દે છે. તેના આ લોક પરલોક બંને બગડે છે એટલે કે તેઓ અહીં પણ નિંદા પામે છે અને પરલોકના વિરાધક બને છે.

## નિબંધ–૪૫

# સાધુ દ્વારા ધર્મોપદેશનો વિવેક

સુસાધુ દ્વારા મુનિધર્મની મર્યાદામાં અબાધક, યથાતથ્ય ધર્મોપદેશ આપવાનો કે ધર્મયુક્ત માર્ગદર્શન આપવાનો આ અધ્યયનમાં સંકેત કરેલ છે, તે આ પ્રમાણે છે– (૧) મુનિ સ્વયં સદા ધર્મમાં રતિભાવ અને સંસાર પ્રત્યે અરતિભાવમાં સફળ રહે, ભલે તે એકલો હોય કે સમૂહની સાથે હોય. તે એવું જ કથન કરે જે મુનિધર્મથી અને આગમથી અવિરુદ્ધ હોય, સુસંગત હોય. (૨) સુસાધુ લોકોને ધર્મનું મહત્ત્વ બતાવીને આ પ્રમાણે સમજાવે કે જીવ એકલો જ કર્મ કરે છે, એકલો જ ફળ ભોગવે છે, જન્મે પણ એકલો છે અને મરીને પરભવમાં પણ એકલો જ જાય છે, ધર્મ સિવાય તેનો કોઈ મિત્ર કે સહાયક નથી. (૩) કર્મબંધના કારણ મિથ્યાત્વ, અવ્રત આદિનું; કર્મબંધથી મુક્તિ રૂપ મોક્ષ અને તેના ઉપાયરૂપ સમ્યગ્દર્શન, સંયમ આદિનું યથાર્થ સ્વરૂપ, ગુરુ–આચાર્ય

પાસેથી જાણીને જનહિતકારક ધર્મોપદેશ દે. (૪) નિંદિત-ગર્હિત કાર્ય, સપ્ત વ્યસન વગેરે અથવા અન્યાય, અનીતિ, શાસ્ત્ર વિપરીત પ્રરૂપણા વગેરે ન કરીને જીવનમાં સદાચરણ અપનાવવાનો ઉપદેશ કરે અને એ પણ સમજાવે કે સદાચરણ–ધર્માચરણથી પરભવ સંબંધી ફળની ઈચ્છા-સંકલ્પ-નિદાન પણ કદાપિ ન કરવું. એક માત્ર મુક્તિના લક્ષથી ધર્માચરણ કરવા કરાવવાનો ઉપદેશ દેવો જોઈએ. સાર એ છે કે અકરણીય કાર્યો ન કરવાનો અને કરણીય કાર્યોમાં શુદ્ધ લક્ષ રાખવાનો ઉપદેશ દે. (૫) શ્રોતાના અભિપ્રાય, પ્રકૃતિ, પદ, સત્તાનો તેમજ તેના શ્રદ્ધેય દેવ-ગુરુનો અને પોતાની ક્ષમતા-શક્તિ વગેરેનો વિચાર કરીને વિવેકપૂર્વક ગંભીરતાયુક્ત, ભાષાની શાલીનતાથી ઉપદેશ આપે.

ભાષા કે ભાવોનો અવિવેક થઈ જવાથી અથવા શ્રોતાની માનહાનિ આદિ થઈ જવાના કારણે કેટલા ય પ્રકારની આપત્તિ, વિવાદ, વૈમનસ્ય ઉત્પન્ન થઈ શકે છે; સાધુને માટે આક્રોશ કે વધપરીષહની સ્થિતિ પણ ઉત્પન્ન થઈ શકે છે; ક્યારેક ઉપદેષ્ટાનો તિરસ્કાર, નિષ્કાસન પણ કરવામાં આવી શકે છે. માટે પરિષદનો પૂર્ણ અનુભવ ધ્યાનમાં રાખીને વિવેક અને ભાવશુદ્ધિની સાથે ઉપદેશ આપવો તેમજ કોઈનું અહિત ન થાય તે પ્રકારે ઉપદેશ દેવો જોઈએ. (૬) ચતુરાઈ પૂર્વક શ્રોતા અને પરિષદના મિથ્યાત્વ, અવ્રત, કષાય વગેરે દૂર થાય; તેઓનો આત્મા ધર્મમાં અભિવૃદ્ધિ કરે, તે પ્રમાણે ઉપદેશ આપવો. સ્ત્રી સંબંધી અથવા શબ્દ, રૂપ આદિ સર્વ ઈંદ્રિય વિષયોથી શ્રોતાને વિરક્તિ જન્મે તે પ્રમાણે ઉપદેશ આપવો. સુંદર દેખાતા સ્ત્રીરૂપ વગેરે અને મધુર મનોજ્ઞ લાગતા વિષયભોગ તથા એશોઆરામ વગેરે આ બધા કિંપાકફળ સમાન મધુર લાગે છે પરંતુ પરિણામ તેનું દુર્ગતિદાયક હોય છે; આ પ્રકારનું જ્ઞાન શ્રોતાના આત્મામાં સ્થિર થાય, તે રીતે યુક્તિપૂર્વક ઉપદેશ આપવો જોઈએ. જેનાથી શ્રોતા સંસારથી વિરક્ત થઈને મુનિધર્મ સ્વીકાર કરે અથવા તો ગૃહસ્થ જીવનમાં પણ આસક્તિ ઘટાડીને વ્રત-પ્રત્યાખ્યાનમય જીવન જીવે. (૭) સાધુ પોતાની પૂજા, પ્રતિષ્ઠા, સન્માન, યશ, કીર્તિ વગેરે પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી ઉપદેશ ન આપે પરંતુ ગુરુ આજ્ઞાથી અથવા સ્વાધ્યાય હેતુથી અને ધર્મપ્રેમી જનતાના હિત અર્થે ધર્મોપદેશ આપે તથા જિન શાસનની પ્રભાવનાને માટે, ધર્મ પ્રચાર હેતુ ઉપદેશ આપે. પોતાની સંયમ મર્યાદામાં રહીને છકાય જીવોની રક્ષા-દયા યુક્ત ઉપદેશ કરે, કોઈ પણ જીવને અહિતકારી ઉપદેશ ન કરે. (૮) ઉપદેશ કોઈ સાંભળે કે ન સાંભળે, આચરણ કરે કે ન કરે, તોપણ કોઈના ઉપર રાજી-નારાજી, અસદ્વ્યવહાર, અસંતોષનો ભાવ





ન રાખે અને અસંતોષભાવ પ્રકટ પણ ન કરે પરંતુ પોતાના સામર્થ્ય-પ્રભાવ અનુસાર ધર્મોપદેશના માધ્યમથી યથાવસર પ્રયત્ન કરતા જ રહે કે જેથી જીવો ધર્મને સમજે, વ્રતી-મહાવ્રતી બને. આ પ્રકારના શ્રેષ્ઠ લક્ષ્ય રાખવા છતાં પણ કોઈને અપ્રિય, અમનોજ્ઞ અને અપમાનજનક કંઈ પણ ન કહે. (૯) કોઈનું અનિષ્ટ પણ ન કરે. નિંદા-વિકથા ન કરે અને શાસ્ત્રમાં દર્શાવેલ વિવિધ વિકથાઓની ચર્ચા ઉપદેશના માધ્યમથી ન કરે. સાવદ્ય-હિંસાકારી, આરંભજનક પ્રવૃત્તિઓની પ્રેરણા કે ઉપદેશ પણ ન કરે. શ્રોતાના દેવ, ગુરુ કે રુચિ વગેરેની કટુ શબ્દોમાં આલોચના, નિંદા કે મિથ્યા આક્ષેપ વગેરે યુક્ત ધર્મકથા ન કરે. (૧૦) ઉપરોક્ત સર્વ અનર્થકારી અસદ્ ઉપદેશોનો ત્યાગ કરી, વિવેક જ્ઞાનને ધારણ કરી, મુનિ સ્વયં શાંત, અનાકુલ અને કષાય રહિત બનીને ઉપદેશ કરે.

## નિબંધ–૪૬

# બાર પ્રકારના જીવો તથા તેમનો આહાર

(૧) વનસ્પતિ (૨) મનુષ્ય (૩) તિર્યંચ પંચેંદ્રિયમાં જલચર (૪) ચોપગા સ્થલચર (૫) ઉરપરિસર્પ (૬) ભુજપરિસર્પ (૭) ખેચર (૮) વિકલેંદ્રિય (૯) અપ્કાય (૧૦) તેઉકાય (૧૧) વાયુકાય (૧૨) પૃથ્વીકાય.

અનુશીલન કરવાથી એ જ્ઞાત થાય છે કે આ અધ્યયનની વર્ણન પદ્ધતિ ભગવતીસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર, જીવાભિગમસૂત્ર આદિની કોઈ પણ ક્રમ પદ્ધતિનું અનુસરણ કરતી નથી, બલ્કે સ્વતંત્ર અને અક્રમિક ઢંગથી છે. જેનું વાસ્તવિક કોઈ કારણ તર્કશક્તિથી પણ જ્ઞાત થવાનું કઠિન જેવું લાગે છે. તથાપિ એવી કલ્પના કરી શકાય છે કે ક્યારેક કોઈના પ્રમાદથી પણ એવો વ્યુત્ક્રમ બની ગયો હોય. જો એમ ન જ થયું હોય તો પછી એમ માનવું જ અવશેષ રહેશે કે– **સૂત્રાણા વિચિત્રા ગતિ:।** સૂત્ર રચનાકારને જે ગુંથણીમાં જ્યારે જે પદ્ધતિ ઉચિત ઉપયોગી અને કોઈ અજ્ઞાત કારણોથી પ્રાસંગિક લાગે, તે જ ક્રમ વિષય ગુંથણીનો કરી શકાય છે. એવી સ્થિતિમાં ક્રમ, અક્રમ બધું નિર્દોષ થઈ જાય છે અને ઈચ્છિત કોઈ પણ ક્રમ વ્યુત્ક્રમથી તે તત્ત્વ સંબંધી પરિજ્ઞાન તો થઈ જ જાય છે. અહીં પણ વનસ્પતિથી પ્રારંભ કરી પૃથ્વી સુધી વિષયને પૂર્ણ કરવાની વચ્ચે ત્રસ જીવોના આહારનું પરિજ્ઞાન છે તો પણ સર્વ મળીને દશ દંડકોના આહાર સંબંધી ઘણુંખરું જ્ઞેયનો અનુપમ અનુભવ થઈ જાય છે. એથી જે પણ ક્રમ ઉપલબ્ધ છે તે જ્ઞાનવર્ધક છે. તેમાં કંઈ પણ હાનિ નથી. એમ માનીને સંતોષ કરવું એ જ સમાધાનકારક છે.

**પ્રશ્ન– ઉપરોક્ત ૧૨ જીવના આહાર સંબંધી જ્ઞાતવ્ય શું છે ?**

**જવાબ– વનસ્પતિ :– (૧)** વનસ્પતિમાં સર્વ પ્રથમ જે જીવ પૃથ્વી પર ઉત્પન્ન થાય છે તે પૃથ્વીના સ્નેહનો આહાર કરે છે અર્થાત્ જેવી પણ તે પૃથ્વી સચેત કે અચેત છે અને જેવા પણ તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે છે તેના સારને ખેંચીને બીજમાં આવનાર મુખ્ય જીવ અંકુરિત થાય છે. તેની નેશ્રામાં પછી મૂળ(જડ) અને કંદના જીવ આવીને ઉત્પન્ન થાય છે. તે પણ પૃથ્વીની અંદર હોવાથી પૃથ્વીનો સ્નેહ ખેંચીને આહાર ગ્રહણ કરે છે. ત્યાર પછી સ્કંધ આદિના જીવ પૃથ્વીના આહાર લેનાર મૂલ અને કંદના જીવોના સ્નેહનો આહાર ગ્રહણ કરે છે. એ ઉપરાંત બધા વનસ્પતિ વિભાગોના જીવ સ્વતંત્રપણે છકાય જીવોના સંયોગ અનુસાર આહાર કરે છે અને પોતાના શરીર રૂપે પરિણત કરે છે. આ પ્રકારની આહાર પદ્ધતિ અનુસાર અહીં વનસ્પતિ જીવોના ચાર પ્રકાર હોય છે– (૧) પૃથ્વીયોનિક વનસ્પતિ જીવ અર્થાત્ પૃથ્વીનો સ્નેહ ખેંચીને આહાર ગ્રહણ કરનારા(પૃથ્વીયોનિક વૃક્ષ) (ર) પૃથ્વીયોનિક વનસ્પતિ જીવોથી આહાર ગ્રહણ કરનાર વનસ્પતિ જીવ(પૃથ્વીયોનિક વૃક્ષમાં વૃક્ષ) (૩) વનસ્પતિયોનિક વનસ્પતિ જીવોથી ક્રમિક આહાર લેનાર વનસ્પતિ જીવ(વૃક્ષ યોનિક વૃક્ષમાં વૃક્ષ) (૪) વૃક્ષ યોનિક વૃક્ષથી આહાર લેનાર વનસ્પતિના ફળ-બીજ પર્યંતના દસ વિભાગોના વનસ્પતિ જીવ.

તાત્પર્ય એ છે કે પ્રત્યેક વનસ્પતિનો મુખ્ય જીવ એક હોય છે. જે સર્વત્ર વ્યાપ્ત હોય છે. તેના સિવાય તે વનસ્પતિના(વૃક્ષના) કણ-કણમાં જીવ હોય છે. તે પોતાનાથી પૂર્વના પૃથ્વીની દિશાવાળા જીવોથી સ્નેહ રૂપમાં આહાર ગ્રહણ કરે છે. તે ઉપરાંત પણ તે પોતાની ક્ષમતા સંયોગ અનુસાર છકાયાના જીવોમાંથી કોઇનો પણ આહાર કરી શકે છે.

**(ર)** વૃક્ષમાં કલમ કરીને તેમાં અન્ય કોઈ વનસ્પતિ રોપી શકાય છે. આ કલમ સ્કંધ શાખા પ્રશાખામાંથી કરી શકાય છે. તેને આગમ શબ્દોમાં **અધ્યારોહ** કહેલ છે. તે અધ્યારોહની આહાર પદ્ધતિ પણ ઉપર અનુસાર જ છે. માત્ર પ્રારંભ પૃથ્વી આહારને બદલે વૃક્ષથી શરૂ થાય છે. તેના પણ ચાર પ્રકાર છે– (૧) વૃક્ષયોનિક અધ્યારોહના વનસ્પતિ જીવ(વૃક્ષથી આહાર લેનાર) (ર) વૃક્ષયોનિક અધ્યારોહમાં વનસ્પતિ જીવ(વૃક્ષ યોનિક અધ્યારોહથી આહાર લેનાર)(૩) અધ્યારોહ યોનિક વનસ્પતિ જીવોમાં વનસ્પતિ જીવ(અધ્યારોહ યોનિક અધ્યા-રોહ વનસ્પતિથી આહાર ગ્રહણ કરનાર)(૪) અધ્યારોહ યોનિક અધ્યારોહના વનસ્પતિ જીવોથી આહાર લેનાર ફળ, બીજ પર્યંતના દસ વિભાગોના જીવ.





સ્નેહ ખેંચવા સિવાય તે પણ છકાય જીવોનો સંયોગ ક્ષમતાનુસાર આહાર કરે છે. આ જ રીતે– ઘાસ, ધાન્ય અને હરિતકાય સંબંધી ૪–૪ આલાપક છે. આ જ રીતે આય, કાય, કુહણા, ભૂંફોડા, સર્પછત્રા આદિ વનસ્પતિના આહાર સંબંધમાં કેવળ એક જ આલાપક સમજવો, ચાર નહિ.

**(૩)** પૃથ્વીની સમાન જળમાં પણ વૃક્ષ ઉત્પન્ન થાય છે. તે પૃથ્વીયોનિકને બદલે ઉદકયોનિક કહેવાય છે. તેના પણ ચાર આલાપક વૃક્ષના, ચાર અધ્યારોહના, ચાર તૃણના, ચાર ધાન્યના અને ચાર હરિયાળીના આલાપક થાય છે. આય, કાય વગેરેનો એક આલાપક જ થાય છે.

**(૪)** આ ઉપરોક્ત સ્થલજ, જલજ સર્વ વનસ્પતિ ભેદોની નેશ્રાથી ત્રસ જીવ ઉત્પન્ન થઇ શકે છે. તેઓ તે તે વનસ્પતિના સ્નેહનો આહાર કરે છે અને સંયોગાનુસાર છકાય જીવોનો પણ આહાર કરે છે.

**મનુષ્ય :–** માતા-પિતાના શુક્ર-શોણિતના મિશ્રણના સ્નેહનો સર્વ પ્રથમ આહાર કરે છે. પછી માતા દ્વારા કરવામાં આવેલ આહારથી ઉત્પન્ન રસના ઓજનો આહાર કરે છે. ગર્ભમાંથી બહાર આવ્યા પછી સ્તનપાનથી માતાના દૂધ અને સ્નેહ(ઘી)નો આહાર કરે છે. અનુક્રમે મોટા થયા પછી વિવિધ પ્રકારના આહાર અને છકાયનો આહાર કરે છે.

**તિર્યંચ પંચેંદ્રિય :–** મનુષ્યના વર્ણનની જેમ સમજવું. કેટલીક વિશેષતાઓ આ પ્રમાણે છે– જલચર જીવ ગર્ભમાંથી બહાર આવ્યા પછી સ્તનપાન નથી કરતા પરંતુ જળના સ્નેહનો આહાર કરે છે. અનુક્રમે વૃદ્ધિ પામીને વનસ્પતિ અને ત્રસ સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે તેમજ છકાયના મુક્ત શરીરનો આહાર કરે છે. પક્ષી પણ સ્તનપાન નથી કરતા પરંતુ તે ગર્ભથી બહાર આવ્યા પછી પ્રારંભમાં માતાના શરીરના સ્નેહનો આહાર કરે છે. ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ પ્રારંભમાં વાયુના સ્નેહનો આહાર કરે છે.

**વિકલેંદ્રિય :–** વિકલેંદ્રિય જીવ ત્રસ-સ્થાવર પ્રાણીઓના સચિત્ત કે અચિત્ત શરીરમાં ઉત્પન્ન થાય છે અને તે જ શરીરના સ્નેહનો પ્રથમ આહાર કરે છે. થોડા સમય પછી(પર્યાપ્ત થયા પછી) યથાસંયોગ અન્ય ત્રસ-સ્થાવર પ્રાણીઓના શરીરમાંથી પણ આહાર પ્રાપ્ત કરે છે. તે ઉપરાંત અશુચિમાં, પરસેવામાં, ગંદા-સ્થાનોમાં અને ચર્મકીટ(કીડા) આદિરૂપમાં પણ ઉત્પન્ન થાય છે અને ત્યાંનો જ આહાર ગ્રહણ કરે છે.

**ચાર સ્થાવર :– (૧) અપ્કાય**– ત્રસ-સ્થાવર પ્રાણીઓના સચિત્ત-અચિત્ત શરીરમાંથી જ્યાં પોલાણ હોય, વાયુ હોય ત્યાં પાણીના જીવ ઉત્પન્ન થાય છે અને પછી તે અપ્કાયામાં અન્ય અપ્કાયના જીવ ઉત્પન્ન થાય છે. આમ (૧) ત્રસ-સ્થાવર યોનિક જલ (૨) જલયોનિક જલ. (૩) આ બંનેમાં ત્રસ જીવ ઉત્પન્ન થાય છે. પ્રારંભમાં સર્વ જીવ પોતાના ઉત્પત્તિ સ્થાનના સ્નેહનો આહાર કરે છે, પછી યથાયોગ્ય છકાય જીવોના શરીરનો આહાર કરે છે. વનસ્પતિની જેમ પાણી સંબંધી ચાર આલાપક છે. (૧) ત્રસ-સ્થાવર યોનિક જલ જીવ (૨) ત્રસ-સ્થાવર યોનિક જલમાં જલ જીવ (૩) જલયોનિક જલમાં જલ જીવ (૪) જલયોનિક જલમાં ત્રસ જીવ.**(૨) અગ્નિકાય**– ત્રસ-સ્થાવર પ્રાણીઓના સચિત્ત-અચિત્ત શરીરમાં કે તેના આશ્રયમાં અગ્નિના જીવ ઉત્પન્ન થાય છે અને તેના જ સ્નેહનો આહાર કરે છે. પછી તે અગ્નિમાં અન્ય અગ્નિકાયના જીવ અને ક્રમશઃ ત્રસ જીવ પેદા થાય છે. ચારે ય આલાપક પૂર્વવત્ સમજવા. **(૩–૪) વાયુકાય અને પૃથ્વીકાય**– અગ્નિની જેમ જ વાયુ તથા પૃથ્વીના ચાર-ચાર આલાપક સમજવા.

અધ્યયનના અંતમાં ઉપસંહાર રૂપે કહ્યું છે કે આમ સંસારના સમસ્ત પ્રાણી કર્મવિપાક અનુસાર જન્મ-મરણ અને આહાર કરે છે. આ તત્ત્વને જાણીને મુમુક્ષુ સાધક આહારના વિષયમાં ગુપ્તિ કરે અથવા યોગ્ય સમિતિ કરે અને સંયમ-તપ દ્વારા મોક્ષની સાધનામાં સદા પ્રયત્નશીલ રહે.

### નિબંધ–૪૭

## પ્રત્યાખ્યાનનું મહત્વ અને શ્રદ્ધા

કોઈ વ્યક્તિએ રાજાને મારવાનો સંકલ્પ કર્યો. તે અવસરની પ્રતીક્ષા કરે છે. પ્રતીક્ષામાં ૧૦ વર્ષ વ્યતીત થઈ ગયા, અવસર મળ્યો નહિ. તે વ્યક્તિ રાજાનો અમિત્ર, વધક જ કહેવાશે, મિત્ર નહિ કહેવાય. સંકલ્પનો ત્યાગ નહિ કરવાથી તે ખાવા પીવા, એશ આરામના સમયે પણ વેરી–વધક જ મનાશે. જ્યારે તે વિચાર પરિવર્તનપૂર્વક તે સંકલ્પનો ત્યાગ કરી દે તો પછી તે વધક કે વેરી નહિ રહે.

સંસારના પ્રાણી સંજ્ઞી-અસંજ્ઞી અવસ્થાઓમાં ભ્રમણ કરતા રહે છે. એથી જે વર્તમાનમાં અસંજ્ઞી છે, જેને હિંસાજન્ય પ્રવૃત્તિ કે સંકલ્પ નથી; છતાં પણ તે હિંસા ત્યાગી નથી. પાપત્યાગના સંકલ્પથી યુક્ત થયા વિના ભૂતકાળના પાપમય સંકલ્પોની પરંપરા બંધ થતી નથી.

એક અસત્યભાષી ચાલાક વ્યક્તિ છે, અતિ જૂઠ બોલવામાં પ્રસિદ્ધ છે.





તેની વાચા બંધ થવાથી તે મૂક બની ગયો. હવે બોલવાની પ્રવૃત્તિ ન હોવાથી તે અસત્યનો ત્યાગી નથી બની જતો. તેને સત્યવાદી પણ નહિ કહેવાય. તે જો અસત્યનો ત્યાગ કરી દે, વિરતિ પરિણામમાં સંકલ્પબદ્ધ થઈ જાય, મહાવ્રતધારી બની જાય તો સત્યવાદી, અસત્ય ત્યાગી કહી શકાશે. આ કારણે પાપ આશ્રવ રોકવા માટે જીવે અવિરતિમય ચિત્તનું પરિવર્તન કરી વિરતિમય પરિણામોમાં આવવું આવશ્યક છે.

રાજાની હિંસાના સંકલ્પવાળો પ્રતીક્ષાના સમયોમાં રાજાની કોઈ પણ પ્રકારની હાનિ નથી કરતો, છતાં પણ તે વધક કે અમિત્ર જ છે. તે જ પ્રમાણે જીવમાં પાપોના આચરણની યોગ્યતા બની રહે છે. જેથી તે અપ્રત્યાખ્યાન રૂપ ક્રિયાનો ભાગીદાર બને છે.

**પ્રશ્ન**– જેને ક્યારેય જોયેલ નથી, સાંભળેલ નથી, જાણેલ નથી, તેના પ્રત્યે હિંસક ચિત્ત કેમ ?

**જવાબ**– જૈન સિદ્ધાંત અનુસાર જીવ સર્વ યોનીઓમાં ભ્રમણ કરે છે, તેથી તેના પૂર્વભવના પાપમય, ચિત્તના સંસ્કારની પરંપરા નષ્ટ થતી નથી. માટે કોઈ જીવ કોઈનો અણદેખ્યો નથી. તેથી વધક પરિણામોની પરંપરા ભવાંતરથી ચાલી આવે છે. જે પ્રમાણે રાજાની હિંસાનો સંકલ્પબદ્ધ વ્યક્તિ ગાઢ નિદ્રામાં સૂતો હોય તોપણ તેને અહિંસક કે રાજાનો મિત્ર તો નહિ કહી શકાય. તે જ પ્રમાણે એકેંદ્રિય વગેરે સર્વ જીવો વિરતિ પરિણામના અભાવમાં અવિરત છે અને અવિરત જીવ આશ્રવ–કર્માશ્રવ યુક્ત હોય છે.

**પ્રશ્ન**– જ્યારે આપણે ક્યારે ય જૂઠ બોલતા નથી, કોઈ જીવને દુઃખ દેતા નથી, મારતા નથી, તો ત્યાગનો ઢોંગ અને અહંકાર કરીને આત્માને ભારે શા માટે બનાવવો ?

**જવાબ**– આ પ્રકારના વિચારોથી વ્યક્તિ પોતે પોતાને નિષ્પાપ અને ત્યાગી હોવાનો જૂઠો વિશ્વાસ કરે છે, તે મોહકર્મના નશામાં સુપ્ત હોય છે. તે પાપ અને ત્યાગને સમજતો નથી અર્થાત્ પાપોના સૂક્ષ્મ-બાદર ભેદ-પ્રભેદોથી તે અનભિજ્ઞ છે અને ત્યાગ-વ્રતના મહિમા–મહત્ત્વથી અજાણ છે. સંસારનું નાનામાં નાનું પ્રાણી પણ પાપરહિત નથી. પૂર્વના ત્રીજા અધ્યયનમાં બતાવ્યું છે કે એકેંદ્રિય જીવ પણ ત્રસ-સ્થાવર પ્રાણીઓના પ્રાણોને વિધ્વસ્ત કરી તેના અચિત્ત શરીરનો આહાર કરે છે તો માનવીની તો વાત જ શી કરવી ! તેના જીવનમાં ડગલે ને પગલે જ્ઞાનીઓની દષ્ટિમાં અગણિત પાપ રહેલા છે. નિષ્પાપ જીવન તો સાચા

ત્યાગી, મહાવ્રતધારીનું હોઇ શકે છે. એથી સંસારી માનવે યથાશક્ય પાપોના, ઉપભોગના, એશોઆરામના, ઈચ્છાઓના ત્યાગ-પ્રત્યાખ્યાન કરવા જ જોઇએ. પ્રત્યાખ્યાનનું ચિત્ત જીવને આશ્રવમુક્ત કર્મબંધમુક્ત બનાવી શકે છે. ત્યાગ-પ્રત્યાખ્યાનના ચિત્તથી અજ્ઞાન અને **મિથ્યાત્વ** = મિથ્યા વિચારોનો નાશ થાય છે, અનંત તીર્થંકરોએ, મહાપુરુષોએ પ્રત્યાખ્યાનને જીવનમાં ઉત્તરોત્તર સ્થાન આપ્યું છે. અવિરતિથી એટલે કે અપ્રત્યાખ્યાનથી જીવો પ્રત્યાખ્યાનમાં પહોંચીને જ વાસ્તવમાં જિનાનુયાયી બનીને આત્મવિકાસ સાધી શકે છે. વિરતિને અહં કે ઢોંગ કહેવો કે સમજવો, તે પણ અવિરતિ એટલે કે અપ્રત્યાખ્યાન સંબંધી જીવની અનાદિ ટેવનો પ્રભાવ છે. એવા જ અનાદિ અજ્ઞાનના ગુપ્ત નશામાં વ્યક્તિ પોતે પોતાને અધિક જ્ઞાની ત્યાગી અથવા અપાપી માનવાના ભ્રમમાં રહે છે. તેને જિનવાણીના અધ્યયનથી સૂક્ષ્મ, સૂક્ષ્મતમ અને સ્થૂલ સઘળા પાપોને સમજીને વાસ્તવિક અને પરિપૂર્ણ પાપત્યાગી બનવાનો પ્રયત્ન કરવો જોઇએ.

**આ અધ્યયનનો પરમાર્થ–** આત્મકલ્યાણના ઈચ્છુક સાધકોએ પાપ અને અવિરતિને જિનવાણી દ્વારા સારી રીતે સમજીને પાપોના સંપૂર્ણ ત્યાગી–વિરત બનવું જોઇએ. જ્યાં સુધી પૂર્ણ ત્યાગ ન થઇ શકે ત્યાં સુધી પોતાના જ્ઞાનનો વિકાસ કરીને **જેટલા શક્ય હોય** તેટલા પાપનો, પ્રવૃત્તિઓનો, ભોગ-ઉપભોગ સામગ્રીનો અને મોજ-શોખનો ત્યાગ કરવો જોઇએ. વિરતિમય પ્રત્યાખ્યાનમય ચિત્તની વૃદ્ધિ કરવી જોઇએ. અન્યથા અનાદિ પાપ અને ભોગ સંસ્કાર આત્મા પર પ્રભુત્વ જમાવીને તેને પોતે પોતાને અપાપી હોવાના ભ્રમમાં રાખી ખરેખર સદાને માટે પણ પાપી અને અવિરત બનાવી રાખશે. પાપ અને અવિરતનું પરિણામ સંસાર- ભ્રમણ અને દુઃખ છે. જ્યારે પ્રત્યાખ્યાનનું પરિણામ કર્મબંધ મુક્તિ અને સંસાર દુઃખ મુક્તિ છે.

### નિબંધ–૪૮

## ભાષા સંબંધી અનાચાર અને વિવેક જ્ઞાન

(૧) આ લોક દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે, નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અશાશ્વત-અનિત્ય છે. (૨) તીર્થંકરો મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષા સદા રહે છે, ભરત-એરવત ક્ષેત્રની અપેક્ષા તેઓનો વિયોગ થાય છે. (૩) સર્વ પ્રાણી જીવત્વની અપેક્ષા, આત્મતત્ત્વની અપેક્ષા સમાન છે; વર્તમાનભવ અથવા અવસ્થાની અપેક્ષા સમાન-અસમાન બંને પ્રકારના હોઇ શકે છે.(૪) કેટલાક





જીવ સદા કર્મબંધન યુક્ત જ રહેનારા છે અને કોઇ જીવ કર્મરહિત પણ હોઇ શકે છે. નાના-મોટા પ્રાણીની હિંસાથી ક્યારેક સમાન અને ક્યારેક હીનાધિક કર્મબંધ થઇ શકે છે એટલે કે સમિતિયુક્ત સાવધાની પૂર્વક પ્રવૃત્તિ કરવા છતાં પણ અચાનક નાના કે મોટા જીવની વિરાધના થઇ જાય તો તેનાથી ક્યારેક સમાન અને ક્યારેક અસમાન કર્મબંધ થાય છે. (૫) અગિયારમા, બારમા અને તેરમા એ ત્રણ ગુણ સ્થાનવર્તી જીવોને સમાન બંધ થાય છે, શેષ ગુણસ્થાનવર્તી જીવોને ક્યારેક સમાન અને ક્યારેક અસમાન એમ બંને પ્રકારના કર્મબંધ થાય છે. (૬) આધાકર્મી આહાર-પાણી આદિ કોઇપણ વસ્તુનો ઉપયોગ કરનાર શ્રમણોમાંથી હેતુની શુદ્ધિ અથવા અશુદ્ધિના કારણે તેમજ અજાણતા અથવા ભૂલ આદિના કારણે ક્યારેક કોઇને પાપકર્મનો બંધ થાય છે, ક્યારેક કોઇને બંધ થતો નથી; એ સર્વજ્ઞોના જ્ઞાનનો વિષય છે. માટે છદ્મસ્થ સાધક આ વિષયમાં આગ્રહયુક્ત કથન કરી શકતા નથી. (૭) ઔદારિક આદિ પાંચે ય શરીર પરસ્પર કથંચિત ભિન્ન હોય છે, કથંચિત અભિન્ન એકમેક થઈને રહે છે તથા પાંચે શરીરની શક્તિ સામર્થ્યમાં પણ વિભિન્નતા હોય છે.(અહીં પાંચ શરીરોમાંથી આદિ,મધ્ય અને અંતના ત્રણ શરીરનું કથન છે છતાં પણ ઉપલક્ષણથી પાંચે ય શરીરનું ગ્રહણ કરી લેવાય છે.) (૮) લોક અને અલોક બંનેનું અસ્તિત્વ સ્વીકારવું જોઇએ. એમ જ લોકમાં જીવ-અજીવ, ધર્મ-અધર્મ, બંધ-મોક્ષ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, વેદના-નિર્જરા એ બધા તત્ત્વો છે, તેનો સ્વીકાર કરવો જોઇએ અર્થાત્ એનો નિષેધ નહીં કરવો જોઇએ. (૯) સંસારી જીવોને ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ હોય છે અને તેનું યથાયોગ્ય કર્મબંધ રૂપ ફળ પણ જીવોએ ભોગવવું પડે છે. (૧૦) ચાર ગતિ રૂપ સંસારનું અસ્તિત્વ છે, દેવ-દેવીઓ અને સિદ્ધ ભગવાનનું અસ્તિત્વ પણ લોકમાં છે અને સિદ્ધિસ્થાન રૂપ જીવોનું નિજ સ્થાન પણ લોકાગ્રે છે, એ સ્વીકારવું જોઇએ. (૧૧) લોકમાં સાધુ-સુસાધુ પણ હોય છે અને અસાધુ-કુસાધુ પણ હોય છે અર્થાત્ સાચુ સાધુપણું કોઇ પાલન કરી જ નથી શકતું, એવું નહીં બોલવું જોઇએ. (૧૨) સંસારમાં સારા કાર્ય આચરણ પણ છે, ખરાબ આચરણ પણ છે અને તેનું યથાયોગ્ય પરિણામ પણ જીવને પ્રાપ્ત થાય છે, એમ સ્વીકારવું જોઇએ. કોઇ અજ્ઞાની લોકો પોતાને પંડિત માનીને એવું કથન કરે છે કે સારું ખરાબ એવા કોઇ ભેદ નહીં કરવા જોઇએ. જીવના સ્વભાવથી જે પ્રવૃત્તિ થઇ જાય તેને થવા દેવી જોઇએ. સહજભાવમાં વર્તતા રહેવું જોઇએ, સારા ખરાબના વિકલ્પોમાં અટવાવું જોઇએ નહીં. એવું કહેનારા કર્મબંધને સમજતા નથી. તેથી તે સ્વયં અજ્ઞાનદશા

પૂર્વક યથેચ્છ મનમાની પાપ પ્રવૃત્તિ કરે છે અને અન્યને પણ સ્વચ્છંદવૃત્તિમાં જોડે છે. એવા પ્રાણી વ્રતપ્રત્યાખ્યાન કે આત્મસાધના, ઈંદ્રિયનિગ્રહ, કષાય વિજય વગેરે કંઇ પણ નહીં કરતાં મિથ્યાત્વ અજ્ઞાનને કારણે દુર્ગતિના ભાગીદાર બને છે. વાસ્તવમાં અનાદિકાળથી સંસારના પ્રવાહમાં પ્રવહમાન જીવોને પાપાચરણ પરિચિત થઇ જાય છે. તેને જ્ઞાનીઓની સંગતિથી સમજવા જોઇએ અને અનાદિ કુટેવોનો, કુસંસ્કારોનો વિવેકપૂર્વક ત્યાગ કરવો જોઇએ. તાત્પર્ય એ છે કે જીવને નિરંકુશ નહીં છોડીને જ્ઞાનરૂપ અંકુશમાં રાખીને જિનેશ્વરો દ્વારા બતાવેલ માર્ગનું અનુસરણ કરીને આત્મસાધના, સંયમસાધના, આરાધના યુક્ત જીવન જીવવું જોઇએ; ત્યારે જ આત્મકલ્યાણ અને મોક્ષપ્રાપ્તિ સંભવ બને છે. (૧૩) સંસારના સમસ્ત પદાર્થ જેવા છે તેવા જ રહે છે, તેનામાં પરિવર્તન થવું તે માત્ર ભ્રમ છે; આ કથન પણ અજ્ઞાન ભરેલું છે. વાસ્તવમાં પ્રત્યેક પદાર્થોની અવસ્થાઓનું પરિવર્તન થતું રહે છે. (૧૪) જગતમાં સુખ-દુઃખ બંને છે, સુખી દુઃખી બંને પ્રકારના પ્રાણી છે, એમ સમજવું જોઇએ પરંતુ સર્વાત્મા દુઃખી જ છે, કોઇ સુખી છે જ નહીં એવું કથન નહીં કરવું જોઇએ. (૧૫) સર્વ જીવ પોતાના આયુષ્ય પ્રમાણે જીવે-મરે છે એથી કોઇ પણ પ્રાણીને મારવાથી કંઇ નહિ થતું; એવું કથન કરવું જોઇએ નહીં. કારણ કે કોઇ પણ પ્રાણીના પ્રાણોને નષ્ટ કરવા એ હિંસા છે, પાપ છે; તે અઢાર પાપોમાં પ્રથમ પાપ છે. પોતાના પાપના પરિણામ અને પાપની પ્રવૃત્તિથી જીવને કર્મબંધ થાય છે અને કર્મ જ દુઃખનું મૂળ છે, સંસાર છે. (૧૬) કોઇ પાપી અપરાધી પ્રાણી રાજદંડથી મૃત્યુદંડ પામે, તેને 'એ અવધ્ય છે, મારવા યોગ્ય નથી' એવા વ્યવહાર વિપરીત વચન પણ સાધુએ બોલવા જોઇએ નહીં પરંતુ મૌન રહીને તત્સંબંધી ચિંતનથી મુક્ત રહીને પોતાની સાધનામાં લીન રહેવું જોઇએ. કદાચિત્ વૈરાગ્યપૂર્ણ અનુકંપાના ભાવોને ઉપસ્થિત કરીને સંસાર ભાવનાના સ્વરૂપનો વિચાર કરવો જોઇએ. (૧૭) જિનાજ્ઞાનુસાર સંયમનું યથાર્થ પાલન કરનાર સુસાધુઓને, પોતાની અજ્ઞાનતાથી કે મલીન વિચારોથી 'એ તો ઢોંગી છે, કપટ ક્રિયા કરનાર છે.' એવી માન્યતા, વિચારધારા નહીં રાખવી જોઇએ અને એવા વચન પણ પ્રયોગ કરવા જોઇએ નહીં. (૧૮) કોઇ પણ પ્રકારની ભવિષ્યવાણી રૂપ કથન પણ સાધુએ નહીં કરવું જોઇએ, જેમ કે– અમુક વ્યક્તિ પાસેથી દાન દક્ષિણા પ્રાપ્ત થશે અથવા પ્રાપ્ત નહીં થાય. કારણ કે બંને વ્યક્તિઓના અંતરાય કર્મના ક્ષયોપશમ અનુસાર જ કાર્ય થાય છે, તેને સર્વજ્ઞ જ જાણી શકે છે. જેથી છદ્મસ્થને એવા કથન કરવામાં ક્યારેક મિથ્યા કથનનો દોષ લાગી શકે છે,





માટે આ પ્રકારના ભાવિ વિષયક કથનથી સાધુએ દૂર જ રહેવું જોઇએ.

ઉપર કથિત બધા વિષયોમાં જેવી આગમ આજ્ઞા છે, જેવો જિનેશ્વર ભગવંતોનો ઉપદેશ કે આદેશ છે તદનુસાર જ પોતાની શ્રદ્ધા-પ્રરૂપણા અને આચરણ તેમજ ભાષાપ્રયોગ કરવા જોઇએ અને એવો જ વિવેક વ્યવહાર અને શુદ્ધ સંયમ અનુષ્ઠાન સાધકે મોક્ષ પ્રાપ્તિ પર્યંત નિરંતર કરતા રહેવું જોઇએ. આ પ્રકારની શિક્ષા અધ્યયનની અંતિમ તેત્રીસમી ગાથામાં આપી છે.

## નિબંધ–૪૯

# અપાત્ર-અયોગ્યને જ્ઞાન શામાટે આપવું

પાત્રતામાં વિનય વ્યવહાર સિવાય અન્ય ગુણ પણ વિચારણીય હોય છે. વિનય વ્યવહાર નહિ કરવામાં વ્યક્તિનો શું હેતુ છે ? કયો સિદ્ધાંત છે ? શું સમાચારીનો હેતુ રહેલ છે કે અન્ય કોઇ ભ્રમ આદિ છે ? તેને પોતાના બુદ્ધિબળ થી સમજવાનું હોય છે. તે સિવાય સાચી જિજ્ઞાસા પણ વ્યક્તિને વિશેષ પાત્ર સાબિત કરી દે છે. તે ઉપરાંત વિશિષ્ટ જ્ઞાનીઓ દ્વારા પોતાના જ્ઞાનબળથી સામેવાળા વ્યક્તિના ભવિષ્ય સંબંધી પરિણામનો વિચાર કરીને પણ વ્યવહાર કરવામાં આવે છે. સ્વયં ગૌતમસ્વામી ૪ જ્ઞાનધારી અને ૧૪ પૂર્વી હતા. તેથી તેઓ ઉદકમુનિની પાત્રતાને સમજતા હતા. શાસ્ત્રાજ્ઞા ઉપરાંત પણ વ્યવહાર કૃત્યોમાં વ્યક્તિની વિચક્ષણતા અનુસાર અનેક સત્તા–અધિકાર સ્વતઃ સિદ્ધ થાય છે. જિનશાસનમાં બહુશ્રુત વિદ્વાન બુદ્ધિમાન શ્રમણોને એવા અધિકાર હોય એમાં કોઇ સંદેહ નથી. તે જ કારણે ગૌતમસ્વામીને ઉદકમુનિ સાથે ચર્ચા કરવામાં ભગવાન મહાવીર સ્વામીની આજ્ઞા પણ લેવાની આવશ્યકતા ન રહી.

શ્રી ભગવતીસૂત્ર શતક ૯/૩૩ અનુસાર સ્વયં ભગવાન મહાવીર સ્વામીએ વિનય વ્યવહાર વંદન વગેરે નહિ કરીને, માત્ર આવીને ઊભા રહેતા જ સીધા પ્રશ્ન ઉપસ્થિત કરનાર ગાંગેય અણગારને અનેક સંખ્યાબંધ પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપ્યા હતા. વાસ્તવમાં તે સમયની પરિસ્થિતિ કંઇક એવી જ વિચિત્ર બનેલી હતી કે ગોશાલકે પણ પોતાને ચોવીસમા તીર્થંકર હોવાનો ચતુર્વિધ સંઘ સમક્ષ દેખાવ તથા આઠ મહા પ્રાતિહાર્ય અને અતિશય આદિ બનાવી રાખેલ હતા. પાર્શ્વનાથ ભગવાનના શાસનના સાધુઓ સમક્ષ ઘણી મોટી સમસ્યા ઉપસ્થિત થઇ રહી હતી કે સાચું કોણ છે ? કોનો સ્વીકાર કરવો કે ન કરવો ? આ જ શંકાની સ્થિતિના કારણે પાર્શ્વનાથ ભગવાનના સાધુ વંદન કરવાનો નિર્ણય

નહોતા કરી શકતા. ઉદકમુનિ તો પોતાની જિજ્ઞાસાના સમાધાન માટે જ આવ્યા હતા. છતાં પણ ઉક્ત મુંઝવણના કારણે વંદન કરવાને માટે તેમનો આત્મા તત્પર નહોતો થઈ શક્યો. એવી પરિસ્થિતિને સમજીને જ પરમ ઉદાર તીર્થંકર પ્રભુ અને ગણધર આદિ શ્રમણ આગંતુકનો તિરસ્કાર કર્યા વિના સહજ સરલતા અને નિરભિમાનતા પૂર્વક જિજ્ઞાસુને સમજાવવાનો પ્રયત્ન કરતા હતા. પાઠકોએ આવી ઉદારતા અને વિચક્ષણતા સમીક્ષા કરવા યોગ્ય છે.

### નિબંધ–૫૦

## ધર્મની પ્રાપ્તિ તથા ધર્મનો પ્રકાર

જીવ જ્યાં સુધી આરંભ અને પરિગ્રહને સમજી ન લે અને સમજીને તેના પ્રત્યે આસક્તિનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે આત્માને ધર્મની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ આરંભ-પરિગ્રહમાં રચ્યા-પચ્યા જીવ, આસક્ત જીવ ધર્માભિમુખ બની શકતા નથી. ક્યારેક કોઈ વ્યક્તિ દેખાદેખી કે પ્રવાહથી ધર્મી બની જાય તોપણ જ્યાં સુધી આરંભ પરિગ્રહને સમજીને તેની આસક્તિ દૂર ન થાય ત્યાં સુધી તે વાસ્તવમાં ધર્મ પામેલા નહીં કહી શકાય. જે આરંભ પરિગ્રહને સમજીને ભાવોથી તેની આસક્તિ ઘટાડે છે તે જ વાસ્તવમાં ધર્મબોધ પામી શકે છે અથવા તેમણે જ ધર્મબોધ પ્રાપ્ત કરેલ છે એમ સમજી શકાય છે. આ રીતે આરંભ પરિગ્રહની આસક્તિ દૂર કરી ધર્મબોધ પામનારા ક્રમશઃ અણગારધર્મ સ્વીકારી શકે છે, બ્રહ્મચર્યવાસ, સંવર, સંયમ યાવત્ કેવલજ્ઞાન સુધી પાંચે ય જ્ઞાનમાંથી કોઈપણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

આ પ્રકારનો ધર્મ જીવને કોઈની પાસે સાંભળવાથી પણ પ્રાપ્ત થાય છે અને સાંભળ્યા વગર સ્વતઃ આત્મબોધ પણ થઈ શકે છે અર્થાત્ પૂર્વભવના જ્ઞાન પ્રભાવે કે ક્ષયોપશમથી સ્વતઃ પણ ધર્મબોધ થાય છે.

**ધર્મનું સાચું સ્વરૂપ–** ધર્મના બે પ્રકાર કહેલ છે– શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. અહીં એમ પણ બતાવેલ છે કે જ્ઞાન અને ચારિત્ર, એ બેથી સંપન્ન જીવ(અણગાર) અનાદિ અનંત આ સંસારને પાર કરીને મુક્ત થઈ શકે છે. અહીં જ્ઞાન શબ્દથી સમ્યક જ્ઞાન અને તેની સમ્યક શ્રદ્ધાન સમજવા તથા સમ્યક ચારિત્રની સાથે સમ્યક તપ સમજી લેવું. કારણ કે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપરૂપ ચતુર્વિધ મોક્ષમાર્ગ કહેલ છે. કોઈ માત્ર જ્ઞાનથી જ મુક્તિ માને, ત્યાગ-પ્રત્યાખ્યાન, વિરતિ આદિની ઉપેક્ષા કરે તો તે મુક્તિ માર્ગ બની ન શકે.





એકાંત આગ્રહ હોવાથી તે પણ સંસાર ભ્રમણનો જ માર્ગ બને છે.

ચારિત્રધર્મના પણ બે ભેદ કર્યા છે– આગાર ચારિત્રધર્મ અને અણગાર ચારિત્રધર્મ અર્થાત્ શ્રાવકધર્મ અને શ્રમણધર્મ. સાધકોએ પોતાની અલ્પ ક્ષમતા હોવાથી કે અવસર-સંયોગ અનુસાર શ્રાવક ધર્મ પણ સ્વીકારવો જોઈએ. તેમાં પણ એક-એક વ્રતથી આગળ વધતાં ઉત્કૃષ્ટ બાર વ્રતધારી શ્રાવક બનવું જોઈએ. આગળ વધીને પડિમાધારી શ્રાવક બનીને અંતમાં સંલેખના-સંથારા યુક્ત શ્રાવકધર્મ આરાધનનું લક્ષ રાખવું જોઈએ.

શ્રાવક ધર્મપાલનની સાથે તેની ક્ષમતા વધારીને તેમજ સંયોગોને, સુધારીને અણગારધર્મ સ્વીકારવાનું લક્ષ્ય પણ રાખવું જોઈએ. ત્યાર પછી તેમાં સફળતા મળવાથી ઉત્સાહપૂર્વક અણગારધર્મ ધારણ કરવો જોઈએ અને આગમાનુસાર તેની આરાધનામાં તત્પર બનવું જોઈએ. તે જ અહીં બતાવેલ દ્વિવિધ ધર્મનો સાર છે તથા જ્ઞાન અને ચારિત્ર બંનેના સેવનથી મુક્તિ કહેવાનું ખરૂં તાત્પર્ય છે.

માટે જે જિન ધર્મ સ્વીકારીને, સંતોષ માનીને, શ્રાવક વ્રતોમાં આગળ વધવાનો કે વ્રત-પ્રત્યાખ્યાન વધારવાનો અથવા સંયમ લેવાનો ઉદ્દેશ જ રાખતા નથી, વ્રત-પ્રત્યાખ્યાન વૃદ્ધિ તેમજ સંયમ ગ્રહણનું કોઈ મહત્ત્વ જ સ્વીકારતા નથી, આ પ્રકારની તેઓની વિચારણા અહીંના આ દ્વિવિધ ધર્મ વર્ણનથી તેમજ જ્ઞાન અને ચારિત્રથી મુક્ત થવાના વર્ણનથી ઉચિત થતી નથી. જો કોઈએ મોક્ષમાર્ગની સફળ આરાધના કરવી હોય તો જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપ ચારેયની સુમેળપૂર્વક આવશ્યકતા સમજવી જોઈએ.

### નિબંધ–૫૧

## ઇન્દ્ર સંબંધી જ્ઞાન

બીજા ઠાણાંગમાં બે-બે બોલનું કથન હોવાથી બે-બે ઈન્દ્રોના કથન કરતાં ચારે જાતિના દેવોના કુલ ૬૪ ઈન્દ્ર કહ્યા છે. સંક્ષેપમાં તે આ પ્રમાણે છે– ભવનપતિ દેવોના–૨૦+વાણવ્યંતર દેવોના–૩૨+જ્યોતિષી દેવોના–૨+ વૈમાનિક દેવોના–૧૦ ઈન્દ્ર = કુલ ૬૪ ઈન્દ્ર થાય છે. આગમાનુસાર જ્યોતિષી દેવોમાં અસંખ્ય ઈન્દ્ર હોય છે, તેમ છતાં જાતિ રૂપે કે અપેક્ષા વિશેષથી ગણતરીની અપેક્ષાએ આગમમાં જ ઈન્દ્રોની આ ૬૪ સંખ્યા કહેવાય છે. ૬૪ ઈન્દ્રોના નામ–

**ભવનપતિના ૨૦ ઈન્દ્રો–** ભવનપતિની અસુરકુમાર આદિ દસ જાતિ છે, તેના ઉત્તર અને દક્ષિણ દિશાવર્તી બે-બે ઈન્દ્ર હોવાથી કુલ ૨૦ થાય છે. તેના નામ– (૧-૨) ચમરેન્દ્ર-બલીન્દ્ર (૩-૪) ધરણેન્દ્ર-ભૂતાનેન્દ્ર (૫-૬) વેણુદેવ- વેણુદાલી (૭-૮) હરિકંત-હરિસ્સહ (૯-૧૦) અગ્નિસિંહ-અગ્નિમાણવ (૧૧-૧૨) પૂર્ણ-વિશિષ્ટ (૧૩-૧૪) જલકાંત-જલપ્રભ (૧૫-૧૬) અમિતગતિ-અમિતવાહન (૧૭-૧૮) વેલંબ-પ્રભંજન (૧૯-૨૦) ઘોષ- મહાઘોષ.

**વાણવ્યંતર દેવોના ૩૨ ઈન્દ્રો–** વાણવ્યંતરના પિશાચ આદિ આઠ અને આણપન્ની આદિ આઠ એમ ૧૬ જાતિના ઉત્તર તથા દક્ષિણ દિશાવર્તી બે-બે એમ કુલ ૧૬×૨= ૩૨ ઈન્દ્રો થાય છે. તેના નામ આ પ્રમાણે છે– **પિશાચ આદિના–** (૧-૨) કાલ-મહાકાલ (૩-૪) સરૂપ-પ્રતિરૂપ (૫-૬) પૂર્ણભદ્ર-માણિભદ્ર (૭-૮) ભીમ-મહાભીમ (૮-૧૦) કિન્નર-કિંપુરુષ (૧૧-૧૨) સત્પુરુષ-મહાપુરુષ (૧૩-૧૪) અતિકાય-મહાકાય (૧૫-૧૬) ગીતરતિ-ગીતયશ. ***આણપન્ની આદિના–*** (૧૭-૧૮) સન્નિહિત-સામાન્ય (૧૯-૨૦) ધાતા-વિધાતા (૨૧-૨૨) ઋષિ-ઋષિપાલક (૨૩-૨૪) ઈશ્વર-મહેશ્વર (૨૫-૨૬) સુવત્સ-વિશાલ (૨૭-૨૮) હાસ્ય-હાસ્યરતિ (૨૯-૩૦) શ્વેત-મહાશ્વેત (૩૧-૩૨) પતંગ-પતંગગતિ.

**જ્યોતિષી દેવોના ૨ ઈન્દ્રો–** ચંદ્ર અને સૂર્ય. **વૈમાનિક દેવોના ૧૦ ઈન્દ્રો–** (૧) સૌધર્મેન્દ્ર (૨) ઈશાનેન્દ્ર (૩) સનત્કુમારેન્દ્ર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોકેન્દ્ર (૬) લાંતકેન્દ્ર (૭) મહાશુક્રેન્દ્ર (૮) સહસ્રારેન્દ્ર (૯) પ્રાણતેન્દ્ર (૧૦) અચ્યુતેન્દ્ર. દેવલોક ૧૨ છે પરંતુ તેના ઈન્દ્રો ૧૦ છે, કારણ કે નવમા-દસમા બંને દેવલોકના એક જ ઈન્દ્ર-પ્રાણતેન્દ્ર છે. અને ૧૧મા ૧૨મા દેવલોકના એક જ ઈન્દ્ર-અચ્યુતેન્દ્ર છે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં બધા ઈન્દ્ર જ છે, તેમને અહમેન્દ્ર કહેવાય છે. તેથી તેમની ગણતરી ૬૪ ઈન્દ્રોમાં કરેલ નથી.

### નિબંધ–૫૨

## તારા તૂટવાનો અર્થ

તારા તૂટવા એ એક લોક વ્યવહાર ભાષાનું કથન માત્ર છે. આગમમાં **तारा रूवा चलेज्जा** એવો પાઠ ભાષાના વિવેક સાથે છે. જેનો અર્થ છે– તારા જેવા રૂપમાં આકાશમાં કંઈક ચાલે છે, ચાલતું હોય તેવું દેખાય છે. આવો દેખાવ ત્રણ પ્રકારે થાય છે– (૧) કોઈ દેવ આકાશમાં રહીને વિકુર્વણા કરે, વૈક્રિય





શક્તિ પ્રયોગથી પુદ્ગલ ગ્રહણ કરે, છોડે તો તેમાં કોઈ પુદ્ગલ વૈક્રિય શરીર યોગ્ય ઉદ્યોતગુણ વાળો હોય તો તે આકાશમાં અહીં-તહીં ચલાયમાન થતા દેખાય છે અર્થાત્ પદાર્થોની ચમક દેખાય છે. જેમ કે આતશબાજીના કોઈ પુદ્ગલ ઉપર જઈને ચમકતા દેખાઈને ત્યાંજ સમાપ્ત થઈ જાય છે. તેવી જ રીતે ચમકતા પુદ્ગલો થોડી વારમાં ત્યાં જ સમાપ્ત–વિશીર્ણ થઈને દેખાતા બંધ થઈ જાય છે. (૨) દેવ આકાશમાં પરિચાર–સંચરણ કરે છે ત્યારે થોડીવાર સુધી તારા જેવા ચમકતા પુદ્ગલ અને ચાલતા પુદ્ગલ દેખાય છે, થોડી વાર પછી તે દેવ આપણી ચક્ષુ સીમાથી દૂર થઈ જાય કે તેના બાધક કોઈ વિમાન આડા આવી જાય અથવા તેઓ વિમાનની અંદર ચાલ્યા જાય ત્યારે આપણને દેખાતા બંધ થઈ જાય છે. અત્યંત દૂર ઊંચા સેંકડો માઈલ આદિ હોવાથી ચમકતા પદાર્થો ગમે તેટલા મોટા હોય તોપણ તારા જેવા નાના દેખાવા લાગે છે. (૩) ચંદ્ર, સૂર્ય, ગ્રહ અને નક્ષત્રના વિમાન સદા પોતાના સ્થાન–અવગ્રહમાં રહેતાં ગોળાકારે મેરુને પ્રદક્ષિણા કરતાં અને મેરુથી સમાન અંતરે રહેતાં ભ્રમણ કરતા રહે છે. તે વિમાન ક્યારે ય પણ આજુ-બાજુ કે ઉપર-નીચે સરકતા નથી પરંતુ તારા વિમાન ક્યારેક આડા અવળા પણ ચાલી શકે છે અને થોડે દૂર જઈને ફરી પોતાની પૂર્વવત્ પરિક્રમા ચાલુ કરી દે છે. જેનાથી પણ લોકમાં તારા તૂટે છે, એવો આપણને આભાસ થાય છે. જેને શાસ્ત્રકારની ભાષામાં તારા રૂપ ચાલવાનું કહેલ છે. તાત્પર્ય એ છે કે જેમ વીજળી પડે છે તેમ તારા વિમાન તૂટીને નીચે ખરી પડતા નથી.

### નિબંધ–૫૩

## લોકમાં થતા પ્રકાશ અને અંધકાર

લોકમાં ક્યાંય પણ થતી પ્રક્રિયાને લોકમાં થઈ તેમ કહેવાય છે. તેને આખો લોક સમજી લેવો તે બહુ મોટી ભૂલ છે, તે ભ્રમથી ચાલતી આવી રહી છે. શાસ્ત્રમાં અનેક વાતો લોક શબ્દથી કહેલ છે, તેમાં આખો લોક સમજવાનો હોતો નથી. જેમ કે– લોકમાં દશ અચ્છેરા કહેલ છે, તો ગર્ભહરણ, અસંયતિ પૂજા, ચંદ્ર-સૂર્યાવતરણ વગેરે આખા લોકમાં ન સમજવા. લોકમાં કોઈ એક ભાગમાં થતી ઘટનાને લોકની ઘટના જ કહેવાય છે. અસંયતિ પૂજા પણ ભરત ક્ષેત્રમાં જ થઈ, તેને આખા લોકમાં માનવાની કોશીશ ન કરી શકાય. તાત્પર્ય એ છે કે જેનો જેટલો પ્રસંગ હોય તેવો અર્થ સમજાય છે.

બસ, એ જ રીતે લોક ઉદ્યોત અને લોક અંધકાર પણ અપેક્ષાએ સમજી

શકાય છે. લોકમાં જ્યાં દેવોનું આગમન થાય છે, જે માર્ગે દેવ કે દેવ વિમાન પસાર થાય છે, ત્યાં પ્રકાશ-પ્રકાશ થઈ જાય છે. કારણ કે આગળના સૂત્રમાં જ તેનું સ્પષ્ટીકરણ આવી જાય છે. **देवुज्जोए सिया**= દેવ સંબંધી ઉદ્યોત થાય છે. લોકનો અર્થ છે આપણા આ મનુષ્ય લોકમાં, લોકથી આખો લોક અર્થનો આગ્રહ કરવાથી અનેક સૂત્ર પાઠોના અર્થમાં દ્વિધા પેદા થાય છે.

તીર્થંકરોને એવું કોઈ ઉદ્યોત નામકર્મ પણ શરીરમાં હોતું નથી કે જે આખા લોકમાં ચમક-પ્રકાશ કરે. ખુશીમાં આવીને દેવતા પ્રકાશ કરે તો તે પણ આખા લોકમાં એવું ન કરી શકે. અમુક સીમિત ક્ષેત્રમાં જ દેવતા પ્રકાશ, વર્ષા, વીજળી, ગર્જના, કોલાહલ, સિંહનાદ આદિ કરી શકે છે.

અહીં જે અંધકાર થવાનું કથન છે તે તો એક માત્ર ભાવ અંધકારની અપેક્ષાએ જ સમજવું જોઈએ, તે પણ એક દેશમાં અર્થાત્ સીમિત ક્ષેત્રની અપેક્ષા સમજવું જોઈએ. કારણ કે પાંચ મહાવિદેહ ક્ષેત્રની ૧૬૦ વિજયોમાં પૂર્વોનું જ્ઞાન, જિનશાસન, ધર્મ અને અનેક તીર્થંકર, કેવલી, દ્વાદશાંગધારી, પૂર્વધારી હોય જ છે તેથી ત્યાં આવો અંધકાર ક્યારે ય થતો નથી. લોકમાં એટલે આપણા આ ભરતક્ષેત્રમાં ધાર્મિક લોકોની અપેક્ષાએ ભાવાંધકાર થાય છે, સર્વલોકની અપેક્ષાએ થતો નથી. પ્રકાશ પણ તીર્થંકરની નગરી અને જ્યાંથી દેવો ગમનાગમન કરે છે અને તેઓનો પ્રકાશ જ્યાં જ્યાં સુધી પહોંચે છે, તે ક્ષેત્રમાં જ સમજવું જોઈએ. તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન સમયે આખા લોકમાં પ્રકાશ થવાનું માની નરક સહિત ૧૪ રાજલોક પ્રમાણમાં દ્રવ્ય પ્રકાશ થવો માનવો, સૂક્ષ્મતમ વિચારણા વગર તેમજ આગમમાં પ્રયુક્ત શબ્દોના પ્રાસંગિક અર્થની અપેક્ષાને ધ્યાનમાં લીધા વગર તેમજ અનુપયોગથી તથા અતિશયોક્તિના માનસથી ચાલી આવતી પરંપરા સમજવી જોઈએ. તેથી **लोगुज्जोए**= લોકમાં ઉદ્યોત= પ્રાસંગિક ક્ષેત્રમાં દ્રવ્ય પ્રકાશ અર્થ સમજવો પર્યાપ્ત અને સમાધાનયુક્ત થાય છે.

લોકમાં અંધકારના અહીં ત્રણ કારણોથી જે પણ કથન છે તે દ્રવ્ય અંધકારનો વિષય નથી, તેમાં ભાવ અંધકાર અર્થ કરવો પ્રસંગસંગત તેમજ સમાધાનકારક થાય છે. પૂર્વોના વિચ્છેદ થવાથી જિનશાસનમાં થોડો અભાવ, ઘટાડો થવાથી તેને ભાવ અંધકાર થવો સમજાય છે. દ્રવ્ય અંધકાર થવો અસંભવ છે અને એમ માનવું પણ અસંગત છે.

**देवुज्जोए–देवंधयारे** શબ્દથી આખા દેવલોકમાં દ્રવ્ય અંધકાર કે પ્રકાશ અર્થ કરવામાં આવે તો અહીં ક્રમશઃ **देवुक्कलिया, देव-कह-कह**





વગેરે શબ્દોથી આખા દેવલોકમાં દેવોની કિલકારીઓ, દેવોનું ચિક-ચિક, દેવોનું આવાગમન વગેરે માનવું પડશે પરંતુ એમ નહીં સમજીને માત્ર જ્યાં જ્યાં જેટલા ક્ષેત્રમાં દેવોનું આવાગમન થાય છે ત્યાં જ દેવોની કિલકારીઓ, ચિક-ચિક અને સંન્નિપાત આદિ સમજાય છે. બસ એ જ રીતે ઉદ્યોત , દેવુદ્યોત પણ તે જ ક્ષેત્રમાં સમજવો જોઈએ, આખા દેવલોકમાં ન સમજવો. તેથી **लोकुद्योत** પણ લોકમાં જ્યાં પ્રસંગ છે, જ્યાં જ્યાં દેવોનું ગમનાગમન છે, ત્યાં સુધી જ સમજવું જોઈએ. આ રીતે અહીંના સૂત્રોના અર્થ થાય છે કે– (૧) તીર્થંકરોના જન્મસમયે (૨) દીક્ષા સમયે (૩) અને કેવળજ્ઞાન સમયે લોકમાં–પ્રાસંગિક ક્ષેત્રમાં ઉદ્યોત થાય છે. એ ત્રણ પ્રસંગોમાં દેવોના આવાગમન પ્રસંગે દેવ સંબંધી ઉદ્યોત, ખુશીઓ, કિલકારીઓ, ચિક-ચિક(ઘોંઘાટ) થાય છે.

આ જ રીતે (૧) તીર્થંકરનું નિર્વાણ થવાથી (૨) તીર્થંકર ધર્મનો વિચ્છેદ થવાથી (૩) પૂર્વજ્ઞાનરૂપ શ્રુતજ્ઞાનનો વિચ્છેદ થવાથી લોકમાં એટલે પ્રાસંગિક ક્ષેત્રમાં ભાવ અંધકાર–ધર્મની હાનિરૂપ અંધકાર થાય છે. જેનો આભાસ ધર્મી-ધર્મનિષ્ઠ માનવ અને દેવોને તે-તે ક્ષેત્રમાં થાય છે કારણ કે મહાવિદેહ ક્ષેત્રમાં ધર્મ અને પૂર્વ જ્ઞાન સદા રહે છે. આ ભાવાંધકાર પણ એક દેશ-લોકના એક ભાગમાં થવા છતાં પણ તેને શાસ્ત્રમાં શબ્દપ્રયોગ દષ્ટિએ **लोग धयारे** કહેલ છે પરંતુ તેની સાથે **सव्व लोग धयार** કહેલ નથી. તેથી મહાવિદેહ ક્ષેત્રમાં આ ભાવાંધકાર ન હોવા છતાં પણ અહીં કહેલ **लोग धयारे** શબ્દથી કોઈ વિરોધ સમજવામાં આવતો નથી. આ જ શાસ્ત્રમાં આગળ ચોથા સ્થાનમાં તીર્થંકર નિર્વાણના પ્રસંગે લોગંધકાર પણ કહેલ છે અને તેની સાથેના સૂત્રમાં લોકઉદ્યોત પણ કહેલ છે. તેનું પણ તાત્પર્ય એ જ છે કે પ્રાસંગિક ક્ષેત્રોમાં નિર્વાણ સમયે દેવોના આગમનનો દ્રવ્ય પ્રકાશ થાય છે અને શાસનપ્રેમી ધર્મી આત્માઓ માટે ભાવાંધકાર પણ થાય છે. તીર્થંકરોથી, જ્ઞાનથી અને ધર્મથી સંબંધિત આ અંધકારને માટે દ્રવ્ય અંધકાર ક્યાંય પણ ન સમજતાં માત્ર ભાવ અંધકાર જ સમજવો જોઈએ.

નારકી જીવોના જે ક્ષણિક સુખનું કથન શાસ્ત્રમાં છે તેને પણ આ લોક પ્રકાશ સાથે સંબંધિત કરવામાં આવે છે પરંતુ તે ક્ષણિક સુખનો સંબંધ તો દેવોનું નારકીમાં જવાના નિમિત્તે પણ સમજી શકાય છે. તેના માટે પ્રસ્તુત પ્રકાશના કથનને આખા લોકમાં માનવું જરૂરી નથી.

સૂત્રોક્ત ત્રણે ય પ્રસંગોમાં ઈન્દ્ર, સામાનિક, ત્રાયત્રિંશક, લોકપાલ, અગ્રમહિષી દેવીઓ, પરિષદના દેવ-દેવી, અનિકાધિપતિ, આત્મરક્ષક દેવ પણ

આવે છે. તેના સિવાય લોકાંતિક દેવ પણ પાંચમા દેવલોકથી આ ત્રણે ય પ્રસંગે આવે છે. મુખ્ય રૂપે લોકાંતિક દેવ તીર્થંકર ભગવાનની દીક્ષાની પૂર્વે આવીને પોતાના જિતાચાર નિભાવતાં ભગવાનને દીક્ષા હેતુ પ્રેરણા વાક્ય બોલીને ભગવાનના દીક્ષાના ભાવોનું બહુમાન કરે છે, તેમ પ્રસિદ્ધ છે. તોપણ પ્રસ્તુત સૂત્રાનુસાર તે જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન આદિ પ્રસંગે પણ ઉપસ્થિત થાય છે, આ ત્રણ પ્રસંગે દેવોને(ઇન્દ્રોને) અંગસ્ફુરણ થાય છે, તે બધા કાર્ય છોડીને ઉઠી જાય છે, તેમના ચૈત્યવૃક્ષ પણ ચલિત-સ્ફુરિત થાય છે. એ પ્રસંગે ખુશીમાં આવી દેવ સિંહનાદ કરે છે, **चेलुक्खेवे** = ધ્વજાઓ પણ ફરકાવે છે.

### નિબંધ–૫૪

## માતા-પિતા આદિના ઋણથી ઉઋણ

પ્રસ્તુતમાં માનવના જીવનમાં ત્રણનો મહાન ઉપકાર સ્વીકારેલ છે. ત્રણની સંખ્યાનું પ્રકરણ હોવાથી– (૧) માતા-પિતાને એક સાથે કહીને તેમનો ઉપકાર સ્વીકારેલ છે. (૨) સંસારમાં જીવન વીતાવવા આજીવિકા એક મોટો પ્રશ્ન છે. જે કોઈપણ વ્યક્તિ વ્યાપારમાં મદદ કરે છે, જેને અધીન રહીને વ્યાપારની કલામાં પારંગત થવાય છે, તેને અહીં **भट्टी**= સ્વામી, માલિક કહેલ છે. વ્યક્તિના જીવન નિર્વાહમાં, આજીવિકા નિર્વાહમાં કે સુખી જીવન વ્યતીત કરવામાં તે સ્વામી મુખ્ય ભાગ ભજવે છે. તેથી માતા-પિતાની પછી બીજા ઉપકારી વ્યાપારિક સ્વામીને, વ્યાપાર કરવામાં હોશિયાર કરનારાને કહેલ છે. (૩) સંસારથી તરવાનો માર્ગ દેખાડનાર અને દીક્ષા દાન દેનારા દીક્ષાગુરુ ધર્માચાર્યનો પણ અહીં ઉપકાર અને તેમનું ઋણ સ્વીકારેલ છે. તે ત્રણેના ઋણથી મુક્ત થવાના વિષયમાં સમજાવેલ છે કે અર્પણતાપૂર્વક તનમનથી સર્વસ્વ ન્યોછાવર કરીને તેમની શારીરિક સેવા કરવામાં આવે, તેમને દરેક પ્રકારની સુખ-શાંતિ જીવનભર પહોંચાડવામાં આવે તોપણ પૂર્ણ રૂપે ઋણથી ઉઋણતા થઈ શકતી નથી એટલે કે અહીં અવો મહાન ઉપકાર અને ઋણ તેમનું માનવામાં આવેલ છે. અંતમાં ઉઋણ થવાનો એક ઉપાય પ્રસંગ બતાવેલ છે કે એ માતા-પિતા અને સ્વામી, ધર્મમાં ઉપસ્થિત ન હોય તો તેમને વીતરાગ ધર્મમાં જોડવાથી અને ધર્મની સાચી આરાધના કરાવવામાં પૂર્ણ મદદગાર કે પ્રેરક બનવાથી તેમના ઋણથી સાચા અને પૂર્ણ ઉઋણ બની શકાય છે. જો તેઓ ધર્મને પ્રાપ્ત થઈ ગયા હોય અને કોઈ પણ કારણે શ્રુત-ચારિત્રધર્મથી તેમની આસ્થા ચલિત થઈ હોય, ધર્માચાર્ય પણ





ઉદયકર્મથી ધર્મમાં ડામાડોળ કે સુસ્ત ચિત્ત બન્યા હોય તો આવા સમયે વિવેક તથા બુદ્ધિમાનીપૂર્વક તેમને ધર્મમાં સ્થિર કરીને મોક્ષમાર્ગના આરાધક બનાવવામાં પૂર્ણ પ્રયત્ન કરી, સફળતા પ્રાપ્ત કરે તો એમ કરવાથી એ ત્રણેયના ઉપકારનો સાચો બદલો ચુકવ્યો ગણાશે.

### નિબંધ–૫૫

## તીર્થનું વિશ્લેષણ આગમાધારથી

દ્રવ્ય તીર્થ અને ભાવ તીર્થ, એમ બે પ્રકારના તીર્થ છે. ભાવતીર્થનો અર્થ થાય છે કે જેના માધ્યમથી એટલે કે સુસંગતિથી સંસાર સાગર તરી જવાય. ભાવતીર્થ આ સૂત્રના ચોથા સ્થાનમાં આગળ ચારની સંખ્યામાં બતાવેલ છે. ત્યાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચારેયને તીર્થ કહેલ છે. જે પોતાના જ્ઞાનથી જીવોને બોધ આપીને, સન્માર્ગમાં જોડીને સંસાર પ્રપંચથી, દુઃખોથી મુક્ત કરાવી શકે છે; સંસાર સમુદ્રને તરવાનો માર્ગ બતાવી શકે છે તેથી તેને તીર્થ કહેલ છે અને તે ચારે ય ભાવતીર્થ છે.

પ્રસ્તુતમાં ત્રણની સંખ્યાના આધારે આપણા ભરતક્ષેત્રમાં ત્રણ તીર્થ સ્થાન કહ્યા છે– માગધ, વરદામ અને પ્રભાસ. આ તીર્થસ્થાનોથી લવણસમુદ્રના પાણીમાં પ્રવેશ કરવામાં આવે છે. આ માર્ગથી આગળ જતાં માગધ, વરદામ, પ્રભાસ નામના દેવના ભવનરૂપ તીર્થસ્થાન છે, જે પાણીથી ઘેરાયેલા પાણીની મધ્યમાં સ્થિત છે. તેને અહીં અપેક્ષાથી તીર્થ કહેલ છે. આવા ત્રણ તીર્થ એરવત ક્ષેત્રમાં અને મહાવિદેહ ક્ષેત્રની બધી વિજયોમાં છે. જંબૂદ્વીપની જેમ ધાતકીખંડ દ્વીપ અને પુષ્કરાર્ધ દ્વીપમાં પણ એ ત્રણ-ત્રણ તીર્થસ્થાન છે. એમ કુલ મળીને અઢી દ્વીપમાં ૫૧૦ તીર્થોનું કથન પ્રસ્તુત સૂત્રમાં કરેલ છે. એમ આ સ્થાનાંગ સૂત્ર અનુસાર દ્રવ્યતીર્થ ૫૧૦ છે અને ભાવતીર્થ ૪ છે. વર્તમાનમાં જૈનોમાં અનેક તીર્થસ્થાન પર્યટનની અપેક્ષાએ પ્રસિદ્ધ છે તેનું આપણા આ આગમોમાં તીર્થરૂપ ક્યાં ય પણ કથન મળતું નથી.

### નિબંધ–૫૬

## ચોથો સન્યાસાશ્રમ છે તો જૈન દીક્ષા ક્યારે

માનવ જીવનમાં ધર્માચરણ અને આત્મકલ્યાણ કરવાનો અનુપમ અવસર હોય છે અને માનવના મૃત્યુનો કોઈ નિશ્ચિત સમય હોતો નથી. તેથી

યોગ્ય સમજ, વિવેકબુદ્ધિ આવ્યા પછી માણસ ગમે ત્યારે ધર્માચરણ અને સંન્યાસ-સંયમ સ્વીકારી શકે છે. યોગ્ય સમજ પણ વ્યક્તિના પૂર્વભવના સંચિત કર્મો પ્રમાણે હોય છે. કોઈને ગર્ભમાં પણ યોગ્ય સમજ હોય છે, કોઈને ૪–૫ વર્ષની ઉંમરે, કોઈને ૮–૯ વર્ષની ઉંમરે યોગ્ય સમજ હોય શકે છે. તોપણ બહુલતાને ધ્યાનમાં રાખતાં જૈનાગમોમાં ગર્ભકાલ સહિત નવ વર્ષ તેમજ તેનાથી અધિક વયવાળાને ધર્માચરણ તથા સંન્યાસ ગ્રહણને યોગ્ય કહેલ છે. આ એક મર્યાદાનું, વ્યવસ્થાનું વિધાન છે. કદાચિત્ કોઈ તેનાથી પહેલાં પણ યોગ્ય થઈ શકે છે. જેમ કે વજસ્વામી, એવંતાકુમાર વગેરે અને કોઈ મોટી ઉંમર સુધી પણ યોગ્ય સમજથી વંચિત રહી જાય છે. તેથી અહીં શાસ્ત્રમાં એકાંત આગ્રહ ન દર્શાવતાં, અનેકાંતિક કથન કરેલ છે કે– ત્રણે ય અવસ્થામાં અર્થાત્ બચપણ, જુવાની અને ઘડપણમાં એમ ગમે ત્યારે ભાવના અને યોગ્યતા હોય તો વ્યક્તિ ધર્માચરણ યાવત્ સંન્યાસ-દીક્ષા અંગીકાર કરી શકે છે તથા તેને કેવલજ્ઞાન સુધી પણ પ્રાપ્ત થઈ શકે છે. અહીં ત્રણે ય અવસ્થાને **ત્રણ યામ** કહેલ છે. બચપણ અવસ્થા ૧૬ વર્ષ સુધી,૧૭ વર્ષથી ૪૦ વર્ષ સુધી યુવાવસ્થા અને ત્યાર બાદ પ્રૌઢ તેમજ વૃદ્ધાવસ્થા છે.

બીજી રીતે ત્રણ વય કહેલી છે– પ્રથમ વય, મધ્યમ વય અને પશ્ચિમ વય. તેમાં ૩૦ વર્ષ સુધી પ્રથમ, ૬૦ વર્ષ સુધી મધ્યમ અને આગળ ૯૦-૧૦૦ વર્ષ સુધી પશ્ચિમ વય સમજવી. વયમાં સંપૂર્ણ ઉંમરના ત્રણ વિભાગ છે અને **જામા** શબ્દથી જીવનની ત્રણ અવસ્થાઓ કહેલી છે. સાર એ છે કે માનવ જીવનની કોઈ પણ અવસ્થામાં(બાલ્ય, યુવા આદિ)અને કોઈપણ વય(પ્રથમ,મધ્યમ, પશ્ચિમ)માં ધર્માચરણ તેમજ દીક્ષા અંગીકાર કરી શકાય છે. કારણ કે– પ્રત્યેક માનવનું મૃત્યુ અનિશ્ચિત છે અને યોગ્ય સમજ પૂર્વભવના સંચિત કર્મ અનુસાર આવે છે. તથાપિ વ્યવસ્થાની દૃષ્ટિએ ૯ વર્ષ પછી **યોગ્યતા હોય** તો કોઈને પણ દીક્ષા આપી શકાય છે. અંતમાં એક દિવસ કે એક ઘડી પણ આયુષ્ય બાકી હોય અને વ્યક્તિની **યોગ્યતા હિંમત** હોય તો તેને જૈન દીક્ષા આપી શકાય છે. તેમાં આગમથી, શાસ્ત્રોથી કોઈ વિરોધ આવતો નથી.

**પ્રતિપ્રશ્ન–** ૯ વર્ષમાં દીક્ષા દેવાની વાત ગળે ઉતરે તેવી નથી. તેથી ૧૮ વર્ષ પહેલાં કોઈને દીક્ષા ન દેવાનો નિયમ હોવો જોઈએ. તેની પહેલાં કાચી ઉંમરે લેવાથી પાછળથી સંયમ-બ્રહ્મચર્યનું પાલન ન થઈ શકવાથી સમાજમાં બહુ જ નિંદા અને ટીકા-ટીપણી થાય છે, તો ઉચિત શું છે ?

**સમાધાન–** પોતાની છદ્મસ્થ બુદ્ધિએ આવું એકાંત માની લેવું વ્યવહારોચિત





તેમજ યથોચિત પણ નથી તથા સર્વજ્ઞોના વિધાનની અવહેલના આશાતના પણ થાય છે. વાસ્તવમાં છદ્મસ્થ સાધક કોઈના પણ **વર્તમાન** ગુણો, અનુભવો અને અભ્યાસ પરથી એટલે કે પગપાળાં ચાલવું, ઉપવાસ આદિ તપસ્યા કરવી, લોચ કરવો વગેરે પ્રવૃત્તિના અનુપ્રેક્ષણથી તેની યોગ્યતાનું પરીક્ષણ કરી શકે છે અને પરસ્પર પરામર્શ કરીને નિર્ણય કરી શકે છે. પરંતુ **ભવિષ્યમાં** કોણ દીક્ષા છોડશે ? ગુરુને છોડશે, બ્રહ્મચર્ય પાલન નહીં કરી શકશે એવી કલ્પના અને ઠેકેદારી કોઈના હાથની વાત નથી. ચોથા આરામાં પણ ગોશાલક, જમાલી, વેશ્યાને સ્વીકારનારા તેમજ અનેક નિહ્નવ વગેરે બને છે. ભગવાન મહાવીરે જેને દીક્ષા આપી તે મેઘકુમાર જેવા દીક્ષાના પહેલા જ દિવસે ઘરે પાછા જવાનું વિચારી શકે છે. તેના વૈરાગ્યની કસોટી નહોતી થઈ, એમ પણ કહી નહીં શકાય. પાર્શ્વનાથ ભગવાનની સેંકડો સાધ્વીઓ સંયમ ગ્રહણ અને પાલન પછી ગુરુણીથી અલગ થઈને રહેવા લાગ્યાં હતાં. તેથી બાલ દીક્ષા ઉપર જ આક્ષેપ લગાવીને અનેક અનિષ્ટની કલ્પના કરવી, એકાંતિક વિચાર છે. ભગવાનનો આ માર્ગ અનેકાંતિક દૃષ્ટિકોણ વાળો છે.

વર્તમાનમાં પણ આપણે ધ્યાન દેશું તો અનુભવ થશે કે અનેક પ્રભાવક આચાર્ય વગેરે જિનશાસનના સિતારા જેવા મહાન સાધક એવા થયેલા છે અને વર્તમાનમાં પણ છે કે જે ૯-૧૦-૧૨-૧૫ વર્ષની વયે દીક્ષા લઈને પણ બહુમુખી પ્રતિભાથી સંપન્ન થઈ વર્ષોના સંયમ પર્યાયથી જિનશાસનની પ્રભાવના કરી રહ્યા છે. બીજી બાજુ જોઈશું તો ૧૮ થી ૬૦ વર્ષમાં દીક્ષા લેનારા પણ કોઈ પાછા ઘરે ચાલ્યા જાય, એવા ઉદાહરણ પણ જોવા મળે છે. તેથી અનેકાંતિક દૃષ્ટિકોણ યુક્ત સર્વજ્ઞોની તીર્થંકરોની અને તેના આગમોની આજ્ઞા કે વિધાનને સર્વોપરી મહત્ત્વ આપવું જોઈએ. તેમ છતાં વિવેક સાવધાની રાખવા માટે કોઈને કોઈ મનાઈ નથી. તોપણ પોતાના વિચારને જ સર્વોપરી સમજીને સર્વજ્ઞોના, આગમોના વિધાનને અયથાર્થ ઠરાવવાની ચેષ્ટા કોઈએ પણ ન કરવી જોઈએ.

## નિબંધ–૫૭

# આત્મ સુરક્ષાના ત્રણ સાધનો

**(૧)** સમૂહમાં રહેનારા સહવર્તી સાધુ સંયમનું યથાર્થ પાલન ન કરે કે ક્લેશ-કદાગ્રહ કરતા હોય તો તેઓને વિવેકપૂર્વક ધર્મબોધ દઈને સાવધાન કરવા, વાતાવરણને શાંત, પવિત્ર રાખવું **(૨)** ભૂલ કરનારા સમજવા, માનવાના સ્વભાવ કે સ્થિતિમાં જ ન હોય કે તેને સમજાવવાની પોતાની ક્ષમતા ન હોય તો મૌન

ભાવપૂર્વક સ્વયંની સાધનામાં અત્યધિક લીન-એકાગ્ર બનાવાનો પ્રયત્ન કરવો. **(૩)** પોતાની શાંતિ એકાગ્રતા કાયમ રાખી શકવાની યોગ્યતા, પ્રકૃતિ, સાધના, અભ્યાસ ન હોય તો ત્યાંથી પોતાને અલગ કરી લેવા અર્થાત્ અન્યત્ર ચાલ્યા જવું. અન્યની સાથે વિહાર કરવો કે એકાંત-એકત્વનું સેવન કરવું. આ ક્રમિક આત્મસુરક્ષાના, આત્માને કર્મબંધથી અને સંયમને સંકલ્પ વિકલ્પોથી સુરક્ષિત રાખવાના ઉપાય છે.

### નિબંધ–૫૮

## દેવોનું મનુષ્ય લોકમાં આવવું કે ન આવવું

દેવોની મનુષ્ય લોકમાં આવવાની ઈચ્છા હોવા છતાં પણ તેઓ ત્રણ કારણે આવી શકતા નથી. જેમ કે– **(૧)** તેઓ દિવ્ય સુખોમાં લીન, ગૃદ્ધ, આસક્ત થઈ જાય છે અને તેમને માનુષિક આકર્ષણ રહેતું નથી. જેથી તેઓ અહીં આવવાનો સંકલ્પ કે નિર્ણય કરતા નથી. **(૨)** તે દેવોને ત્યાંની આસક્તિના કારણે અહીંના લોકોનો પ્રેમસંબંધ નષ્ટ થઈને દિવ્ય પ્રેમમાં સંક્રાંત થઈ જાય છે. **(૩)** દિવ્ય સુખોમાં લીન થઈને કોઈ દેવ– હમણાં જાઉં છું, થોડીવાર પછી જાઉં છું એમ સંકલ્પ કરતાં કરતાં પણ અહીંના લોકોના આયુષ્ય પૂર્ણ થઈ જાય છે અને તેઓનું આવવાનું થતું નથી.

ત્રણ કારણે દેવો મનુષ્ય લોકમાં આવે છે– **(૧)** દિવ્ય સુખોમાં અનાસક્ત કોઈ દેવને એવો વિચાર થાય કે મનુષ્ય લોકમાં મારા ઉપકારી આચાર્ય આદિ ગુરુ ભગવંત છે, જેના પ્રભાવે મેં આ રિદ્ધિ પ્રાપ્ત કરી છે તો હું જાઉં અને તેને વંદન નમસ્કાર કરું, તેમની પર્યુપાસના કરું. **(૨)** કોઈ અનાસક્ત દેવને એમ સંકેત થાય કે મનુષ્ય લોકમાં વિશિષ્ટ જ્ઞાની, તપસ્વી તેમજ દુષ્કર સાધના કરનારા મહર્ષિ છે તો હું જાઉં અને એ ગુરુ ભગવંતોને વંદન નમસ્કાર કરીને તેમની પર્યુપાસના કરું. **(૩)** કોઈ અનાસક્ત દેવને એવા વિચાર થાય કે મનુષ્ય લોકમાં મારા માતા-પિતા, ભાઈ, બહેન, પત્ની, પુત્ર વગેરે છે તો હું જાઉં અને તેમને મારી દિવ્ય ઋદ્ધિ બતાવું. આ રીતે મનુષ્યલોકના આકર્ષણથી કોઈ દેવ અહીં આવી શકે છે.

તેના સિવાય ચોથા સ્થાનમાં એક-એક કારણ વધુ કહેલ છે. જેમ કે– **(૧)** મનુષ્યલોક સંબંધી ગંધ ૪૦૦–૫૦૦ યોજન ઊંચે સુધી ફેલાયેલી રહે છે. તે ગંધના કારણે પણ દેવો આવતા નથી. પ્રતિપક્ષમાં **(૨)** પોતાના પૂર્વ ભવના





મિત્ર, ગુરુ, શિષ્યાદિની સાથે પ્રતિજ્ઞાબદ્ધ થયા હોય તો તેને પ્રતિબોધ દેવા માટે દેવ આવે છે. એના ઉપલક્ષણે કોઈના દ્વારા અત્યધિક સ્મરણ, જાપ- તપ યુક્ત ભક્તિ કરવાથી દેવને અંગસ્ફુરણ થવાથી પણ દેવ મનુષ્ય લોકમાં આવે છે અને મિત્ર, સ્નેહી કે ભકિતવાનનો ઉદ્દેશ્ય પૂર્ણ કરીને ચાલ્યા જાય છે. અહીં ત્રણની સંખ્યાના કારણે ત્રણ-ત્રણ કારણ કહેલા છે, ચોથા સ્થાનમાં એ ત્રણ સહિત એક-એક અધિક કહેલ છે. જેથી કુલ ૪–૪ કારણ આવવા, ન આવવાના અહીં દર્શાવેલ છે.

### નિબંધ–૫૯

## સાધુને તપસ્યામાં ધોવણ પાણી કલ્પે

ઠાણાંગસૂત્રમાં તથા કલ્પસૂત્રના આઠમા અધ્યાયના મૂળપાઠમાં સ્પષ્ટ બતાવેલ છે કે તપસ્યામાં ધોવણપાણી લેવું અને પીવું કલ્પે છે. તે બંને શાસ્ત્રોમાં કુલ ૯ પ્રકારના ધોવણપાણીના નામ કહ્યા છે. તેથી કોઈપણ બહુમતે કે પરંપરાના નામે સાધુને ધોવણપાણી લેવાનું પાપમય બતાવીને નિષેધ કરે તો તે તેઓનું મન માન્યું શાસ્ત્ર વિપરીત બોલવું– પ્રરૂપણા કરવી કહેવાય. બતાવેલ ૯ પ્રકારના ધોવણપાણી આ રીતે છે– (૧) લોટના વાસણ ધોયેલું પાણી (૨) ઉકાળેલ કેર, મેથીદાણા, ભાજી આદિનું ધોયેલું પાણી (૩) ચોખા ધોયેલું પાણી (૪) તલ વગેરે ધોયેલ પાણી (૫) દાળ વગેરે ધોયેલ પાણી (૬) જવ, ઘઉં વગેરે ધોયેલ પાણી (૭) છાશની ઉપરનું પાણી અર્થાત્ છાશની પરાસ (૮) ગરમ પદાર્થોને પાણીમાં રાખીને કે બોળીને ઠંડા કર્યા હોય તેવું પાણી(સોવીરોદક) (૯) રાખ, લવિંગ વગેરેથી અચિત બનાવેલું પાણી(શુદ્ધોદક).

પ્રસ્તુતમાં ઉપવાસમાં પીવાના નામે ત્રણ, છઠમાં પીવાના નામે ત્રણ અને અઠમમાં પીવાના નામે ત્રણ ધોવણપાણી કહેલા છે, તોપણ તે ધોવણ પાણીનો પરસ્પર વિચાર કરવાથી એ સહજ સ્પષ્ટ થાય છે કે ત્રણની સંખ્યાના કારણે આ વિભાજન યુક્ત કથન છે. વાસ્તવમાં બધા પ્રકારના શુદ્ધ નિર્દોષ પાણી તપસ્યામાં કે તપસ્યા વગર સાધુ-સાધ્વીઓ ગ્રહણ કરી શકે છે.

આ ૯ નામ પણ ઉદાહરણ રૂપે છે. વાસ્તવમાં આચારાંગ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર કથિત વિવિધ પ્રકારના ધોવણપાણી શુદ્ધ નિર્દોષ હોવાની ગવેષણા કરીને સાધુ વિવેકપૂર્વક ગ્રહણ કરી શકે છે.

સૂત્ર સિદ્ધાંતોથી વિપરીત મનમાની પ્રરૂપણા કરવાનો અધિકાર કોઈને

પણ હોતો નથી. પરંતુ ક્ષેત્ર-કાલ અનુસાર જ્યાં જ્યારે જેવી સુવિધા-સંયોગ હોય તે પ્રમાણે સાધુ-સાધ્વી નિર્દોષ ધોવણ પાણી કે ગરમ પાણી સંયમ શરીરની અનુકૂળતા પ્રમાણે ગ્રહણ કરી શકે છે. દોષ યુક્ત ગ્રહણ કરવાથી શાસ્ત્રાનુસાર તે-તે દોષનું પ્રાયશ્ચિત્ત આવે છે. પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધિ કરનારની આરાધના થઈ શકે છે પરંતુ તે દોષનું પ્રાયશ્ચિત્ત ન કરીને ઉલટું તેવી રીતે લેવાની પ્રશંસા કે પ્રરૂપણા કરે તો સંયમ વિરાધનાનું કારણ બને છે.

### નિબંધ–૬૦

## અનાવૃષ્ટી - અતિવૃષ્ટી

(૧) સ્વાભાવિક રૂપે જે ક્ષેત્રમાં કે પ્રદેશમાં ઉદકયોનિક જીવોની અને પુદ્‌ગલોની ઉત્પત્તિ, ચયોપચય વગેરે વધુ પ્રમાણમાં થાય તો અધિક વૃષ્ટિ થાય છે. (૨) ભવનપતિ, વ્યંતર કે વૈમાનિક દેવ અન્યત્ર રહેલા ઉદક પરિણત વરસાદને યોગ્ય પુદ્‌ગલોને ત્યાંથી સંહરિત કરીને લઈ આવે (૩) વરસાદ વરસવા યોગ્ય ઉદકપરિણત વાદળાઓને હવા વિખેરે નહીં તો અધિકવૃષ્ટિ-મહાવૃષ્ટિ થાય છે.

તેનાથી વિપરીત (૧) સ્વાભાવિક રૂપે જે ક્ષેત્ર કે પ્રદેશમાં ઉદક યોનિક જીવ અને પુદ્‌ગલોની ઉત્પત્તિ, ચય, ઉપચય આદિ ન થાય (૨) દેવતા ઉદક પરિણત વરસાદ યોગ્ય પુદ્‌ગલોને ત્યાંથી અન્ય દેશમાં સંહરણ કરી દે (૩) વરસવા યોગ્ય વાદળા રૂપમાં પરિણત પુદ્‌ગલોને હવા વિખેરી નાંખે તો અલ્પવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થાય છે. ત્રણની સંખ્યાનું કથન હોવાથી વૃષ્ટિ સંબંધી ૩–૩ કારણ કહેલા છે.

### નિબંધ–૬૧

## ભૂકંપ શા માટે અને કેવી રીતે?

જે પૃથ્વી ઉપર ચરાચર જગત્જીવ નિવાસ કરે છે તે આપણી આધાર-ભૂત પૃથ્વીમાં કંપન થાય તેને ભૂકંપ કહે છે. તે ભૂકંપ બે પ્રકારે કહેલ છે– (૧) ચરાચર પ્રાણીયુક્ત આ જગત્પૃથ્વીના કોઈ એક કે અનેક વિભાગોમાં કંપન થાય તે એક દેશ ભૂકંપ છે. (૨) સમસ્ત જ્ઞાત દુનિયામાં અર્થાત્ સંપૂર્ણ વિશ્વમાં એક સાથે કંપન થાય એ સર્વભૂકંપ કહેવાય છે. ત્રણની સંખ્યાનું પ્રકરણ હોવાથી બંને પ્રકારના ભૂકંપના ત્રણ-ત્રણ કારણ અહીં દર્શાવેલ છે.

**દેશ ભૂકંપના ત્રણ કારણો (૧) પુદ્‌ગલ પરિણમન સંબંધી–** આપણી આ





પૃથ્વી રત્નપ્રભા પૃથ્વી છે. **અહે રયણપ્પભા** નો અર્થ છે– રત્નપ્રભા પૃથ્વીમાં. શાસ્ત્રોમાં **અહે** શબ્દ અનેક જગ્યાએ 'માં' અર્થરૂપમાં પ્રયુક્ત થાય છે. જેમ કે– **અહે આરામંસિ વા–** બગીચામાં. તેથી આ રત્નપ્રભા નામની આપણી પૃથ્વીમાં સ્વાભાવિક પુદ્‌ગલ પરિણમનમાં વિશાળ પુદ્‌ગલ સ્કંધ ક્ષીણ થઈ જવાથી, નષ્ટ થઈ જવાથી ત્યાં ભૂમિની અંદર પોલાણ થઈ જવાથી ઉથલ-પાથલ થાય છે, તેની અસર પૃથ્વીના ઉપરના ભાગમાં રહેલા ગામ, નગર, વન આદિમાં દેખાય છે.

**(૨) તિર્યંચ સંબંધી–** અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયમાં મહોરગ નામના ઉરપરિસર્પ વિશાલકાયમાં અનેક યોજનના પણ હોય છે. તે જન્મ ધારણ કરી અંતર્મુહૂર્તમાં જ મૃત્યુ પામે છે. ત્યારે તેના શરીરના પુદ્‌ગલ તત્કાલ ક્ષીણ થઈ જાય છે. જેનાથી ભૂમિમાં પોલાણ થાય છે. ઉપર રહેલી પૃથ્વીનું વજન તે પોલાણવાળી ભૂમિ પર આવે છે. જેથી તે ક્ષેત્રમાં ઉથલપાથલ થાય છે. આ રીતે તિર્યંચ ઉરપરિસર્પના ક્ષણિક જન્મ, મૃત્યુ અને વિનાશના નિમિત્તે આપણને ભૂમિ- કંપનો અનુભવ થાય છે.

**(૩) દેવ સંબંધી–** નવનિકાયના દેવ અસુરકુમાર જાતિના દેવ છે. તે પરસ્પર કોઈ નિમિત્તે પૃથ્વી પર રણભૂમિ બનાવી સંગ્રામ કરે અને સંગ્રામમાં વારંવાર ભૂમિ ઉપર પ્રહાર કરે તોપણ એક દેશથી પૃથ્વીનું કંપન થાય છે. આ રીતે દેવ નિમિત્તક દેશભૂકંપ થાય છે.

**સર્વ ભૂકંપના ત્રણ કારણ–**(૧) જેવી રીતે પાતાળ કળશમાં વાયુ ક્ષુભિત થવાથી લવણ સમુદ્રમાં પાણી ઊંચે ઉછળે છે, તેવી જ રીતે રત્નપ્રભા પૃથ્વીની નીચે રહેલ ઘનવાત ક્ષુભિત થતાં તેની અસર ક્રમશઃ ઘનોદધિમાં અને પછી પૃથ્વીમાં આવે છે, જેનાથી સંપૂર્ણ રત્નપ્રભા પૃથ્વી કંપિત થાય છે, તેનાથી સંપૂર્ણ વિશ્વમાં એક સાથે ભૂકંપ આવે છે. (૨) મહર્દ્ધિક દેવ(ચમરેન્દ્ર જેવા) જો પોતાની ઋદ્ધિ શક્તિ કોઈ શ્રમણ-માહણને દેખાડે, તેમાં તે પૃથ્વી પર પ્રહાર આદિ કરે તો સંપૂર્ણ પૃથ્વીમાં કંપન થાય છે અને સર્વભૂકંપ થાય છે. (૩) આપણી પૃથ્વી ઉપર અસુરકુમાર દેવો કે દેવેન્દ્રોને અને વૈમાનિક દેવો કે ઈન્દ્રોને પરસ્પર યુદ્ધ થઈ જાય, જેમાં તેમના પગના પ્રહાર આદિથી આપણી પૃથ્વીમાં સર્વકંપન થાય છે, ત્યારે સર્વવ્યાપી અર્થાત્ સમસ્ત ભૂમંડલ પર એક સાથે ભૂકંપ થાય છે. દેવોમાં પરસ્પર ક્યારેક વિશાળ યુદ્ધ થાય તો તે તિરછા લોકમાં અઢી દ્વીપની બહારની ભૂમિ ઉપર થાય છે.

આ જગ્યાએ દેશ ભૂકંપના કારણોમાં 'મહોરગ' શબ્દની સાથે **દેવ** શબ્દ નથી તોપણ મહોરગ દેવ(વ્યંતર)તેમ અર્થ કરવાની પરંપરા છે પરંતુ તે અર્થ અહીં યોગ્ય લાગતો નથી. કારણ કે દેવોના સંગ્રામથી ભૂમિકંપ થવાનું કથન આગળ ત્રીજા બોલમાં કહેલ છે. માટે મહોરગ શબ્દથી આસાલિયાની જેમ ઉરપરિસર્પ અર્થ કરવો પ્રાસંગિક બને છે. આવા ઉરપરિસર્પ જમીનમાં જન્મતા-મરતા જ રહે છે. જેના કારણે દેશ ભૂકંપ માનવલોકમાં આવ્યા જ કરે છે. આ ઉરપરિસર્પ અનેક કિલોમીટર પ્રમાણ લંબાઈવાળા પણ થઈ જાય છે અને મુહૂર્ત માત્રમાં જ મરી પણ જાય છે.

### નિબંધ–૬૨

## સાધુ તથા શ્રાવકના ત્રણ મનોરથ

પ્રસ્તુત પ્રકરણમાં ત્રણનું કથન છે તેથી સાધુ તથા શ્રાવકના જીવનની સમસ્ત મનોકામનાઓને અહીં ત્રણ-ત્રણ શ્રેષ્ઠ મનોરથોના માધ્યમથી કહેલ છે અને વિશેષતા એ બતાવેલ છે કે જ્યાં સંસારની રૂચિવાળા મનોરથ–લાલસાઓ નિરર્થક કર્મબંધ અને સંસાર વધારનારા થાય છે, ત્યાં તે સાધુ-શ્રાવકના આ ત્રણ-ત્રણ મનોરથ આત્મામાં ભાવિત કરવાથી, આત્માને સંસ્કારિત કરતા રહેવાથી વર્તમાનમાં માત્ર ભાવોથી જ મહાન કર્મોની નિર્જરા થાય છે અને ભાવી જીવનમાં યથાસમય એ પુષ્ટ કરેલા સંસ્કાર સહજ રીતે કાર્યાન્વિત થઈ જાય છે.

**સાધુના ત્રણ મનોરથ–** શ્રમણ નિર્ગ્રંથ આ પ્રકારની ભાવનાથી આત્માને ભાવિત કરે કે– **(૧)** વર્તમાનમાં જેટલા પણ શાસ્ત્ર ઉપલબ્ધ છે, તેનું સંપૂર્ણતઃ અર્થ પરમાર્થ વિવેચના યુક્ત અધ્યયન કરું. અધિકતમ શ્રુતને કંઠસ્થ કરું; એવો સંકલ્પ કરી આત્મ સંસ્કારોને પુષ્ટ કરે. **(૨)** શ્રુત અધ્યયન પૂર્ણ કરીને આત્મ-સાધનાની વિશેષ પ્રગતિને માટે સામુહિક સગવડોથી ઉપર ઉઠી એકલવિહાર ચર્યાથી; સંયમ, તપ, સમિતિ, ગુપ્તિથી આત્માને અધિકતમ પુષ્ટ કરું. આ મનોરથ સંપૂર્ણ સ્વાવલંબી જીવન અને એકત્વ આત્મસ્વરૂપને તાદાત્મ્ય કરવાનો છે. **(૩)** જ્યારે ક્યારે ય પણ આ મનુષ્ય જીવનમાં આયુષ્યની અંતિમ ઘડીઓનો આભાસ થવા લાગે, આ માનવ શરીર જીવનના આવશ્યક કર્તવ્યોમાં, સંયમ આચારોમાં ઉપયોગી ન રહે તથા ઈન્દ્રિયો ક્ષીણતાની તરફ અધિકતમ પ્રવાહિત થતી લાગે ત્યારે હું સાવધાની પૂર્વક તેમજ પૂર્ણ ઉત્સાહની સાથે આલોચના-પ્રતિક્રમણ દ્વારા વ્રતશુદ્ધિ, કષાય વિશુદ્ધિ કરીને સંલેખના-સંથારા રૂપ આજીવન પંડિતમરણને





સ્વેચ્છાએ સ્વીકાર કરી તેનું જીવનના અંતિમ શ્વાસ સુધી યથાર્થ પાલન કરું.

આ ત્રણ સંયમજીવનના ઉત્તમોત્તમ મનોરથ છે. તેનું નિત્ય સ્મરણ કરવું સંયમી સાધકનું મુખ્ય અને મહાન લાભપ્રદ કર્તવ્ય છે. આવી રીતે મનોરથ ભાવવાથી આત્મામાં સંસ્કાર દઢ બને છે. જેનાથી–**(૧)** યોગ્યતા સંપન્ન સાધક એક દિવસ અવશ્ય શ્રુત પારંગત બને છે. **(૨)** એકાકી સ્વાવલંબી જીવનમાં સફળ બને છે તથા **(૩)** જીવનના અંતિમ સમયે તેમજ સંકટની દરેક ઘડીએ તત્કાલ અપ્રમત યોગે સંલેખના સંથારા ગ્રહણ કરવાના સંયોગને સુલભ કરી શકે છે.

અહીં શ્રમણના કથનથી સાધુ-સાધ્વી બંનેને આ મનોરથ આદરણીય છે એમ સમજવું જોઈએ. બીજા મનોરથમાં સાધ્વીઓ સમૂહત્યાગ રૂપ એકલ વિહારના સ્થાને એકત્વ ભાવનામય પૂર્ણ સ્વાવલંબી જીવન બનાવીને સમૂહમાં રહીને પણ સંભોગ પ્રત્યાખ્યાન, સહાય પ્રત્યાખ્યાન વગેરે દ્વારા એકાકીપણે આત્માને ભાવિત કરવાનો મનોરથ કરે, તેમ સમજવું. આગમોમાં સાધ્વીને માટે વિવિધ તપ, અભિગ્રહ પડિમાનું વર્ણન આ જ હેતુની સિદ્ધિ કરનાર છે. અંતગડ સૂત્ર વર્ણિત મહાવીર સ્વામીના શાસનમાં સાધ્વીઓએ અનેક તપ, દત્તી પરિમાણ પ્રતિજ્ઞા યુક્ત સપ્ત સપ્તમિકા વગેરે ભિક્ષુપ્રતિમાનું આરાધન કર્યું હતું. તેથી આ ત્રણ મનોરથ બધા સાધુ-સાધ્વીએ નિત્ય સ્મરણ કરીને મહાનિર્જરાનો લાભ પ્રાપ્ત કરવો જોઈએ.

**શ્રાવકના ત્રણ મનોરથ–** શ્રમણોપાસક ૧૨ વ્રત ધારણ કરે છે તેમાં સામાન્ય વિશેષ આરંભ–પરિગ્રહની સીમા રાખે છે કારણ કે ગૃહસ્થ જીવનમાં અને વર્તમાનની પોતાની પરિસ્થિતિઓમાં તે સંપૂર્ણ ત્યાગ કરી શકતા નથી, તેથી દેશવ્રતી બને છે. તેમ છતાં શ્રાવક-શ્રાવિકાઓએ પોતાના નિત્ય-નિયમના સમયે આ ત્રણ મનોરથોનું અવશ્ય ચિંતન કરવું જોઈએ અને આત્માને આવી ભાવનાઓથી ભાવિત કરતા રહેવું જોઈએ. જેમ કે– **(૧)** પારિવારિક વારસદાર પુત્ર-પુત્રવધુ વગેરે ઘર(કુટુંબ) વ્યાપારની જવાબદારી સંભાળવાને યોગ્ય થઈ જાય ત્યારે હું સાંસારિક જવાબદારીઓથી મુક્ત થઈને નિવૃત્તિમય જીવન બનાવીને અધિકતમ સમય સંવર-પૌષધ, ત્યાગ-વ્રત, નિયમ, તપસ્યા આદિમાં વ્યતીત કરું અને આત્માને અધિકતમ ધર્મભાવનામાં લગાવીને, આશ્રવદ્વારોનો અધિકતમ ત્યાગ કરીને, સંવર નિર્જરામય જીવન જીવું. હે ભગવન્ ! એવો શુભ સંયોગ, શુભ અવસર, શુભઘડી મને યથાશીઘ્ર જીવનમાં પ્રાપ્ત થાય. **(૨)** શારીરિક શક્તિ સ્વાસ્થ્યના અનુકૂલ સમયમાં સર્વ સંયોગોને અનુકૂળ બનાવવાનો પ્રયત્ન,

અભ્યાસ કરીને માનવજીવનમાં એક દિવસ સર્વવિરતિ રૂપ મુનિધર્મ અંગીકાર કરું, દીક્ષા લઈને આત્મકલ્યાણ સાધનામાં પૂર્ણપણે અવશેષ જીવન લગાવી દઉં. હે ભગવન્ ! આવો શુભ સંયોગ મને શીઘ્ર પ્રાપ્ત થાય કે હું ઉત્કૃષ્ટ વૈરાગ્યથી ભાવિત થઈને જિનાજ્ઞામાં જીવન અર્પિત કરીને અણગારધર્મનો સ્વીકાર કરું.

**(૩)** સાધુના સંલેખના સંથારા ગ્રહણ કરવાના મનોરથની જેમ અહીં શ્રાવકને માટે પણ સંલેખના સંથારાયુક્ત પંડિત મરણની પ્રાપ્તિનો મનોરથ સમજવો.

**શંકા–** શ્રાવક દ્વારા આજીવન ચૌવિહારો સંથારો કરી લેવાથી તે સંપૂર્ણ પાપોના અને આહારના ત્રણ કરણ, ત્રણ યોગથી ત્યાગી થઈ જાય છે તો તેને સાધુ જ કેમ ન સમજવા ?

**સમાધાન–** તેના સંયમ ગ્રહણ કરવાના ભાવ–પરિણામ હોતા નથી. તેની લઘુનીત, વડીનીત, વસ્ત્ર પરિવર્તન, શરીરની દેખરેખ, સાર-સંભાળ ગૃહસ્થ કરે છે. દીક્ષા લેવાથી એટલે છઠ્ઠા, સાતમા ગુણસ્થાનને પ્રાપ્ત કરવાથી ગૃહત્યાગ, ગુરુ નિશ્રા, રાત્રિમાં સ્ત્રી પ્રવેશ નિષેધ વગેરે વિશેષ સંયમ ચર્યા આવશ્યક બની જાય છે. જ્યારે શ્રમણોપાસક સંથારો કરીને પણ પોતાને શ્રાવક માને છે તેમજ તેની આસપાસ ગૃહસ્થ જીવનમય વાતાવરણ હોય છે. તેના મકાન, શય્યા આદિ પણ નિર્દોષ ગવેષણાવાળા હોતા નથી, પરંતુ તે તેના સ્વયંને માટે બનાવેલાં હોય છે. વસ્ત્ર પણ તેના પોતાના નિમિત્તના ખરીદેલા હોય છે, ગવેષણા કરીને લાવેલાં હોતાં નથી.(પરકૃત–બીજાને માટે બનેલાં હોતા નથી)ઈત્યાદિ સૂક્ષ્મ-સૂક્ષ્મ સમાચારી સંબંધી અનેક ભિન્નતાઓ સાધુજીવન તથા સંથારાવાળા ગૃહસ્થ વચ્ચે સમજી લેવી જોઈએ. સંથારાના ત્રણ પ્રકાર છે– ભક્તપ્રત્યાખ્યાન, ઈંગિતમરણ અને પાદપોપગમન. સાધક પોતાની ક્ષમતા, ક્ષેત્ર, કાલ અનુસાર જઘન્ય ભક્તપ્રત્યાખ્યાન ઉત્કૃષ્ટ પાદપોપગમન સંથારામાંથી કોઈ પણ સંથારાનો મનોરથ કરી શકે છે.

**વસ્તુ સ્થિતિ–** ત્રણ મનોરથને મન, વચન, કાયાથી જીવનમાં આત્મ પરિણત કરતા રહેવાથી કર્મોની સદા મહાન નિર્જરા થાય છે અને સાધક શીઘ્ર આ ભવ-પરભવમાં મોક્ષનો અધિકારી બને છે. અંગશાસ્ત્રમાં કથિત આ પ્રેરક વિધાન સહજ અને મહાન લાભકારી આચરણ છે. સાધુ-શ્રાવક બંનેને માટે તેમ કરવાનો સ્પષ્ટ સંદેશ છે તોપણ આળસ અને સંસ્કાર પ્રેરણાના અભાવમાં, વ્યક્તિગત પ્રમાદના કારણે પ્રાયઃ ૯૯ ટકા શ્રાવક-સાધુ આ લાભથી વંચિત રહેતા હશે. માટે આ પ્રેરણાદાયી પ્રશ્નોત્તરના સ્વાધ્યાયી સાધક આજથી જ નિયમિત ત્રણ





મનોરથોના ચિંતનનો પ્રારંભ કરીને પોતાના કર્મક્ષયના અને મોક્ષ પ્રાપ્તિના મુખ્ય ઉદ્દેશમાં અધિકતમ લાભાન્વિત બને.

### નિબંધ–૬૩

## 'પરોપદેશે પાંડિત્યમ્'

ત્રીજા ઠાણાના ૬૨મા સૂત્રમાં ઉપદેશ અને ઉપદેષ્ટાનો મહિમા દર્શાવતા કહેલ છે કે ઉપદેષ્ટા બનતા પહેલાં **સમ્યક અધ્યયન** હોવું જોઈએ, ત્યાર પછી **સમ્યક ચિંતન, મનન** હોવું જોઈએ અને પછી સંયમ, તપ, ત્યાગ આદિનું **સમ્યક આચરણ** હોવું જોઈએ. આ રીતે ત્રણે ય સાધનાઓથી પરિપૂર્ણ વ્યક્તિ દ્વારા કથિત ઉપદેશ સુઆખ્યાત–ખરા, વસ્તુતત્વને બતાવનારા સન્માર્ગ દાયક હોય છે. તીર્થંકર ભગવાન આવા સુઅધીત, સુધ્યાત અને સુતપસ્વિત ધર્મનું સુંદર આખ્યાન, કથન, વિવેચન કરે છે. તાત્પર્ય સ્પષ્ટ છે કે ઉપદેશકનું જીવન, અધ્યયન, ચિંતન, મનન યુક્ત તેમજ ત્યાગ, તપ, સંયમમય હોવું જ જોઈએ. આ રીતે આ સૂત્રમાં સકારાત્મક વિધાનની સાથે એક પ્રચલિત ઉક્તિનું સમર્થન થાય છે. માટે ઉપદેશકે પહેલાં સ્વયંના જીવનને પૂર્ણ આદર્શ રૂપે ઘડવું જોઈએ પછી ઉપદેશક બનવું જોઈએ.

### નિબંધ–૬૪

## મોક્ષપ્રાપ્તિમાં તપ અને ક્રિયાઓના માપદંડ

જેવી રીતે સંસાર વ્યવહારમાં કરોડપતિ શેઠ બનવા માટે વ્યાપારના કે વર્ષ આદિ સમયના અથવા પરિશ્રમના કોઈ માપદંડ નિર્ધારિત કરી શકાય નહીં; કારણ કે કોઈ વ્યક્તિ અલ્પ પ્રયત્ન અને અલ્પ સમયમાં જ માલા-માલ થઈ જાય છે અને કોઈ રાત-દિન અત્યધિક પ્રયત્ન કરવા છતાં પણ વર્ષો સુધી કરોડપતિ શેઠ બની શકતા નથી. તેની પાછળ અનેક કારણો રહેલા હોય છે. તેમાં મુખ્ય કારણ છે– પૂર્વભવનો કર્મસંગ્રહ તથા વર્તમાન સુસંયોગ અને સમયે યોગ્ય પુરુષાર્થ. વિદ્યાર્થી જીવન અને અધ્યયનમાં પણ પરીક્ષાના પરિણામની સાથે કોઈ માપદંડ નિશ્ચિત્ત થતો નથી કારણ કે વિદ્યાર્થીઓના પરિણામ પણ વિભિન્ન પ્રકારના મળે છે.

એ જ રીતે મોક્ષ સાધનામાં પણ પ્રત્યેક વ્યક્તિ માટે તપ અને સંયમની માત્રાનું કોઈ નિર્ધારણ કહી શકાય નહીં. જીવના પોતાના પૂર્વભવોની પરંપરા

અને કર્મસ્ટોક વિભિન્ન પ્રકારના હોય છે. તે જ વાતને સ્પષ્ટ કરીને અહીં ચાર પ્રકારના મોક્ષારાધક સાધકોના દષ્ટાંતની સાથે મોક્ષ સાધનાના તપ-સંયમની ભિન્નતા સ્પષ્ટ કરેલ છે– **(૧)** અલ્પ સમય અને અલ્પ તપ-સંયમથી મુક્તિ. જેમ કે– મરુદેવી માતા. ભગવાન ઋષભદેવની માતા મરુદેવીને અલ્પ સમયમાં સંયમ-તપની ઉગ્ર સાધના વિના અંતર્મુહૂર્તની ધ્યાન પરાકાષ્ટાથી જ મુક્તિ પ્રાપ્ત થઇ ગઇ હતી. **(૨)** અધિક સમય પરંતુ ઉગ્ર તપશ્ચર્યા વિના મુક્તિ. જેમ કે– ભરત ચક્રવર્તીને અંતર્મુહૂર્તના ચિંતન ધ્યાન માત્રથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને પછી દીર્ઘ સંયમપર્યાયમાં(૧ લાખ પૂર્વ = ૧ લાખ × ૮૪ લાખ × ૮૪ લાખ વર્ષ સુધી સંયમ પાલન કરીને) વિચરણ કર્યા પછી સુખપૂર્વક મોક્ષની પ્રાપ્તિ થઇ. **(૩)** અલ્પ સમય અને અધિક કષ્ટથી મુક્તિ. જેમ કે– ગજસુકુમાલ મુનિ. કૃષ્ણ વાસુદેવના સગા ભાઈ ગજસુકુમાલ મુનિને એક દિવસની દીક્ષાપર્યાય અને ૧૬ વર્ષની ઉંમરમાં ભયંકર તીવ્ર દારુણ વેદના સહન કરતાં અંતર્મુહૂર્તના કાયોત્સર્ગમાં મુક્તિની પ્રાપ્તિ. **(૪)** અધિક સમય અને કષ્ટમય સંયોગ સાથે ઘોર તપ-સંયમ સાધનાથી મુક્તિ. જેમકે– સનત્કુમાર ચક્રવર્તી. તેમણે ૭૦૦ વર્ષની મહાન તપસંયમ સાધના અને ૧૬ મહારોગોની તીવ્રતમ વેદનાને સહન કરીને મુક્તિ પ્રાપ્ત કરી હતી.

તાત્પર્ય એ છે કે મોક્ષમાર્ગ સિદ્ધાંતની તેમજ દરેકને ચાલવા યોગ્ય રાજમાર્ગની રૂપરેખા નિશ્ચિત કરી શકાય છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ એ ચારેયની સુમેળયુક્ત સાધના એ મોક્ષમાર્ગ છે. ***–શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૨૮ ॥*** પરંતુ કયા આત્માને કેટલી દ્રવ્ય સાધના અને કયા સાધકને ભાવોની (પરિણામોની) કેટલી સાધના પછી સફળતા મળશે, આવો નિર્ણય તે પ્રત્યેક વ્યક્તિના પૂર્વ કર્મસંગ્રહની અવસ્થાઓ પર અને વર્તમાન સંયોગો તથા યોગ્ય પ્રાસંગિક પુરુષાર્થ પર નિર્ભર થાય છે. જે ઉપર આપેલા ચાર દષ્ટાંતોથી સમજી શકાય છે. આવું બધું જ હોવા છતાં પણ છદ્મસ્થ સાધકે વિદ્યાર્થી લોકોના દષ્ટાંતને ધ્યાનમાં રાખીને રાજમાર્ગે સંયમ-તપમાં, શ્રાવધકર્મ કે સાધુ ધર્મમાં યથાયોગ્ય પરાક્રમ કરવું એ જ શ્રેષ્ઠ, સાચુ અને એક દિવસ સફળતા પ્રાપ્ત કરાવનાર નિશ્ચિત મોક્ષમાર્ગ છે. તેમાં ખરા લક્ષ સાથે, તલ્લીનતા પૂર્વક, પુરુષાર્થ, દરેકને માટે સદા–સર્વદા ઉપાદેય છે, એમ સમજવું જોઇએ. પરંતુ હતાશ થઇને અથવા એકાંત કોઇ પણ દ્રવ્ય કે ભાવની પકડ રાખીને તપ-સંયમ, વ્રતોથી વંચિત રહેવાની જરૂર હોતી નથી.





## નિબંધ–૬૫

# ચાર કષાય અને ૧૬ કષાયોનું સ્વરૂપ

ક્રોધ, માન, માયા તથા લોભ ચારે કષાય, ચારે ગતિમાં અને ચોવીસે ય દંડકના જીવોમાં હોય છે. ક્યાંક સૂક્ષ્મ રૂપે અને ક્યાંક સ્થૂલ–પ્રગટ રૂપે હોય છે. ઉદયની અપેક્ષાએ તે ચારે ય કષાય અંતર્મુહૂર્તમાં બદલતા રહે છે. અનુત્તરવિમાનના દેવોમાં પણ અસ્તિત્વ રૂપે અને સૂક્ષ્મ-સ્થૂલ ઉદય રૂપ અંતર્મુહૂર્તના પરિવર્તને ચારે કષાય મળે છે. અપેક્ષાએ કષાયોની તરતમતા હોય છે. જેમ કે– દેવોમાં લોભ કષાય, નારકીમાં ક્રોધ, તિર્યંચમાં માયા અને મનુષ્યમાં માનની બહુલતા હોય છે.

**કષાયોની ઉત્પત્તિનો આધાર–** (૧) પોતાને માટે (૨) પરને માટે (૩) બંને માટે (૪) અનાધારે–એમ જ કષાય થઇ શકે છે. **કષાયો થવાના કારણો–** (૧) જમીન (૨) મકાન આદિ (૩) ઉપધિ–ઉપકરણ–સામગ્રી (૪) શરીર. આ કારણોથી સ્વાર્થ આદિની ભાવનાથી કષાય ઉત્તેજિત થાય છે. **કષાયોનું સ્વરૂપ વિભાગ–** તીવ્રતા, મંદતાની અપેક્ષા કે દીર્ઘકાલીન અલ્પ કાલીન પકડની અપેક્ષા તથા આત્મગુણોની ક્ષતિમાં મંદતા-તીવ્રતાની અપેક્ષાએ ચારે ય કષાયોના ચાર વિભાગ છે–

**(૧) અનંતાનુબંધી કષાય–** આ કષાય તીવ્રતમ કક્ષાના હોય છે. આ કષાયની પકડ દીર્ઘ સ્થિતિની હોય છે. આ કષાયની પરિણતિમાં ઉદયભાવમાં જીવ પ્રાયઃ પ્રથમ ગુણસ્થાનમાં હોય છે. આ કષાયના ઉદયમાં સમકિત કે વ્રત પ્રત્યાખ્યાનની પ્રાપ્તિ જીવને થતી નથી. વ્રત-સમકિત આદિ હોય તોપણ આ કષાયનો ઉદય થતાં જ વ્રત કે સમકિત ગુણનો વિનાશ થાય છે, ત્યારે જીવ અનાયાસ મિથ્યાત્વ અવ્રતને પ્રાપ્ત કરી લે છે. આ અનંતાનુબંધી કષાયમાં આયુબંધ થાય તો નરકનો બંધ પડે છે. આ કષાય ઉત્કૃષ્ટ રહે તો જીવનભર પણ રહે, તેવા સ્વભાવનો હોય છે. ભવિતવ્યતા અને કાલ લબ્ધિનું જોર હોય તો ક્યારેક આ કષાયવાળો જીવ પણ સવળો થઇને તે જ ભવમાં મોક્ષે જઇ શકે છે, તોપણ વ્યવહાર સ્વભાવની અપેક્ષા આ કષાય છૂટવો મુશ્કેલ હોય છે. તેને દષ્ટાંતથી આ રીતે સમજાવેલ છે– જેમ પત્થરમાં પડેલી તિરાડ–ફાટ બુરાવી મુશ્કેલ હોય છે, તેવી જ રીતે અનંતાનુબંધી ક્રોધ કષાયથી તૂટેલા દિલ જોડાવા મુશ્કેલ છે. પત્થરનો સ્તંભ નમવો મુશ્કેલ છે તેમજ અનંતાનુબંધી માનનું નમ્રતામાં પલટાવું મુશ્કેલ છે. વાંસના

જડની વક્રતા દૂર થવી કઠિન છે તેમજ અનંતાનુબંધી માયાવાળાના સ્વભાવનું સરળ થવું મુશ્કેલ છે અને કપડામાંથી કિરમજી રંગ કાઢવો કઠિન છે તેમજ અનંતાનુબંધી લોભનું માનસ બદલવું મુશ્કેલ છે. આ રીતે આ અનંતાનુબંધી કષાય આત્માનું અધિકતમ અહિત કરનાર તેમજ આત્મકલ્યાણમાં અધિકતમ બાધક થાય છે.

**(૨) અપ્રત્યાખ્યાની કષાય–** આ કષાય અનંતાનુબંધીથી કંઈક અલ્પ તીવ્રતાની કક્ષાનો હોય છે. આ કષાયમાં પકડ ઉત્કૃષ્ટ એક વર્ષની હોય છે. એ કષાયના ઉદયમાં જીવને ચાર ગુણસ્થાન હોય શકે છે. પાંચમું ગુણસ્થાન હોતું નથી. આ કષાયના ઉદયમાં જીવ વ્રત-પ્રત્યાખ્યાન કરી શકતા નથી અને ક્યારેક પાંચમું ગુણસ્થાન કે વ્રત-પ્રત્યાખ્યાન હોય તોપણ આ કષાયના ઉદયમાં તે છૂટી જાય છે. આ કષાયમાં આયુબંધ થાય તો તિર્યંચ ગતિની પ્રાપ્તિ થાય છે. આ કષાય ઉત્કૃષ્ટ રહે તો સંવત્સરી સુધી રહી શકે છે. કદાચિત્ તેમાં પરિવર્તન આવે તો આ કષાય વાળા જીવ પણ આગળ વધીને એ જ ભવમાં મુક્ત થઈ શકે છે. તોપણ વ્યવહાર સ્વભાવની અપેક્ષા તેનું છૂટવું થોડું મુશ્કેલ જરૂર હોય છે.

તેને દષ્ટાંતથી આ રીતે સમજાવેલ છે– જેમ તળાવમાં કીચડ પાણી સુકાઈ જવાથી જે તિરાડ માટીમાં પડી હોય છે તે ફરી વરસાદ આવ્યા પહેલાં બુરાવી મુશ્કેલ હોય છે. તે જ રીતે આ કષાયવાળાનો ક્રોધ સમ્યગ્દૃષ્ટિ હોય તો સંવત્સરી આવતાં ઉપશાંત થઈ જાય છે અન્યથા તે કષાય અનંતાનુબંધીમાં પરિણત થઈ જાય છે. હાડકાંના સ્તંભની જેમ આ અપ્રત્યાખ્યાની કષાયોદયના માનવાળા કદાચિત્ કિંચિત્ નમી શકે છે, અધિક નહીં. ઘેટાનાં શિંગડાની વક્રતા પ્રયત્ન વિશેષે કદાચિત્ કિંચિત્ દૂર થાય છે તેમ આ અપ્રત્યાખ્યાની કષાયના માયાવાળામાં કિંચિત્ સરળતા હોઈ શકે છે. કીચડથી ભરેલા વસ્ત્રનો રંગ ધોવાથી કિંચિત્ સાફ થઈ શકે છે, તે જ રીતે આ કષાયના ઉદયવાળાનું લોભ માનસ થોડું બદલી શકે છે. એમ આ અપ્રત્યાખ્યાની કષાય, અનંતાનુબંધીથી ઓછી કક્ષાનો હોવા છતાં પણ આત્માનું અહિત કરનાર તેમજ મોક્ષમાર્ગે આગળ વધવામાં અવરોધક જરૂર બને છે.

ઉચ્ચારણની અશુદ્ધતાએ તેને અપ્રત્યાખ્યાનાવરણ કષાય કહી દેવાય છે પરંતુ સમજવાથી ધ્યાનમાં આવી શકે છે કે અપ્રત્યાખ્યાનનું આવરણ હોતું નથી. તેથી તેની સાથે આવરણ શબ્દ જોડવો ન જોઈએ પરંતુ **અપ્રત્યાખ્યાની કષાય** એમ જ બોલવું જોઈએ.





**(૩)પ્રત્યાખ્યાનાવરણ કષાય–** આગળ કહેલ બે કષાયો કરતાં આ કષાયની તીવ્રતા ઓછી હોય છે. આ કષાયની પકડ ૧૫ દિવસથી વધારે હોતી નથી. આ કષાયના ઉદયમાં જીવને પાંચ ગુણસ્થાન હોઈ શકે છે. આ કષાય સર્વવિરતિ પ્રત્યાખ્યાન રૂપ સંયમનો અર્થાત્ છઠ્ઠા આદિ ગુણસ્થાનોનો બાધક છે. દેશ વિરતિના પ્રત્યાખ્યાન આ કષાયના ઉદયમાં પ્રાપ્ત થઈ શકે છે. તેથી આ કષાય સર્વ પ્રત્યાખ્યાનનું આવરણ કરે છે, દેશ પ્રત્યાખ્યાનનું આવરણ કરતો નથી. આ કષાયનો ઉદય થતાં ઉપરના છઠ્ઠા આદિ ગુણસ્થાન હોય તોપણ છૂટી જાય છે અને તે જીવ પાંચમા આદિ નીચેનાં ગુણસ્થાનોમાં આવી જાય છે. આ કષાયમાં આયુબંધ થાય તો મનુષ્યની ગતિ પ્રાપ્ત થાય છે. પરિણામોમાં પરિવર્તન આવીને પ્રગતિ કરે તો આ કષાયવાળા જીવ પણ તે જ ભવે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. તથાપિ સ્વભાવથી આ કષાયની સ્થિતિ ઉત્કૃષ્ટ ૧૫ દિવસની હોય શકે છે.

તેને દષ્ટાંતથી આ પ્રમાણે સમજાવેલ છે– જેમ રેતીમાં કરેલી લીટી હવા વગેરેથી ૨–૪ દિવસમાં ભૂંસાઈ જાય છે. તે જ રીતે આ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્રોધ ૨–૪ દિવસ યાવત્ ઉત્કૃષ્ટ ૧૫ દિવસમાં સમાપ્ત થઈ જાય છે. સમાપ્ત ન થાય તો ઉપરના કોઈ કષાયમાં પરિણત થઈ જાય છે. જે રીતે લાકડીને વાળવા માટે થોડુંક જ બળ લગાડતાં તે વળી જાય છે, તે જ રીતે આ કષાયના માનવાળામાં થોડો સમય વ્યતીત થતાં નમ્રતા આવી જાય છે. જેમ બળદ ચાલતાં-ચાલતાં મૂત્ર કરે ત્યારે ભૂમિ પર તેના મૂત્રનો આકાર વાંકોચૂકો થાય છે, તે પણ થોડા સમય પછી સુકાઈ જવાથી કે અન્ય ગમનાગમન આદિથી ભૂંસાઈ જાય છે. તે જ રીતે આ પ્રત્યાખ્યાનાવરણ કષાયવાળાની માયા પણ અલ્પ સમયમાં સરળતામાં પરિવર્તિત થઈ જાય છે. અંજન કે કાજલનો રંગ શીઘ્ર સાફ થઈ જાય છે. એ જ રીતે આ કષાયોદયનું લોભમાનસ પણ સરળતાથી પરિવર્તિત થઈ જાય છે. આ કષાય દુર્ગતિદાયક નથી, તોપણ મોક્ષમાર્ગની પ્રગતિમાં, સંયમ પ્રાપ્તિમાં બાધક બને છે.

**(૪) સંજવલન કષાય–** આ કષાય મંદતમ હોય છે. તેમાં પકડના અભાવ જેવું હોય છે અર્થાત્ આ કષાય ક્ષણિક જ હોય છે. આ કષાયની હાજરીમાં જીવ ૧૦મા ગુણસ્થાન સુધી વધી શકે છે. માત્ર વીતરાગતા કે કેવલી અવસ્થા પ્રાપ્ત થવામાં આ કષાય બાધક થાય છે. તેમ છતાં હળુકર્મી જીવ આ કષાયને દશમા ગુણસ્થાને પૂર્ણ ક્ષય કરીને વીતરાગ સર્વજ્ઞ સર્વદર્શી બની જાય છે. આ કષાયના ઉદયમાં આયુબંધ થાય તો દેવગતિની પ્રાપ્તિ થાય છે. આ કષાય માત્ર દેખાવનો જ હોય

છે એટલે કે ફક્ત અસ્તિત્વ રૂપ હોય છે પરંતુ અંતરંગમાં તીવ્ર પરિણામી હોતો નથી. સ્વાર્થપરાયણતા અથવા પરસુખભંજક વૃત્તિ આ કષાયના ઉદયવાળામાં હોતી નથી. તેમ છતાં કષાય રૂપ અસ્તિત્વવાળું હોવાથી આત્માના વીતરાગ ગુણનો ઘાતક થાય છે. તેની સ્થિતિ નહીંવત્ હોય છે. અર્થાત્ એક દિવસ કે પૂરી અહોરાત્રની પણ સ્થિતિ હોતી નથી, અલ્પ સમયમાં જ આ કષાયના પરિણામ સહજભાવમાં પરિવર્તિત થઈ જાય છે.

તેને દષ્ટાંતથી આ પ્રમાણે સમજાવેલ છે– જેમ પાણીમાં કરેલી લીટી જાડી કે પાતળી તત્કાળ ભુંસાઈ જાય છે, તે જ રીતે આ કષાયવાળાનો ક્રોધ દેખાવમાં થોડો કે વધારે ગમે તેવો હોય, પણ તે વધારે રહેતો નથી. તત્કાલ કે તે જ દિવસે શમી જાય છે. ઘાસનું તણખલું જેમ તરત જ નમી જાય છે, તેમ આ કષાયના માનવાળામાં નમ્રતા પણ સ્વાભાવિક હોય છે. વાંસ, લાકડા વગેરેના છોલમાં જે વળાંક હોય છે તે સહજ સીધો થઈ જાય છે, એ જ રીતે આ કષાયવાળાની માયા શીઘ્ર સરળતામાં બદલાઈ જાય છે. જેમ હળદરનો રંગ તડકામાં રાખતાં શીઘ્ર ઉડી જાય છે તેમજ આ કષાયવાળાનું લોભમાનસ પણ શીઘ્ર બદલી જાય છે.

આ રીતે અનંતાનુબંધી આદિ ચારે ય પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ આદિના કુલ ૧૬ ભેદ થાય છે. આ બધા કષાય એક જ વ્યક્તિમાં મળી શકે છે, ક્રમ કે અક્રમથી તેનું પરિવર્તન થતું રહે છે. તોપણ પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાન વાળામાં ૧૬ કષાય, ચોથા સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનવાળામાં ૧૨ કષાય,પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકમાં આઠ કષાય(અપ્રત્યાખ્યાની સિવાય) અને સંયમના છઠ્ઠા ગુણસ્થાનથી નવમા ગુણસ્થાન સુધી ચાર સંજ્વલનના કષાય જ હોય છે. દસમા ગુણસ્થાનમાં સંજ્વલનનો એક લોભ માત્ર રહે છે, ક્રોધ, માન, માયા ત્યાં રહેતા નથી. ત્યાર પછી ૧૧ થી ૧૪ ગુણસ્થાનમાં કષાયોદય હોતો જ નથી તેથી તેને વીતરાગ કહેવાય છે. સંક્ષેપમાં અનંતાનુબંધી કષાય સમકિત ઘાતક, અપ્રત્યાખ્યાની કષાય દેશવિરતિમાં બાધક, પ્રત્યાખ્યાનાવરણ કષાય સર્વ વિરતિરૂપ સંયમનો અવરોધક તથા સંજ્વલન કષાય વીતરાગતામાં બાધારૂપ બને છે. જ્ઞાન તેમજ અભ્યાસપૂર્વક વૈરાગ્ય ભાવોની વૃદ્ધિ કરીને બધા કષાયોથી મુક્તિ પ્રાપ્ત કરવી, તે જ મોક્ષ સાધનાનું મુખ્ય અંગ છે.

કષાય સંબંધી ઉપરોક્ત સમસ્ત વર્ણન આ ચોથા સ્થાનમાં છે પરંતુ એક સાથે એક જ જગ્યાએ નથી પણ અલગ-અલગ ઉદ્દેશક કે સ્થળોમાં પ્રકીર્ણરૂપે ઉપલબ્ધ થાય છે. અહીં તે બધાનું એક સાથે વિશ્લેષણ આપેલ છે.





## નિબંધ–૬૬

# ચાર વિકથાઓ તથા ધર્મકથાઓનું વિશ્લેષણ

મોક્ષ સાધનામાં અર્થાત્ ધર્મકરણીમાં જે કથા-વાર્તા ન કરાય તેને વિકથા કહે છે. જે આત્મહિતમાં અનુપયોગી વાર્તા છે તે વિકથા છે. જેનાથી આત્મામાં રાગ કે દ્વેષની પરિણતિ થાય છે, તેવી વાર્તા–વાર્તાલાપ વિકથા છે. વિકથાના મુખ્ય ચાર પ્રકાર છે– (૧) સ્ત્રી સંબંધી(પુરુષ સંબંધી) (૨) ભોજન સંબંધી (ખાન-પાન સંબંધી) (૩) દેશ સંબંધી (૪) રાજા સંબંધી.

**(૧) સ્ત્રી કથા–** સ્ત્રીઓના વિભિન્ન સ્વભાવોની, આદતોની, તેના કુળ-વંશની, ચાલ-ચલનની, અલંકારો-આભૂષણોની, શરીરની, અંગોપાંગોની, રૂપ-રંગની, ઈન્દ્રિયોની, સજાવટની, વેશભૂષાની, વસ્ત્રોની, વાળની ઈત્યાદિ વિષયોની ચર્ચા-નિંદા-પ્રશંસા, વાદ-વિવાદ વગેરે એ બધી વાર્તા વિકથારૂપ છે. આત્મ સાધનામાં એ ચર્ચાથી કોઈ લાભ નથી.

**(૨) ભોજન–ભક્તકથા–** સાધુને જીવન નિર્વાહને માટે, આયુષ્ય ટકાવવા માટે આહાર કરવો જરૂરી છે. તેથી યથાસમય ભિક્ષાના નિયમોનાં પાલન સાથે આહાર પાણી લાવીને ઉદરપૂર્તિને માટે જેટલા જરૂરી છે તેટલા વાપરવા પડે છે તથા પોતાના અને અન્ય સાથી સાધુઓના સ્વાસ્થ્ય, સંયમ, બ્રહ્મચર્ય સમાધિનું ધ્યાન રાખવા માટે આહારના ગુણધર્મનું જ્ઞાન(અનુભવ) સ્વયં રાખવાનું હોય છે અને જરૂર પડે ત્યારે અન્ય યોગ્ય સાધુને પણ તેનું જ્ઞાન, અનુભવને માટે આપવાનું હોય છે. ભોજન સંબંધી વિકથા આ પ્રમાણે છે– ખાદ્યસામગ્રી સંબંધી સારા-નરસાની ચર્ચા, ભોજનને પકાવવાની વિધિ-અવિધિની કે કુવિધિની ચર્ચા, પોતાની પસંદ-નાપસંદની રાગદ્વેષાત્મક ચર્ચા, પોતાના સંસાર અવસ્થાના ખાન-પાનની ચર્ચા, કંજૂસ, ધનવાન અને ગરીબ વગેરેના ખાન-પાનની ચર્ચા, ખાદ્યપદાર્થોનાં મૂલ્યની ચર્ચા તેમજ સ્વાદિષ્ટ હોવાની ચર્ચા. આ પ્રકારની ચર્ચાઓમાં સાધનાનો સમય વ્યર્થ ખર્ચાઈ જાય છે તેમજ રાગદ્વેષ, આર્ત-રૌદ્રધ્યાનના કારણે કર્મબંધ થાય છે.

**(૩) દેશ કથા–** દેશવિદેશ, ગ્રામ નગરોના વસવાટ, રહેણી-કરણી, વેશભૂષા, ખાનપાન, વ્યવસ્થાઓ, કુવ્યવસ્થાઓ, દર્શનીય સ્થાનો, પ્રથાઓ, ભાષાઓની ચર્ચા-નિંદા-પ્રશંસા, રાગદ્વેષમય વાદ-વિવાદ, આ સર્વ પ્રકારની દેશકથાઓ કર્મબંધનકારી છે.

**(૪) રાજકથા–** રાજાઓના ગુણ-અવગુણોની, રાજ્ય સંચાલનની સારી-ખરાબ પદ્ધતિની, કાયરતા-શૂરવીરતાની, ઠાઠમાઠની, ઐશ્વર્ય રાજભંડારની, સેનાની, યુદ્ધની, હાર-જીતની ઈત્યાદિ ચર્ચાઓ, નિંદા- વિકથા, વાદ-વિવાદ; એ સર્વે ય પરસ્પર રાગદ્વેષ વર્ધક થાય છે. આવી કથાઓમાં ક્યારેક કોઈનું મનદુ:ખ થાય છે, ક્યારેક ક્લેશ, બોલચાલ, ઝગડા પણ થાય છે.

આ બધી વિકથાઓ ધર્માચરણ સાધનામાં પૂર્ણતઃ વર્જવા યોગ્ય છે. આ વિકથાઓ સંબંધી વિષયોની પરસ્પરની ચર્ચા સિવાય તેને પોતાના ચિંતન-મનનના વિષયભૂત બનાવવા અર્થાત્ આ વિષયોમાં પોતે જ ચિંતન વિચારણા, સંકલ્પ-વિકલ્પો કરવા તે પણ આત્મસાધકને માટે વર્જ્ય સમજવા જોઈએ. જેનો સંકેત પ્રશ્નવ્યાકરણ સૂત્રના ચોથા સંવરદ્વારમાં મળે છે.

**ધર્મકથાઓના પ્રકાર–** મોક્ષ સાધનામાં અને આત્મગુણ વિકાસમાં સહાયક, સ્વ-પર હિતકારક, વાર્તા-ચર્ચા, ઉપદેશ, વિચારણા, પ્રેરણા તે બધી ધર્મકથાઓ કહેવાય છે. તેના મુખ્ય ચાર પ્રકાર છે– (૧) જિનમતમાં સ્વમતમાં સ્વઆત્માને તથા અન્યોને આકર્ષિત કરનારી ચર્ચા, ઉપદેશ, નિરૂપણ-પ્રરૂપણ. તે **આક્ષેપિણી** ધર્મકથા કહેવાય છે. (૨) અન્ય મિથ્યાધર્મોથી, મિથ્યાસિદ્ધાંતો-પરંપરાઓથી, અંધવિશ્વાસોથી, ભ્રમણાઓથી આત્માને દૂર રાખવો, ચિત્તને તેમાંથી ચલિત કરવું. સત્યાસત્યનું ભેદજ્ઞાન થઈને અસત્યથી દૂર થવા તત્પર કરાવતી કથા-વાર્તા, ચર્ચા-વિચારણા એ **વિક્ષેપિણી** ધર્મકથા કહેવાય છે. (૩) જીવનમાં વૈરાગ્યભાવોની વૃદ્ધિ, સંસારથી અરુચિ, મોક્ષમાં લગની લગાડનારી, કથા-વાર્તા, ચર્ચા-પ્રેરણા ઉપદેશ; અનિત્ય આદિ ચાર ભાવનાઓનું વર્ણન; આ **સંવેગિની** ધર્મકથા કહેવાય છે. (૪) શરીર પ્રત્યે, સુખભોગો પ્રત્યે ઉદાસીનતા પેદા કરનારી, પુણ્ય-પાપ પરિણામની ચર્ચા દ્વારા સંયમ, વ્રત-પ્રત્યાખ્યાનની રુચિની વૃદ્ધિ કરનારી, કષ્ટ-ઉપસર્ગોના સમયે સહિષ્ણુતા ઉત્પન્ન કરનારી કથા-વાર્તા, ચર્ચા-પ્રેરણા ઉપદેશ અશુચિ ભાવના આદિ; એ **નિર્વેદિની** ધર્મકથા કહેવાય છે.

પ્રસ્તુત શાસ્ત્રમાં **(૧) આક્ષેપિણી** ધર્મકથાના ચાર પ્રકાર કહ્યા છે– **૧.** આચારની ચર્ચાથી અથવા આચાર સંબંધી વિવેચનાથી **૨.** વ્યવહાર કુશળ તાથી, વ્યવહારની શુદ્ધિથી, શ્રેષ્ઠ વ્યવહારથી **૩.** વ્યક્તિના સંશય– જિજ્ઞાસાના સંતોષકારક સમાધાનથી **૪.** અનેક અપેક્ષાઓથી, દષ્ટાંતોથી તેમજ શાસ્ત્રોના ઉદ્ધરણો યુક્ત વસ્તુ તત્ત્વના સ્પષ્ટીકરણથી વ્યક્તિને કે પરિષદને શુદ્ધ ધર્મ પ્રત્યે આકૃષ્ટ કરનારા વક્તવ્ય-ઉપદેશ આક્ષેપિણી ધર્મકથા છે.





**(૨) વિક્ષેપિણી** ધર્મકથાના ચાર પ્રકાર છે– **૧.** શ્રોતા કે પરિષદની સમક્ષ સ્વસિદ્ધાંત, સત્યદષ્ટિ–સત્ય વિચારણાની સમ્યગ્ વિવેચનાની સાથે અશુદ્ધ દષ્ટિ–વિચારણાની અસમ્યક્તાના સ્પષ્ટીકરણથી **૨.** અશુદ્ધ દષ્ટિ, વિચારણા, અન્ય સિદ્ધાંતનું કથન કરીને સત્ય તત્ત્વના સ્પષ્ટીકરણની સાથે મહત્તા દર્શાવવી **૩.** વાદ–પ્રતિવાદના પ્રસંગમાં ક્યારેક સમ્યગ્વાદનું ક્રમબદ્ધ કથન કરીને મિથ્યાવાદ સાથે તુલના કરવી **૪.** ક્યારેક મિથ્યાવાદનું પહેલાં કથન કરીને પછી તે કથનના તત્ત્વોથી સમ્યગ્વાદના તત્ત્વોની તુલના દર્શાવી સમ્યક વાદની સ્થાપના કરવી. આ રીતે કથા, વક્તવ્ય, ઉપદેશ તેમજ સમ્યગ્વાદ– ચર્ચા કરવાથી પરિષદ, શ્રોતા કે વાદી પોતાની અસમ્યગ્દષ્ટિ–વિચારણાથી ચલિત થઈને સમ્યક વિચારણાની અભિમુખ બને છે. આ પ્રમાણે વિવેક અને બુદ્ધિની સાથે નિરૂપણ કરવું એ વિક્ષેપિણી કથા છે.

**(૩) સંવેગિની** ધર્મકથાના ચાર પ્રકાર છે– **૧.** ઈહલૌકિક પદાર્થો, સાધનો, સંયોગોની અસારતા-વિડંબનાનું નિરૂપણ **૨.** પારલૌકિક(ત્રણ ગતિ સંબંધી) અસારતા-વિડંબનાનું નિરૂપણ **૩.** શરીરની અસારતા-વિડંબણાઓનું નિરૂપણ **૪.** અન્ય પદાર્થો, સંયોગોની વિનશ્વરતાનું નિરૂપણ. આ પ્રકારની કથાવાર્તા સ્વ-પરમાં વૈરાગ્ય વાસિત કરનારી હોવાથી સંવેગિની કથા કહેવાય છે.

**(૪) નિર્વેદિની** ધર્મકથાના ચાર પ્રકાર છે– આમાં પાપના દારુણ પરિણામોનું દિગ્દર્શન કરાવીને સંસાર તેમજ સંસારના સુખો તથા શરીર પ્રત્યે આસક્તિ દૂર કરાવી ઉદાસીનતા ઉત્પન્ન કરાવવામાં આવે છે. **૧.** આ ભવમાં જેલ-યાતના, મારપીટ પ્રાપ્ત કરનારા ચોર, પરદાર ગવેષીના દષ્ટાંતોનું કથન. **૨.** શિકાર, પંચેન્દ્રિય વધ, માંસાહાર કરનાર તથા મહાપરિગ્રહ એટલે વિશાળ ધનસંપત્તિ અને રાજ્યના સ્વામી મરીને નરકના અતિ દારુણ દુઃખોને ભોગવે છે એવા બ્રહ્મદત્ત ચક્રવર્તી, રાવણ, કંસ, કસાઈ તેમજ દુઃખવિપાક સૂત્રાનુસારી કથાનું નિરૂપણ. **૩.** પૂર્વના પાપફળ દ્વારા ગર્ભથી લઈને જીવનપર્યંત દુઃખ-દરિદ્રતા ભોગવનારાઓનાં જીવનનું દિગ્દર્શન. **૪.** પૂર્વભવોના પાપોદયે કાગડા, કૂતરા, ગીધ તથા માંસભક્ષી બનીને ફરી નરકાદિ ભવોમાં દુર્ગતિની પરંપરામાં દુઃખી થવાનું નિરૂપણ.

તદુપરાંત પુણ્ય-સત્કર્મ, ધર્માચરણના ફળનું પ્રતિપાદન કરી ત્યાગ-તપમાં પરાક્રમભાવ જાગૃત કરાવવામાં આવે છે. જેમ કે– (૧) તીર્થંકરોને સુપાત્ર દાન દેનારા આ ભવમાં યશોકીર્તિને તથા સુવર્ણમુદ્રાઓની વૃષ્ટિના અપાર ધનને પ્રાપ્ત કરે છે. (૨) સંયમ સાધના કરનારા શ્રમણ-નિર્ગ્રંથ તપસ્વી સાધક સંસાર

પરિત્ત કરી આગામી ભવોમાં પણ શીઘ્ર મુક્તિગામી બને છે. (૩) પૂર્વભવોમાં સંચિત પુણ્યથી જીવ તીર્થંકર ચક્રવર્તી આદિની સુખસાહેબી અને આત્મ ઉત્થાનના સુયોગને પ્રાપ્ત કરી શકે છે. (૪) ચંડકૌશિક સર્પ, નંદમણિયારનો જીવ દેડકો, બળભદ્ર મુનિને આહારની દલાલી કરીને હરણ વગેરે પશુ યોનિમાં પણ પુણ્યોપાર્જન કરી દેવગતિના સુખ સુવિધામય જીવનને પ્રાપ્ત કરી આગળ પણ આત્મકલ્યાણનો માર્ગ સુલભ કરે છે.

આ બધા દષ્ટાંત નિર્વેદભાવને પેદા કરી ધર્મસાધનામાં, તપ-સંયમ સાધનામાં બલવૃદ્ધિ, ઉત્સાહવૃદ્ધિ કરે છે. સંસાર અને શરીરની આસક્તિથી ઉપર ઉઠવાની પ્રેરણા આપે છે.

આ બંને પ્રકારના ચાર-ચાર ભાંગા નિર્વેદિની કથા રૂપ છે. તત્ત્વ એ છે કે– સાધક પૂર્વ કથિત વિકથાઓથી સદા નિવૃત્ત રહે અને આ ધર્મકથાઓમાં સદા તલ્લીન રહે. વિકથાઓથી અરુચિ, નફરત રાખે અને ધર્મકથાઓમાં રસ-રુચિ રાખે, તે જ આત્મગુણ વિકાસનો, આત્મકલ્યાણ સાધનાનો નિષ્કંટક માર્ગ છે.

### નિબંધ–૬૭

## ગૃહસ્થ માટે વ્રત-પચ્ચક્ખાણ

**પ્રશ્ન–ગૃહસ્થ જીવન તો સંસારની અનેક ખટપટોથી પરેશાનીવાળું હોય છે, તેમાં વળી ધર્મના નામે ત્યાગ-નિયમ વ્રતની જવાબદારીઓ નાંખવાથી વિશેષ બોજો વધે છે, તો શાસ્ત્રમાં આ વ્રતોને ગૃહસ્થના વિશ્રામસ્થાન કેમ કહેલ છે ?**

**ઉત્તર–** જેવી રીતે ભાર વહન કરનારની મંજિલ ઘણી દૂર હોય, તે ચાલતાં-ચાલતાં ભારને એક હાથમાંથી બીજા હાથમાં બદલાવે છે અથવા એક ખભા ઉપરથી બીજા ખભા ઉપર વજનને ઉઠાવે છે ત્યારે સીધે-સીધા ચાલતા રહેવાની પ્રવૃત્તિમાં આ બદલવાની પ્રવૃત્તિ ભલે વધારાની દેખાય તોપણ આ પ્રવૃત્તિમાં વિશ્રામ સમાવિષ્ટ છે. આગળ વધીને ભારવાહક શારીરિક શંકા(મળમૂત્રની બાધા) થતાં કોઈ યોગ્ય સ્થાનની શોધ કરે છે. સામાનને ખભા પરથી ઉતારી યોગ્ય રીતે રાખે છે, બાધા નિવૃતિ માટે આસપાસ જાય છે. ફરી આવીને ભારને ઉઠાવી ખભા પર ગોઠવે છે, પછી ચાલે છે; એમ સીધા ચાલતા રહેવામાં વચ્ચે આ બધી પ્રવૃત્તિ વધી છે તોપણ તેના થાકમાં વિશ્રાંતિ અવશ્ય મળે છે.

એ જ રીતે સંસારના મોહમાયા યુક્ત કર્તવ્યોમાં આરંભ-સમારંભની પ્રવૃત્તિઓથી આત્મા નિરંતર કર્મબંધના ભારથી શ્રમિત થતો રહે છે. તેમાં





સંતદર્શન, ગુરુ સાંનિધ્ય, વીતરાગવાણી શ્રવણ, વ્રતપ્રત્યાખ્યાન દ્વારા કર્માશ્રવ નિરોધ, તપ-વ્રત સંયમ આચરણો દ્વારા કર્મો ઘટવાથી આત્માને દ્રવ્ય-ભાવ બંને રીતે વિશ્રાંતિ મળે છે. માનસિક અને શારીરિક બંને પ્રકારની સુખ-સમાધિ મળે છે. આ જ દષ્ટિકોણથી શાસ્ત્રમાં શ્રમણોપાસકના જીવનમાં અપેક્ષાએ ચાર વિશ્રાંતિસ્થાન કહેલ છે, જેમાં ક્રમશઃ વિશ્રાંતિની અધિકતા રહેલી છે. જેમ કે– (૧) ભારવાહક ભારને હાથ કે ખભામાં પરિવર્તિત કરે છે, તેમ શ્રાવક સાંસારિક જીવનની વચ્ચે પણ સંતસમાગમ, ધર્મશ્રવણ તથા અનેક ત્યાગ પ્રત્યાખ્યાન (કુવ્યસન ત્યાગ, રાત્રિભોજન ત્યાગ કે મર્યાદા, નવકારસી, પોરસી, દયાદાન પ્રવૃત્તિ આદિ ધારણ) કરે છે, જીવનને સુસંસ્કારિત કરે છે તો આ ભારવાહકના પ્રથમ વિસામા સમાન કર્મસંગ્રહમાં વિશ્રાંતિકારક છે. (૨) થોડા સમય માટે ભારવાહક ભારને મૂકી શારીરિક બાધાથી નિવૃત થાય છે તેવી જ રીતે શ્રાવક થોડો સમય કાઢીને સામાયિક કરે, જીવનની દૈનિક આવશ્યકતાઓ– પ્રવૃત્તિઓની મર્યાદા કરે, તો તે ભાર નીચે મૂકવા સમાન શ્રાવકનો બીજો વિસામો છે. (૩) ભારવાહક વચમાં મંદિર, ધર્મશાળા આદિ સ્થાનમાં રાત્રિનિવાસ કે બપોરની વિશ્રાંતિ(૧–૨ કલાક) કરે છે તેમ શ્રાવક આખા દિવસનો કે રાત્રિનો સંવર-પૌષધ કરી પૌષધશાળામાં રહીને વ્રતી જીવન જીવે તો તે ભારવાહકના ત્રીજા વિસામા– રાત્રિ નિવાસ સમાન છે. (૪) ઘરે કે પહોંચવાના સ્થળે પહોંચીને ભારવાહક ભારમુક્ત થઈ જાય છે તેમ શ્રાવક જીવનનો પાછલો સમય જાણી સંસારના કાર્યોથી પૂર્ણ નિવૃત્તિમય જીવન બનાવી, પૌષધશાળામાં જ ભિક્ષા લાવીને જીવન નિર્વાહ કરે કે પછી અંતિમ સમયે જીવન પર્યંતનો સંથારો ગ્રહણ કરે. આ ભારવાહકના ચોથા વિસામા(ગંતવ્યસ્થાને પહોંચી સદાને માટે ભાર ત્યાગવા) સમાન ૧૮ પાપોના ત્યાગમય સંથારા ગ્રહણ રૂપ વિસામો છે.

આ જાણીને શ્રાવકે સાંસારિક જીવનમાં પણ હળુકર્મી, કર્મભારથી મુક્તિની વિશ્રાંતિ, આત્મસમાધિ તેમજ આત્મઉન્નતિને માટે જિનાજ્ઞાનુસાર વ્રત-પ્રત્યાખ્યાનોની, સંવર-સામાયિક-પૌષધ તેમજ નિવૃત્તિમય જીવનને સ્વીકારવાની ભાવનાઓને, સંસ્કારોને વધારતા રહેવું જોઈએ. તો તે સંસાર ભારનો ભારવાહક હોવા છતાં પણ વિશ્રાંતિ પ્રાપ્ત કરીને ક્યારે ય હેરાન પરેશાન ન થતાં અનુપમ આત્મસમાધિને પ્રાપ્ત કરનાર બની શકે છે.

## નિબંધ–૬૮

# ગૃહસ્થનો સાધુ પર માતા-પિતા હોવાનો અધિકાર

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ચારે ય મોક્ષમાર્ગના પથિક છે, આત્મ સાધનાના સાધક છે. તેઓ પરસ્પર સાધર્મિક નાના મોટા ભાઈ જેવા છે. સાધુ મહાવ્રતધારી છે અને શ્રાવક અણુવ્રતધારી છે. તેથી કોઇ, કોઈના પર અધિકાર જમાવે કે કોઈનો તિરસ્કાર કરે એવું કંઈપણ, કોઈને પણ યોગ્ય નથી. સાધક-સાધક પરસ્પર એક બીજાના સહયોગી બની શકે છે, એક બીજાના સહયોગથી પોતાની સાધનાને બલવતી બનાવી શકે છે. કદાચિત્ કોઈની સાધના અલ્પ બલવતી કે હીન સત્ત્વવાળી દેખાય તો અત્યંત લાગણીપૂર્વક પરમ ભક્તિ અને વિવેક સાથે તેની સાધના બલવતી બને તેવા સહાયક બનવાનો પ્રયત્ન કોઇ પણ સાધક(સાધુ કે શ્રાવક) કરી શકે છે. તેથી જ કવિએ કહ્યું છે–

**માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધરું.**

આગમ વર્ણનમાં શૈલક રાજર્ષિની અને પાર્શ્વનાથ ભગવાનની અનેક સાધ્વીજીઓની માર્ગ ભૂલેલી અવસ્થા વર્ણિત છે. તોપણ ત્યાં સાધુ-શ્રાવક દ્વારા અધિકાર જમાવવાની કોઇ વાત કરેલ નથી. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૭માં વર્ણિત ૫૦૦ સાધુઓના સ્વામી ગર્ગાચાર્યએ અને તે સમયના શ્રાવકોએ એક-એક સાધુને અધિકાર જમાવી મારી-મારીને સીધા કર્યાનું વર્ણન નથી. પોતાને જ તીર્થંકર કહેવડાવવા છતાં તથા પોતાને સાધુ માનીને પણ ભગવાનની સામે જેમ તેમ બોલનાર તથા બે સાધુની ઘાત કરનાર ગોશાલક ઉપર પણ કોઇએ અધિકાર જમાવવાની વાત કે મા-બાપ થવાનો પ્રયત્ન કર્યો નથી. ગોશાલકનો ઉપાસક અયંપુલ શ્રાવક પણ ગોશાલકને મર્યાદાહીન પ્રવૃત્તિમાં જોઇને તેના પર કંઇ પણ અધિકાર નહીં જમાવીને સ્વયં પાછો ઘરે જવા લાગ્યો. તેથી ધર્મ માર્ગમાં, ધર્મસભામાં કે ગુરુ-શિષ્યના વ્યવહારમાં કોઇ, કોઇના પર અધિકાર જમાવવાની વાત સમજવી ન જોઇએ પરંતુ એક-બીજાની સાધનામાં બની શકે તેટલું સહયોગી બનવું જોઇએ. શક્ય ન હોય તો ઉપેક્ષા કે આત્મસુરક્ષા કરવી જોઇએ પરંતુ ઘૃણા-નિંદા, તિરસ્કાર, સંઘ બહિસ્કૃતિ, હીન ભાવના, કોઇના જીવન સાથે રમત આદિ પ્રવૃત્તિઓ કોઇપણ ધર્મિષ્ઠે કરવી યોગ્ય ન કહેવાય. એવી પ્રવૃત્તિઓ જે પણ સાધક કરે છે તે તેનું વ્યક્તિગત માન, સંકીર્ણતા, સ્વાર્થ, સ્વજમાવટ, બીજાને





નીચા પાડવા આદિ હીન ભાવનાઓનું પરિણામ છે. કોઈપણ સાધક પડતા હોય તેને ઉભા કરવા તે કર્તવ્ય છે પરંતુ ન ઉઠે તો ઠોકરો મારવી, તે કોઈપણ ધર્મીનું તો શું સજ્જનનું કર્તવ્ય પણ નથી. અનેક પ્રકારના લક્ષણોવાળા શ્રાવકોને ધ્યાનમાં રાખીને શાસ્ત્રકારે અહીં ચાર પ્રકારના સ્વભાવવાળા કે વ્યવહાર કરવાવાળા શ્રાવક બતાવ્યા છે– **(૧) માતા-પિતા** જેવી હાર્દિક લાગણી યુક્ત આત્મીયતાનો વ્યવહાર કરનારા અને સદા વિકાસમાં સહયોગી બનનારા શ્રાવક. જે રીતે યોગ્ય શિક્ષિત માતાપિતા બાળકને ભૂલ કરે ત્યારે થોડી ઉપેક્ષા, થોડી શિક્ષા, થોડી સમજાવટ, થોડું સંરક્ષણ કરીને પ્રેમથી તેને અવગુણોથી બચાવવાનો અને ગુણોમાં પ્રગતિ કરાવવાનો પ્રયત્ન કરે છે તે જ રીતે કોઇ શ્રમણ સાધક ગુરુ સાંનિધ્યના અભાવમાં કે સાચા સંસ્કારોના અભાવે ક્યાંક માર્ગ ચ્યુત થાય તો શ્રાવક પોતાની શક્તિ અનુસાર, પોતાના સમભાવોની દઢતાનો ખ્યાલ રાખીને, ગુરુ-ભક્તિને સુરક્ષિત રાખીને, ગુરુસન્માન નિભાવીને, વિવેક અને વિચક્ષણતાથી શ્રમણને સન્માર્ગની પ્રેરણા કરે, સન્માર્ગે જોડે, તો તેવી યોગ્યતાવાળા તેમજ વિવેકવાળા શ્રાવક આ શાસ્ત્રકથન અનુસાર માતા-પિતા સમાન કહેવાય છે. **(૨-૩)** એ જ પ્રમાણે ભાઈ-ભાઈ જેમ એક બીજાના હિતૈષી સહયોગી થાય છે. મિત્ર-મિત્ર એક બીજાના સહયોગી થાય છે. તેવો ભ્રાતૃત્વનો વ્યવહાર કે મિત્રતા જેવો સહયોગી વ્યવહાર કરનારા શ્રાવકોને અહીં સૂત્રમાં (૨) **ભાઈ** સમાન અને (૩) **મિત્ર** સમાન શ્રમણોપાસક કહેલ છે. **(૪)** જેવી રીતે એક વ્યક્તિની અનેક અયોગ્ય પત્નીઓ પરસ્પર શોક્યવૃત્તિયુક્ત રહેતી હોય છે તે જ રીતે કેટલાક શ્રાવક સાધુ-સાધ્વીઓ પ્રતિ રાગ, દ્વેષ, મારું-તારું જેવી વૃત્તિ રાખે છે, કોઇ પોતાના રાગવાળા સાધુ-સાધ્વીઓના મોટા-મોટા દોષ પણ પેટમાં સમાવી લે છે. ભલે ત્યાં વારંવાર મોટા-મોટા ઓપરેશન થાય, રોજ નવા લડાઇ-ઝગડા, ટંટા-ફસાદ થતા હોય, ફાટ-ફૂટ, ફજેતી, ભાગવું, ગચ્છ છોડવો કે ગુરુ વડીલની અવહેલના થતી હોય તે બધી ખોટી પ્રવૃત્તિઓને પેટમાં પચાવી જાય છે અને જેને પરાયા સમજે તેના નાના-નાના દોષને પણ અતિ શિખર પર ચડાવવાનું, નિંદા-ઘૃણાનું અને હીનભાવનાનું વાતાવરણ બનાવવાનું માનસ રાખીને વ્યવહાર કરતા હોય, એવા શ્રાવકોને અહીં શાસ્ત્રમાં શોક્યવૃત્તિવાળા કે **શોક્યસમાન** શ્રાવકની કોટિમાં કહેલ છે. આ પ્રમાણે અહીં શ્રાવકોને માત્ર **માતાપિતા** સમાન જ કહેલ નથી કે માતા-પિતાનો રૂઆબ જમાવનારા જ કહેલ નથી પરંતુ જે જેવો વ્યવહાર વિવેક કરે હોય તે પ્રમાણે ચાર કક્ષાના શ્રાવક આ સંસારમાં મળી શકે, તેમ દર્શાવેલ છે.

પ્રસ્તુત સૂત્રનો આશય જાણીને શ્રાવકોએ પોતે પોતાને કેવા બનાવવા તે બધું શાસ્ત્રકારની અનેકાંતિકતાને સમજીને પોતાની યોગ્યતા અને કક્ષા પ્રાપ્ત કરીને થઈ શકે તેટલી સ્વ-પરની આત્માની ભલાઈની સાધના કરવી જોઈએ, કોઈનું ખરાબ ન કરવું જોઈએ. તિરસ્કાર, નિંદા, ઘૃણાનો વ્યવહાર શાસ્ત્રના નામે કોઈ પામર પ્રાણીની સાથે પણ નહીં કરાય, ત્યારે જિનવાણીના રસિક ભૂલપાત્ર સાધકોની સાથે તેવો વ્યવહાર કરવો ક્યારે ય પણ ઉચિત ન ગણાય.માટે શ્રાવકોએ ઉપરોક્ત કવિની કવિતા જે આગમના મર્મથી ભરેલી છે, તેને જ સ્મૃતિમાં રાખવી જોઈએ કે–

**માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા ચિત્ત ધરું.**

આગમના આ પાઠનો સાર પણ એ જ છે. અહીં શ્રમણોપાસકના બીજા ચાર પ્રકાર પણ કહેલ છે. સૂત્ર–૪૫માં કહેલા શ્રાવકના પૂર્વોક્ત ચાર પ્રકારોમાં બાહ્ય વ્યવહારોની પ્રધાનતા છે અને સૂત્ર–૪૬માં હવે કહેવાના ચાર પ્રકાર વ્યક્તિની પોતાની આંતરિક યોગ્યતાની અપેક્ષાએ કહેલ છે.

**(૧) અરીસા(દર્પણ)સમાન શ્રાવક–** સાધુ-સાધ્વી દ્વારા નિરૂપિત ઉત્સર્ગ કે અપવાદ પરિસ્થિતિના આચારને, ગહન તત્ત્વોને, યથાર્થ ભાવોને સમજનારા શ્રાવકને **અરીસા સમાન** કહેલ છે. અરીસામાં જેવી વસ્તુ હોય તેવી જ દેખાય છે તે જ રીતે તે શ્રાવક પણ જેવો જે તત્ત્વનો, ગુરુનો , આગમનો આશય છે તેને તેવો જ યથાર્થ સમજે છે. **(૨) ધ્વજાપતાકા સમાન શ્રાવક–** જે દિશાની હવા હોય તે તરફ ધ્વજાપતાકા લહેરાય છે તે જ રીતે જે શ્રાવક પોતાના જ્ઞાનમાં સ્થિર ન રહે, જેવી દેશના-સંયોગ મળે તે અનુસાર જ પોતાની ચિત્તવૃત્તિ બનાવી લે છે. ગમે ત્યાં ઝૂકતા ચાલે તેને અહીં ધ્વજાપતાકા સમાન શ્રાવક કહેલ છે. **(૩) ઠૂંઠાસમાન શ્રાવક–** જે શ્રાવક કોઈપણ પૂર્વગ્રહમાં, હઠાગ્રહમાં કે પરંપરાની પકડમાં જકડાયેલાં રહે છે, જ્ઞાની, ગીતાર્થ, બહુશ્રુતો દ્વારા સત્ય તત્ત્વ સમજાવવા છતાં સ્વીકારતા નથી. પોતાને વિશાળ જ્ઞાન છે નહીં અને જ્ઞાનીની વાત માને નહીં, ખોટી પકડ છોડે નહીં, તેવા શ્રાવકોને અહીં પાકી ગયેલું અનાજ વાઢી લીધાં પછી ખેતરમાં ઉભેલા નાના-નાના ઠૂંઠા સમાન કહેલ છે. તેવા શ્રાવક નમ્રતા રહિત સ્વભાવવાળા હોય છે. **(૪) કંટક સમાન શ્રાવક–** જે દુરાગ્રહી શ્રાવક સમજાવનારા ગુરુ સાથે પણ દુર્વચનયુક્ત વ્યવહાર કરે, પોતાની મૂર્ખતા સમજ્યા વગર ગુરુ પર દોષારોપણ કરે, તે કંટક સમાન શ્રાવક કહેવાય છે. જેમ કાંટાળી





વાડના કાંટા એક તરફથી કાઢે તો બીજી તરફ ખૂંચે છે તેમજ કંટક સમાન પીડાકારી વ્યવહાર કરનારા શ્રાવકોને અહીં તીક્ષ્ણ કંટક સમાન કહેલ છે.

આ રીતે પોતપોતાની માનસિકતા અને ક્ષયોપશમ અનુસાર કોઈ શ્રાવક અરીસા જેવા અને કોઈ કંટક જેવા પણ હોય છે. તે જાણીને શ્રાવકોએ કઈ કોટિમાં આવવું છે તેનો સ્વયં નિર્ણય કરી, સુંદર ક્ષયોપશમ પ્રાપ્ત કરી અને સુંદર પ્રકૃતિ સ્વભાવ બનાવી અરીસા જેવા ઉત્તમ શ્રાવક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

### નિબંધ–૬૯

# ચિકિત્સા-ચિકિત્સક-રોગનું પ્રજ્ઞાન આગમથી

શરીરમાં ઉત્પન્ન સમસ્ત વ્યાધિઓ મૂળમાં ચાર પ્રકારની છે– (૧) વાતજન્ય–વાયુ વિકારથી ઉત્પન્ન (૨) પિત્તજન્ય–પિત્ત વિકારથી ઉત્પન્ન (૩) કફજન્ય–કફના વિકારથી ઉત્પન્ન (૪) સન્નિપાતિક ભેદ–ત્રણેયના વિકારથી ઉત્પન્ન. અર્થાત્ વાત-પિત્ત, વાત-કફ, પિત્ત-કફ અને વાત-પિત્ત-કફ એમ ચારે ય વિકલ્પથી ઉત્પન્ન.

ચિકિત્સા–ઉપચારની સફળતાના ચાર અંગ છે– **(૧) કુશળ વૈદ્ય–** તેના ચાર ગુણ છે– ૧. ચતુરાઈથી કાર્ય કરનાર, ૨. આયુર્વેદ શાસ્ત્રોમાં પારંગત ૩. નિદાન કરવામાં અનુભવી ૪. પવિત્ર–શરીરથી પવિત્ર અર્થાત્ સ્વચ્છ શરીર, વસ્ત્રાદિવાળા તેમજ વિચારોથી પવિત્ર અર્થાત્ રોગી પ્રત્યે અનુકંપા ભાવવાળા તેમજ સ્વાર્થ કે દ્વેષ રહિત. **(૨) ઔષધ–**યોગ્ય ગુણસંપન્ન, સુવિધિથી નિષ્પન્ન, દોષ(ગંદકી)રહિત, યોગ્ય માત્રામાં સેવન. **(૩) રોગી–** તેના ચાર ગુણ છે– ૧. ઉપચાર કરાવવા યોગ્ય સંપત્તિથી સંપન્ન, ૨. વૈદ્ય પર વિશ્વાસ કરનાર, ૩. રોગ સંબંધી હકીકત સ્પષ્ટ કરનાર, વૈદ્ય પાસે સત્ય વાત કહેનાર, ૪. યોગ્ય ધૈર્ય રાખનાર, સ્થિરતાથી ઉપચાર કરાવનાર. **(૪) યોગ્ય સેવા-પરિચર્યા કરનાર–** ૧. રોગી પ્રત્યે હિતૈષી, ૨. પોતાના અને રોગીના વસ્ત્ર, શય્યા, શરીરને સ્વચ્છ રાખનાર, ૩. સેવા કરવામાં ચતુર, ૪. રોગીના ચિત્તની આરાધના કરવામાં, તેને પ્રસન્ન રાખવામાં બુદ્ધિશાળી.

**ચિકિત્સકની પ્રથમ ચૌભંગી–** (૧) કોઈ વ્યક્તિ પોતાના કોઈપણ રોગની ચિકિત્સા કરી શકે છે. (૨) કોઈ માત્ર બીજાને દવા બતાવી શકે છે, પોતાના માટે ગભરાઈ જાય છે, કંઈ કરી શકતા નથી. (૩) કોઈ સાવધાનીપૂર્વક સ્વ-પર બંનેની ચિકિત્સા કરી શકે છે. (૪) કોઈ રોગગ્રસ્ત કે અતિ વૃદ્ધ થઈ જવાથી નિવૃત્ત

ચિકિત્સક હોય છે તે સ્વ-પર કોઈની ચિકિત્સા કરી શકતા નથી.

**બીજી ચૌભંગી–** (૧) કોઇ માત્ર શલ્ય ચિકિત્સા કરનાર ડોકટર હોય છે. (૨) કોઇ માત્ર ઈજાવાળા ભાગ પર ડ્રેસિંગ કરનાર કમ્પાઉન્ડર હોય છે. (૩) કોઇ બંને કામ સ્વયં કરે છે. (૪) કોઇ માત્ર સૂચના આપે છે, કરનારા આસિસ્ટંટ અલગ હોય છે. **ત્રીજી ચૌભંગી–** શલ્ય ચિકિત્સા અને તેની મલમપટ્ટી બાંધવા સંબંધી છે. **ચોથી ચૌભંગી–** શલ્ય ચિકિત્સા અને ઘા રૂઝાવા સુધીની પ્રક્રિયા સંબંધી છે. તાત્પર્ય એ છે કે અલગ-અલગ કાર્ય કરનાર અલગ-અલગ વ્યક્તિ હોય છે અને ક્યાંક થોડું કામ હોવાથી બધું કાર્ય એક જ વ્યક્તિ કરી લે છે. ઘા-ગુમડા પણ કોઇ ચામડીની બહાર પીડા કરનારા અને કોઇ ચામડીની અંદર પીડાકારી હોય છે, તેના ૪ ભાંગા. કોઈમાં અંદર સડો હોય છે તો કોઈમાં બહાર, તેના પણ ૪ ભાંગા.

**આચારાંગસૂત્ર**માં પણ સચિત્ત અચિત્ત જડીબુટ્ટીઓ સંબંધી ઔષધ ઉપચારનું વર્ણન છે. ત્યાં શુદ્ધ-અશુદ્ધ મંત્રબળથી પણ ઉપચારની ચર્ચા કરવામાં આવી છે.

**વ્યવહારસૂત્ર**માં સર્પ કરડવા પર, જોણ-ઝપટ કરાવવાનો એટલે કે વિષ ઉતારવાના મંત્ર દ્વારા ઉપચાર કરાવવાનો સંકેત કરેલ છે. તેમ કરવું સ્થવિરકલ્પી–સામાન્ય સાધુઓને કલ્પે છે. જિનકલ્પી–પડિમાધારી ભિક્ષુને તેવું કરાવવું નિષિદ્ધ છે. ત્યાં એ પણ સ્પષ્ટ કરેલ છે કે સ્થવિરકલ્પી સાધુને સર્પદંશના તે મંત્ર ઉપચાર કરાવવાનું કોઈપણ પ્રાયશ્ચિત્ત આવતું નથી.

**બૃહત્કલ્પસૂત્ર**માં રોગ ઉપશાંતિ માટે સ્વમૂત્ર ચિકિત્સા રૂપે પીવા અને માલિશ કરવાનું તથા તાત્કાલિક જરૂરી હોય તો સાધુ-સાધ્વીએ પરસ્પર સ્વમૂત્ર લેવા-દેવાનું પણ કથન છે. જેના પીવા કે લગાવવાના બંને ઉપયોગ કહેલ છે.

**નિશીથસૂત્ર**માં રસોડામાં જામેલા **ધુમાડાથી** પણ ઔષધ ઉપચાર કરવાનો નિર્દેશ છે તથા એ જ શાસ્ત્રમાં ગોબર–છાણ સંબંધી ચિકિત્સાની ચર્ચા પણ છે.

**ઉત્તરાધ્યયનસૂત્ર** આદિમાં વિશિષ્ટ રોગાતંકમાં ઉપવાસ ચિકિત્સાનો સંકેત પણ મળે છે. અનેક અસાધ્ય રોગમાં ઉપવાસ રામબાણ ઔષધ છે. પરંતુ તેમાં પૂર્ણ ધૈર્ય યુક્ત, પુષ્ટ સંસ્કારિત માનસ હોવું અત્યંત આવશ્યક છે. ઉપવાસ ચિકિત્સામાં ઉપવાસની સંખ્યા ૨૧–૩૧–૪૧ સુધી જવાથી આયુષ્ય વધારે હોય તો ગમે તેવી અસાધ્ય બીમારી પણ જડમૂળથી દૂર થઇ જાય છે. નાના-મોટા રોગ પ્રાયઃ ખાવા-પીવાની અશુદ્ધિથી કે વિમાત્રાથી થાય છે. તે તો એક, બે કે ત્રણ ઉપવાસથી પણ





મટી જાય છે. આ ઉપવાસ ચિકિત્સામાં ગરમ પાણી સિવાય બધા ખાવા-પીવાના પદાર્થોનો ત્યાગ આવશ્યક હોય છે. ક્યારેક શરીરમાં નબળાઈ, શ્રમનો થાક વગેરે હોય ત્યારે ઉપવાસ ચિકિત્સાનો નિષેધ છે. પેટની ખરાબી કે તાવના ઉપચારમાં પણ ઉપચાર રૂપે એક, બે કે ત્રણ ઉપવાસ પર્યાપ્ત છે અર્થાત્ તેથી રોગમુક્ત થઇ જવાય છે.

આ બધા પ્રકારના રોગોની ઉપવાસ ચિકિત્સામાં ઉપવાસના પારણે ખાવા-પીવાનો વિવેક રાખવો જરૂરી છે. જેટલા ઉપવાસ કર્યા હોય તેટલા દિવસ અતિ તીખું, અતિ ખારું, અતિ મીઠું, અતિ ગરિષ્ટ, અતિ લુખું ન ખાવું જોઈએ. ભૂખ કરતાં ઓછું અને દરેક વસ્તુ એક વખતમાં અલ્પમાત્રામાં લેવી જોઈએ. ઔષધ ભેષજની પણ પરેજી રાખવી જોઈએ. થોડું ઘણું કષ્ટ આવે તોપણ ધૈર્યથી અને અલ્પાહારથી તેને પાર કરવું જોઈએ. આ પ્રમાણે ધ્યાન રાખવાથી તપસ્યા યુક્ત ચિકિત્સા પારણામાં પણ સફળ–સુખદાયી બને છે. આ સ્થાનાંગ સૂત્રના નવમા સ્થાનમાં રોગોત્પત્તિના ૯ કારણ પણ કહેલ છે, જીવનમાં તે બાબતો ધ્યાન રાખવામાં આવે તો રોગોત્પત્તિથી બચી શકાય છે.

## નિબંધ–૭૦

# શુભકર્મ દુઃખી કરે : અશુભકર્મ સુખી કરે

શુભ કર્મોદયના નશામાં જીવ વિવિધ પાપાચરણ કરીને તેના પરિણામ સ્વરૂપ દુઃખોની પ્રાપ્તિ કરે છે તો તે અપેક્ષાએ શુભકર્મ દુઃખોની પરંપરાને વધારનાર હોવાથી પરિણામે દુઃખકારક બને છે. તે જ રીતે અશુભ કર્મોના ઉદયમાં તે નિમિત્તે જીવ બોધ પ્રાપ્ત કરી પુણ્યકર્મ કે ધર્માચરણ કરીને, દુઃખ પરંપરાનો વિનાશ કરીને સુખો પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે વિભિન્ન અપેક્ષાએ અનેક વિકલ્પ કર્મોના બને છે, જેમ કે– (૧) કોઇ શુભ કર્મના ઉદયમાં શુભ બંધ કરે (૨) શુભ કર્મના ઉદયમાં કોઇ અશુભ કર્મબંધ કરે (૩) અશુભ કર્મના ઉદયમાં કોઇ શુભ કર્મોનો બંધ કરે અને (૪) અશુભ કર્મના ઉદયમાં કોઈ અશુભ કર્મબંધ કરે. ૧. કોઈ શુભકર્મ તત્કાળ સુખદાયી હોય છે. જેમ કે– શાતા વેદનીય. ૨. કોઈ શુભ કર્મ તત્કાળ દુઃખદાયક હોય છે. જેમ કે– ઘ્રાણેન્દ્રિયના સુંદર ક્ષયોપશમવાળાને ક્યાંયથી દુર્ગંધ આવતાં જ તત્કાળ દુઃખાનુભવ થાય છે. ૩. અશુભના ઉદયે તત્કાળ સુખ થાય છે. જેમ કે– પાપ પ્રકૃતિ રૂપ નિદ્રાના ઉદયે ઉંઘ આવતાં સુખશાંતિ મળે છે. ૪. અશુભના ઉદયે તત્કાળ દુઃખ થાય છે, જેમ કે અશાતા વેદનીય કર્મ.

અહીંના આ વર્ણનથી જ પુણ્યાનુબંધી પુણ્ય, પુણ્યાનુબંધી પાપ, પાપાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પાપ; આ ચાર વિકલ્પોની નિષ્પત્તિ થાય છે. જેમ કે કોઈ જીવ પુણ્યોદયથી મહારંભી મહાપરિગ્રહી થાય છે તેમ છતાં તે જ અવસ્થામાં લીન રહેવાથી તે નરકગતિનો મહેમાન બને છે. તો તેના તે પુણ્ય પણ પાપાનુબંધી પુણ્ય કહેવાય છે. આ પ્રમાણે અન્ય વિકલ્પ પણ સમજવા.

### નિબંધ–૭૧

## અવધિજ્ઞાનની ઉત્પત્તિ અને વિનાશ

છદ્મસ્થોનું જ્ઞાન ક્ષાયિક હોતું નથી પરંતુ ક્ષાયોપશમિક જ્ઞાન હોય છે, તેમાં અવધિજ્ઞાન પણ ક્ષાયોપશમિક જ્ઞાન છે. ક્ષયોપશમની વિવિધ મર્યાદાઓ હોય છે. જેમ કે ગોખેલું શ્રુતજ્ઞાન સવારે યાદ કરે અને સાંજે ભુલાઈ જાય. કોઈએ સરખું યાદ કર્યુ હોય અને પુનરાવર્તન ન કરે તો ૨, ૪ કે ૧૦ દિવસમાં પણ વિસ્મૃત કે વિકૃત થઈ જાય છે. મિથ્યાત્વ આદિ વિશેષ પાપ પ્રકૃતિઓના ઉદયે પરિણામોની કલુષિતતા વગેરેથી પણ ક્ષાયોપશમિક જ્ઞાન દેશ કે સર્વથી વિનષ્ટ થઈ શકે છે. એવા જ કેટલાક કારણે અહીં અવધિજ્ઞાન તત્કાલ વિનષ્ટ થવાનું નિરૂપણ કરેલ છે. જેમાં વ્યક્તિની ગંભીરતાનો અભાવ અને કુતૂહલ માનસતાના મુખ્ય કારણ દર્શાવેલ છે, જેમ કે– **(૧)** સાધક અવધિજ્ઞાનના માધ્યમે વિશાળ પૃથ્વી, દ્વીપસમુદ્ર પણ જોઈ શકે છે. જેમાં ચારે તરફ પોતાની કલ્પનાથી અત્યધિક જળ, જળાશય, નદીઓ, સમુદ્ર વગેરે જોઈને આશ્ચર્યાન્વિત, અત્યધિક આશ્ચર્યાન્વિત કે ભયભીત થઈ જાય તો તેનું ઉત્પન્ન થયેલું તે અવધિ- જ્ઞાન તત્કાલ નષ્ટ થઈ જાય છે. એ જ રીતે **(૨)** સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે કે ચાતુર્માસકાળ માં આ પૃથ્વીને જ્યાં જુઓ ત્યાં, જેવા રંગની પૃથ્વી હોય છે તેવા રંગના નાના-નાના હજારો કંથવા, કંથવાઓના ઢગલા કલ્પનાતીત રૂપે જોઈને આશ્ચર્યાન્વિત આદિ થવાથી. **(૩)** ઘણા જ મોટા મોટા સર્પ,અજગર ૧,૨,૫ કે ૨૫ કિ.મી. જેટલા લાંબા જોઈને કુતૂહલમાં આવી જવાથી કે ભયભીત થઈ જવાથી. **(૪)** મહર્દ્ધિક, મહાસુખી, દેવોની મહાન ઋદ્ધિને જોઈને વિસ્મિત, આશ્ચર્યાન્વિત થઈ જવાથી. **(૫)** આ જમીનની અંદર અમાપ કલ્પનાતીત ધન, સંપત્તિ,નિધાન, રત્ન, ઝવેરાત, સોના,ચાંદી, દાટેલું ધન જોઈને વિસ્મિત થઈ જવાથી; તે ગંભીરતા રહિત વિસ્મિત થનાર વ્યક્તિનું અવધિજ્ઞાન નષ્ટ થઈ જાય છે.

પાંચમા ઠાણાના સૂત્ર–૧૭માં બતાવેલ છે કે કેવળજ્ઞાન-કેવળદર્શન





ઉત્પન્ન થાય ત્યારે ઉપરોક્ત પાંચે ય દશ્ય જોવા છતાં પણ નષ્ટ થતાં નથી. કારણ કે તે ક્ષાયિક જ્ઞાન ઉત્પન્ન થયા પછી અવિનાશી હોય છે તથા કેવળીને મોહનીય કર્મ વિનષ્ટ થઈ જવાથી આશ્ચર્ય, વિસ્મય, ભય વગેરે હોતાં નથી. તેઓ સાગરવર ગંભીર હોય છે.

તાત્પર્ય એ છે કે સાધકે સાધનાની સફળતાની સાથે તથા તપ-સંયમમાં ઘોર પરાક્રમની સાથે જ્ઞાનમય ગંભીરતા પણ હાંસિલ કરવી જોઈએ. આ ગંભીરતા ગુણ જ્ઞાન અધ્યયન તેમજ સંસ્કાર વૃદ્ધિથી પુષ્ટતર બની શકે છે, એ વાતનું સાધકે જ્ઞાન તેમજ લક્ષ્ય પણ રાખવું જોઈએ.

### નિબંધ–૭૨

## ગચ્છમાં સંગઠન અને વિઘટનના કારણો

પ્રસ્તુત પથમ ઉદ્દેશકમાં સંગઠન-વિઘટનના ૫-૫ કારણ આ પ્રમાણે બતાવેલ છે– (૧) આચાર્ય-ઉપાધ્યાય પોતાના ગચ્છમાં આજ્ઞાનું તેમજ ધારણાઓનું સમ્યક સંચાલન ન કરે, આળસ, પ્રમાદ કે ઉપેક્ષા કરે અથવા તો ડરપોક વૃત્તિથી ચાલે. (૨) ગચ્છમાં પરસ્પર વિનય-વંદન વ્યવહારનું સમ્યક સંચાલન ન કરે. (૩) સૂત્ર-અર્થ-પરમાર્થની યથાસમયે,યથાયોગ્ય શિષ્યોને વાચના દેવાની સમ્યક વ્યવસ્થા ન કરે, અન્ય કાર્યોમાં વ્યસ્ત રહે, યોગ્ય જિજ્ઞાસુ શિષ્યોની જિજ્ઞાસા, અધ્યયન લાગણીની સંતુષ્ટી ન કરે. (૪) ગચ્છમાં બીમાર, નવદીક્ષિત સાધુઓની સેવા, સાર-સંભાળની સમ્યક વ્યવસ્થા ન કરે. (૫) વિચારણા કરવા યોગ્ય ગંભીર કે વિવાદાસ્પદ વિષયોમાં ગચ્છના અન્ય ગીતાર્થ, બહુશ્રુત, સ્થવિર આદિ સાથે સમ્યક સલાહ, વિચારણા કર્યા વગર સ્વેચ્છાએ જ નિર્ણય કરી લે.

આ પ્રમાણે આચાર્ય, ઉપાધ્યાય આદિ પદવીધરોની કર્તવ્યનિષ્ઠાના અભાવના કારણે તેમજ વિચક્ષણતા-વિવેક ચૂકી જવાથી ગચ્છના સંગઠનમાં ખલેલ પહોંચે છે. પરસ્પર ક્લેશ વિવાદ પક્ષ-વિપક્ષની સ્થિતિઓનું નિર્માણ અને ક્રમશઃ વૃદ્ધિ થાય છે અને એક દિવસ ગચ્છ છિન્ન-ભિન્ન થઈ જાય છે.

તેનાથી વિપરીત જો– (૧) આચાર્ય ઉપાધ્યાય પોતાના ગચ્છમાં આજ્ઞા, ધારણાઓનું સમ્યક સંચાલન કરવાનું લક્ષ્ય રાખે. (૨) નાના-મોટામાં વિનય-વંદન વ્યવહારનું સમ્યક પાલન કરાવે. (૩) સૂત્ર-અર્થ-પરમાર્થની વાચના લેવા-દેવાની યથાસમય સમ્યક વ્યવસ્થા રાખે. (૪) નવદીક્ષિતની યથાર્થ સાર-સંભાળ

લે તથા વૃદ્ધ-બીમાર શ્રમણોની સમ્યક રીતે સેવા-આરાધનાની વ્યવસ્થાનું ધ્યાન રાખે. (૫) ક્યારે ય કોઇ ગંભીર પ્રસંગ, ગુંચવણ ઉપસ્થિત થાય ત્યારે ગચ્છના જે પણ જવાબદારી નિભાવનાર શ્રમણ કે સ્થવિર હોય તેને પૂછીને સલાહ-વિમર્શ કરીને વિવેકપૂર્વક નિર્ણય કરે. આ પ્રમાણે ગચ્છના પદવીધરોની બુદ્ધિમતા, વિચક્ષણતા, સમ્યક સંચાલન વ્યવસ્થાથી ગચ્છમાં સુસંગઠન, શાંતિ-સમાધિ તેમજ પરસ્પર પ્રેમ, મૈત્રીભાવ, આત્મીયતા, સહાનુભૂતિ આદિની વૃદ્ધિ થાય છે અને ગચ્છવાસી સાધકોની સાધનાનું પ્રસન્નભાવો સાથે સમ્યક આરાધન થાય છે. જેનાથી ગચ્છનો બહુમુખી વિકાસ થાય છે, તેમજ જિનશાસનની સુંદર પ્રભાવના થાય છે.

ઉપલક્ષણથી ગચ્છમાં આચાર્ય-ઉપાધ્યાય સિવાય અન્ય પદવીધર કે પ્રભુત્વ રાખનાર સંત મન પડે તેમ કરે, ઉપરોક્ત વ્યવસ્થા,અધ્યયન, વિનય વ્યવહાર, જિનાજ્ઞાનું ધ્યાન ન રાખે તોપણ ગચ્છમાં, સંઘમાં વિઘટનની સ્થિતિ પેદા થાય છે. તેથી ગચ્છમાં આચાર્ય, ઉપાધ્યાય સિવાય પણ અન્ય પદવીધર કે જવાબદાર શ્રમણોએ પણ સૂત્રોક્ત વ્યવસ્થા, સંચાલનની સૂચનાઓનું સમ્યક પાલન કરીને પોતાના ગચ્છની, જિનશાસનની પ્રતિષ્ઠા સાચવવાનું કર્તવ્યપાલન કરવું જરૂરી બને છે.

### નિબંધ–૭૩

## સાધુ-સાધ્વીએ એક મકાનમાં રહેવું ?

બ્રહ્મચર્યની વાડ અનુસાર સાધુ-સાધ્વી અલગ-અલગ જ વિચરણ કરે છે અને અલગ-અલગ મકાનોમાં અમુક સીમા મર્યાદાના અંતરે જ રહે છે, એ જ ધ્રુવમાર્ગ છે. તેમ છતાં વિશેષ પરિસ્થિતિવશ સંયમ, શીલ તેમજ અન્ય સુરક્ષા નિમિત્તે એક રાત્રિ કે અમુક સમય સુધી યોગ્ય વિવેક સાથે અર્થાત્ યોગ્ય સાક્ષી કે સૂચનપૂર્વક એક સ્થાને કે એક મકાનમાં રહી શકે છે.

પ્રસ્તુત પ્રકરણમાં તેવી પરિસ્થિતિઓનું વિવરણ આપેલ છે. જેમ કે– (૧) જો ક્યારે ય કોઇ અનિવાર્ય પ્રસંગવશ સાધુ-સાધ્વીને નિર્જન, લાંબા રસ્તા વાળી અટવીમાં વિહારનો સંયોગ થઇ ગયો હોય તો ત્યાં એક જ સ્થાને–મકાનમાં વિવેકપૂર્વક રહી શકાય છે. (૨) કોઇ પણ ગામ, નગર કે કોઇ પણ નાની-મોટી વસ્તીમાં બંને પહોંચી ગયા હોય ત્યારે ત્યાં એકને રહેવાનું મકાન મળ્યું હોય અને એકને પ્રયત્ન કરવા છતાં પણ મકાન ન મળ્યું હોય તો એવા સમયે એક જ





સ્થાને બંને સાથે રહી શકે છે. (૩) ગામ આદિ નજીકમાં ન હોય ત્યારે કોઇ મંદિર, ધર્મશાળા, સ્કૂલ આદિ એક જ સ્થાન હોય અને બીજી કોઇ વસ્તી ન હોય તો ત્યાં એકની પછી બીજા પણ સંધ્યા સમયે પહોંચી જાય તો એક સ્થાનમાં બંને સાથે રહી શકે છે. (૪) ચોર, લૂંટારાના ઉપદ્રવની પૂર્ણ શક્યતા દેખાતી હોય તો સાધ્વીઓના સંરક્ષણાર્થે બંને એક સાથે રહી શકે છે. (૫) ગુંડા, બદમાશોની સાધ્વીઓને હેરાન કરવાની કે શીલભ્રષ્ટ કરવાની શક્યતા દેખાતી હોય તો એવા સમયે સાધ્વીઓના સંરક્ષણાર્થે બંને સાથે રહી શકે છે. **ઠાણાંગ–૫.**

આ ઉપરોક્ત પરિસ્થિતિઓ અનાયાસ ઉપસ્થિત થઇ જાય, અશક્ય, અપરિહાર્ય સ્થિતિ ઉભી થઇ જાય ત્યારની અપેક્ષા સમજવી જોઇએ. આવી ઘટનાનું પછી ક્યારે ય પણ અનાવશ્યક અનુકરણ–પરંપરા ચલાવવી ન જોઇએ. સામાન્ય રીતે તો ધ્રુવમાર્ગ અનુસાર સાધુ-સાધ્વીએ અલગ-અલગ જ વિહાર અને નિવાસ કરવો જોઇએ.

સ્થાનાંગ–પમાં એમ પણ કહ્યું છે કે– ખેદ ખિન્નતા યુક્ત ચિત્તથી, ઉન્મત ચિત્તથી, યક્ષાવિષ્ટ પાગલપણું ઈત્યાદિથી યુક્ત શ્રમણ વસ્ત્ર રહિત બનીને પરેશાન થઇ રહેલ હોય તો એવા સમયે સાધ્વી તેને અંકુશમાં રાખે, સંરક્ષણ કરે અને તેમ કરતાં તે સાધુને પોતાની પાસે(સાથે) રાખવા પણ પડે તો જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરનારી નહીં કહેવાય. નાની ઉંમરના બાળકને સાધ્વીએ દીક્ષા આપી હોય તો તેને પણ સાધ્વી પોતાની સાથે રાખી શકે છે.

ઉપરોક્ત ચિત્ત વિભ્રમ આદિથી સાધ્વી હેરાન પરેશાન હોય તો શ્રમણ તેનું સંરક્ષણ આદિ કરીને તે સાધ્વીને પોતાની પાસે રાખીને સાર-સંભાળ કરી શકે છે. આ રીતે સાધુ-સાધ્વી બંને પ્રસંગોપાત પૂર્ણ હિંમત સાથે એક બીજાને પૂરક–સહયોગી બની શકે છે.

આગળના સૂત્રમાં કહેલ છે કે– (૧) કોઇ પશુ-પક્ષી, સાધ્વી ઉપર આક્રમણ કરી રહેલ હોય તો સાધુ તે સાધ્વીને પકડીને કે સહારો આપીને બચાવી શકે છે. (૨) ઊંચા-નીચા વિષમ સ્થાનેથી સાધ્વી લપસી જાય કે નીચે પડે તેવા સમયે સાધુ તેને સહારો આપીને કે પકડીને સંભાળી શકે છે. (૩) કીચડમાં કે પાણીમાં પડતી સાધ્વીને (૪) નાવમાં ચડતી-ઉતરતી સાધ્વીને સાધુ સહારો દઇ શકે છે, પકડીને સંભાળી શકે છે.

આ અપવાદના વિધાનોથી સ્પષ્ટ છે કે જૈન સંયમ સાધનાના નિયમ-

ઉપનિયમ દઢતાવાળા તેમજ અનુશાસનબદ્ધ હોવા છતાં પણ સમય સંયોગની પરિસ્થિતિને માટે વિવેકથી પરિપૂર્ણ પણ છે. અવ્યવહારિક જેવા લાગતાં નિયમો સાથે પણ સમયે પરિપૂર્ણ વ્યવહારિકતા જોડાયેલી છે. સાધુ-સાધ્વીનું જીવન પરસ્પર નિકટતાની અત્યધિક પરહેજીવાળું છે, તે પણ બ્રહ્મચર્યની વાડ રૂપ હિતાવહ છે. તેમ છતાં પ્રસંગોપાત એક બીજા પ્રત્યે પૂર્ણ આત્મીયતાથી ભરેલું છે. જેમ કે– નદીમાં કે જળપ્રવાહમાં વહેતી સાધ્વીને પકડીને બહાર કાઢવી, કાંટાની તીવ્ર વેદનાના સમયે પરસ્પર એક બીજાના પગમાંથી કુશળતાપૂર્વક કાંટો કાઢી દેવો. પાગલતા કે પ્રેતાત્માથી પરાભૂત સાધ્વીને અગ્લાનભાવે પૂર્ણ સંરક્ષણ દેવુ, નિયંત્રણમાં રાખવી આદિ વ્યવહાર પરમ પવિત્રતા યુક્ત વિવેકના દ્યોતક છે.

### નિબંધ–૭૪

## સંયમમાં ઉપકારી પદાર્થો (ગુરુ-શિષ્ય સિવાય)

પાંચમા સ્થાનાંગમાં પાંચની સંખ્યામાં વિસ્તારની અપેક્ષા સંયમમાં ૧૦ નો ઉપકાર–નિશ્રા–સહાયકતા સ્વીકારેલ છે. **(૧) પૃથ્વી**–ઊભા રહેવા, બેસવા, ચાલવા(ગોચરી, વિહાર આદિમાં) ઉપયોગી થાય છે. **(૨) પાણી**– વસ્ત્ર ધોવા, તૃષા શાંત કરવા, શરીરની શુદ્ધિ વગેરેમાં પાણીની ઉપયોગિતા છે. **(૩) અગ્નિ**– ખાદ્યપદાર્થ અગ્નિમાં પકાવેલા જ અધિકતમ ઉપયોગી થાય છે. **(૪) વાયુ**– શ્વાસ રૂપમાં અને ગરમીની શાંતિમાં વાયુની અત્યંત આવશ્યકતા હોય છે. **(૫) વનસ્પતિ**– ઘાસ, પાટ, વસ્ત્ર, ઔષધ આદિ અનેક આવશ્યક પદાર્થો આપતી વનસ્પતિ પણ અત્યંત ઉપયોગી છે. **(૬) ત્રસકાય**– પશુઓથી પ્રાપ્ત દૂધ, દહીં આદિ, ઊનના વસ્ત્ર, રજોહરણ આદિમાં પંચેન્દ્રિય– ત્રસકાય ઉપયોગી છે તથા દેવ, મનુષ્ય પણ સંયમ સાધનામાં, જિનશાસનની પ્રભાવનામાં ઉપયોગી બને છે. **(૭) ગણ**– ગચ્છના સાધુ-સાધ્વી, શિષ્ય-શિષ્યાઓ તથા પદવીધર શ્રમણ એ બધા સંયમમાં સહયોગી તેમજ ઉપકારી બને છે. **(૮) રાજા**– જે રાજ્યમાં રાજા સંયમ પાલન કરવા માટે વિચરણ કરવા દે છે તે રાજાનો ઉપકાર ગણેલ છે. **(૯) ગૃહસ્થ**– શ્રાવક-શ્રાવિકા એવં અન્ય ગૃહસ્થ પણ આહાર, મકાન, વસ્ત્ર આદિના પ્રદાતા હોવાથી સંયમમાં ઉપકારી સ્વીકારેલ છે. **(૧૦) શરીર**– આપણું આ મનુષ્ય શરીર પણ સંયમ સાધનામાં મુખ્ય ઉપકારી ગણેલ છે, અન્ય ગતિઓમાં સંયમ સાધનાનો અભાવ છે.





આ પ્રમાણે ૧૦ ની નિશ્રાથી, આલંબનથી, સહકારથી સંયમની સફળતા સુલભ બને છે.

### નિબંધ–૭૫

## શ્રુતના અધ્યયનનુ ઉદેશ્ય અને લાભ

સ્થાનાંગ–૫ના સૂત્ર–૫૩, ૫૪માં ક્રમશઃ સૂત્રાર્થ વાચના દેવાના અને સૂત્રાર્થ ગ્રહણ કરવાના ૫–૫ લાભ–ઉદ્દેશ્ય દર્શાવેલ છે– (૧) જિનશાસનમાં, સંઘમાં શ્રુત- જ્ઞાન અને શ્રુતજ્ઞાનીઓની પરંપરા અવિચ્છિન્ન ચાલુ રહે. (૨) જ્ઞાન અને જ્ઞાનીની પોતાની સંપદા વૃદ્ધિને માટે અર્થાત્ અધિકતમ શિષ્ય જ્ઞાનસંપન્ન બને, બહુશ્રુત બને અને જેનાથી તેઓ સ્વ-પર તથા સંઘના ઉપકારક બને. (૩) શિષ્યો પ્રત્યે કર્તવ્યપાલનની સાથે સહજ ઉપકારની ભાવનાથી. (૪) સ્વાધ્યાય આદાન-પ્રદાનમાં આભ્યંતર તપ દ્વારા કર્મોની નિર્જરાના હેતુથી. (૫) વાચના દેવાથી પોતાના જ્ઞાનની સ્મૃતિ તાજી રહેશે તેમજ પરસ્પર ચર્ચા વિચારણાથી પોતાનું શ્રુતજ્ઞાન પુષ્ટ-પુષ્ટતર બનશે. આ વાચના દેવાના શુભ હેતુ કહેલ છે. સાધકોને વાચના દેવામાં આવા આગમિક પવિત્ર હેતુ અંતર માનસમાં રાખવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

શ્રુતની વાચના લેવાના મુખ્ય હેતુ આ પ્રમાણે છે– (૧) પોતાના આગમ જ્ઞાનની વૃદ્ધિ તેમજ પુષ્ટિને માટે. (૨) જ્ઞાનની વૃદ્ધિથી સમ્યક શ્રદ્ધાની પુષ્ટિ થશે તે માટે. (૩) સમ્યક જ્ઞાનમય આચાર શુદ્ધિ હેતુ અર્થાત્ ચારિત્રની સમ્યક આરાધનામાં આગમજ્ઞાન અત્યંત ઉપકારક થાય છે તેથી ચારિત્રની આરાધના અર્થે પણ સદા અધ્યયનશીલ રહેવું. (૪) શાસ્ત્રોનું વિશાળ જ્ઞાન કરીને તેને સમ્યક રૂપે પરિણમાવનાર સ્વ-પરને કદાગ્રહ આદિથી સુરક્ષિત કરવામાં સમર્થ બને છે અને સાચામાર્ગ તથા સાચા તત્ત્વના આગમાધારે યુકિતપૂર્વક નિર્ણાયક બને છે. તેથી કદાગ્રહ આદિથી સુરક્ષિત રહેવા, અન્યને રાખી શકવાની યોગ્યતા પ્રાપ્ત કરવાના હેતુથી અધ્યયન કરવું કેમ કે આગમ જ્ઞાન વૃદ્ધિ, અનુભવ વૃદ્ધિથી વ્યક્તિ અનેક સમસ્યાઓનો ઉકેલ કાઢવામાં સમર્થ બને છે. (૫) આગમોનો વારંવાર સ્વાધ્યાય, વાચના, વિચારણાથી યથાર્થ વાસ્તવિક ગૂઢાર્થ રહસ્યોની ઉપલબ્ધિ થાય છે. તેના માટે નિરંતર શ્રુત અધ્યયનમાં યથાસમય રત રહેવું જોઈએ. આ પ્રમાણે આ બે સૂત્રોથી ૧૦ બોલોમાં શ્રુત અધ્યયનના ઉદ્દેશ્ય તેમજ અનુપમ લાભના અનેક મુદ્દા સંગ્રહિત કરેલા છે.

## નિબંધ–૭૬

# વર્ષમાં ૬ તિથિઓની વધ-ઘટ

સ્થાનાંગ–૬, સૂત્ર–૮૮, ૮૯ માં બતાવેલ છે કે વર્ષમાં ૬ તિથિઓ ઘટે છે અને ૬ તિથિઓ વધે છે. આગમમાં સંવત્સર-માસ પાંચ પ્રકારના કહ્યા છે, તેમાંથી ૩૦ દિવસનો મહિનો અને ૩૬૦ દિવસનું વર્ષ ઋતુ સંવત્સરની અપેક્ષા હોય છે. આ ઋતુ સંવત્સરની અપેક્ષા સૂર્ય સંવત્સરમાં ૬ દિવસ વધે છે અને ચંદ્ર સંવત્સરમાં ૬ દિવસ ઘટે છે અર્થાત્ સૂર્ય સંવત્સર ૩૬૬ દિવસનું હોય છે અને ચંદ્ર સંવત્સર ૩૫૪ દિવસનું હોય છે. આ સ્થૂલ ગણિતથી સમજવું. સૂક્ષ્મ ગણિતથી થોડી મિનિટ આદિ ન્યૂનાધિક હોય શકે છે, તેને પરિપૂર્ણ ૬ દિવસ તરીકે સ્વીકારી લેવાય છે.

આ તિથિ વધ-ઘટનું અહીં સંક્ષિપ્ત કથન છે. લૌકિક પંચાંગમાં ચંદ્ર સંવત્સરમાં તિથિ સંકલનાની વિધિ થોડી જુદી છે. તેમાં વર્ષમાં ૧૪ તિથિ ઘટે છે અને ૮ તિથિ વધે છે. કુલ મળીને ૬ તિથિ ઘટે તે આગમ સાથે મેળ પડી જાય છે અર્થાત્ લૌકિક પંચાંગ અનુસાર પણ આગમોક્ત ૩૫૪ દિવસનું ચંદ્ર સંવત્સર થઈ જાય છે. સૂર્ય સંવત્સરની અપેક્ષા પંચાંગમાં તારીખ લખાય છે. તેમાં પણ વર્ષમાં ૬ દિવસ ઋતુ સંવત્સરની અપેક્ષા અધિક હોય છે. જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી ૩૬૬ દિવસ થઈ જાય છે. આ રીતે આગમોક્ત ૬ તિથિ વધવાનો સુમેળ પણ થઈ જાય છે.

પ્રસ્તુત સૂત્રમાં કયા મહિનાના કયા પક્ષમાં તિથિ વધે-ઘટે છે, તે માસ-પક્ષનો પણ ખુલાસો કર્યો છે. યથા– ભાદરવો, કારતક, પોષ, ફાગણ, વૈશાખ અને અષાઢ મહિનાના કૃષ્ણપક્ષમાં ચંદ્ર સંવત્સરમાં તિથિ ઘટે છે અને સૂર્ય સંવત્સરમાં એ જ મહિનાના શુક્લપક્ષમાં તિથિ વધે છે. અહીં તિથિનું નામ સ્પષ્ટ આપેલ નથી. તિથિ બનાવવા વગેરેનું સૂક્ષ્મ ગણિત વિવરણ જૈનાગમોમાં ઉપલબ્ધ રહ્યું નથી. જે કંઈ પણ જ્યોતિષ સંબંધી વર્ણન ઉપલબ્ધ છે તે પ્રકીર્ણ રૂપે છે. પરિપૂર્ણ વિસ્તૃત સૂક્ષ્મ–આંતર સૂક્ષ્મ ગણિત સિદ્ધિ વિચ્છિન્ન છે તથા લૌકિક પંચાંગના પ્રાયઃ વિધાન આગમના સંકેત વિધાનોના પૂરક જ છે, વિરોધી નથી.

આજથી ૧૨૦૦–૧૩૦૦ વર્ષ પહેલાં પણ આ જ સ્થિતિ હતી. અનેક આચાર્યોએ વિચારણા કરીને પર્વ તિથિઓના નિર્ણયમાં લૌકિક પંચાંગને સ્વીકાર્ય, માન્ય કર્યું હતું. જેની આધારિત ગાથા આ પ્રમાણે છે–





*विसमे समय विसेसे, करण गह चार वार रिक्खाणं ॥*
*पव्व तिहीण य सम्मं, पसाहगं विगलियं सुत्तं ॥१॥*
*तो पव्वाइ विरोहं नाऊण, सव्वेहिं गीय सूरिहिं ॥*
*आगम मूलमिणं पि य, तो लोइय टिप्पणयं पगयं ॥२॥*

પ્રસ્તુત ગાથાઓનું હાર્દ એ છે કે સમયની વિષમતાના કારણે પર્વ તિથિઓનું સમ્યક નિર્ણાયક આગમશ્રુત વિચ્છિન્ન(ઓછું) થઈ ગયું અર્થાત્ અપૂર્ણ રહી ગયું છે. જેથી આગમ આધારે પર્વાદિનો સમ્યક સુમેળ થઈ શકતો નથી. તેથી લૌકિક પંચાંગ પણ આગમના મૌલિક સિદ્ધાંતોના પૂરક જ છે, એવું માનીને અનેક ગીતાર્થ–બહુશ્રુત આચાર્યોએ મળીને લૌકિક પંચાંગને જ આપણા પર્વ તિથિઓ વગેરેના નિર્ણયને માટે સ્વીકાર્યું છે. તેથી આજે પણ લૌકિક પંચાંગ પ્રમાણે જ તિથિઓનો સ્વીકાર કરવામાં આવે છે. માત્ર ગુજરાત પ્રાંતીય શ્રમણ પોતાનું જૈન પંચાંગ અજ્ઞાત સમયથી સ્વતંત્ર બનાવે છે. તેઓ પણ મૌલિક આધાર સહયોગ તો લૌકિક પંચાંગનો લે જ છે.

## નિબંધ–૭૭

# આયુષ્યકર્મમાં વધ-ઘટ

આયુષ્ય કર્મ બે પ્રકારે બંધાય છે– સોપક્રમી અને નિરુપક્રમી. (૧) સોપક્રમીનો મતલબ એ છે કે જે ગમે ત્યારે નિમિત્ત મળતાં તૂટી શકે છે. (૨) નિરુપક્રમીનો મતલબ સ્પષ્ટ છે કે તેમાં કોઈપણ નિમિત્તે ઉપક્રમથી ઘટ-વધ થતી નથી, જેટલું આયુષ્ય બાંધીને જીવ આવ્યો છે તેટલું પૂરું ચાલશે. ખરેખર આયુષ્ય તૂટવાની કે તૂટી શકવાની વાત સત્ય છે. સોપક્રમી આયુષ્ય તૂટી શકે છે. તે ક્યારે તૂટે છે તેની એક સીમા છે કે જેટલું સોપક્રમી આયુષ્ય જીવ બાંધીને લાવ્યો છે તેનો બે તૃતીયાંશ ભાગ વીત્યા પછી જ ગમે ત્યારે તે તૂટી શકે છે, તેની પહેલાં તૂટતું નથી. જેમ કે કોઈ વ્યક્તિ ૯૦ વર્ષનું સોપક્રમી આયુષ્ય બાંધીને લાવ્યો છે તો તે ૬૦ વર્ષની ઉંમર સુધી તૂટશે નહીં. ત્યાર પછી ગમે ત્યારે કોઈ પણ નિમિત્ત મળે તો તૂટી શકે છે અને નિમિત્ત ન મળે તો તે સોપક્રમી આયુષ્ય પણ ૯૦ વર્ષ સુધી ચાલી શકે છે. અહીં સૂત્રમાં સોપક્રમી આયુષ્ય તૂટવાના ૭ કારણ દર્શાવેલ છે– (૧) પરિણામોથી–ભયથી કે તીવ્ર રાગદ્વેષના પરિણામે, તીવ્ર હર્ષ-શોકના પરિણામે. (૨) શસ્ત્ર આદિના નિમિત્તે, આત્મઘાત કરવાના પ્રયત્નથી. (૩) આહારથી–અતિ આહારથી કે આહાર ત્યાગથી. (૪) રોગની

તીવ્ર વેદનાથી. (૫) પડી જવાથી, ટકકર લાગવાથી. (૬) સર્પાદિ કરડે કે અન્ય હિંસક પશુના ભક્ષણ આદિથી. (૭) શ્વાસ નિરોધથી. અન્ય પણ અનેક પ્રકાર થઈ શકે છે, તેનો આ ૭ માં સમાવેશ સમજી લેવો. નિરુપક્રમી આયુષ્ય બાંધીને આવનારનું આયુષ્ય કોઈપણ નિમિત્તોથી તૂટતું નથી. ક્યારેક કાકતાલી ન્યાય લાગી શકે છે, જેમ કે ગજસુકુમાલ મુનિ. અહીં વિશેષ એ જાણવા યોગ્ય છે કે ચરમશરીરી જીવ, ચક્રવર્તી, તીર્થંકર આદિ ૬૩ શ્લાઘ્ય પુરુષ, યુગલિક મનુષ્ય, દેવતા-નારકી; આ સર્વે ય નિરુપક્રમી આયુષ્યવાળા જ હોય છે. તેના સિવાયના જીવ બંને પ્રકારના આયુષ્યવાળા હોય છે. તેમાં કોણ કેવું આયુષ્ય લાવ્યું છે ? તે છદ્મસ્થનો જાણવાનો વિષય નથી; વિશિષ્ટ જ્ઞાની, કેવળજ્ઞાની તે જાણે છે.

## નિબંધ–૭૮

# સાત નિહ્નવોનાં સિદ્ધાંતો અને સમાધાન

જે તીર્થંકર પ્રરૂપિત તત્ત્વને, પોતાના મિથ્યાભિનિવેષને વશ થઈને અસ્વીકાર કરી, તેને મિથ્યા કહે છે. તેમાં પોતાની બુદ્ધિ કે તર્કના અહંથી હીનાધિક પ્રરૂપણ કરે, તીર્થંકરની કે આગમ ગુંથન કરનાર ગણધર કે આચાર્યોની ભૂલ થયાનું કહે અને પોતાને મન પડે તે પ્રરૂપણા, પ્રચાર, મતપ્રવર્તન તેમજ સ્વચ્છંદ આચરણ કરે, આવા લક્ષણોવાળા સાધક નિહ્નવ કહેવાય છે. સાતમા સ્થાનના સૂત્ર ૧૩૧ માં આવા ૭ નિહ્નવોનાં નામ, તેમની માન્યતા અને તેનામાં નિહ્નવતા ઉત્પત્તિનું અને તેના પ્રવર્તન કરવાના સ્થળનું નામ સૂચિત કરેલ છે. તે સર્વે ભગવાન મહાવીરના શાસનમાં થયા છે. વ્યાખ્યામાં તેની ઘટનાનું વર્ણન છે.

**સાત નિહ્નવ :–**

| નામ | વિષય | સમય |
|---|---|---|
| ૧. જમાલી | કાર્ય પ્રતિક્ષણ થતું નથી | ભગવાનના કેવળ જ્ઞાનના ૧૪ વર્ષ પછી |
| ૨. તિષ્યગુપ્ત | જીવના ચરમપ્રદેશમાં જ જીવત્વ | વીર નિર્વાણના ૧૪ વર્ષ પછી |
| ૩. આષાઢ | બધું જ અવ્યક્ત | વીર નિર્વાણના ૨૧૪ વર્ષ પછી |
| ૪. અશ્વમિત્ર | બધું જ ક્ષણિક, વિનાશી | વીર નિર્વાણના ૨૨૦ વર્ષ પછી |
| ૫. ગંગ | એક સમયમાં બે ક્રિયાનો અનુભવ | વીર નિર્વાણના ૨૨૮ વર્ષ પછી |
| ૬. ષડુલૂક (રોહગુપ્ત) | જીવ,અજીવ, મિશ્ર એમ ત્રણરાશિ | વીર નિર્વાણના ૫૫૪ વર્ષ પછી |
| ૭. ગોષ્ઠામાહિલ | કર્મબદ્ધ નહીં, સ્પૃષ્ટ માત્ર | વીર નિર્વાણના ૫૮૪ વર્ષ પછી |





વીર નિર્વાણ અને ગણધરોના નિર્વાણ પછી થયેલાઓના આ નામો કદાચ દેવર્ધિગણિ દ્વારા થયેલા લેખન સમયે આ શાસ્ત્રમાં સંપાદિત કરેલ હોય તેમ સમજી લેવું જોઈએ.

**સાતેયના મત અને સમન્વય-સમાધાન–**

**(૧)** કાર્ય માત્ર અંતમાં થાય છે, કરતી વખતે કાર્ય થતું નથી, પૂર્ણ થઈ જાય ત્યારે કાર્ય થાય છે. જેમ કે– વસ્ત્ર બનાવવાનું ચાલુ છે ત્યાં સુધી વસ્ત્ર થતું નથી, પૂરું બની જાય ત્યારે વસ્ત્ર કહેવાય છે. તેથી અંતમાં જ કાર્ય થાય છે આ સત્ય છે. જ્યારે ભગવાનનો સિદ્ધાંત છે કે કાર્ય કરવાની પ્રત્યેક ક્ષણ દેશતઃ તે કાર્ય થાય જ છે અને તે લક્ષિત સંપૂર્ણ કાર્યની પૂર્ણતા અંતમાં થાય છે તો અન્ય સમયોમાં પણ કાર્યનું અંશતઃ થવું સ્વીકારવું જ જોઈએ. અંશતઃ થશે તો જ પૂર્ણતાને પ્રાપ્ત કરશે. **(૨)** જીવના અંતિમ પ્રદેશ શરીરમાંથી નીકળે છે ત્યાં સુધી તેમાં હલન-ચલન જીવત્વ જોવામાં આવે છે, તેને જોઈને કોઈ માની લે કે વાસ્તવમાં અંતિમ પ્રદેશોમાં જ જીવત્વ છે, અન્ય પ્રદેશોમાં નથી; કારણ કે તે નીકળી જવા છતાં અંતિમ પ્રદેશોના અસ્તિત્વથી જીવત્વ લક્ષણ દેખાય છે. આવી પ્રરૂપણા માત્ર એકાંતિક અને મૂર્ખતાપૂર્ણ અજ્ઞાન-મિથ્યાત્વના નશાની છે. બધા આત્મપ્રદેશોમાં અને સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત જીવમાં સર્વત્ર ચેતનત્વ જીવત્વ શક્તિ હોય છે તેથી ચરમ, મધ્યમ આદિના કોઈપણ આત્મપ્રદેશ હોય તે જ્યાં સુધી શરીરમાં રહેશે તે બધાથી ચેતનત્વ ગુણ હલનચલન આદિ રહેશે. **(૩)** બધું જ સંદેહશીલ છે, કોણ સાધુ છે અને કોણ દેવતા આવીને સાધુના શરીરમાં રહે છે, તેનો નિર્ણય થઈ શકતો નથી. તેથી કોઈને સાધુ સમજવા, વંદન કરવા યોગ્ય નથી. એનું **સમાધાન** એ છે કે કદાચિત્ કોઈ ઘટના બની જાય તોપણ સાવધાનીથી વર્તવું જોઈએ, નહિ કે બધો જ વ્યવહાર બંધ કરી દેવાય. જેમ કે– ક્યારે ય કોઈ ભોજનથી વિષ પરિણમન થઈ જાય કે કોઈ વ્યાપારમાં નુકસાન થઈ જાય તો માણસો પોતાના વેપાર કે ખાવાનું બંધ નહીં કરે. એક નોકર વિશ્વાસ જમાવી ધોખાબાજી કરીને ભાગી જાય તો ક્યારે ય કોઈ નોકર રાખે જ નહીં એવું થતું નથી પરંતુ સાવધાની તથા અનુભવ વધારીને બધા કાર્ય યથાયોગ્ય કરાય છે. તેથી એક દેવ સાધુ રૂપમાં ૬ મહિના શરીરમાં રહી ગયા અને શિષ્યોને અભ્યાસ કરાવી ગયા પછી શિષ્યોને ખબર પડી કે પોતાના આચાર્ય કાલધર્મ પામી દેવ થઈને પોતાના જુના શરીરમાં છ માસ રહ્યા હતા. તે આચાર્ય નહોતા પણ દેવ હતા. દેવને સંયમી વંદના કરે નહિ. તેથી કોણ સાધુ અને કોણ દેવ એવા સંદેહથી બધા સાધુઓનો વ્યવહાર બંધ

કરી દેવો, સદા શંકાયુક્ત જ રહેવું, તે ઉચિત નથી. **(૪)** પ્રત્યેક વસ્તુની પર્યાય ક્ષણ વિનાશી હોય છે, પરિવર્તિત થતી રહે છે; તેને તેટલા રૂપમાં જ ન માને પણ પ્રત્યેક દ્રવ્યને જ ક્ષણ વિનાશી માની લેતાં કહેવું કે પર્યાય પણ દ્રવ્યની જ હોય છે, તેથી બધા દ્રવ્ય, વસ્તુ, પદાર્થ ક્ષણ વિનાશી છે અને બીજા નવા ઉત્પન્ન થઈ જાય છે. આ પણ મિથ્યાત્વ-અજ્ઞાનના ઉદયના જોરથી ભ્રમિત માન્યતા છે. વાસ્તવમાં પર્યાયનું સ્વરૂપ અલગ છે અને દ્રવ્યનું અસ્તિત્વ અલગ છે. જેમ કે– સોનાના એક આભૂષણમાંથી બીજા, ત્રીજા આભૂષણ બનાવી લેવાથી સોનાનો નાશ થતો નથી. તેવી જ રીતે પર્યાય બદલવાથી કે નષ્ટ થવાથી દ્રવ્ય તો શાશ્વત અને દીર્ઘ પર્યાયમાં રહી શકે છે, તેનો ક્ષણમાં નાશ થવો એકાંત રૂપે માની લેવું, તે યોગ્ય નથી. જેમ કે– કોઈ સાધુ બન્યા અને એક સમય પછી તેનું સાધુત્વ નષ્ટ નહીં થાય, તે જીવનભર પણ સાધુ રહી શકે છે પરંતુ તેની પર્યાય(સ્વરૂપ) પરિવર્તિત થતી રહે છે. આ ચોથા નિહ્નવની માન્યતા પ્રમાણે તો બીજા સમયે કોઈ સાધુ જ નથી રહેતા. વાસ્તવમાં તેમ માનવું અનુભવ કે વ્યવહારથી વિરુદ્ધ થાય છે. **(૫)** એક સમયમાં બે ક્રિયાઓનો અનુભવ થાય છે. ભગવાનનો સિદ્ધાંત એ છે કે સ્થૂલરૂપે ભલે એક સમયમાં અનેક ક્રિયા થતી દેખાય છે તોપણ સૂક્ષ્મ એક સમયમાં આત્મા એક જ ક્રિયાનો અનુભવ કરે છે. એક સમયમાં એક જ ઉપયોગ હોય છે. ક્ષયોપશમ જ્ઞાન અસંખ્ય સમયના અંતર્મુહૂર્તનું હોય છે એટલે આપણી ગ્રહણ શક્તિ સૂક્ષ્મ સમયની હોતી નથી, અસંખ્ય સમયના અંતર્મુહૂર્તની જ આપણી ઉપયોગની ક્ષમતા હોય છે. સ્વયં તીર્થંકર પણ પોતાના અવધિજ્ઞાનથી પોતાના વાટે વહેતાના ૧, ૨ કે ૩ સમયના કાળની ક્રિયાનો અનુભવ કરતા નથી, અંતર્મુહૂર્તનું ગર્ભ સંહરણ કાર્ય જે દેવ દ્વારા ક્ષણમાત્રમાં કરાય છે તેને અવધિજ્ઞાની તીર્થંકર જાણે દેખે છે. કારણ કે તે આપણી દષ્ટિએ દેવ ક્ષણભરમાં કરે છે પરંતુ વાસ્તવમાં સૂક્ષ્મદષ્ટિથી અસંખ્ય સમય દેવને પણ લાગી જાય છે. તેથી સાર એ છે કે એક સમયમાં અનેક ક્રિયાઓ સાથે થઈ શકે છે પરંતુ જીવને એક સમયમાં અનુભવ કે ઉપયોગ એક જ ક્રિયાનો થાય છે. પાણીમાં તડકાના સ્થાને ઉભેલી વ્યક્તિને ગરમી-ઠંડી બંનેનો અનુભવ સ્થૂલ દષ્ટિએ એક સાથે થાય છે પરંતુ સૂક્ષ્મ દષ્ટિએ તો આત્મ ઉપયોગ પરિવર્તિત થતો રહે છે. અનેક સૂક્ષ્મ અસંખ્ય સમયના અંતર્મુહૂર્ત સાથે મળીને એક સેકંડ થાય છે એમ સમજી લઈએ તો એ સહજ સમજાઈ જાય છે કે ગરમીની અનુભૂતિ(ઉપયોગ)નું અંતર્મુહૂર્ત અલગ હોય છે અને ઠંડીની અનુભૂતિનો સમય અલગ હોય છે. જેમ કે– આપણે કંઈક





સાંભળવામાં કે જોવામાં કે બોલવામાં તલ્લીન હોય ત્યારે કોઈ ત્યાં આવીને ચાલ્યા જાય કે કંઈક બોલીને અટકી જાય તો આપણું ધ્યાન અન્યમાં હોવાથી તે રૂપ આંખોથી પસાર થવા છતાં પણ અને તે શબ્દ કાનમાં પડવા છતાં પણ, આપણને તેનું કંઈપણ ભાન-જ્ઞાન હોતું નથી. તેમજ જીવનો ઉપયોગ સૂક્ષ્મ અસંખ્ય સમયના અંતર્મુહૂર્તની એક-એક વસ્તુમાં ક્રિયામાં જ રહે છે. ક્રિયાઓ શરીરમાં, આત્મામાં ભલે એક સાથે અનેક પણ ચાલતી રહે, જેમ કે– આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે લખીએ પણ છીએ, જોઈએ પણ છીએ, સાંભળીએ પણ છીએ; ઈન્દ્રિયો કોઈ બંધ થઈ જતી નથી. તે સમયે મુખમાં ખાદ્યપદાર્થ હોય તો તેનો રસાસ્વાદ પણ લઈ રહ્યા હોય, તોપણ આત્મ ઉપયોગ કોઈ તરફ મુખ્ય, કોઈ તરફ ગૌણ થતો રહે છે. જે સૂક્ષ્મ અંતર્મુહૂર્ત પ્રમાણ ૧–૧ વિષયનો જ હોય છે. આ સ્પષ્ટ ધ્રુવ સિદ્ધાંત જિનમતનો છે.

**(૬)** ગરોળીની પૂંછ તૂટી જતાં ગરોળી પોતાનો જીવ લઈને ભાગી જાય છે તોપણ પૂંછમાં હલનચલન દેખાય છે, તે અજીવ પણ નથી, જીવ પણ નથી; તેથી તે ત્રીજી વસ્તુ નોજીવ-નોઅજીવ રૂપ છે. આ રીતે લોકમાં ત્રણ પદાર્થોની રાશિ છે– જીવરાશિ, અજીવરાશિ અને નોજીવનોઅજીવ રાશિ. આ છઠ્ઠા નિહ્નવનો મત છે. જૈન મતાનુસાર રાશિ બે જ છે– જીવરાશિ અને અજીવરાશિ. અજીવરાશિમાં જીવ રહિત સમસ્ત પુદ્ગલ અને ધર્માસ્તિકાય આદિ તત્ત્વ ગ્રહિત થાય છે. જીવરાશિમાં શરીર યુક્ત સંસારી અને શરીર મુક્ત સિદ્ધ બધાનો સમાવેશ થાય છે. ગરોળીના આત્મપ્રદેશ, કપાયેલી પૂંછમાં પણ જોડાયેલા જ રહે છે. જ્યાં સુધી તે જોડાયેલા આત્મપ્રદેશ પૂંછમાં રહે છે ત્યાં સુધી તે હલે છે. થોડા સમય પછી તે કપાયેલા શરીરના બધા આત્મપ્રદેશ ગરોળીના મૂળ શરીરમાં ચાલ્યા જાય છે ત્યારે તે વિભાગ પૂર્ણ જીવરહિત અજીવરાશિમાં ગણવામાં આવે છે, તેથી ત્રીજી રાશિ કહેવી યોગ્ય નથી. **(૭)** જેવી રીતે– ૧. સૂકી દિવાલ ઉપર સૂકી રેતી લાગી જાય તો તે શીઘ્ર પવન લાગવા આદિથી દૂર થઈ જાય છે તેવી જ રીતે કેટલાક કર્મ આત્માને અલ્પ સ્પર્શ કરે છે તે શીઘ્ર નષ્ટ થઈ જાય છે. ૨. ભીની દિવાલ ઉપર સુકી રેતી લાગી જાય તો થોડા સમય પછી અથવા થોડી મહેનતે નીકળી જાય છે, તેમ કેટલાક કર્મ આત્માને સ્પર્શ કરીને બંધાય છે તે થોડા સમય પછી કાલાંતરે ક્ષય થઈ જાય છે. ૩. જેવી રીતે ભીની માટી ભીની દિવાલ ઉપર જોરથી ફેંકતા ચોંટી જાય છે અને સુકાઈ જતાં દિવાલ પરથી સહજ નીકળતી નથી. તે જ રીતે કેટલાક કર્મ આત્મપ્રદેશોને સ્પર્શીને ગાઢ રીતે બંધાઈ જાય છે. તે

લાંબા સમયે સ્થિતિ પૂર્ણ થતાં ક્ષય થાય છે. આ રીતે બધા પ્રકારના કર્મ સ્પર્શ માત્રથી આત્માની સાથે લાગે છે. આત્માના બધા પ્રદેશોમાં એકમેક રૂપે બંધાતા નથી. આ સાતમા નિહ્નવનું કથન છે. વાસ્તવમાં કર્મ આત્માની સાથે બધા પ્રદેશોમાં એકીભૂત રૂપે બંધાઈને રહે છે તોપણ તેનું પોતાનું અસ્તિત્વ અલગ રહે જ છે. જેમ કે– લોઢાનો ગોળો અગ્નિમાં તપાવીને લાલ ચોળ કર્યો હોય, લોઢાના કણેકણમાં અગ્નિ એકમેક થઈ ગયો હોય તોપણ યથાસમય લોઢું અને અગ્નિ અલગ થઈ શકે છે, લોહપિંડમાંથી અગ્નિ સમાપ્ત થઈ જાય છે. આ જ રીતે કર્મ આત્મપ્રદેશોમાં એકમેક થઈને રહેવા છતાં પણ એક સમયે સ્થિતિ પૂર્ણ થતાં અલગ થઈ જાય છે અને એક દિવસ સંપૂર્ણ કર્મોનો ક્ષય થઈને કર્મ રહિત આત્મા સિદ્ધ સ્વરૂપી બની જાય છે. જેવી રીતે સંપૂર્ણ અગ્નિ શાંત થઈ જતાં શુદ્ધ લોઢાનો ગોળો પોતાના અસ્તિત્વમાં અગ્નિ રહિત દશામાં આવી જાય છે.

આ સાત નિહ્નવોમાંથી જમાલી, રોહગુપ્ત અને ગોષ્ઠામાહિલ ક્રમશઃ પહેલા, છટ્ઠા, સાતમા નિહ્નવ જીવનભર પોતાના આગ્રહયુક્ત મતમાં રહ્યા હતા. બાકીના ચાર નિહ્નવોએ કોઈના દ્વારા બોધ પામીને આલોચના-પ્રાયશ્ચિત્ત કરીને પુનઃ ભગવાનના શાસનનો સ્વીકાર કરી લીધો હતો.

આજે પણ જે લોકો પોતાની બુદ્ધિનો કે તર્કનો અહં કરીને જિનેશ્વર–ભાષિત, આગમથી અનુમત કોઈ પણ તત્ત્વ કે સિદ્ધાંતનો પોતાની સ્વચ્છંદ મતિથી અસ્વીકાર કરે અને તે પ્રમાણે પ્રરૂપણ કરે, તો તેવા લોકો નિહ્નવની કોટીમાં ગણાવા યોગ્ય બને છે. જેમ કે– **૧.** કોઈ કહે કે પાણી-અગ્નિને જીવ કહેવા અયથાર્થ છે. **૨.** કોઈ નિર્જીવ પાણી આદિ માટે ફરી સચિત્ત થવાની ઉપેક્ષા કરતાં કહે છે કે શું મડદા પણ ક્યારેય જીવતાં થાય છે ? અર્થાત્ થતાં નથી. તો અચિત્ત પાણી ક્યારે ય પણ સચિત્ત થઈ શકતું નથી. તેને સચિત્ત થવાનું કહેવું ખોટું છે. **૩.** કોઈ કહે છે કે સંયમ સાધનાથી કેવલી બની જાય ત્યારે તેને બધું ધર્મ તત્ત્વોનું જ્ઞાન ભલે માનો, પરંતુ આખી દુનિયાના કીડાને જોવા કે ગણવાની વાત વ્યર્થ છે. આખા જગતના પાપીઓને જોવાથી શું મતલબ છે ? એવું બધું સારુ-ખરાબ જાણવા-જોવાથી કેવળીને કોઈ મતલબ નથી, તેમજ આ પ્રકારના સર્વજ્ઞનો અર્થ કરવો તે પણ માત્ર અતિશયોક્તિ છે વગેરે. આ રીતે આજના પોતાને વધારે વિદ્વાન માનનારા આગમ તત્ત્વોની ઉપેક્ષા કરીને સ્વમતિના અહંથી જેમ તેમ પ્રરૂપણા કરે તો તે તેની અજ્ઞાનદશા જ સમજવી જોઈએ. તે લોકો નિહ્નવની કોટિમાં ગણાશે. વાસ્તવમાં આગમ તત્ત્વોને સર્વોપરી પ્રામાણિક માનીને શ્રદ્ધાપૂર્વક





સમજવાનો જ પ્રયત્ન કરવો જોઈએ. તે સિવાય ખોટી મનમાની પ્રરૂપણાના મીઠા લોભામણા ચક્કરમાં ન આવવું જોઈએ. સાત નિહ્નવોની ઉત્પત્તિ સંબંધી ઘટનાઓનાં કથાનકો યથા સ્થળેથી જાણી લેવા.

## નિબંધ–૭૯

# આયુર્વેદનાં આઠ શાસ્ત્ર

આઠમા સ્થાનના સૂત્ર–૩૦ માં બતાવેલ છે કે આયુર્વેદના આઠ શાસ્ત્ર છે– **(૧)** કુમારભૃત્ય શાસ્ત્ર–તેમાં બાળકોની સાર-સંભાળ અને બાલરોગોની ચિકિત્સા બતાવેલ છે. **(૨)** કાયચિકિત્સા શાસ્ત્ર– તેમાં તાવ, કોઢ વગેરે શારીરિક રોગોના, કાન, નાક, મુખના રોગોના અનેકવિધ ઈલાજ બતાવેલ છે. **(૩)** શાલાક્ય શાસ્ત્ર– તેમાં લોખંડના સળીયા ગરમ કરીને તેના દ્વારા ઈલાજ કરવાના વિધાન છે. **(૪)** શલ્ય હત્યા શાસ્ત્ર– તેમાં શરીરમાં લાગેલા તીર, ભાલા આદિના ઘાવ રૂઝાવવાની વિધિ, ઓપરેશન વગેરે શલ્ય ચિકિત્સાનું વર્ણન છે. **(૫)** જંગોલી શાસ્ત્ર– તેમાં સર્પ, વીંછી આદિના વિષની ચિકિત્સાનું વર્ણન છે. **(૬)** ભૂતવિદ્યા શાસ્ત્ર–તેમાં પ્રેતાત્માના કષ્ટ સંબંધી ચિકિત્સા, ઉપસર્ગના ઉપશમન, શાંતિકર્મ આદિનું વર્ણન છે. **(૭)** ક્ષારતંત્ર શાસ્ત્ર– તેમાં ભસ્મ, પિષ્ટી(પ્રવાલ પિષ્ટી) આદિ દ્વારા શારીરિક બલવૃદ્ધિની ચિકિત્સા બતાવેલ છે. **(૮)** રસાયણ શાસ્ત્ર– તેમાં રસધાતુ કે કલ્પ, પરપટી(બહુસાધિત ઔષધ) આદિ ચિકિત્સાનું વર્ણન છે. આ ગ્રંથ વૈદ્યો પાસે કે મોટા પુસ્તક વિક્રેતાઓ પાસે તેમજ વિશાળ સાર્વજનિક પુસ્તકાલયોમાં હોય છે.

## નિબંધ–૮૦

# ચૈત્યવૃક્ષ અને કલ્પવૃક્ષનું જ્ઞાન

આગમોમાં ચૈત્યવૃક્ષનું વર્ણન બે પ્રકારે આવે છે– (૧) તીર્થંકરોને જે વૃક્ષ નીચે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય છે તેને ચૈત્યવૃક્ષ કહેલ છે. શ્રી સમવાયાંગ સૂત્રમાં ૨૪ તીર્થંકરોના ૨૪ ચૈત્યવૃક્ષ અલગ-અલગ જાતિના બતાવેલ છે. (૨) સ્થાનાંગ–૮માં બીજા પ્રકારના ચૈત્યવૃક્ષ વ્યંતરદેવોની અપેક્ષાએ કહેલ છે. આ વૃક્ષ દેવોના ચિત્તને પ્રસન્ન કરનાર, તેમની પોતાની પસંદગીના અલગ-અલગ પ્રકારના હોય છે. જેમ કે– ૧. પિશાચનું કદંબ વૃક્ષ ૨. યક્ષનું વડ વૃક્ષ ૩. ભૂતનું તુલસી ૪. રાક્ષસનું કંડક ૫. કિન્નરનું અશોકવૃક્ષ ૬. કિંપુરુષનું ચંપક ૭. મહોરગનું

નાગવૃક્ષ ૮. ગંધર્વ દેવોનું તિંદુક વૃક્ષ. આ પ્રમાણે અહીં આઠ વ્યંતર જાતિના દેવોના પ્રિય વૃક્ષોને ચૈત્યવૃક્ષો કહેલ છે. તે દેવો મનુષ્યલોકમાં ભ્રમણ કરીને તે-તે વૃક્ષો પર થોડો સમય નિવાસ કરે છે અને મનુષ્યો દ્વારા કે મનુષ્યો ઉપરે પોતાની કુતૂહલ પ્રકૃતિનું પોષણ કરે છે. જેમ બાળકો અમુક સમયે રમતગમત મનોરંજન માટે ક્રીડા સ્થાનોમાં જાય છે, ભ્રમણ કરે છે, મનોવિનોદ કરે છે અને પાછા પોતાની ઘરે આવી જાય છે. તેવી જ રીતે આ દેવો પણ વારંવાર માનવલોકમાં આવતા રહે છે. આ બધા દેવોને અવધિજ્ઞાન તો હોય જ છે પરંતુ અલ્પ મર્યાદાવાળા અવધિ જ્ઞાની અને અલ્પ ઉંમરવાળા દેવ જ કુતૂહલ વૃત્તિથી માનવલોકમાં ભ્રમણ કરે છે. અર્થાત્ ૧૦,૨૦,૪૦,૫૦,૬૦ કે ૮૦ હજાર વર્ષની ઉંમરવાળા. અધિક ઉંમર વાળા અને અધિક મર્યાદાના અવધિજ્ઞાનવાળા નિષ્કારણ અહીં માનવલોકમાં ભટકતા નથી. જેમ કે બાલ્યવય પછી વ્યક્તિ ખેલકૂદ મનોરંજનથી નિવૃત્ત થઈ જાય છે અને પોતાના સંસાર વ્યવહારમાં લાગી જાય છે. તે જ રીતે પ્રૌઢ ઉંમરના દેવ ગંભીરતાથી પોતાના સ્થાનમાં પ્રાપ્ત સુખભોગોમાં લીન રહે છે.

**દેવલોકોમાં દેવોના ચૈત્યવૃક્ષ કે કલ્પવૃક્ષ :–** સ્થાનાંગ–૮માં આઠ વ્યંતર દેવોના આઠ ચૈત્યવૃક્ષ કહ્યા છે અને દસ ભવનપતિ દેવોના દસ ચૈત્યવૃક્ષ દસમા સ્થાનના સૂત્ર–૭૪માં કહ્યા છે. ત્રીજા સ્થાનના સૂત્ર–૨૩માં કહ્યું છે કે પોતાના કલ્પવૃક્ષની કાંતિ ફીકી–ઝાંખી જોઈને દેવોને પોતાના મૃત્યુનો આભાસ થાય છે.

આ વર્ણનો ઉપરથી એમ સમજાય છે કે દેવોની સુધર્મસભાની બહાર પૃથ્વીમય ચોંતરા સહિત રત્નમય વૃક્ષ હોય છે. ભવનપતિ તથા વ્યંતર જાતિના દેવોના તે વૃક્ષ ચૈત્યવૃક્ષ કહેવાય છે. તે દેવોના ચિત્તને આનંદિત કરનાર હોવાથી ચૈત્યવૃક્ષ કહેવાય છે. ભવનપતિ વ્યંતરમાં તે ચૈત્યવૃક્ષોના પીપલ વગેરે જુદા-જુદા નામો કહેવાયા છે, તે તે દેવોની પોતાની પસંદગીને પ્રગટ કરે છે. તે વૃક્ષો ત્યાં પૃથ્વીકાયના અને શાશ્વત હોય છે. તેમજ તે દેવોના મુકુટ અને વસ્ત્રોમાં પણ તેઓની તે પસંદગીના વૃક્ષ ચિન્હો હોય છે.

જ્યોતિષી વૈમાનિક દેવોના ચૈત્યવૃક્ષનું કથન અહીં સ્થાનાંગમાં નથી. તે દેવોના ચ્યવન થવાના જ્ઞાન સંબંધી સૂત્રમાં તેઓના કલ્પવૃક્ષનું કથન છે. આથી એમ સ્પષ્ટ થાય છે કે ચારો જાતિના દેવોને તે વૃક્ષ હોય છે જેમાં ભવનપતિ વ્યંતરના તે વૃક્ષોને ચૈત્યવૃક્ષ કહેવાયા છે અને જ્યોતિષી વૈમાનિક દેવોના તે વૃક્ષો કલ્પવૃક્ષ કહેવાય છે. ભવનપતિ વ્યંતરોના તે વૃક્ષ જુદી-જુદી જાતના હોય છે જ્યારે જ્યોતિષી વૈમાનિકના આ કલ્પવૃક્ષો એક જ જાતિ રૂપે કલ્પવૃક્ષ જ કહેવાય





છે. તે પણ રત્નોની અદ્‌ભુત શોભા કાંતિથી યુક્ત હોય છે અને તે દેવોને પરમ આલ્હાદકારી હોય છે.

ત્રીજા સ્થાનમાં ૩–૧–૩૨માં ચૈત્યવૃક્ષ ચલિત થવાનું કહેલ છે. તથા સ્થાન ૩–૩–૨૩માં **कप्परुक्खगं मिलायमाणं** કહ્યું છે. ત્યાંની ટીકા વ્યાખ્યામાં કહ્યું છે કે **कप्प रुक्खगं ति चैत्यवृक्षं** = ચૈત્યવૃક્ષનો મતલબ કલ્પવૃક્ષ, અર્થાત્ આ બન્ને એકજ છે. ભવનપતિ વ્યંતરના તે વૃક્ષ ચૈત્યવૃક્ષની સંજ્ઞાથી ઓળખાય છે અને જ્યોતિષી વૈમાનિકના તે વૃક્ષ કલ્પવૃક્ષના નામે ઓળખાય છે.

મૃત્યુ સમયમાં દેવોના તે પોતપોતાના વૃક્ષોની, શરીરની તેમજ વસ્ત્રાભૂષણોની કાંતિ–શોભા મુરજાયેલી દેખાય છે એટલે કે તે ઝાંખા દેખાય છે. દસ ભવનપતિઓના તે વૃક્ષોનાં નામ આ પ્રમાણે છે–(૧) અશ્વસ્થ(પીપલ) (૨) સપ્તપર્ણ (૩) શાલ્મલી (૪) ઉમ્બર (૫) શિરીષ (૬) દધિપર્ણ (૭) અશોક(બંજુલ) (૮) પલાસ (૯) લાલ એરંડ(વ્યાઘ્ર) (૧૦) કનેર.

## નિબંધ–૮૧

# રોગોત્પત્તિ થવાનાં ૯ કારણો

માણસની પોતાની ભૂલથી, વિવેકજ્ઞાનના તેમજ યોગ્ય આચરણના અભાવે અનેક રોગો ઉત્પન્ન થાય છે. નવમા સ્થાનના સૂત્ર–૧૨ માં નવ કારણ રોગોત્પત્તિના કહેલ છે. જેમ કે– **(૧) ભોજનની અધિકતાથી–** ભોજનની અધિકતા અનેક પ્રકારે થઈ શકે છે–એક જ વખતે મનપસંદ વસ્તુ કે બીજા સાથે હરીફાઈ કરવામાં અત્યધિક ખાવું, શરીર–પેટની અનુકૂળતા ન હોવા છતાં પણ ખાતાં રહેવું, જરૂર વગર કે ભૂખ વગર માત્ર ઈચ્છા થવાથી અથવા બીજાના આગ્રહથી વારંવાર ખાવું, એક સાથે અનેક વસ્તુઓ ખાવી કે જેમાં ક્યારેક કોઇ પદાર્થ વિરોધી સ્વભાવના પણ ખાવામાં આવી જાય છે. તેથી સીમિત દ્રવ્ય, અલ્પ માત્રામાં તેમજ ઓછી વાર, ભૂખ લાગે ત્યારે અથવા શરીરની આવશ્યકતા હોય ત્યારે ખાવું. તે નિરોગી રહેવાનો સુંદર ઉપાય છે. **(૨) વધારે બેઠા રહેવાથી કે ઊભા રહેવાથી–**શરીરના યોગ્ય સંચાલન માટે અંગોપાંગોનું હલન-ચલન જરૂરી છે. કોઈપણ એક આસને સતત કલાકો સુધી એમ ને એમ રહેવાથી ક્યારેક શરીરની પ્રક્રિયાઓનું સમ્યક સંચાલન ન થવાથી અર્થાત્ તેમાં અવરોધ પેદા થવાથી અંગોપાંગોમાં, સ્નાયુઓમાં, હાડકાના સાંધામાં તકલીફ ઊભી થાય છે

તેથી આસનનો વિવેક રાખવો જોઈએ. **(૩–૪) અતિ નિદ્રા અતિ જાગરણ–** સ્વસ્થ રહેવા માટે વિશ્રામ–નિદ્રાની જરૂર હોય છે પરંતુ તેની પણ મર્યાદા રાખવી જરૂરી છે. પ્રત્યેક વ્યક્તિને પોતાના શ્રમ જીવનની અનુકૂળતા તેમજ અવસ્થાની અનુકૂળતા પ્રમાણે સૂવાનો વિવેક રાખવો આવશ્યક હોય છે.

બે, ત્રણ વર્ષના બાળકો માટે કોઈ નિયમ ન હોય. વિદ્યાર્થી જીવનમાં સામાન્ય રીતે ન્યૂનતમ ૬ કલાક તથા અધિકતમ ૧૦ કલાક સમજવા. યુવા-પ્રૌઢ અવસ્થામાં છ થી આઠ કલાક સૂવું સ્વાસ્થ્યપ્રદ રહે છે. આત્મસાધનામાં રત સાધકો માટે તેના નિરંતર અભ્યાસ અને માનસ પરિણતિ પ્રમાણે એક પ્રહર–ત્રણ કલાકની નિદ્રાથી પણ વિશિષ્ટ સાધકોનું કામ ચાલી શકે છે તેમજ સામાન્ય પણે બે પ્રહર–છ કલાકની નિદ્રા પણ અનેક સાધકો માટે પુરતી છે. અતિશ્રમ, વિહાર આદિ કારણે અધિકતમ આઠ કલાક નિદ્રા ક્યારેક થઈ શકે છે. ખાસ કરીને સાધનાશીલ સાધકોએ અધિકતમ અપ્રમત્ત દશામાં એટલે સ્વાધ્યાય, ધ્યાનમાં લીન રહેવાનું હોય છે. તેમ છતાં ન્યૂનતમ ૩ કલાક વિશ્રામ–નિદ્રા કરવી ઔદારિક શરીર સ્વભાવે તેઓને પણ યોગ્ય હોય છે. તીર્થંકર જેવા વિશિષ્ટ સાધકો માટે નિદ્રા લેવાનો કોઈ ન્યૂનતમ નિયમ પણ હોતો નથી.

સામાન્ય વ્યક્તિને કદાચિત્ એક બે દિવસ-રાત નિદ્રા ન કરીને જાગરણ કરવું પડે તોપણ શરીર સંચાલન ચાલી શકે છે. અતિજાગરણ પણ નિરંતર થઈ જવાથી તે અનેક રોગોત્પત્તિનું કારણ બની શકે છે. અતિ નિદ્રા લેવાથી પણ શરીરના આવશ્યક સંચાલનોમાં અવરોધ થાય છે. પાચન શક્તિના વ્યવસ્થિત સંચાલન માટે શરીરના હલનચલનની અનેક પ્રક્રિયાઓ જરૂરી છે. જ્યારે અધિક ઉંઘવાથી તેમાં અવ્યવસ્થા થાય છે અને તે રોગોત્પત્તિમાં નિમિત્ત ભૂત બને છે. તેથી સાર એ છે કે વિવેક યુક્ત યોગ્ય મર્યાદાને ધ્યાનમાં રાખીને જ નિદ્રા તેમજ જાગરણ કરવું, એ નીરોગી રહેવા માટે શ્રેયસ્કર થાય છે

**(૫-૬) મલ-મૂત્રની બાધાને રોકવાથી–** શરીરમાં પાચનતંત્રની સ્વસ્થતાથી મલમૂત્રનો વિસર્જન સંકેત સ્વતઃ થઈ જાય છે. તેમાં અમુક સીમિત સમયની જ અવધારણ ક્ષમતા શરીરના અવયવોની હોય જ છે. શરીરની બાધાઓ રોકવાથી અનેક વિચિત્ર રોગો ઉત્પન્ન થઈ શકે છે. તેથી વ્યક્તિએ પોતાના શરીર સ્વભાવ અને સમયાનુસાર શૌચનિવૃત્તિની કે લઘુશંકા નિવૃત્તિની સુવિધાનું ધ્યાન અવશ્ય રાખવું જોઈએ.સાધુ જીવનમાં ગમનાગમનના કાર્ય પ્રાયઃ દિવસે કરવાના હોય છે. તેમાં શારીરિક બાધા ક્યારે ક્યાં થઈ જાય તેને માટે શાસ્ત્રમાં પહેલેથી જ





સ્પષ્ટ સૂચના કરેલ છે કે સાધુ જ્યાં પણ રહે ત્યાં આસપાસમાં મળમૂત્ર વિસર્જનની, પરઠવાની જગ્યાનું સૌપ્રથમ આવશ્યક રૂપે નિરીક્ષણ–પ્રતિલેખન કરી લે. તેથી ક્યારે ય મલ-મૂત્રની બાધા થતાં તેને અનાવશ્યક રોકવી ન પડે. **(૭) અતિ ચાલવાથી–** શરીરની પોતાની જે ક્ષમતા હોય તેનું ધ્યાન રાખીને મર્યાદાયુક્ત જ ચાલવું જોઈએ. તેની મર્યાદા દરેક વ્યક્તિની ક્ષમતા પોતાના અભ્યાસ પ્રમાણે હોય છે. વિચાર્યા વગર કોઈ પણ નિમિત્તે મર્યાદાતીત ૩૦,૪૦,૫૦ કે ૭૦ કિલોમીટર ચાલવાથી મુશ્કેલી ઊભી થઈ શકે છે. તેથી ચાલવામાં વિવેકયુક્ત નિર્ણય કરવો જોઈએ. **(૮) ભોજનની પ્રતિકૂળતાથી–**રાત્રિભોજન આદિ કોઈ કારણે અયોગ્ય પદાર્થ ભોજનમાં આવી જવાથી, ખાદ્યપદાર્થ વાસી થવાથી તેમાં વિકૃતિ થઈ ગઈ હોય, સડી ગયો હોય કે લીલ-ફૂગ ઉત્પન્ન થઈ ગઈ હોય; કીડી, માખી આદિ જીવયુક્ત થઈ જાય કે ઝેરી થઈ જાય તેવા પદાર્થ ખાવામાં આવી જવાથી અનેક પ્રકારની બીમારીઓ ઉત્પન્ન થઈ શકે છે. સમયસર ખાવા ન મળે, ભૂખથી પીડાવું પડે કે પોતાની આદત પ્રમાણે અથવા શરીરની આવશ્યકતા અનુસાર આહાર-પાણી, ઔષધ-ભેષજ વગેરે ન મળે; આવી ભોજનની પ્રતિકૂળ તાઓથી પણ રોગોત્પત્તિ થાય છે. તેથી સામાન્ય રીતે વ્યક્તિએ પોતાની ભોજનની સુવ્યવસ્થાનું, સમયનું કે આહારની આવશ્યક માત્રાનું તથા પદાર્થનું વિવેકપૂર્વક ધ્યાન રાખવું જોઈએ. **(૯) ઈન્દ્રિયોનો–શરીરના અવયવોનો અતિ ઉપયોગ અથવા દુરુપયોગ કરવાથી–** અતિ વાજિંત્ર શ્રવણ, અતિ નાટક, સિનેમા, ટી.વી. જોવા, અતિ સુગંધી પદાર્થોનો પ્રયોગ, અતિ ભાષણ, અતિ માત્રામાં પંખા, કૂલર, એ.સી.નો ઉપયોગ, અતિ અગ્નિતાપ, અતિ કામભોગ સેવન, અતિ માનસિક ચિંતા, શોક આદિ. આ બધો ઈન્દ્રિયોનો અતિ ઉપયોગ અને દુરુપયોગ પણ રોગોત્પત્તિમાં કારણભૂત બને છે. તેથી તે સર્વ પ્રવૃત્તિઓમાં વિવેકજ્ઞાન અને મર્યાદાયુક્ત વ્યવહારનું ધ્યાન રાખવું જોઈએ.

સામાન્યપણે ૯ ની સંખ્યાના અંતર્ગત આ કારણો કહેલ છે. અન્ય પણ અનેક કારણ હોઈ શકે છે તેનો સમાવેશ એમાં યથાયોગ્ય કરી લેવો જોઈએ.

વિશેષમાં વ્યક્તિના શુભાશુભ કર્મોદય જ રોગી-નીરોગી થવામાં મુખ્ય ઉપાદાન કારણ બને છે. જેનાથી ક્યારેક ભૂલો કરવા છતાં પણ રોગ ન આવે અને ક્યારેક ભૂલો ન કરવા છતાં પણ રોગ આવી જાય તેમ બને છે. તેમ છતાં સામાન્ય રીતે શરીર સ્વભાવની અપેક્ષાએ સૂત્રોક્ત આ વાતોનું ધ્યાન રાખવાથી વ્યક્તિ અનેક રોગોથી બચીને સ્વસ્થ રહી શકે છે. વ્યવહાર સાપેક્ષતાની અપેક્ષાએ

કહેલા એ નિમિત્ત કારણો પણ મહત્વશીલ તો છે જ. તેથી શાસ્ત્રમાં પ્રસંગાનુસાર તેનો સંકેત કરેલ છે. સાધકના સાધના જીવનમાં પણ સ્વસ્થ રહેવું, સાધનાની સફળતામાં અત્યંત મહત્ત્વનું છે. તેથી આત્મ સાધકોએ પણ આ બાબતોનો પોતાના ક્ષયોપશમ પ્રમાણે અવશ્ય વિવેક રાખવો જોઈએ.

### નિબંધ–૮૨

## પુણ્યના પ્રકાર અને સ્વરૂપ

નવમા સ્થાનના સૂત્ર ૨૪માં નવ પ્રકારના પુણ્ય કહેલ છે. પુણ્ય શબ્દનો પ્રયોગ જૈન સાહિત્યમાં ૩ પ્રકારે અર્થાત્ ત્રણ અર્થમાં થયેલ છે, જેમ કે– **(૧) પુણ્ય પ્રકૃતિ**–કર્મની ૧૪૮ પ્રકૃતિઓમાં જે શુભ ફળદાયી છે તે પુણ્ય કર્મ પ્રકૃતિરૂપ ગણાયેલી છે અને જે અશુભ ફળદાયી છે તે પાપ પ્રકૃતિ ગણાયેલી છે. ચાર ઘાતિકર્મોની બધી પ્રકૃતિઓ પાપ પ્રકૃતિ રૂપ ગણાયેલી છે. શેષ ચાર અઘાતિ કર્મોની પ્રકૃતિઓમાં બંને પ્રકારની પ્રકૃતિઓ છે. જેમ કે– ૧. શાતા-અશાતા વેદનીય ૨. દેવાયુ-નરકાયુ ૩. શુભનામ-અશુભનામ ૪. ઉચ્ચગોત્ર-નીચગોત્ર.

**(૨) પુણ્ય પ્રવૃત્તિ**– જે પ્રવૃત્તિમાં બીજાને સુખ પહોંચાડવાનો ઉદ્દેશ્ય હોય જે પ્રવૃત્તિમાં આત્માના પરિણામ શુભ હોય છે તેમજ જે પ્રવૃત્તિથી આત્મામાં શુભ કર્મબંધની અર્થાત્ પુણ્યપ્રકૃતિ બંધની મુખ્યતા હોય છે; તે બધી પ્રવૃત્તિઓ પુણ્ય પ્રવૃત્તિઓ કહેવાય છે. અપેક્ષાએ પ્રસ્તુત સૂત્રમાં એ પુણ્ય પ્રવૃત્તિઓને નવ ભેદોમાં સમાવિષ્ટ કરીને નવ પ્રકારની પુણ્ય પ્રવૃત્તિઓ કહેલ છે.

**(૩) પુણ્યબંધ–પુણ્યપ્રકૃતિબંધ**– જીવને પ્રતિ સમય પ્રત્યેક પ્રવૃત્તિમાં કર્મબંધ થતા રહે છે. પ્રથમ ગુણસ્થાનથી નવમા ગુણસ્થાન સુધીના બધા જીવોને સાત કર્મનો બંધ નિરંતર થતો જ રહે છે અને આયુષ્ય કર્મનો બંધ તો પ્રત્યેક જીવને જીવનભરમાં એક જ વાર થાય છે. આ અપેક્ષાએ મિથ્યાદષ્ટિ, સમ્યક્દષ્ટિ, શ્રમણોપાસક અને ૯મા ગુણસ્થાન સુધીના શ્રમણોને કર્મપ્રકૃતિના બંધની અપેક્ષા પુણ્યપ્રકૃતિનો બંધ અને પાપપ્રકૃતિનો બંધ અલ્પાધિક દરેક પ્રવૃત્તિઓમાં થતો જ રહે છે અર્થાત્ નવ પ્રકારની પ્રસ્તુત સૂત્રોક્ત પુણ્ય પ્રવૃત્તિ અને અઢાર પ્રકારની પાપોની પ્રવૃત્તિ તથા વ્રત-પ્રત્યાખ્યાનયુક્ત શ્રાવક-સાધુની સંવર, નિર્જરાની પ્રવૃત્તિ; તેમ દરેક પ્રવૃત્તિના સમયે પણ બંને પ્રકારે બંધ થતો રહે છે. તેમ છતાં તેમાં અલગ-અલગ વિશેષતા હોય છે. જેમ કે – (૧) ૯ પુણ્ય કાર્યોમાં પુણ્યપ્રકૃતિ બંધની મુખ્યતા હોય છે, પાપપ્રકૃતિ બંધની ગૌણતા હોય છે. (૨) ૧૮ પાપની





પ્રવૃત્તિઓમાં પાપપ્રકૃતિબંધની મુખ્યતા–અધિકતા હોય છે અને પુણ્ય કર્મપ્રકૃતિ બંધની ન્યૂનતા-ગૌણતા હોય છે. (૩) ધાર્મિક અનુષ્ઠાનોમાં વ્રત, મહાવ્રત આદિમાં કર્મ નિર્જરાની મુખ્યતા હોય છે. સાથે જ બંધ વિભાગમાં પુણ્ય પ્રકૃતિ બંધની અધિકતા અને પાપ કર્મપ્રકૃતિની ન્યૂનતા હોય છે. આ રીતે પ્રકૃતિબંધની અપેક્ષા પુણ્યનું સ્વરૂપ સમજવું.

**પ્રતિપ્રશ્ન–** પુણ્યના કાર્યમાં પાપ પ્રકૃતિનો બંધ કેમ ? પાપ કાર્યોમાં પુણ્ય પ્રકૃતિનો બંધ કેમ ? અને ધર્મની પ્રવૃત્તિઓમાં સંવર, નિર્જરાની સાથે પુણ્ય અને પાપ પ્રકૃતિઓનો બંધ કેમ થાય છે ?

**સમાધાન–** નવમા ગુણસ્થાન સુધી જીવના સૂક્ષ્મ કે સ્થૂલ રૂપે કષાય ઉદય ચાલુ રહે છે, યોગ પ્રવૃત્તિ પણ ચાલુ રહે છે, જેનાથી કેટલાય જીવોને સુખદુઃખ પહોંચે છે. સંસારની પાપ પ્રવૃત્તિઓ કરવા છતાં પણ જીવ કેટલાય પારિવારિક કર્મચારી જીવોને સુખ પહોંચાડતા રહે છે અને પુણ્યની પ્રવૃત્તિઓ કરવા છતાં પણ જીવ તે પ્રવૃત્તિઓથી કેટલાય જીવોને કષ્ટ પણ પહોંચાડે છે. આરંભ-સમારંભની પ્રવૃત્તિઓમાં યોગજન્ય ગમનાગમન આદિ પ્રવૃત્તિઓમાં સૂક્ષ્મ સ્થૂલ રૂપે હિંસા પણ થાય છે. તે કારણે જ ઉપરોક્ત સાપેક્ષ કથન કરેલ છે કે પુણ્ય આદિ ત્રણે ય પ્રકારની પ્રવૃત્તિઓમાં પણ બંને પ્રકારે કર્મ પ્રકૃતિબંધ થતા રહે છે.

પુણ્ય પ્રવૃત્તિઓ ૯ પ્રકારની કહેલ છે, તે આ પ્રમાણે છે– **(૧) અન્ન પુણ્ય–** આહારની ઈચ્છાવાળા જીવોને ભોજન સામગ્રી દેવી, યથા–પરદેશી રાજાની જેમ દાનશાળા ચલાવવી, હંમેશાં પક્ષીઓને ચણ નાંખવી, પશુઓને ઘાસ આપવું, ગાય, કુતરાને રોટલી દેવી ઈત્યાદિ અન્ન પુણ્યની પ્રવૃત્તિ છે. **(૨) પાન પુણ્ય–** તૃષાતુર પ્રાણીઓને પાણી પીવડાવવું, પરબ ચલાવવી, પશુઓ માટે પાણીની કુંડીઓ ભરાવવી, દુષ્કાળના સમયે ગલીઓમાં કે ઘરોમાં પાણી પહોંચાડવું, ઈત્યાદિ પણ પુણ્યની પ્રવૃત્તિઓ છે. **(૩) લયનપુણ્ય–** મકાનનું દાન, ઘરબાર વિનાના લોકો માટે ઘર બનાવવા કે તેમાં મદદ કરવી, રાહગીરો માટે માર્ગોમાં, જંગલમાં વિશ્રામસ્થાન બનાવવા, સામાજિક પૌષધશાળા કે ધર્મસ્થાનક વગેરે બનાવવા કે ત્યાં મદદ કરવી. **(૪) શયનપુણ્ય–** બેસવા, સૂવાના સાધનોનું દાન કરવું, ગાદલાં, રજાઈ, શાલ, ચાદર, પલંગ આદિનું દાન કરવું, ગરીબોને વહેંચવા. **(૫) વસ્ત્રપુણ્ય–** પહેરવા ઓઢવાના કપડાનું દાન, સ્કૂલ ડ્રેસ, શિયાળામાં સ્વેટર આદિનું વિતરણ કરવું કે ઘરે માંગવા આવેલા ગરીબ ભિખારી વગેરે લોકોને નવા-જુના વસ્ત્રો દેવા. **(૬થી૮) મન વચન કાયાપુણ્ય–**

જીવો પ્રત્યે શુભ પવિત્રભાવ, અનુકંપાભાવ, આદરભાવ, અહોભાવ રાખવો તે મનપુણ્ય. પ્રાણીઓને આનંદ થાય તેવો મનોજ્ઞ તેમજ અનુકૂળ વચન પ્રયોગ કરવો. આવો, પધારો વગેરે સન્માન સૂચક શબ્દોનો પ્રયોગ કરવો તે વચન પુણ્ય છે. શરીર દ્વારા બીજાને અશક્ત, રોગી, વૃદ્ધ વગેરેને સાથ સહકાર આપવો. માર્ગ ભૂલેલાને રસ્તો બતાવવો કે તેના ગંતવ્ય સ્થાને પહોંચાડવા આદિ કાયપુણ્ય છે. **(૯) નમસ્કારપુણ્ય**–માતા, પિતા, વડીલને નમસ્કાર કરવા. ઘરે આવેલા મહેમાનને, રસ્તામાં સાધર્મિક અથવા પરિચિત મળે તો તેમને નમસ્કાર કરવા, તે નમસ્કાર પુણ્ય છે.

આ નવ પ્રકારના કાર્યોમાં અનુકંપાભાવોની, નિઃસ્વાર્થભાવોની, નમ્ર ભાવોની તેમજ પ્રેમ-મૈત્રીભાવોની આત્મામાં પુષ્ટી થાય છે. આવા કાર્યો અનેક જીવોને સુખશાતા પહોંચાડનાર છે. જેનાથી મુખ્ય રૂપે શુભકર્મોનો બંધ થાય છે તેથી તેને પુણ્યકાર્ય, પુણ્યપ્રવૃત્તિઓ કહેલ છે.

### નિબંધ–૮૩

## ભ૦મહાવીરના શાસનના ૯ જીવ તીર્થંકર થશે

ભગવાનના શાસનમાં ૯ જીવોએ તીર્થંકર નામગોત્ર કર્મનો બંધ કર્યો હતો. તે બધા એક ભવ કરીને બીજા ભવમાં તીર્થંકર બનશે. તેમનાં નામ– (૧) શ્રેણિક રાજા (૨) સુપાર્શ્વ–ભગવાનના કાકા (૩) ઉદાયન રાજા–શ્રેણિકનો પૌત્ર અને કોણિકનો પુત્ર (૪) પોટ્ટિલ અણગાર(સાધ્વીજી)–જ્ઞાતાસૂત્રમાં વર્ણિત (૫) દઢાયુ-સર્વાનુભૂતિ નામના પાંચમા તીર્થંકર બનશે. તેનો પરિચય અપ્રાપ્ત છે. (૬) શંખ–આ પણ અજ્ઞાત છે, સાતમા તીર્થંકર બનશે. ભગવાનના પ્રમુખ શ્રાવક શંખ હતા, તે તો મહાવિદેહ ક્ષેત્રમાંથી મુક્તિ પ્રાપ્ત કરશે. (૭) શતક–એના વિષયમાં ટીકામાં સ્પષ્ટ કરેલ છે કે પુષ્કલીનું જ અપરનામ શતક હતું. તે શતકીર્તિ નામના દસમા તીર્થંકર બનશે. (૮) સુલસા–તે સારથીની પત્નિ હતી. તેના સમ્યક્ત્વની પરીક્ષા દેવે કરી હતી. ૩૨ ગુટિકા આપી હતી. એક સાથે ખાવાથી તેમને ૩૨ પુત્ર થયા હતા. આગામી ચોવીસીમાં નિર્મમ નામના સોળમા તીર્થંકર થશે. (૯) રેવતી–ભગવાનને માટે સિંહા અણગારને બીજોરા પાક વહોરાવનાર શ્રાવિકા હતી. ચિત્રગુપ્ત નામના સત્તરમા તીર્થંકર બનશે.

શ્રેણિક રાજાએ તીર્થંકર નામકર્મ બાંધવા યોગ્ય બે મુખ્ય કાર્ય કર્યા હતા– (૧) જીવોની દયા પાળી, પોતાના રાજ્યમાં પંચેન્દ્રિય વધનો નિષેધ કર્યો હતો.(૨)





દીક્ષાની દલાલી-પ્રેરણા કરી અને પોતાની ૨૩ રાણીઓને પણ દીક્ષાની સહર્ષ સ્વીકૃતિ આપી હતી. તે નરકાયુ બાંધી ચુક્યા હતા, તેથી પ્રથમ નરકમાંથી નીકળીને આગામી ચોવીસીમાં મહાપદ્મ નામના પ્રથમ તીર્થંકર થશે. તેમને આયુષ્ય, દીક્ષાપર્યાય વગેરે ભગવાન મહાવીરની સમાન જ હશે. ૧૧ ગણધર, ૯ ગણ હશે. દીક્ષાની પહેલાં રાજા થશે. ત્યારે તેના બે દેવ પૂર્ણભદ્ર અને માણિભદ્ર સેવામાં રહીને સેનાના કાર્યો કરશે. છદ્મસ્થકાળ અને કેવળજ્ઞાનપર્યાય પણ મહાવીર સ્વામી પ્રમાણે જ હશે. પરીષહ-ઉપસર્ગોની, ગોશાલક-જમાલીની સમાનતા કહેલ નથી. ઉત્સર્પિણીના બીજા આરાના ત્રણ વર્ષ સાડા આઠ મહિના વીત્યા બાદ મહાપદ્મ તીર્થંકરનો જન્મ થશે અને ૭૫ વર્ષ સાડા આઠ મહિના પૂર્ણ થશે ત્યારે તે નિર્વાણ પામશે. આ નવ ભાવી તીર્થંકરો સિવાય પણ અન્ય કેટલાક (૯) જીવોનું કથન સ્થાન–૯, સૂત્ર–૫૩માં છે તે બધા જીવ આગામી ભવમાં મનુષ્ય બનીને ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરીને મોક્ષે જશે. તે આ પ્રમાણે છે– **૧.** કૃષ્ણ વાસુદેવ–આગામી ઉત્સર્પિણીમાં ૧૨મા(મતાંતરે ૧૩મા) તીર્થંકર થશે. **૨.** કૃષ્ણના ભાઈ બલરામ–૧૩મા(મતાંતરે ૧૪મા)તીર્થંકર થશે. **૩.** ઉદક પેઢાલ પુત્ર– સૂયગડાંગ સૂત્રમાં એનું વર્ણન છે. **૪થી૫.** પોટ્ટિલ અને શતક–તે પણ મધ્યમ તીર્થંકર બનીને ચાતુર્યામ ધર્મનું નિરૂપણ કરશે. **૬.** દાસક–અજ્ઞાત છે. કૃષ્ણ વાસુદેવના પુત્ર દાસક મુનિ તો મોક્ષે ગયા છે. **૭.** સત્યકી–વિદ્યાધર રાજા હતા. **૮.** અંબડ–એ મહાવિદેહ ક્ષેત્રમાં ચાતુર્યામ ધર્મનું નિરૂપણ કરીને મોક્ષે જશે, તીર્થંકર નહીં બનશે. તેથી તીર્થંકર બનનાર અંબડ અન્ય સમજવા જે આગામી ઉત્સર્પિણી માં તીર્થંકર બનશે. **૯.** સુપાર્શ્વા આર્યા–પાર્શ્વનાથના શાસનના સાધ્વી હતા. અહીં ૯ ની સંખ્યા માત્રથી એ ૯+૯=૧૮ જીવોના ભાવીનું કથન છે. જીવન વર્ણન કે પરિચય બધાનો મળતો નથી. અમુકનું વર્ણન બીજા શાસ્ત્રોમાં મળે છે. ટીકાકારના સમયે પણ કેટલાકના જીવન વર્ણનની પરંપરા પ્રાપ્ત ન હતી. શાસ્ત્રલેખનના ૬૦૦ વર્ષ પછી એટલે કે વીરનિર્વાણના ૧૬૦૦ વર્ષ પછી ટીકાકાર થયા હતા.

### નિબંધ–૮૪

## આગમ શાસ્ત્રોના દસ-દસ અધ્યયન

દસની સંખ્યાનો આધાર લઈને જે શાસ્ત્રોમાં ૧૦ અધ્યયન છે, તે શાસ્ત્રોનો અહીં નામ નિર્દેશ કર્યો છે. સાથે જ તે દસે ય શાસ્ત્રોનાં અધ્યયનોનાં

નામ પણ દર્શાવેલ છે, તે શાસ્ત્ર આ પ્રમાણે છે– **(૧)** કર્મવિપાક દશા– આ શબ્દથી દુઃખવિપાક સૂત્રનું કથન કરેલ છે. સુખવિપાકના અધ્યયનોનું કથન અહીં કોઇ પણ કારણે નથી. કારણ કે દસ અધ્યયનવાળા દસ જ શાસ્ત્ર અહીં દસની સંખ્યાને અનુરૂપ કહેલ છે. તેથી દસ અધ્યયનવાળા અન્ય દશવૈકાલિક, સુખ વિપાકસૂત્ર વગેરે શાસ્ત્ર પણ છે જ.**(૨થી૫)** ઉપાસક, અંતગડ, અનુત્તરોપપાતિક, પ્રશ્નવ્યાકરણ સૂત્ર એ ચારે ય અંગશાસ્ત્ર દસ અધ્યયનવાળા કહ્યા છે. **(૬)** આચાર દશા– આ દશાશ્રુત સ્કંધનું બીજું નામ છે. **(૭)** બંધદશા **(૮)** દોગિદ્ધિદશા **(૯)** દીર્ઘદશા **(૧૦)** સંક્ષેપિકદશા.

**અધ્યયનોનાં નામ–** દશે ય શાસ્ત્રોના દસ-દસ અધ્યયનોનાં નામ સૂત્ર–૧૦૩ થી ૧૧૨ સુધીમાં સ્પષ્ટ છે. જેમાં (૧) ઉપાસકદશા સૂત્રના તથા (૨) દશાશ્રુત સ્કંધ સૂત્રના દસ અધ્યયનના નામ વિવાદ રહિત આજે પણ ઉપલબ્ધ છે. (૩) દુઃખવિપાક સૂત્રના નામોમાંથી અંતિમ ત્રણ નામોમાં ભિન્નતા છે. તે ભિન્નતા અનેક નામોનાં કારણે કે અધ્યયનના નામકરણના આશયની ભિન્નતાએ છે, એવું વ્યાખ્યાકારોએ સ્પષ્ટ કર્યુ છે. **(૪)** અંતગડ સૂત્રના દશ અધ્યયનનાં નામ પૂર્ણતઃ અન્ય જ છે, તેનું કારણ અજ્ઞાત છે. **(૫)** અનુત્તરોપપાતિક સૂત્ર–તેમાં ૨–૩ નામમાં સામ્યતા છે, શેષ નામ અન્ય છે. વર્તમાનમાં ઉપલબ્ધ આ શાસ્ત્રમાં ત્રણ વર્ગ છે. પહેલા, ત્રીજા વર્ગમાં દસ-દસ અધ્યયન છે. બીજા વર્ગમાં તેર અધ્યયન છે, કુલ ૩૩ અધ્યયન છે. જ્યારે પ્રસ્તુત પ્રકરણમાં માત્ર ૧૦ અધ્યયનોનાં નામ છે અને વર્ગ વિભાગનું કથન નથી. એ ભિન્નતાનું કારણ પણ અજ્ઞાત છે. **(૬)** પ્રશ્નવ્યાકરણ સૂત્રનાં દસ નામ જે લખ્યા છે તે પૂર્ણતઃ અન્ય છે, વર્તમાનમાં ૫ આશ્રવ, ૫ સંવર સ્થાન રૂપ અધ્યયન નામ છે અને તદનુરૂપ પાંચ પાપ અને પાંચ મહાવ્રતોનું વર્ણન છે. પ્રસ્તુત સૂત્ર કથિત ૧૦ અધ્યયન નામવાળું પ્રશ્ન વ્યાકરણ સૂત્ર દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમય સુધી ઉપલબ્ધ રહ્યું હશે. ત્યાર પછી વિદ્યાઓના કારણે આ શાસ્ત્રના મૌલિક અધ્યયનોને કાઢીને નવા ૧૦ અધ્યયન રાખેલ છે. એમ ઉપલબ્ધ આગમ પરથી ઈતિહાસ ચિંતકોનું માર્ગદર્શન મળે છે.

૧૦ અધ્યયનના નામ જે અહીં કહ્યા છે તે નંદીસૂત્રમાં તથા સમવાયાંગ સૂત્રમાં પણ મળે છે. તેથી વર્તમાનમાં ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણ સૂત્ર સંપૂર્ણ નવું છે. જેને પૂર્વધરોએ મળીને નક્કી કરેલ છે, એવી પરંપરા માન્ય છે. પૂર્વમાં રહેલ પ્રશ્નવ્યાકરણની વિદ્યાઓ સિવાયના વિષયોના સંકલનથી **બે શાસ્ત્ર** થયા છે–





ઉત્તરાધ્યયન સૂત્ર અને ઋષિભાષિત સૂત્ર. એ બંને સૂત્રના નામ નંદીસૂત્રમાં મળે છે. ઋષિભાષિત સૂત્ર પણ પ્રકાશિત ઉપલબ્ધ છે જેમાં ૪૫ અધ્યયન ઉપદેશી છે. ઉત્તરાધ્યયનમાં ૩૬ ઉપદેશી અધ્યયન છે. કોઇ કારણવશ કે અનુપલબ્ધિના કારણે ઋષિભાષિત સૂત્રને આગમ સંખ્યા ૩૨ કે ૪૫ માં સ્વીકારેલ નથી. **(૭થી૧૦)**એ ચાર શાસ્ત્રની ક્યાંય ઉપલબ્ધિ નથી. ત્રણના નામ નંદીસૂત્રમાં નથી અને અંતિમ ૧૦ મા સંક્ષેપિકદશા સૂત્રના ૧૦ અધ્યયનોનાં નામ નંદીસૂત્રમાં ૧૦ સ્વતંત્ર શાસ્ત્રના નામે આજે પણ મળે છે. એવી જ રીતે **ઉપાંગસૂત્ર** નામક શાસ્ત્રના પાંચ વર્ગોના નામ પણ પાંચ શાસ્ત્ર રૂપે નંદીમાં મળે છે, નંદીની કોઇ પ્રતોમાં છ વર્ગના નામથી છ શાસ્ત્રનામ પણ મળે છે.

તાત્પર્ય એ છે કે અહીં કહેલ સાતમા, આઠમા, નવમા ત્રણ શાસ્ત્ર નંદીસૂત્રમાં નથી. દસમા સૂત્રનાં ૧૦ અધ્યયનોનાં નામ દસ સૂત્રો રૂપે નંદીમાં છે, મૌલિક શાસ્ત્રનું નામ ત્યાં નથી. સાતમા બંધદશા શાસ્ત્રના સાતમા, આઠમા બે અધ્યયનોનાં નામ "ભાવના અને વિમુક્તિ" છે. તે બંને અધ્યયન લેખનકાળ માં કે તેની પહેલાં ક્યારે ય પણ આચારાંગ સૂત્રના અંતિમ અધ્યયન રૂપે રાખી દીધેલ છે. જે આજે પણ આચારાંગ સૂત્રમાં ઉપલબ્ધ છે.

આ રીતે અહીં વર્ણિત આ દશ શાસ્ત્ર અને તેના અધ્યયનોનાં નામોની વિચારણાથી એ ફલિત થાય છે કે શાસ્ત્રલેખન સમયે પૂર્વધરોની પારસ્પરિક વિચારણાથી, યોગ્ય સંશોધન-સંપાદન અધિકાર પૂર્વક કરવામાં આવેલ છે. તે ઉપરાંત કેટલાક શાસ્ત્ર વિચ્છિન્ન પણ થયેલ છે અને કેટલાકના નામોમાં મતિ ભ્રમ અને લિપિદોષ પણ થયેલ છે.

## નિબંધ–૮૫

# દસ અચ્છેરાઓનું સ્પષ્ટીકરણ

લોકસ્વભાવે જે કૃત્ય પ્રાયઃ ન થવા યોગ્ય હોય છે તે અનંતકાળે ક્યારેક કદાચિત્ થઇ જાય, તેને અચ્છેરા કહેવાય છે. લોકવ્યવહારમાં પણ ક્યારેક ન બનતી ઘટના થઇ જાય છે તેને આશ્ચર્યકારી ઘટના કહેવાય છે. દસમા ઠાણામાં પણ અનંતકાળે ક્યારેક–કદાચિત્ થનારી અનહોની ઘટના–બનાવને આશ્ચર્ય– અચ્છેરાના નામે કહેલ છે અને અહીં ૧૦ ની સંખ્યાના પ્રસંગે આવા ૧૦ અચ્છેરાનું નિરૂપણ સંક્ષિપ્ત શબ્દોમાં કરેલ છે. તેનું વિશ્લેષણ અર્થાત્ ઘટનાઓનું વિસ્તૃત સ્પષ્ટીકરણ વ્યાખ્યાકારોએ સંકલિત-સંપાદિત કર્યું છે. જેનો ભાવાર્થ આ પ્રમાણે

છે– **(૧) ઉપસર્ગ–** સામાન્ય રીતે પુણ્યશાળી કેવળી તીર્થંકરોને ઉપસર્ગ આવતા નથી, તોપણ ભગવાન મહાવીર સ્વામીને ૧૪ વર્ષની કેવળી પર્યાયે ગોશાલક દ્વારા ઉપસર્ગ થયો હતો. જેમાં ગોશાલક સ્વયં પોતાની જ ફેંકેલી લેશ્યા પાછી પોતાનાં શરીરમાં પ્રવેશતાં સાતમા દિવસે મરી ગયો હતો અને તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી ૬ મહિના સુધી તે લેશ્યાની અસરથી કંઈક રૂગ્ણ બન્યા હતા. છ મહિના પછી સ્વસ્થ થઈને સાડા પંદર વર્ષ સુધી વિચરણ કર્યું હતું. તે વિસ્તૃત ઘટનાનું વર્ણન ભગવતી સૂત્રના શતક–૧૫ માં છે.

**(૨)ગર્ભહરણ–** ભગવાન મહાવીર ૧૦ મા દેવલોકથી આયુષ્ય પૂર્ણ કરી દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યા હતા. ૮૨ રાત્રિ વ્યતીત થયા પછી ૮૩ મા દિવસે હરિણગમૈષી દેવે શક્રેન્દ્રની આજ્ઞા થતાં ત્યાંથી ભગવાનનું સંહરણ કરીને ત્રિશલા ક્ષત્રિયાણીના ગર્ભમાં રાખ્યા હતા. આ કથન આચા૰ સૂત્રના ભાવના અધ્યયનમાં છે. **(૩) સ્ત્રી તીર્થંકર–**સામાન્ય રીતે સર્વે ય તીર્થંકર પુરુષ રૂપે જ થાય છે પરંતુ આ અવસર્પિણીકાળમાં ૧૯ મા તીર્થંકર મલ્લિનાથ ભગવાન સ્ત્રી લિંગે થયા હતા. તેને અહીં આશ્ચર્યકારી ઘટના કહેલ છે. મલ્લિ ભગવતીનું વિસ્તૃત વર્ણન જ્ઞાતાસૂત્રના ૮મા અધ્યયનમાં ઉપલબ્ધ છે. દિગંબર જૈનો આ અધ્યયનના સ્પષ્ટ વર્ણનને પણ સ્વીકારતા નથી. એ તેઓની અસરલતાનું–વક્રતાનું પ્રતીક છે.**(૪) અભાવિત પરિષદ–** તીર્થંકર પ્રભુના પ્રવચનમાં કોઈને કોઈ વ્રત પ્રત્યાખ્યાન અવશ્ય થાય છે પરંતુ ભગવાન મહાવીરની પ્રથમ દેશનામાં માત્ર દેવો જ આવ્યા હતા અને દેવો કોઈ વ્રત ધારણ કરી શકતા નથી. તેથી તેને અભાવિત પરિષદ કહેલ છે. **(૫)** બે વાસુદેવોનું શંખ દ્વારા મિલન થયું એટલે કૃષ્ણવાસુદેવનું **કપિલ** વાસુદેવના રાજ્યની અમરકંકા નગરીમાં ધાતકીખંડ દ્વીપમાં જવું. આ વર્ણન જ્ઞાતાસૂત્રના ૧૬મા અધ્યયનમાં વિસ્તારથી કર્યું છે. **(૬) ચંદ્ર-સૂર્ય અવતરણ–** ભગવાન મહાવીર સ્વામીના સંથારાની અચાનક જાણકારી થતાં વ્યગ્રતાને કારણે સમ્યગ્દૃષ્ટિ ચંદ્ર-સૂર્ય બંને જ્યોતિષ ઈન્દ્રો પોતાના ભ્રમણશીલ શાશ્વત વિમાન સહિત અહીં પૃથ્વી પર પહોંચી ગયા હતા. સામાન્ય રીતે દેવ મનુષ્ય લોકમાં આવવા માટે પોતાના યાન-વિમાન દ્વારા અથવા નવી વિકુર્વણા કરેલ વિમાન દ્વારા આવે છે, પરંતુ સૂર્ય-ચંદ્ર બંને ઈન્દ્ર કારતક વદ અમાસે (ગુજરાત પ્રમાણે આસો વદ અમાસે )એક સાથે આકાશમાં પરિક્રમા કરતાં ભરતક્ષેત્રની સીમાને ઉપરથી પાર કરીને ભગવાન મહાવીરના સંથારાવાળી નગરીના ઉપરથી નીકળીને સાંજે આગળ વધી રહ્યા હતા. ત્યારે તેઓના શરીરમાં અંગસ્ફુરણા





થવાથી અવધિજ્ઞાનનો ઉપયોગ લગાવવાથી ભગવાનના સંથારાની જાણકારી થતાં અત્યંત નજીક જ હોવાથી વ્યગ્રતા અને ઉપયોગ શૂન્યતાએ દેવવિધિને ભૂલીને ચંદ્ર-સૂર્ય બંને પોતાના મૂળ વિમાન સહિત તે નગરીની ઉપર આકાશમાં વિમાનને રોકીને સ્વયં બંને પોત-પોતાના વિમાનથી ઉતરીને ભગવાનના સમવસરણમાં ઉપસ્થિત થયા હતા. સંધ્યાનો સમય હતો, થોડો સમય ભગવાનની પર્યુપાસના કરી, પરિષદમાં બેઠા, પ્રવચન સાંભળ્યું, ત્યાર પછી વિમાનોને લઈને યથાસ્થાને પહોંચીને ફરી પૂર્વવત્ પરિક્રમામાં ચાલવા લાગ્યા, નગરીમાંથી જવાના સમયે તે ક્ષેત્રનો સૂર્યાસ્ત સમય થઈ ચૂક્યો હતો, વિમાનો નગરીમાં ઉપર જ સ્થિત રહેવાથી દિવસ જેવું લાગ્યું અને ચાલ્યા જવાથી અચાનક શીઘ્ર અમાસની રાત્રિનો સંધ્યા સમય પ્રારંભ થઈ ગયો હતો એ સમયે મૃગાવતી આર્યા પણ પોતાના સાધ્વી સમૂહ સાથે સમવસરણમાં હતા. સૂર્ય વિમાન ત્યાં હોવાથી સૂર્યાસ્તનું જ્ઞાન થઈ ન શક્યું. અચાનક સંધ્યા સમય થયો જાણી મૃગાવતીજી આર્યા શીઘ્ર ત્યાંથી નીકળીને પોતાના ઉપાશ્રયે ચંદના આર્યાના સાંનિધ્યે પહોંચી ગયા હતા. મોડા આવવાના કારણે ઉપાલંભ પણ સાંભળવો પડયો હતો. તે જ ઉપાલંભ અને ભૂલની વિચારણામાં રાત્રિમાં બધા સૂઈ ગયા ત્યારે પણ મૃગાવતીજી ધર્મજાગરણા કરતાં હતાં. તે જ જાગરણામાં અમાસની અંધારી રાત્રિએ તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું હતું. ચંદના આર્યાની બાજુમાંથી સર્પને જતો જ્ઞાનથી જોયો અને તેમનો હાથ સર્પના ચાલવાના રસ્તામાં હોવાથી મૃગાવતીજીએ હાથ ઉપાડીને સરખો રાખી દીધો, સાપ ચાલ્યો ગયો પરંતુ ચંદના આર્યાની નિદ્રા ભંગ થઈ ગઈ, તે ઉઠી ગયાં અને હાથ ઉઠાવવાનું કારણ પૂછ્યું. મૃગાવતીના સત્ય ઉત્તર-પ્રત્યુત્તરથી ખબર પડી કે એમને કેવળજ્ઞાન થઈ ગયું છે. ત્યારે ચંદના આર્યાને પણ શુભ અધ્યવસાયોમાં ક્રમશઃ આગળ વધતાં-વધતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. એ જ રાત્રિના અંતિમ પ્રહરના અંતિમ વિભાગમાં ભગવાન મહાવીર સ્વામી નિર્વાણ પધાર્યા અને ગૌતમસ્વામીને પણ એ જ દિવસે કેવળ જ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થયું. (ક્યાંક અર્ધરાત્રી એ ભગવાન નિર્વાણ પધાર્યા અને ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયાનું વર્ણન મળે છે) કારતક સુદ એકમના દિવસે ૬૪ ઈન્દ્રો પોતાનાં દેવ-દેવીઓ સાથે આવ્યા, ભગવાનના પાર્થિવ દેહના અગ્નિ-સંસ્કાર, નિર્વાણ મહોત્સવ મનાવીને ચાલ્યા ગયા. આ ઉપરોક્ત સમસ્ત વર્ણન વ્યાખ્યાગ્રંથો, ઈતિહાસગ્રંથોમાં જુદી-જુદી રીતે મળે છે. એ બધાનું પરિપ્રેક્ષણ કરી સંક્ષિપ્ત સાર અહીં સૂચિત કરેલ છે.

**(૭) હરિવંશ કુલોત્પત્તિ–** સામાન્ય રીતે યુગલિક મનુષ્યોની વંશ પરંપરા, વંશ વિસ્તાર હોતા નથી. **અમે બે અને અમારા બે** ની વ્યવસ્થા જ ચાલે છે અર્થાત્ પ્રત્યેક યુગલિકને ઉંમરના છ મહિના બાકી રહે ત્યારે બે સંતાન રૂપે પુત્ર-પુત્રી થાય છે અને તે જ મોટા થતાં પતિ-પત્નિ રૂપ વ્યવહાર કરે છે. પછી તે પણ બે સંતાનને જન્મ આપીને છ મહિના પછી મરી જાય છે. આ પ્રમાણે વંશ વિસ્તાર વિના તેઓની બેની પરંપરા જ ચાલે છે. કોઈ એકવાર હરિવંશ ક્ષેત્રના હરિ-હરિણી નામના યુગલિક જોડકાને એક વેરી દેવે ઉપાડીને ભરત ક્ષેત્રમાં ચંપાનગરીમાં મૂકી દીધા અને તેને રાજા-રાણી બનાવવાની વ્યવસ્થા કરીને ચાલ્યા ગયા. ત્યાર પછી તે રાજાની અનેક સંતતિ પરંપરા ચાલી તેનો વંશ હરિવંશ રૂપે પ્રખ્યાત થયો. દેવે પૂર્વભવના વેરના ફળસ્વરૂપે યુગલિકને દુઃખી કરવા માટે આ નુસખો અજમાવ્યો હતો. કારણ કે યુગલિક ક્ષેત્રના સ્વભાવે ત્યાં તેને દુઃખ પહોંચાડી શકાતું ન હતું અને ત્યાંથી મરીને પણ તે યુગલિક તો દેવ જ બનશે તો પોતાનાથી મોટા દેવ બનવાથી તેને ત્યાં પણ દુઃખ પહોંચાડી શકીશ નહીં એવું જાણીને શત્રુ દેવે યુક્તિ શોધી અને શરીરની અવગાહના નાની કરીને ભરત ક્ષેત્રમાં લાવીને રાજા બનાવી દીધા અને મદ્ય-માંસાહારી પણ બનાવી દીધા. જેનાથી તે રાજા મરીને નરકે ગયા. આ રીતે દેવે પોતાનું વેર વાળ્યું. પરંતુ લોકમાં આ ન બનવાની ઘટના બની ગઈ કે યુગલિકનું આ રીતે પરિવર્તન થયું, હરિવંશની પરંપરા ચાલી, આ સમસ્ત વર્ણન પણ વ્યાખ્યા ગ્રંથોમાં મળે છે.

**(૮) ચમર ઉત્પાત–** ચમરેન્દ્ર, દેવ રૂપ જન્મ ધારણ કરીને તરત જ શક્રેન્દ્ર સાથે દ્વેષભાવ રાખીને એકલા જ તેનું અપમાન કરવા પહેલા દેવલોકમાં પહોંચી ગયા. તેના પોતાના સામાનિક દેવોએ જતી વેળાએ મનાઈ પણ કરી પરંતુ તે જન્મતાં જ પોતાની ઋદ્ધિના ગર્વના નશામાં ચૂર થઈ ગયા અને ભગવાન મહાવીર સ્વામીનું શરણ લઈને ગયા પરંતુ શક્રેન્દ્રના બળની સામે હારીને પાછા આવવું પડયું. આ પ્રમાણે ચમરેન્દ્રે પ્રથમ દેવલોકમાં જવાને માટે મહાન ઉત્પાત કર્યો હતો. ૧ લાખ યોજનનું રાક્ષસી રૂપ બનાવ્યું હતું. આ આશ્ચર્યકારી અનહોની ઘટનાને અહીં સૂત્રમાં ચમરોત્પાત કહેલ છે. તેનું વિસ્તૃત વર્ણન ભગવતી સૂત્ર શતક–૩ માં છે.

**(૯)** એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ વાળા એક સાથે ૧૦૮ સિદ્ધ થયા. ભગવાન ઋષભદેવ સ્વામીના નિર્વાણ સમયે આ ઘટના બની હતી. ભરત-એરવત બંને ક્ષેત્રના તીર્થંકર, ભરત બાહુબલીને છોડીને શેષ ૯૮ ભાઈ તથા ઋષભદેવના ૮ પૌત્ર એમ કુલ ૨+૯૮+૮=૧૦૮ એક સૂક્ષ્મ સમયે સાથે જ





મોક્ષે પધાર્યા. તે સર્વેયની અવગાહના સરખી હતી. આયુષ્ય ઓછું-વધારે હતું જે એક સાથે પૂર્ણ થયું. આ ગણિત પણ વ્યાખ્યા પરંપરાથી પ્રાપ્ત છે. સામાન્ય રીતે ૫૦૦ ધનુષની અવગાહનાવાળા એક સમયમાં ઉત્કૃષ્ટ બે જ સિદ્ધ થવાનો સિદ્ધાંત છે. **(૧૦) અસંયમીની પૂજા–** નવમા તીર્થંકરથી શરૂ કરીને પંદરમા તીર્થંકરના શાસનમાં તીર્થનો વિચ્છેદ થયો. અર્થાત્ તેના શાસનકાળમાં સાધુ-સાધ્વીની પરંપરા અવિચ્છિન્ન ન ચાલી, વચ્ચે–વચ્ચે વિચ્છિન્ન થઈ હતી. એમ કુલ સાત તીર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વીના અભાવમાં અસંયતિઓ દ્વારા ધર્મ ચલાવવામાં આવ્યો. ત્યારે એ અસંયતિઓને સંયતિ જેવા માન-સન્માન, પૂજા-પ્રતિષ્ઠાનો વ્યવહાર પ્રાપ્ત થયો હતો. સામાન્ય રૂપે હંમેશા ૨૪ તીર્થંકરોનું શાસન અવિચ્છિન્ન રૂપે ચાલે છે. આ અવસર્પિણીમાં જ શાસન વિચ્છેદની ઘટનાઓ થઈ હતી. તેની અંતર્ગત ભગવાન મહાવીરના શાસનમાં પણ મધ્યકાળમાં અસંયતિ પૂજાનો માહોલ અનેક વર્ષો સુધી રહ્યો હતો. તે માટે કહેવાય છે કે કલ્પસૂત્ર પ્રમાણે ભગવાનના નિર્વાણ સમયે ભગવાનના જન્મનક્ષત્ર પર ભસ્મરાશિ નામના ગ્રહનો સંયોગ હતો, જેના પ્રભાવે ૨૦૦૦ વર્ષ સુધી ભગવાનનું શાસન અવનતોવનત ચાલ્યું. પાછું ૨૦૦૦ વર્ષ પછી ફરી ઉન્નતોન્નત ધર્મશાસન પ્રવહમાન થયું હતું. એ અપેક્ષાએ દશમા અચ્છેરાનો પ્રભાવ ભગવાન મહાવીરના શાસનમાં પણ થોડો સમય રહ્યો હતો એમ સ્વીકારી શકાય છે.

કહેવાય છે કે આવી અણઘટતી ઘટનાઓ અનંતકાળમાં ક્યારેક અવસર્પિણી કાળમાં થઈ જાય છે. હંમેશા બધા અવસર્પિણી કાળમાં થતી નથી. જ્યારે થાય ત્યારે દશ જ થાય એવો પણ નિયમ નથી. તેમજ આ દશમાંથી જ થાય તેવો નિયમ પણ નથી. અન્ય કોઈ નવી ઘટનાઓ પણ થઈ જાય છે.

આ ઘટનાઓ સંબંધી નિરૂપણમાં વક્તાઓની ગેરસમજણના કારણે કેટલીક ભિન્નતાઓ મળે છે. એમ તો કથાનકોમાં વક્તાની વક્તવ્યશૈલીમાં અંતર હોય એ સ્વાભાવિક છે. તોપણ વિદ્વાન પાઠક ઉપર દર્શાવેલ આગમ સ્થળોને ધ્યાનથી વાંચીને ખરા તત્ત્વોને સમજવાનો પ્રયત્ન કરે તેવી ખાસ ભલામણ છે. જે ઘટનાઓ માટે આગમ પ્રમાણ ન હોય તો તે વિષયમાં જે વ્યાખ્યા ગ્રંથોનો આધાર છે અને તેમાં વ્યાખ્યાકારોની કથનશૈલીથી અહીં ભિન્નતા દેખાય તો વિદ્વાન પાઠક પોતાની તર્કબુદ્ધિએ ખરો આશય સમજવાનો પ્રયત્ન કરે તેમજ સત્ય નિર્ણય કરવામાં પોતાની સ્વતંત્રતા સમજે. કારણ કે આગમ પ્રમાણના અભાવે છદ્મસ્થ જિજ્ઞાસુઓએ પોતાની બુદ્ધિ તેમજ ક્ષયોપશમ પ્રમાણે જ સમજવું

તે અવશેષ ન્યાયથી યથોચિત થાય છે. જે વિષયમાં આગમ વર્ણન સ્પષ્ટ હોય ત્યાં પરંપરાનો આગ્રહ ન રાખતાં આગમ વર્ણન પ્રમાણે જ સમજવું, સ્વીકારવું જોઈએ.

## નિબંધ–૮૬

# નક્ષત્રના સંયોગમાં જ્ઞાનની વૃદ્ધિ

સ્થાનાંગ–૧૦ના ૧૫૬મા સૂત્રમાં શાસ્ત્રકારે નિરૂપણ કર્યુ છે કે ૧૦ નક્ષત્ર જ્ઞાનની વૃદ્ધિ કરનારા છે. નક્ષત્ર ૨૮ છે. તેની ભ્રમણગતિ ચંદ્રથી થોડી વધારે છે. તેથી ક્રમશઃ એક-એક નક્ષત્ર ચંદ્રની સિધાણમાં સાથે ભ્રમણ કરીને આગળ નીકળી જાય છે. એમ એક મહિનામાં બધા નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરીને તેને પાર કરી જાય છે. બીજા મહિને ફરીથી ક્રમશઃ એ જ ક્રમ ચાલે છે.

જે દિવસે આકાશમાં જે નક્ષત્ર ચંદ્રની સાથે ગમન કરે છે તે લૌકિક પંચાંગમાં બતાવેલું હોય છે. ઘણા ય લોકો નકારાત્મક દષ્ટિએ ચાલીને પોતાને હોશિયાર અને ધર્મજ્ઞ સમજે છે પરંતુ જૈનાગમ અધિકતમ વિધેયાત્મક દષ્ટિ વાળા છે. તે ભૂતપ્રેત પણ માને છે, તેનો માનવને ઉપદ્રવ થવો પણ સ્વીકારે છે, અઠ્ઠમ કરીને દેવને બોલાવવાનું પણ સ્વીકારે છે. આગમ સાપ, વીંછીના ડંખ ઉતારવા માટેની વિધિ પણ સ્વીકારે છે. મંત્ર-તંત્ર, વશીકરણ વગેરે પણ જગતમાં હોવાનું જૈનાગમ માને છે. નિમિત્તજ્ઞાન પણ પોતાના સ્થાન પ્રમાણે મહત્ત્વ રાખે છે, આગમ તેનો નિષેધ કરતાં નથી પણ અસ્તિત્વ સ્વીકારે છે. સૂયગડાંગ સૂત્રમાં કહેલ છે કે કેટલાક નિમિત્તજ્ઞાનના કથન સત્ય પણ હોય છે અને કોઈના નિમિત્તજ્ઞાન વિપરીત પણ નીકળે છે. તેથી મુનિ આ નિમિત્તજ્ઞાનમાં ન પડે, કારણ કે તેને તો અધ્યાત્મ સાધના કરવાની હોય છે. આગમોમાં જ્યોતિષશાસ્ત્રને પણ સ્થાન આપેલ છે. ભગવાન મહાવીરના જન્મ નક્ષત્ર પર ભસ્મગ્રહ સંયોગે ૨૦૦૦ વર્ષ સુધી જિનશાસન પર અસર થઈ હતી અને તે સંયોગ દૂર થતાં લોકાશાહ દ્વારા ફરી જિનશાસનમાં સત્ય આચાર ઉજાગર થયેલ. એ જ કારણે પ્રસ્તુત સૂત્રમાં કહ્યું છે કે દસ નક્ષત્રોના ચંદ્ર સંયોગના દિવસે પ્રારંભ કરેલ શાસ્ત્ર અધ્યયન શ્રેષ્ઠ–સફળ રહે છે. જ્ઞાનના વૃદ્ધિકારક નક્ષત્ર આ પ્રમાણે છે– ૧. મૃગશીર્ષ ૨. આર્દ્રા ૩. પુષ્ય ૪. પૂર્વાષાઢા ૫.પૂર્વાભાદ્રપદ ૬. પૂર્વા ફાલ્ગુની ૭. મૂલ ૮. અશ્લેશા ૯. હસ્ત ૧૦. ચિત્રા. આગમ નિર્દેશ અનુસાર નવું અધ્યયન આ નક્ષત્ર યોગના સમયમાં જ પ્રારંભ કરવું જોઈએ. નિમિત્તનું પોતાનું મહત્ત્વ





છે, તોપણ પુરુષાર્થ તેમજ કર્મ ક્ષયોપશમ આદિ અનેકાંતિક સ્વીકૃતિ પણ આવશ્યક છે.

## નિબંધ–૮૭

# દસ મિથ્યાત્વ અને સમકિતના આગાર

**મિથ્યાત્વ દસ–** જીવને અજીવ સમજે, અજીવને જીવ સમજે. તે જ રીતે ધર્મ-અધર્મ, સાધુ-અસાધુ, મોક્ષમાર્ગ-સંસારમાર્ગ, સિદ્ધ-અસિદ્ધના વિષયમાં વિપરીત સમજ, તે મિથ્યાત્વ છે. ફોટો, છબી, મૂર્તિ આદિ નિર્જીવ પદાર્થોને કુલ પરંપરાએ ધૂપ-દીપ, પૂજા ભક્તિ કરવી એ મિથ્યા પ્રવૃત્તિ છે, તેનો ગૃહસ્થ શ્રાવકને આગાર હોય છે. એ પ્રવૃત્તિઓ અજીવને જીવ માનવા રૂપ મિથ્યાત્વની પ્રેરક હોવાથી ત્યાજ્ય છે. કારણ કે સાવધાનીના અભાવે એ પ્રવૃત્તિઓમાં ધર્મ માનવાના સંસ્કાર પ્રવેશી શકે છે. તેથી શ્રાવક આગાર સેવન લાચારીથી કરે તોપણ ઉપરોક્ત ૧૦ પ્રકારની મિથ્યા સમજથી દૂર રહે. અર્થાત્ કુલ પરંપરાના એ કાર્યો કરતી વખતે ફોટો, મૂર્તિને જીવ ન સમજે, અજીવ સમજે, ધૂપ-દીપને ધર્મ પ્રવૃત્તિ ન સમજે, અધર્મ પ્રવૃત્તિ સમજે. તાત્પર્ય એ છે કે આગારોનું સેવન પણ લાચારી અને કમજોરી છે એમ માનવું જોઈએ. વિશિષ્ટ કક્ષાના સાધક કમજોરી દૂર કરી આગારોનો પણ ત્યાગ કરે છે, તે શ્રેષ્ઠ શ્રાવક છે. પરંતુ તે આગાર સેવન કરનારાની નિંદા કે તિરસ્કાર કરે તો તે તેની ભૂલ છે.

## નિબંધ–૮૮

# સાત ભયનું વિશ્લેષણ

આવશ્યક સૂત્રમાં, ઉત્તરાધ્યયન સૂત્રમાં તથા સાતમા સમવાયમાં સાત ભય સ્થાન કહેલ છે– **(૧)** ઈહલોક ભય–મનુષ્યને ચોર,ડાકૂ અને ઉદ્દંડ મનુષ્યોનો તથા અનેક સ્વાર્થી, કપટી અને અનાર્ય, ક્રૂર લોકોનો ભય રહે છે. **(૨)** પરલોક ભય–માનવને સર્પ, વીંછી, સિંહ, ચિત્તા વગેરે હિંસક પશુપક્ષીઓનો, ભૂત-પ્રેત આદિ દેવોનો ભય રહે છે. **(૩)** આદાન ભય–જમીન, મિલકત, ધનસંપત્તિ, કુટુંબ, પરિવાર વગેરે પોતાના પરિગ્રહ સંગ્રહની સુરક્ષાનો ભય રહે છે. **(૪)** અકસ્માત ભય–દુકાળ, અતિવૃષ્ટિ, જળપ્રલય, અનાવૃષ્ટિ, ભૂકંપ, અકસ્માતનો, પડીજવાનો તથા અણધારી આપત્તિ, રોગ-મહારોગનો ભય. **(૫)** આજીવિકા ભય–વ્યાપાર-નોકરી, આવક, ખાનપાન આદિ જીવન નિર્વાહનો

ભય. (૬) મરણ ભય–મરવાનો ભય, ઈન્દ્રિયક્ષીણતા, શક્તિક્ષીણતાનો ભય. (૭) અશ્લાઘા ભય–અપયશ, અકીર્તિનો ભય. માનવીને માન-સન્માન, યશ-કીર્તિની અભિલાષા સદા રહે છે. એ જ કારણે અપયશ, બદનામી, નિંદાથી તે ગભરાય છે.

શાસ્ત્રમાં સંયમને **અભય** કહેલ છે. સંયમની આરાધનામાં દત્તચિત્ત સાધકને ક્યાંય ભય રહેતો નથી. તે સદા સર્વદા સર્વત્ર નિર્ભય બની રહે છે તેમજ સંસારના સમસ્ત નાના-મોટા જીવોને પણ તે અભયદાન આપીને પોતાને નિર્ભય બનાવી લે છે અને મન, વચન કે કાયાથી કોઈપણ જીવને સંત્રસ્ત કરતા નથી.

## નિબંધ–૮૯

# દશ યતિધર્મનું વિશ્લેષણ

**દસ યતિ ધર્મ–** યતિ, મુનિ, શ્રમણ, ભિક્ષુ, સાધુ એ એકાર્થક છે. અહીં યતિ શબ્દપ્રયોગથી શ્રમણોના ૧૦ મુખ્ય ધર્મ–મુખ્યગુણ ધારણ કરવા યોગ્ય દર્શાવેલ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે– **(૧) ખંતિ–** મુનિ સહનશીલ બની અપાર ક્ષમાભાવ ધારણ કરે. સ્વપરના કર્મોદય સ્વભાવની વિચારણાને સદા ઉપસ્થિત રાખે. કોઈના કોઈપણ અશુભ વ્યવહારની કષાય ભાવે સમીક્ષા ન કરે, ઉપેક્ષા ભાવે પોતાની સમતામાં લીન રહે. મન, વચન, કાયા ત્રણેયને સમતામાં સંતુલિત રાખે. વિષમતાના ભાવોને અથવા વ્યવહારોને ઉત્પન્ન ન થવા દે. વિષમતા ઉત્પન્ન થાય તો તત્કાલ જ્ઞાનાંકુશથી વૈરાગ્યવાસિત અંતઃકરણની વિચારણાપૂર્વક તે વિષમતાને વિફળ બનાવે. **(૨) મુત્તિ–**નિર્લોભતા. મુનિ પરિગ્રહનો સર્વથા ત્યાગી જ હોય છે. તેને સંયમના અતિ આવશ્યક મર્યાદિત ઉપકરણ તેમજ શરીર નિર્વાહ અર્થે અલ્પાહાર, વસ્ત્ર-પાત્ર ગ્રહણ કરવાના હોય છે. મકાન સંસ્તારક અલ્પકાલીન ગ્રહણ કરીને છોડી દેવાના હોય છે. સમય પ્રભાવિક અધ્યયન–સામગ્રી પણ વિહારમાં ભારવૃદ્ધિ ન થાય એટલી જ સીમિત રાખવાની હોય છે. તેથી મુનિ અલ્પેચ્છા, અલ્પ આકાંક્ષાવાળા બનીને લોભ-લાલચથી મુક્ત રહે, ઈચ્છાઓને સીમિત રાખીને દ્રવ્યભાવથી નિષ્પરિગ્રહી બને. **(૩) અજ્જવે–** આર્જવતા, સરળતા. મુનિનો મન, વચન, કાયા સંબંધી સમસ્ત યોગ વ્યવહાર સરળતા, નિષ્કપટતા યુક્ત હોવો જોઈએ. મુનિની અંદર-બહાર, કથની-કરણી સરળતામય એકસરખી હોવી જોઈએ. માયા, કપટ, પ્રપંચ, વક્રતા, લુચ્ચાઈ વગેરે સરળતાનો નાશ કરનાર અવગુણોથી મુનિએ દૂર રહેવું જોઈએ. **(૪) મદ્દવે–**





માર્દવતા, નમ્રતા. મુનિ જીવનમાં વિનય–નમ્રતા ગુણ ખૂબ જ જરૂરી છે. શાસ્ત્રમાં વિનયને બધા ગુણોનું મૂળ કહેલ છે. વિનયગુણથી સંપન્ન વ્યક્તિ સમસ્ત ગુણોને મેળવી શકે છે. વિનય–નમ્રતાના વિકાસ માટે જીવનમાંથી માનકષાય, અહંભાવ, ઘમંડ ભાવોને તથા જાતિ, કુળ, તપ કે જ્ઞાનના મદને છોડવો જરૂરી છે અને તેના માટે સદા આત્મામાં અભ્યાસ, જાગૃતિ અને સંસ્કારોને પુષ્ટ કરતા રહેવું જોઈએ. અહંકાર વ્યક્તિની નમ્રતાને નષ્ટ કરનાર છે, તેથી માર્દવગુણ ધારણ કરવા માટે મુનિએ માનકષાયથી દૂર રહેવું જોઈએ. **મદ્દવે**નો મૃદુતા–કોમલતા અર્થ પણ થાય છે. આ ગુણથી જીવો પ્રત્યે સંવેદનશીલતાના ભાવ આવે છે. આ ગુણધારી વ્યક્તિ કોઈ પ્રત્યે કઠોર થઈ શકતો નથી. અન્યના દુઃખે દુઃખ અનુભવી તે અન્યના દુઃખ દૂર કરવા પ્રયત્નશીલ થાય છે. **(૫) લાઘવે–** લઘુતા. મુનિ સંસારના ભારથી તો મુક્ત થઈ ગયા હોય છે, તે ઈચ્છે કે સંયમ જીવનમાં પણ માનસિક વિચારણાઓ તેમજ કાયિક પ્રવૃત્તિઓથી અભ્યાસ પૂર્વક મુક્તિ મળતી જાય. અન્યત્ર 'લાઘવે'ના સ્થાને 'સોએ'–શૌચ શબ્દ છે. જેનો અર્થ પણ એ જ છે કે વિચારોથી પૂર્ણ પવિત્ર રહે, શુદ્ધ–નિર્મળ ભાવોમાં રહે. આ રીતે માનસિક બોજથી અને કર્મબંધથી મુનિ હળવો ફૂલ જેવો લઘુભૂત રહે. **(૬) સચ્ચે–** મુનિ સત્યનિષ્ઠ રહે. પ્રત્યેક આચરણમાં, વાણીમાં સત્યતા, ઈમાનદારી રાખે. જૂઠ–અસત્યનું સેવન કદી ન કરે. હાસ્ય-ભયથી પણ જૂઠ ન બોલે, ખોટા કર્તવ્યો ન કરે. હિત, મિત અને મર્યાદિત વચન બોલે. **(૭) સંયમે–** મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ઈન્દ્રિય નિગ્રહમાં પૂર્ણ સાવધાન રહે. સંયમ સમાચારીનું સમ્યક પરિપાલન કરે. **(૮) તવે–** ઉપવાસ આદિ બાહ્ય તેમજ વિનય, સ્વાધ્યાય આદિ આભ્યંતર બધાં પ્રકારનાં તપમાં આત્માને ભાવિત કરે. સંયમજીવનના આવશ્યક કાર્ય, ગુરુ આજ્ઞા અને સેવા સિવાયનો બાકીનો સમય સ્વાધ્યાય-અધ્યયનમાં વ્યતીત કરે. **देह दुक्ख महाफल** આ સૂત્રને લક્ષમાં રાખીને શક્ય હોય તેટલા તપ-ત્યાગ અવશ્ય વધારતા રહેવું જોઈએ. કોઈથી ઉપવાસ ન પણ થતો હોય તો ધીરે-ધીરે અભ્યાસથી, વૈરાગ્યથી માનસ સંસ્કારિત કરવાથી તથા લગન, ધગશ રાખવાથી કંઈપણ દુષ્કર ન સમજવું જોઈએ. આ પ્રમાણે મુનિ જીવન બાહ્ય-આભ્યંતર તપયુક્ત હોય છે. **(૯) ચિયાએ–** ત્યાગ. અહીં કષાયોનો ત્યાગ, ખાવા-પીવાના દ્રવ્યોનો ત્યાગ, મળેલા આહારાદિમાંથી અન્ય શ્રમણોને દાન, પ્રદાન, સમર્પણ રૂપ ત્યાગ વગેરેનો સમાવેશ થાય છે. ટૂંકમાં દ્રવ્ય-ભાવ ઉણોદરી અને વ્યુત્સર્ગ તપમાં વૃદ્ધિ કરવી, ગણ–સમૂહ, ઉપધિનો ત્યાગ કરવો, સંયમી સહવર્તીઓ

માટે સદા ઉદારતા રાખવી આદિ ગુણોનો અહીં ત્યાગમાં સમાવેશ થાય છે. એના સ્થાને 'અકિંચનત્વ' શબ્દ દ્વારા પણ મૂર્ચ્છા કે સંગ્રહના ત્યાગનું જ કથન છે. **(૧૦) બંભચેરવાસે–** બધાં તપમાં બ્રહ્મચર્ય ઉત્તમ તપ છે. મુનિ ત્રણ કરણ ત્રણ યોગથી શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરે. તેની સુરક્ષાના નિયમ રૂપ નવ વાડ કે દશ બ્રહ્મચર્ય સમાધિસ્થાન જે શાસ્ત્રમાં કહેલ છે તેનું પૂર્ણપણે ધ્યાન રાખે. તેને લક્ષપૂર્વક આત્મસાત કરીને બ્રહ્મચર્ય ગુણને ધારણ કરવો જોઈએ. મુનિઓના આ ગુણોને ધારણ કરવા, પાલન કરવા એ યતિધર્મ–કર્તવ્ય છે. તેથી તેને ૧૦ યતિધર્મ કહેલ છે.

## નિબંધ–૯૦

## શ્રમણોના ૧૨ સંભોગ-વ્યવહાર

સ્વધર્મી, સમાન સમાચારી તથા એક ગણના શ્રમણોમાં પરસ્પર ભોજન વ્યવહારની પ્રમુખતાવાળા ૧૨ વ્યવહાર હોય છે. તેને ૧૨ સંભોગ વ્યવહાર કહેવાય છે, તે આ પ્રમાણે છે– (૧) ઉપધિ– વસ્ત્ર-પાત્ર વગેરે ઉપયોગી ઉપકરણોનું પરસ્પર આદાન-પ્રદાન. (૨) શ્રુત– શાસ્ત્રોની વાચના દેવી-લેવી. (૩) ભક્તપાન– પરસ્પર આહાર-પાણી, ઔષધ-ભેષજનું આદાન-પ્રદાન. (૪) અંજલિપ્રગ્રહ– રત્નાધિકની સામે હાથ જોડીને ઊભા રહેવું કે સામા મળે ત્યારે હાથ જોડીને મસ્તક ઝુકાવવું. (૫) દાન– શિષ્યની આપ-લે કરવી. (૬) નિમંત્રણ– શય્યા-મકાન, સંસ્તારક, ઉપધિ, વસ્ત્ર-પાત્ર આદિનું નિમંત્રણ કરવું. (૭) અભ્યુત્થાન– રત્નાધિક શ્રમણ આવે ત્યારે ઊભા થવું, આદર આપવો, સન્માન સૂચક શબ્દ– આવો, પધારો વગેરે બોલવું. (૮) કૃતિકર્મ– અંજલિકરણ, આવર્તન, હાથ જોડીને મસ્તક ઝુકાવવું તથા સૂત્રોચ્ચારણ પૂર્વક વિધિ સહિત વંદન કરવા. (૯) વૈયાવૃત્ય– જરૂર પડે ત્યારે પરસ્પર શારીરિક સેવા-પરિચર્યા કરવી, ગોચરી લઈ આવવી, લાવી દેવી, વસ્ત્ર પ્રક્ષાલન, મલ-મૂત્ર આદિ પરિષ્ઠાપન રૂપ વિવિધ સેવા શુશ્રૂષા કરવી તેમજ કરાવવી. (૧૧) સમવસરણ– એક જ ઉપાશ્રયમાં રહેવું. સાથે બેસવા આદિની પ્રવૃત્તિ કરવી. (૧૧) સન્નિષદ્યા– એક જ આસન, પાટ આદિ પર બેસવું, બેસવા માટે પરસ્પર આસન આદાન-પ્રદાન કરવું. (૧૨) કથા પ્રબંધ– સાથે પ્રવચન આપવું. સભામાં એક સાથે બેસવું. એક ગચ્છના સાધુઓમાં પરસ્પર આ બધા વ્યવહાર આવશ્યક હોય છે. પરિહારતપ રૂપ પ્રાયશ્ચિત્તવાળા તથા વિશિષ્ટ અભિગ્રહ-પ્રત્યાખ્યાનવાળા





શ્રમણ, ગુરુ આજ્ઞાપૂર્વક આ અનેક વ્યવહાર પરસ્પર કરતા નથી; તે તેમનો વિશિષ્ટ તપરૂપ આચાર હોય છે. એક ગચ્છના **શ્રમણ અને શ્રમણીઓ**માં પણ પરસ્પર આ ૧૨ વ્યવહાર(પ્રતિપક્ષી લિંગ હોવાથી) પૂર્ણતઃ હોતા નથી. સામાન્ય રીતે ઉત્સર્ગ વિધિએ ફક્ત ૬ વ્યવહાર હોય છે અને બાકીના ૬ વ્યવહાર–પહેલો, ત્રીજો, છટ્ઠો, નવમો, દસમો, અગિયારમો અપવાદિક વિશેષ પરિસ્થિતિએ હોય છે. સમાજમાં કે ક્ષેત્રમાં **પ્રતિષ્ઠિત શ્રમણો**ની સાથે ૧૧ વ્યવહાર (આહારનો વર્જીને) ઐચ્છિક, વિવેકપૂર્વક, ગુરુ આજ્ઞાએ થઈ શકે છે. શ્રદ્ધાહીન, સ્વેચ્છાચારી, જિનશાસનની અવહેલના કરનાર અને કરાવનાર એવા શિથિલાચારી સાથે આ વ્યવહાર રાખવામાં આવતા નથી પરંતુ માનવોચિત સભ્યતાનો વ્યવહાર કરી શકાય છે.

## નિબંધ–૯૧

## સંયમના (૧૭) સત્તર પ્રકાર

**સત્તર પ્રકારનો સંયમ– (૧થી૫)** પૃથ્વીકાય આદિ ૫ સ્થાવર **(૬થી૯)** ૩ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય આ ૯ પ્રકારના જીવોની મન, વચન, કાયાથી હિંસા ન કરવી, તેની યતના કરવી. તે જીવોને કોઈપણ રીતે પીડા ન પહોંચાડવી. **(૧૦)** અજીવ–પૌદ્ગલિક પદાર્થોનો ઉપયોગ યતનાપૂર્વક કરવો, તેને ફેંકવા, પછાડવા, ટકરાવવા વગેરે રૂપે અયતના ન કરવી; તે અજીવકાય સંયમ કહેવાય છે. **(૧૧)** પ્રેક્ષા–દરેક વસ્તુ લેતાં-મૂકતાં પહેલાં જોવું, ખાવા પીવાની વસ્તુઓ પણ પહેલાં જોઈને પછી ઉપયોગમાં લેવી, તે પ્રેક્ષાસંયમ છે. **(૧૨)** ઉપેક્ષા સંયમ– મિત્ર, શત્રુ, ઈષ્ટ, અનિષ્ટ, રાગદ્વેષાત્મક સંયોગોમાં તટસ્થભાવ–ઉપેક્ષાભાવ રાખવો, કર્મબંધ કારક અધ્યવસાય ન કરવા, તેને ભૂલી જવું, જોયું ન જોયું, સાંભળ્યું ન સાંભળ્યું, જાણ્યું-અજાણ્યું કરી દેવું તે ઉપેક્ષા સંયમ છે. **(૧૩)** અપહૃત્ય સંયમ– વસ્તુને ગ્રહણ, ધારણ અને પરિત્યાગ વિવેકપૂર્વક કરવા. અર્થાત્ ચોથી, પાંચમી સમિતિનું સમ્યક પાલન કરવું તે અપહૃત્ય સંયમ કહેવાય છે. **(૧૪)** પ્રમાર્જના સંયમ– પાત્રને ઉપયોગમાં લેવાના સમયે તેનું પ્રતિલેખન, પ્રમાર્જન કરવું; રાત્રે બેસવું, ચાલવું કે સૂવું હોય ત્યારે ભૂમિ આસનનું પ્રમાર્જન કરવું તેમજ કોઈપણ ઉપકરણ પોંજીને ઉપયોગમાં લેવું તથા સૂતી વખતે શરીરનું પ્રમાર્જન કરવું, તે પ્રમાર્જના સંયમ છે. **(૧૫થી૧૭)** મનને શુભમાં પ્રવર્તાવવું, અશુભમાં-સાવદ્યમાં જવા ન દેવું, વચનથી હિત, મિત, અસાવદ્ય વચન

બોલવા અથવા અલ્પભાષી બનવું, કાયાની પ્રવૃત્તિ યતનાથી તેમજ વિવેકપૂર્વક કરવી, સાવદ્ય તેમજ અયતનાકારી પ્રવૃત્તિ ન કરવી, તે મનસંયમ, વચનસંયમ અને કાયસંયમ છે. આ રીતે સત્તર પ્રકારે સંયમ છે, તેનાથી વિપરીત આચરણને જ **૧૭** પ્રકારે **અસંયમ** સમજી લેવો.

**અઢાર પ્રકારે અબ્રહ્મચર્ય ત્યાગ–** ત્રણ કરણ, ત્રણ યોગથી નવ પ્રકારે મનુષ્ય સંબંધી કુશીલનો ત્યાગ તથા એ જ રીતે તિર્યંચ સંબંધી નવ પ્રકારે, એમ સર્વ મળી ૧૮ પ્રકારે અબ્રહ્મચર્યનો ત્યાગ કરવો.

### નિબંધ–૯૨

## અણગારના ૨૭ ગુણ

**(૧થી૧૪)** પાંચ મહાવ્રત પાલન, પાંચ ઈન્દ્રિય નિગ્રહ, ચાર કષાય ત્યાગ **(૧૫થી૧૭)** ભાવસત્ય, કરણસત્ય, યોગસત્ય અર્થાત્ એ ત્રણેયને નિષ્પાપ–અસાવદ્ય રાખવા **(૧૮–૧૯)** ક્ષમાવંત તથા વૈરાગ્યવંત રહેવું અર્થાત્ વૈરાગ્યભાવોને સદા વૃદ્ધિંગત કરવા. **(૨૦થી૨૨)** મન, વચન અને કાયાનો સમ્યક ઉપયોગ કરવો; અસમ્યક મન, વચન, કાયાનો ત્યાગ કરવો. **(૨૩થી૨૫)** જ્ઞાન, દર્શન, ચારિત્રથી સંપન્ન રહેવું અર્થાત્ અધ્યયન, અનુભવ, અભ્યાસથી રત્ન–ત્રયનો વિકાસ કરવો. **(૨૬)** અશાતા વેદનાને સમ્યક સહન કરવી, સમભાવ રાખવો, વિષમભાવ ન કરવો, કષ્ટના સમયે પણ પ્રસન્ન રહેવું, તે વેદના સહન–શીલતા ગુણ છે. **(૨૭)** મરણ સમયે પણ કષ્ટ, મુશ્કેલીમાં પરિપૂર્ણ સહનશીલ રહેવું, તે મારણાંતિક વેદના સહનશીલતા ગુણ છે અર્થાત્ મારણાંતિક કષ્ટ આવે તો પણ ગભરાવું નહીં પરંતુ સાવધાનીપૂર્વક આજીવન અનશન, સંલેખના-સંથારો ધારણ કરવો. આ ૨૭ ગુણોને ધારણ કરનાર અણગાર પોતાના સંયમની સુંદર આરાધના કરી શકે છે.

### નિબંધ–૯૩

## બત્રીસ યોગ સંગ્રહ

સાધકના અભ્યાસ અને વિકાસ કરવા યોગ્ય આચરણ, આદર્શ કર્તવ્યો ૩૨મા સમવાયાંગમાં કહેલ છે, જેમ કે– **(૧) આલોચના**–પોતાના પ્રમાદનું ગુરુ આદિ સમક્ષ નિવેદન કરી, પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું. **(૨) નિરપલાપ**–અન્યના આલોચિત પ્રમાદનું અપ્રગટીકરણ. **(૩) આપત્તકાળે દઢધર્મતા**–દઢધર્મી બની





રહેવું. **(૪) અનિશ્રિતોપધાન**–બીજાની સહાયતા લીધા વગર તપકર્મ કરવું. **(૫) શિક્ષા**–સૂત્રાર્થનું પઠન-પાઠન તથા ક્રિયાનું આચરણ. **(૬) નિષ્પ્રતિ કર્મતા**–શરીરની સાર-સંભાળ કે ચિકિત્સા વર્જન. **(૭) અજ્ઞાતતા**–અજ્ઞાત રૂપે તપ કરવું, તેનું પ્રદર્શન કે પ્રખ્યાપન(પ્રચાર) ન કરવું. અથવા અજ્ઞાતકુળની ગોચરી કરવી. **(૮) અલોભ**–નિર્લોભતાગુણ કેળવવો. **(૯) તિતિક્ષા**–કષ્ટ સહિષ્ણું બનવું અને પરીષહો જીતતા રહેવું. **(૧૦) આર્જવ**–સરળતા. હૃદય સાફ અને સરળ રાખવું. **(૧૧) શુચિ**–પવિત્રતા. સત્ય, સંયમ આદિનું આચરણ. **(૧૨) સમ્યગ્દષ્ટિ**–સમ્યગ્દર્શનની શુદ્ધિ. **(૧૩) સમાધિ**–ચિત્ત સ્વસ્થ રાખવું અર્થાત્ ચિત્તની પ્રસન્નતા ટકાવી રાખવી. **(૧૪) આચારોપગત** –આચારનું સમ્યક પ્રકારે પાલન કરવું. **(૧૫) વિનયોપગત**–વિનમ્ર થવું, અભિમાન ન કરવું. **(૧૬) ધૃતિમતિ**–ધૈર્યયુક્ત બુદ્ધિ. દીનતા ન કરવી, ધૈર્ય રાખવું. **(૧૭) સંવેગ**–વૈરાગ્યવૃદ્ધિ અર્થાત્ મોક્ષની અભિલાષા. **(૧૮) પ્રણિધિ**–અધ્યવસાયની એકાગ્રતા, શરીરની સ્થિરતા રાખવી. **(૧૯) સુવિધિ**–સદ્ અનુષ્ઠાનનો અભ્યાસ. **(૨૦) સંવર**–આશ્રવોને રોકવા. **(૨૧) આત્મદોષોપસંહાર**–પોતાના દોષોનું ઉપસંહરણ, નિષ્કાસન. **(૨૨) સર્વકામ વિરક્તતા**–સર્વ વિષયોથી વિમુખતા. **(૨૩) પ્રત્યાખ્યાન**–મૂળ ગુણ વિષયક ત્યાગ અથવા પાપ ત્યાગ. **(૨૪) ત્યાગ**–ઉત્તરગુણ વિષયક ત્યાગ અથવા નિયમો ઉપનિયમોમાં વૃદ્ધિ કરવી. **(૨૫) વ્યુત્સર્ગ**–શરીર, ભક્તપાન, ઉપધિ તથા કષાયનું વિસર્જન.**(૨૬) અપ્રમાદ**–પ્રમાદનો ત્યાગ, અપ્રમતભાવ કેળવવો. **(૨૭) લવાલવ**–સમાચારીના પાલનમાં સતત જાગૃતિ રાખવી. **(૨૮) ધ્યાનસંવરયોગ**–ધ્યાન, સંવર, અક્રિયતાની વૃદ્ધિ કરવી. **(૨૯) મારણાંતિક ઉદય**–મારણાંતિક વેદના સમયે ગભરાવું નહીં, શાંત અને પ્રસન્ન રહેવું. **(૩૦) સંગપરિજ્ઞા**–આસક્તિનો ત્યાગ, શરીર, ઉપકરણ, શિષ્યાદિમાં અનાસક્તભાવ કેળવવો. **(૩૧) પ્રાયશ્ચિત્તકરણ**– દોષ વિશુદ્ધિનું, લીધેલા પ્રાયશ્ચિત્તનું અનુષ્ઠાન કરવું.**(૩૨) મારણાંતિક આરાધના**– મૃત્યુ સમયે આરાધના કરવી, સંલેખના-સંથારો કરવાના સંસ્કારો દઢ કરવા.

### નિબંધ–૯૪

## અઠ્ઠાવીસ આચાર પ્રકલ્પ

આ શબ્દના વિવિધ અર્થ આ પ્રમાણે છે– (૧) આચાર સંબંધી વિશેષ કલ્પ અર્થાત્ નિયમ ઉપનિયમ મર્યાદાઓનું વર્ણન કરતું શાસ્ત્ર– 'આચારાંગ

સૂત્ર'. (૨) આચાર અને પ્રાયશ્ચિત્તનું કથન કરતું 'નિશીથ અધ્યયન સહિત આચારાંગ સૂત્ર'. (૩) આચારાંગ સૂત્રના પ્રકલ્પ અર્થાત્ અલગ કરેલા અધ્યયન વિભાગ રૂપ 'નિશીથ સૂત્ર'. (૪) આચારમાં અર્થાત્ સંયમાચરણમાં લાગેલા દોષોના પ્રકલ્પ અર્થાત્ પ્રાયશ્ચિત્ત વિકલ્પ.

પ્રથમના બે અર્થથી ૨૮ આચાર પ્રકલ્પ અધ્યયન રૂપ હોય છે. આચારાંગ સૂત્રના ક્રમશઃ ૨૩ અધ્યયન+નિશીથના પાંચ અધ્યયન–લઘુ, ગુરુમાસિક, લઘુ, ગુરુચૌમાસિક, આરોપણા અથવા ક્રમશઃ ૨૫ અધ્યયન+ નિશીથના ત્રણ અધ્યયન–લઘુ, ગુરુ, આરોપણા.

ચોથા અર્થ પ્રમાણે ૨૮ પ્રકારે આરોપણા પ્રાયશ્ચિત્ત સ્થાન છે, જેમ કે– (૧) પાંચ દિવસનું પ્રાયશ્ચિત્ત (૨) દશ દિવસનું (૩) ૧૫ દિવસનું (૪) ૨૦ દિવસનું (૫) ૨૫ દિવસનું (૬) એક માસનું (૭) એક માસ પાંચ દિવસ (૮) એક માસ દશ દિવસ (૯) એક માસ ૧૫ દિવસ (૧૦) એક માસ ૨૦ દિવસ (૧૧) ૧ માસ ૨૫ દિવસ (૧૨) ૨ માસ (૧૩) ૨ માસ ૫ દિવસ (૧૪) બે માસ ૧૦ દિવસ (૧૫) બે માસ ૧૫ દિવસ (૧૬) બે માસ ૨૦ દિવસ (૧૭) ૨ માસ ૨૫ દિવસ (૧૮) ત્રણ માસ (૧૯) ત્રણ માસ ૫ દિવસ (૨૦) ૩ માસ ૧૦ દિવસ (૨૧) ૩ માસ ૧૫ દિવસ (૨૨) ૩ માસ ૨૦ દિવસ (૨૩) ૩ માસ ૨૫ દિવસ (૨૪) ચાર માસ. (૨૫) લઘુ(અલ્પતમ) (૨૬) ગુરુ(મહત્તર) (૨૭) સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત આરોપણા (૨૮) થોડી ઓછી પ્રાયશ્ચિત્ત આરોપણા(રિયાયત). જેમ કે– એક માસની ૧૫ દિવસ આરોપણા અને બે માસની ૨૦ દિવસ આરોપણા.

### નિબંધ–૯૫

## મરણના ૧૭ પ્રકાર

શાસ્ત્રોમાં અનેક જગ્યાએ વિભિન્ન અપેક્ષાએ મરણના પ્રકાર કહેલા છે. ૧૭ મા સમવાયમાં તેને મેળવીને અપેક્ષાએ ૧૭ પ્રકારના મરણનું એક સાથે કથન છે, જેમ કે–

**(૧) આવીચિ મરણ–** પ્રતિક્ષણ આયુષ્ય કર્મદલિક ઉદયમાં આવીને ક્ષય થાય છે. આ દેશ આયુ ક્ષય રૂપ નિરંતર મરણ જ આવીચિ મરણ કહેવાય છે. **(૨) અવધિ મરણ–**થોડા મર્યાદિત કાળ માટે મરીને કાલાંતરે તે જ યોનિમાં પુનઃ જન્મ-મરણ કરવાના હોય તેને અવધિ મરણ કહેવાય છે. **(૩) આત્યંતિક મરણ–** ભવિષ્યમાં તે આયુષ્યને કદી પ્રાપ્ત ન કરવા રૂપ મરણ અર્થાત્ મોક્ષપર્યંત જ્યાં





ફરી જન્મ-મરણ કરવાના નથી તો તે આત્યંતિક મરણ છે. **(૪) વલય મરણ–** ગળું દબાવીને કે મરડીને મરવા કે મારવાને વલય મરણ કહે છે. સંયમ છોડીને કે વ્રતી જીવનનો ત્યાગ કરીને અવ્રતમાં મરણ, એ **ભાવવલય મરણ** છે. **(૫) વશાર્ત મરણ–** કોઈ વસ્તુની કે ઈન્દ્રિય વિષયની આસક્તિના કારણે, તેની અપ્રાપ્તિથી દુઃખી થઈને આર્ત્તધ્યાનમાં મરવું. કોઈ વ્યક્તિના મોહમાં, તેના મૃત્યુ પછી દુઃખી થઈને મરવું તે વશાર્ત મરણ છે. **(૬) અંતોશલ્ય મરણ–** ભાલા, તલવાર આદિ શસ્ત્રથી મરવું અથવા માયા, નિદાન, મિથ્યાદર્શન રૂપ શલ્ય યુક્ત મરવું કે વ્રતના દોષોની આલોચના પ્રાયશ્ચિત્ત કર્યા વગર મરવું. આ બધા અંતોશલ્ય મરણ કહેલ છે. **(૭) તદ્ભવ મરણ–** જે જેવા પશુ કે માનવ રૂપમાં છે, મરીને એવા જ બને, એવી જ યોનિ–ગતિ પર્યાયમાં ઉત્પન્ન થાય તે મરણને તદ્ભવ મરણ કહેલ છે. આ મરણ નારકી દેવતાને હોતું નથી. અથવા આ ભવ સંબંધી કોઈપણ ઈચ્છા રાખીને કાશીએ કરવત મુકાવવી તે પણ તદ્ભવ મરણ છે. **(૮) બાલ મરણ–** સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ અવ્રતીનું મરણ. **(૯) બાલપંડિત મરણ–** દેશવિરતિ શ્રાવક અવસ્થાનું, પાંચમા ગુણસ્થાને થતું મરણ. **(૧૦) પંડિત મરણ–** સંયમ અવસ્થામાં, છટ્ઠે કે તેનાથી ઉપરના સંયત ગુણસ્થાને મરવું તે પંડિતમરણ છે અથવા સંલેખના સંથારા સહિત મરણને વ્યવહારથી પંડિતમરણ કહેવાય છે.**(૧૧) છદ્મસ્થ મરણ–** કેવળજ્ઞાન થયા વિના ૧૧મા ગુણસ્થાન સુધી મરવું. **(૧૨) કેવલી મરણ–** ૧૪ મા ગુણસ્થાને કેવળજ્ઞાનીનું મરવું તે. **(૧૩) વૈહાયસ મરણ–** ગળે ફાંસો ખાઈને મરવું, ફાંસીની સજાથી મરવું તે. **(૧૪) ગિદ્ધ સ્પૃષ્ટ મરણ–** જેના મૃતશરીરને ગીધ આદિ પક્ષી ખાય એવું મરણ અથવા જીવતા જ ગીધ આદિ પક્ષીઓથી કે સિંહ આદિ પશુઓ દ્વારા ખવાઈ જઈને મરવું તે. **(૧૫–૧૭) ભક્ત પ્રત્યાખ્યાન, ઈંગિની મરણ** તેમજ **પાદપોપગમન** સંથારા– આજીવન અનશન સ્વીકારીને મરવું. આ ત્રણેયનું વર્ણન આચારાંગ સૂત્ર, અધ્યયન–૯ માં છે. આચારાંગ તેમજ નિશીથ સૂત્રમાં ગિરિપડણ, તરુપડણ, અગ્નિફંદણ, જલપ્રવેશ, વિષભક્ષણ આદિ દ્વારા બાલ મરણોનું કથન છે, તે સર્વનો અહીં આઠમા બાલમરણમાં સમાવેશ કરી લેવો જોઈએ.

### નિબંધ–૯૬

## સિદ્ધોનાં ૩૧ ગુણ - આઠ ગુણ

પરંપરાએ સિદ્ધોના આઠ ગુણ કહેવાય છે પરંતુ શાસ્ત્રોમાં અનેક જગ્યાએ

સિદ્ધોના ૩૧ ગુણ કહેલ છે. પ્રચલિત આઠ ગુણ– (૧) અનંતજ્ઞાન (૨) અનંતદર્શન (૩) અનંત સુખ–અવ્યાબાધ સુખ (૪) ક્ષાયિક સમકિત (૫) અક્ષય સ્થિતિ (૬) અમૂર્ત-અરૂપ (૭) અગુરુલઘુ (૮) અનંત વીર્ય. એ પણ શાસ્ત્રાનુસારી છે, આચાર્યોએ બતાવેલ છે.

શાસ્ત્રોક્ત ૩૧ ગુણ– (૧થી૫) ક્ષીણ મતિ જ્ઞાનાવરણીય આદિ. (૬થી૧૪) ક્ષીણ ચક્ષુદર્શનાવરણ આદિ. (૧૫થી૧૬) ક્ષીણ શાતા-અશાતા વેદનીય. (૧૭-૧૮) ક્ષીણ દર્શન-ચારિત્ર મોહનીય. (૧૯થી૨૨) ક્ષીણ નરકાયુ આદિ. (૨૩-૨૪) ક્ષીણ શુભ-અશુભ નામ. (૨૫-૨૬) ક્ષીણ ઊંચ-નીચ ગોત્ર. (૨૭થી૩૧) ક્ષીણ દાનાંતરાય આદિ; આ બધી કર્મપ્રકૃતિઓથી મુક્ત થવું એને જ સિદ્ધોના ગુણ કહેલ છે.

## નિબંધ–૯૭

# સંવત્સરી ૫૦-૭૦ દિવસનું વિશ્લેષણ

સંવત્સરી માટે આગમ નિશીથ સૂત્રમાં પર્યુષણા શબ્દનો પ્રયોગ કર્યો છે. સંવત્સરી શબ્દ વર્તમાન પ્રચલિત શબ્દ છે. જેનો અર્થ છે– આખા સંવત્સર (વર્ષ) માં વિશિષ્ટ ધર્મ આરાધનાનો એક દિવસ, તે સંવત્સરી પર્વ દિવસ. આ પર્વ દિન માટે નિશીથ સૂત્ર ઉદ્દેશક–૧૦ માં વિશિષ્ટ વિધાન છે. જેની ભાષ્યચૂર્ણિ વ્યાખ્યામાં પ્રાચીન કાળથી **ભાદરવા સુદી પાંચમ**નો ઉલ્લેખ મળે છે. જે પ્રાચીન બધી વ્યાખ્યાઓમાં એક મતે કથન છે. ત્યાં કોઈપણ અધિક માસ કે તિથિ વધ-ઘટથી પાંચમ કે ભાદરવાના પરિવર્તનની ચર્ચા નથી. સમવાયાંગ શાસ્ત્રના ૭૦મા સમવાયમાં એક સૂત્રમાં એ નિરૂપણ છે કે શ્રમણ ભગવાન મહાવીર વર્ષાકાળના એક મહિના વીસ દિવસ વીતતાં અને ૭૦ દિવસ શેષ રહેતાં વર્ષાવાસ પર્યુષિત કરતા હતા.

**વિચારણા–** ભગવાન મહાવીરના ૪૨ ચાતુર્માસનું જે વર્ણન પ્રાપ્ત થાય છે તે પ્રમાણે તેમણે બધા ચાતુર્માસ પરિપૂર્ણ ચાર મહિનાના કર્યા હતા. તોપણ અહીં ભગવાનના નામે જે કંઈ કહેલ તે સંદેહપૂર્ણ છે. તેમાં અનેક પ્રશ્નાર્થ ચિહ્ન અંકિત થાય છે. આ વિષય ૭૦મા સમવાયમાં જ કેમ કહ્યો ? ૨૦મા કે ૫૦મા સમવાયમાં કેમ ન કહ્યો ? ચાતુર્માસનું કથન છે કે પર્યુષણનું કથન છે ? વગેરે..

વાસ્તવમાં કલ્પસૂત્રમાં એવો એક પાઠ છે જે બહુ જ લાંબો અને તર્કથી અસંગત જેવો છે, તેનો જ આ પ્રથમ વાક્યાંશ છે. કલ્પસૂત્રના તે કલ્પિત જેવા





પાઠને પ્રામાણિકતાની છાપને માટે તેના એક અંશને અહીં અંગસૂત્રમાં ક્યારેક કોઈએ જોડી દીધો હોય, એવી સંભાવના લાગે છે.

અતઃ પ્રસ્તુત સૂત્રથી સંવત્સરીના નિર્ણયની કલ્પના કરવી બરાબર નથી. આ સૂત્રના નામે ૪૯-૫૦ દિવસની કલ્પના કરવી અને મૂળમાં સ્પષ્ટ લિખિત ૭૦ દિવસની ઉપેક્ષા કરવી એ પણ યોગ્ય નથી.

**પ્રશ્ન–** જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં ૫૦ મે દિવસે સંવત્સરી કરવાનું કહ્યું છે ?

**ઉત્તર–** તે સૂત્રમાં સંવત્સરી સંબંધી એક પણ વાક્ય નથી. ઉત્સર્પિણી કાળના વર્ણનમાં પ્રથમ તીર્થંકરના જન્મથી હજારો વર્ષ પહેલાં માંસાહારી કેટલાક માનવ વનસ્પતિઓને વિકસિત અને સુલભ જોઈને પરસ્પર મળીને માંસાહાર ન કરવાની મર્યાદા બાંધશે, એવું વર્ણન છે. તે સમયે પ્રથમ તીર્થંકરનું શાસન પણ ચાલુ થયું ન હોય, સાધુ-સાધ્વી પણ કોઈ નહીં હોય, ત્યારે સંવત્સરીનો તો ત્યાં પ્રસંગ પણ નથી. તોપણ લોકો આગ્રહમાં પડેલી વાતને માટે જેમતેમ કરીને ગમે તે જોડી દેવાનો શ્રમ કરે છે પરંતુ–***'મિલ ગયા ચાબુક કા તોડા, ઘટે ફિર લગામ ઔર ઘોડા'*** વાળી કહેવત ચરિતાર્થ કરે છે. તેથી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની વાત તો ઉક્ત કહેવત પ્રમાણે અણસમજણની થાય છે. શ્રાવકપણું, સાધુપણું પણ નથી તો સંવત્સરીનો ત્યાં કોઈ અર્થ નથી. માટે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રના નામે ૫૦ દિવસની કલ્પના પણ યોગ્ય નથી.

સાર એ છે કે સંવત્સરી સંબંધી અમુક સ્પષ્ટ કથન નિશીથ સૂત્રના ૧૦મા ઉદ્દેશકમાં છે અને તેની વ્યાખ્યામાં **ભાદરવા સુદ પાંચમ** કહેલ છે. પરંપરા પણ જેની સાક્ષી છે તથા કાલકાચાર્યની જે ઘટના પ્રચલિત છે તેમાં તેમણે પણ રાજાને પોતાની સંવત્સરી મનાવવાના કથનમાં **ભાદરવા સુદ પાંચમનું** જ નિરૂપણ કર્યુ હતું. પછી રાજાના આગ્રહથી એક દિવસ પહેલાં ભાદરવા સુદ ચોથના પરિસ્થિતિવશ રાજાજ્ઞાએ તે રાજધાનીના ચાતુર્માસ માટે જ કરી હતી. આ વર્ણન પણ ગ્રંથોમાં છે. તેથી પણ ભાદરવા સુદ પાંચમની પ્રાચીનતા તેમજ મહત્તા સિદ્ધ થાય છે. આ ઘટનામાં પણ અધિકમાસ સંબંધી કે તિથિ વધ-ઘટ સંબંધી કે **પ્રતિક્રમણના સમયના ઘડી પલ સંબંધી** કોઈ ચર્ચા વિચારણા નથી. તેથી લૌકિક પંચાંગમાં લખેલી ભાદરવા સુદ પાંચમ–ઋષિપંચમી તર્ક વિના સ્વીકારીને સંવત્સરીપર્વ મનાવવું શ્રેયસ્કારી છે. ***આગમકાળથી જે નિશ્ચિત તિથિનો નામોલ્લેખ પ્રાપ્ત થાય છે, તેનાથી અન્ય કોઈપણ તિથિએ (અર્થાત્ પહેલાં કે પછી) સંવત્સરી કરવાથી, નિશીથ સૂત્રના ઉદ્દેશક–૧૦, સૂત્ર–૩૧, ૩૨ થી પ્રાયશ્ચિત્ત આવે છે. પછી***

***ભલેને પોતાના ગુરુના નામે કે પરંપરાના નામે કે બહુમતિના નામે, કોઈ ગમે ત્યારે કરીને સચ્ચાઈનો સંતોષ માને તોપણ સ્પષ્ટ રીતે જ આગમ ભાવોની ઉપેક્ષા અને આત્મવંચના થાય છે; આ સિદ્ધાંતની વાત છે.***

સામાન્ય રીતે **'સોહી ઉજ્જુય ભૂયસ્સ'** સરળ આત્માની શુદ્ધિ થાય છે અને શુદ્ધાત્મામાં ધર્મ ટકે છે. તેથી ચર્ચાવિવાદમાં જો પોતાની પહોંચ ન હોય તો સરળતાપૂર્વક ધર્મભાવોની તથા ત્યાગ-તપની વૃદ્ધિ કરવી એ જ કલ્યાણનો માર્ગ છે. ***તેથી સામાન્ય માણસે વિવાદમાં પડયા વિના શાંત-પ્રશાંત ભાવે હૃદયની પવિત્રતાથી સંવત્સરી પર્વની ત્યાગ, તપ, શુભ ભાવોથી આરાધના કરવામાં ક્ષેત્ર-કાલના સંયોગ પ્રમાણે પ્રવૃત્ત રહેવું જોઈએ.***

### નિબંધ–૯૮

## વૈયાવચ્ચના ૯૧ પ્રકાર

સમવાયાંગના ૯૧મા સમવાયમાં આ વિષયનું નિરૂપણ કર્યુ છે. જેમાં **પર** અર્થાત્ બીજાને માટે, **સેવા** કે સુખરૂપ જે **કર્મ**–કર્તવ્યપાલન રૂપ **પડિમા**– વિશિષ્ટ આચાર છે તેને **પર વૈયાવૃત્ય કર્મ પ્રતિજ્ઞા** આ વાક્યથી કહેલ છે. તેની સંખ્યા ૯૧ કહેલ છે. જેમાં બીજાને માટે કરેલો સદ્વ્યવહાર, સન્માન, વિનયવ્યવહાર તેમજ સેવા શુશ્રૂષાનો સમાવેશ છે. તે સર્વ મળીને ૯૧ની ગણના આ પ્રમાણે છે–

**શુશ્રૂષા વિનયના ૧૦ પ્રકાર**–(૧) જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ રત્નત્રયની અપેક્ષા રત્નાધિક પુરુષોનાં સન્માન-સત્કાર કરવા, (૨) તે આવે ત્યારે ઊભા થવું. (૩) વસ્ત્રાદિ આપીને સન્માન કરવું. (૪) આસન લાવીને તેને બેસવા માટે કહેવું. (૫) આસનનું અનુપ્રદાન કરવું–તેના આસનને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જવું. (૬) કૃતિકર્મ કરવું અર્થાત્ સવિધિ વંદન કરવું. (૭) અંજલિ કરવી (૮) ગુરુજનો આવે ત્યારે તેની સામે જઈને સ્વાગત કરવું. (૯) ગુરુજનો જાય ત્યારે થોડું તેની સાથે જવું. (૧૦) તે બેસે ત્યાર પછી બેસવું. આ દસ પ્રકારનો શુશ્રૂષા વિનય છે.

મહાપુરુષોના વિનયના ૬૦ પ્રકાર કહેલ છે– (૧) તીર્થંકર (૨) કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ (૩) આચાર્ય (૪) વાચક(ઉપાધ્યાય) (૫) સ્થવિર (૬) કુલ (૭) ગણ (૮) સંઘ (૯) સાંભોગિક શ્રમણ (૧૦) આચારવાન (૧૧) વિશિષ્ટ મતિજ્ઞાની (૧૨) શ્રુતજ્ઞાની (૧૩) અવધિજ્ઞાની (૧૪) મનઃપર્યવજ્ઞાની (૧૫)





કેવલજ્ઞાની. એ ૧૫ મહાપુરુષોને માટે ૧. આશાતના ન કરવી ૨. ભક્તિ કરવી ૩. બહુમાન કરવું અને ૪. વર્ણવાદ(ગુણગાન કરવા); આ ચાર કર્તવ્ય પાલન કરવાથી ૧૫×૪=૬૦ ભેદ થાય છે.

સાત પ્રકારના ઔપચારિક વિનય છે– (૧) અભ્યાસન– વૈયાવૃત્ય યોગ્ય ગુરુ આદિ પાસે બેસવું. (૨) છંદાનુવર્તન– તેમના અભિપ્રાય અનુસાર કાર્ય કરવું. (૩) કૃત પ્રતિકૃતિ– પ્રસન્ન આચાર્ય મને સૂત્ર(બોધ)દેશે એવા ભાવથી તેમને આહારાદિ આપવા. (૪) કારિત નિમિત્ત કરણ– શાસ્ત્રજ્ઞાન મળવાથી શિક્ષા દેનારનો વિશેષ રૂપે વિનય કરવો. (૫) દુઃખથી પીડીતોને શોધીને તેમના દુઃખોને જાણવા, (૬) દેશકાલને જાણીને તેમની અનુકૂળ સેવા કરવી. (૭) રોગીને તેના સ્વાસ્થ્યને અનુકૂળ અનુમતિ–આજ્ઞા દેવી.

પાંચ પ્રકારના આચાર્ય હોય છે– પ્રવ્રાજનાચાર્ય, ઉપસ્થાપનાચાર્ય, ઉદ્દેશનાચાર્ય, વાચનાચાર્ય, ધર્માચાર્ય. એ પાંચ ઉપરાંત (૬) ઉપાધ્યાય (૭) તપસ્વી (૮) શૈક્ષ (૯) ગ્લાન (૧૦) કુલ (૧૧) ગણ (૧૨) સંઘ (૧૩) સાધુ અને (૧૪) અન્ય સમનોજ્ઞ–સુસાધુની વૈયાવચ્ચ કરવાથી વૈયાવચ્ચના ૧૪ ભેદ થાય છે. આ પ્રમાણે ક્રમશઃ શુશ્રૂષા–વિનયના ૧૦ ભેદ+તીર્થંકર આદિ મહાપુરુષોના વિનયના ૬૦ ભેદ+ ઔપચારિક વિનયના ૭ ભેદ + આચાર્યાદિની વૈયાવચ્ચના ૧૪ ભેદ = કુલ ૯૧ ભેદ થાય છે.

### નિબંધ–૯૯

## શાસ્ત્રોના પ્રારંભ-અંતિમ મંગલપાઠની વિચારણા

અંગ આગમોનું નિરીક્ષણ કરવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે ગણધર ભગવંતોને આગમના પ્રારંભમાં કે આગમના આદિ-અંત-મધ્યમાં કોઈપણ મંગલ કરવાની આવશ્યકતા હોતી નથી. તદનુસાર પ્રથમ અંગસૂત્ર આચારાંગ સૂત્રના પ્રારંભમાં પણ કોઈ મંગલપાઠ નથી તેમજ તેમાં આદિ, મધ્ય, અંત મંગલની પ્રથા પણ રાખી નથી. તે જ પ્રમાણે આ ભગવતી સૂત્ર સિવાય દશે ય અંગ શાસ્ત્રોમાં સીધી આગમ વિષયની શરૂઆત થઈ જાય છે.

આથી અનુભવસિદ્ધ તથ્ય એ છે કે આ ભગવતીસૂત્ર વિશાળ, અતિ વિશાળ શાસ્ત્ર છે. તેનું લેખન નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે લેખનકાળમાં શાસ્ત્ર લેખનકારોએ આ ભગવતી સૂત્રના પ્રારંભમાં વિવિધ મંગલ સૂત્ર, મંગલ શબ્દ લખેલ છે, જે પ્રાચીન ટીકાકાર શ્રી અભયદેવ સૂરિના સમય પહેલા લખાઈ

ચૂક્યા હતા. કારણ કે તેમની ટીકામાં તે મંગલ સૂત્રપાઠોની વિવેચના થઈ છે.

આ ભગવતી સૂત્રના અંતમાં પણ મંગલ રૂપ પ્રશસ્તી વગેરે છે તે પણ ટીકાકારની સમક્ષ રહેલ છે. પરંતુ ટીકાકારે તે અંતિમ મંગલરૂપ પ્રશસ્તિઓને લહિયાઓની છે એમ કહીને વ્યાખ્યા કરી નથી પરંતુ પ્રારંભમાં તેઓને એનું સ્મરણ કે આભાસ થયો નથી તેનું કારણ છદ્મસ્થતા છે.

પ્રસ્તુત આગમ ગણધર કૃત છે. તેઓને શાસ્ત્ર લિપિબદ્ધ કરવાનું હતુ જ નહિ તો તેઓ બ્રાહ્મી લિપિને નમસ્કાર શા માટે કરે ? ત્યાં શ્રુતદેવતાને પણ નમસ્કાર કરવામાં આવેલ છે. વ્યાખ્યામાં ગણધરોને જ શ્રુતદેવતા તરીકે સ્વીકારવામાં આવ્યા છે. આમ ગણધર આગમની રચના કરનારા હોવાથી તેઓ પોતાને જ નમસ્કાર કેમ કરે ? આ પ્રકારની વિચારણાના ફળ સ્વરૂપે મંગલપાઠ લહિયાઓએ જ રાખ્યા હોવાનું સિદ્ધ થાય છે. અને તે જ કારણથી આ મંગલપાઠો જુદી-જુદી નકલોમાં ભિન્ન-ભિન્ન રૂપે મળે છે. હસ્તલિખિત પ્રતોમાં અને પ્રકાશિત પ્રતોમાં આ મંગલપાઠોમાં એકરૂપતા જોવા મળતી નથી. કેટલીક પ્રતોમાં બ્રાહ્મી લિપિને નમસ્કાર રૂપ એક પદ છે. કેટલીક પ્રતોમાં બ્રાહ્મી લિપિ અને શ્રુતને નમસ્કાર રૂપ બે પદ છે તથા કોઈ પ્રતોમાં ત્રીજું પદ શ્રુતદેવતાને નમસ્કાર રૂપ છે. કોઈ પ્રતોમાં એ ૧,૨ કે ત્રણે ય પદ નમસ્કાર મંત્રની પહેલા છે, પછી નમસ્કર મંત્ર છે. કોઈ પ્રતોમાં પંચ પરમેષ્ટી નમસ્કાર મંત્ર પહેલા છે, પછી એ ૧, ૨ કે ૩ મંગલપાઠ છે. આ પ્રકારની વિવિધતાથી પણ એ સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રલેખનકર્તાઓએ પોતાની ઈચ્છા અનુસાર એક, બે કે ત્રણ મંગલપદ અથવા નમસ્કાર પદ લખીને પછી શાસ્ત્ર લખવાનો પ્રારંભ કરેલ છે.

આ વિચારને ધ્યાનમાં રાખતાં પંચ પરમેષ્ટી નમસ્કારના પાંચ પદ પણ આ શાસ્ત્રના પ્રારંભમાં જે ઉપલબ્ધ છે, તે પણ અહીં ગણધર કૃત ન હોઈને લેખનકર્તાઓના જ સિદ્ધ થાય છે. કારણ કે ગણધરોએ નમસ્કાર મંત્રની રચના આવશ્યકસૂત્રમાં પૂર્ણ રૂપમાં બે શ્લોકમાં કરી છે, જેનો આવશ્યક સૂત્રની પ્રાચીન વ્યાખ્યા ભાષ્ય નિર્યુક્તિમાં સ્વીકાર થયો છે અને પ્રકાશિત ટીકા પ્રતમાં આવશ્યક સૂત્રના પ્રથમ આવશ્યકમાં સંપૂર્ણ નમસ્કાર મંત્ર પ્રથમ સૂત્ર રૂપે સ્વીકાર કરીને પછી જ તેની વ્યાખ્યા કરી છે, ત્યાર પછી બીજો પાઠ **કરેમિ ભ તે** સ્વીકાર્યો છે.

વાસ્તવમાં ગણધર પ્રભુ આગમ રચના આવશ્યક સૂત્રથી જ પ્રારંભ કરે છે અર્થાત્ આવશ્યક સૂત્રની અંગસૂત્રોથી પણ પ્રાથમિકતા છે, એ પણ આગમ પાઠોથી સુસ્પષ્ટ છે. કારણ કે અણગારોના અધ્યયન સંબંધી વર્ણનના વાક્યમાં





**સામાયિક આદિ**(છ અધ્યાયમય આવશ્યક સૂત્ર) **સહિત અગિયાર અંગોનું અધ્યયન કર્યું** એવો પાઠ આવે છે. આ પ્રમાણે ગણધર ભગવંતો દ્વારા નમસ્કાર મંત્રને આવશ્યક સૂત્રના પ્રારંભમાં રાખેલ હોવાથી ફરીને આચારાંગ આદિ કોઈ સૂત્રમાં તેને રાખવાનું આવશ્યક થયું નથી. ભગવતી સૂત્રની પહેલા ચાર અંગ શાસ્ત્ર છે, ભગવતી સૂત્ર પાંચમું અંગસૂત્ર છે. પ્રથમ આચારાંગ સૂત્રમાં ફરી નમસ્કાર મંત્ર પૂર્ણ કે અપૂર્ણ(પંચ પરમેષ્ટી નમસ્કાર) રાખવાનું જરૂરી નહિ લાગ્યું અને ત્યાર પછીના (૨) સૂયગડાંગ (૩) ઠાણાંગ (૪) સમવાયાંગ સૂત્રમાં પણ નમસ્કાર મંત્ર અથવા બીજો કોઈ પણ મંગલ શબ્દ નથી રાખ્યો, એ જ પ્રમાણે ભગવતી પછીના અંગસૂત્ર જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ આદિમાં પણ કોઈ મંગલ શબ્દ કે નમસ્કાર મંત્ર નથી રાખેલ. તો પછી આ એકલા ભગવતી સૂત્રના પ્રારંભમાં ગણધરોને અપૂર્ણ એટલે પાંચપદ માત્રનો નમસ્કાર મંત્ર રાખવાનું કોઈ કારણ થઈ શકતું નથી. જેમ બીજા શતકથી આગળના બધા શતક ગાથાથી જ પ્રારંભ થાય છે તેમજ આ પ્રથમ શતક પણ ગણધરોએ ગાથાથી જ પ્રારંભ કરેલ છે એવું સ્વીકારવું ન્યાયયુક્ત છે. આ વિચારણા અનુસાર ભગવતી સૂત્રમાં આવેલ મધ્ય મંગલ પદ પણ(ગૌશાલક શતક આદિમાં) ગણધરકૃત નહિ સમજતાં લેખનકર્તાનું જ સમજી લેવું જોઈએ.

સારભૂત તાત્પર્ય એ થયું કે આવશ્યક સૂત્રમાં તો નમસ્કાર મંત્ર તે પ્રથમ અધ્યયનનો પ્રથમ સૂત્ર પાઠ જ છે જે બે શ્લોક રૂપે પૂર્ણ પાઠ છે. અન્ય આચારાંગ વગેરે કોઈપણ શાસ્ત્રમાં મંગલરૂપ અધૂરા નમસ્કાર મંત્રનો એક શ્લોક કે અન્ય મંગલપદ કંઈ પણ ગણધરકૃત નથી. મંગલ રૂપમાં લેખન કર્તાઓએ લખેલા વિભિન્ન રૂપમાં પાઠ મળે છે. એ જ ન્યાય અનુસાર કલ્પસૂત્રના પ્રારંભમાં જે નમસ્કાર મંત્ર ઉપલબ્ધ છે તે પણ કલ્પસૂત્રની પ્રાચીન પ્રતમાં નથી મળતો. તેથી નમસ્કાર મંત્રના પાંચ પદ અર્થાત્ અધૂરૂં સૂત્ર કોઈપણ શાસ્ત્રના પ્રારંભમાં લખેલ હોય એ લેખનકર્તાઓની જ ઉપજ છે.

વાસ્તવમાં ગુણોથી યુક્ત ગુણવાન આત્માઓ જ નમસ્કરણીય હોય છે. સ્વતંત્ર ગુણ આદરણીય, આચરણીય અને ધારણીય હોય છે. એવું નહિ કે હું ક્ષમાને વંદન કરું છું, હું વિનયને નમસ્કાર કરું છું. એવા નમસ્કાર અનુપયુક્ત હોય છે. તેથી લિપિ કે શ્રુત મોક્ષ સાધકોને માટે નમસ્કરણીય હોઈ શકતા નથી. શ્રુત દેવતા શબ્દથી ગુણધારક ગણધર પ્રભુ હોવાનો અર્થ કરવામાં આવ્યો છે. ગણધર સ્વયં આગમ રચયિતા છે તો તેઓ પોતાને વંદન કેમ કરે ? આ પ્રકારે

શ્રુત દેવતાને નમસ્કારનું પદ પણ ગુણીને નમસ્કાર હોવા છતાં પણ સ્વયંને નમસ્કાર હોવાથી અહીં અનુપયુક્ત છે.

## નિબંધ–૧૦૦

# દ્વાદશાંગી શાશ્વત કે અશાશ્વત?

તાત્ત્વિક સૈદ્ધાંતિક વર્ણનની દષ્ટિએ દ્વાદશાંગી શાશ્વત છે. પોતાના શાસનના તીર્થંકર આદિના નામ, સ્તુતિ, ગુણકીર્તન વગેરેનું યથાસ્થાન ગણધર ભગવંત શાસનને અનુરૂપ સંપાદન કરે છે; પ્રશ્નોત્તર શૈલીના આગમ કે અધ્યયનની રચનામાં ગણધર પ્રભુ શાસન યોગ્ય નામ સંપાદિત કરી શકે છે એવો અધિકાર પ્રત્યેક શાસનના ગણધરપદ ધારણ કરનારને સ્વતઃ હોય છે.

શાસનના પ્રારંભમાં રચના થઈ ગયા પછી પણ તેના પછીની ઘટનાઓ લાંબી ઉંમરવાળા ગણધર યથાસમય યોગ્ય સ્થાન પર જોડી શકે છે. આ પ્રકારે ઘટનાઓ, કથાનક અને નામકરણ યોગ્ય સમજીને ગણધર સંપાદિત કરી શકે છે. બધા ગણધરોના મોક્ષ થઈ જવાના સેંકડો વર્ષ પછી પણ બહુશ્રુત પૂર્વધર આદિ બહુમતી, સહમતીથી સમુચિત ઘટનાઓ પ્રાપ્ત આગમમાં સંપાદિત કરી શકે છે. આ પ્રકારે એ પોતપોતાના તીર્થંકરના શાસન પૂરતું સંપાદન હોય છે, જેમાં સિદ્ધાંત અને તત્ત્વ રચનામાં પરિવર્તન થતું નથી.

આ જ કારણોથી વ્યક્તિગત તીર્થંકરના શાસનરૂપ પરિણત દ્વાદશાંગીમાં તીર્થંકર, ગણધરોના ગુણ-સંવાદ આદિ મળે છે. ભગવાન મહાવીરના જીવનથી સંબંધિત ગોશાલક, જમાલી વગેરે સંબંધી કેટલીક ઘટનાઓ પણ શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે અને રાજગૃહી નગરીના વર્ણન યુક્ત ઉત્થાનિકા હોવાનો હેતુ પણ એ જ સમજવો જોઈએ.

આમ દ્વાદશાંગી તત્ત્વ સિદ્ધાંતોની અપેક્ષા શાશ્વત પણ છે અને ઉપર્યુક્ત અપેક્ષાઓથી સ્વ-સ્વશાસન યોગ્ય સંપાદિત પણ હોય છે. એ માટે ગણધર રચિત દ્વાદશાંગી કહેવામાં આવે છે તથા વર્તમાન અવસર્પિણી હુંડાઅવસર્પિણી હોવાથી ગણધરોની પછી બહુશ્રુત પૂર્વધર આચાર્યો દ્વારા સંપાદિત પણ કોઈ અંશ અને નવા સંપાદિત શાસ્ત્ર પણ દશવૈકાલિક, પ્રજ્ઞાપના, છેદસૂત્ર અને નંદીસૂત્ર આદિ મળે છે. અનેકાંત સિદ્ધાંતથી આ વિષયને સમજીને ઉત્પન્ન થનારી જિજ્ઞાસાઓનું સમાધાન કરી શકાય છે. તેમ છતાં બહુશ્રુત પૂર્વધરોની સંપાદન-રચના અને લહિયાઓ-શાસ્ત્ર લેખન કર્તાઓના મંગલરૂપ પદોમાં ભિન્નતા સમજવી જોઈએ.





તે બંનેને એક કે સમકક્ષ ગણી શકાય નહિ, આ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

## નિબંધ–૧૦૧

# શ્રમણોને કાંક્ષા મોહનું વેદન કેમ ?

શ્રમણ નિર્ગ્રંથ પણ કેટલા ય નિમિત્ત સંયોગ કે ઉદયવશ કાંક્ષા મોહનીયનું વેદન કરે છે અર્થાત્ કેટલા ય પ્રસંગો અને તત્ત્વોને લીધે તેઓ પણ સંદેહશીલ બની જાય છે. કવચિત્ સંદેહમાં અટવાઈ જવાથી કાંક્ષા મોહનીયનું વેદન થાય છે. પછી સમાધાન મેળવીને કે અમોઘ શ્રદ્ધા વાક્યનું સ્મરણ કરીને ગૂંચવણથી મુક્ત સ્વસ્થ અવસ્થામાં આવી જાય છે.

જે વધુને વધુ ગૂંચવાયા જ કરે છે અથવા તે ગૂંચવણમાં જ સ્થિર થઈ જાય છે, સમાધાન કે અમોઘ શ્રદ્ધા વાક્યના સ્મરણથી વંચિત રહી જાય છે તે સંયમ અને સમકિતથી ચ્યુત થઈ વિરાધક થઈ જાય છે. માટે શ્રમણ નિર્ગ્રંથોએ તત્ત્વ જ્ઞાન અનુપ્રેક્ષા કરતા સમયે શ્રદ્ધામાં સાવધાન રહેવું જોઈએ અને અમોઘ **શ્રદ્ધારક્ષક વાક્ય**ને માનસમાં સદા ઉપસ્થિત રાખવું જોઈએ.

સંદેહ ઉત્પત્તિના કેટલાક નિમિત્ત કારણ આવા છે– (૧) જ્ઞાનની વિભિન્નતાઓ (૨) દર્શનની વિભિન્નતાઓ (૩) આચારની વિભિન્નતાઓ (૪) લિંગ વેશભૂષાઓની વિભિન્નતાઓ (૫) સિદ્ધાંતોની વિભિન્નતાઓ (૬) ધર્મ પ્રવર્તકોની વિભિન્નતાઓ. એ જ પ્રમાણે (૭) કલ્પો (૮) માર્ગો (૯) મતમતાંતરો (૧૦) ભંગો (૧૧) નયો (૧૨) નિયમો અને (૧૩) પ્રમાણોની વિભિન્નતાઓ.

વ્યવહારમાં વિભિન્ન જીવોની એવી વિભિન્નતાઓ અને ભંગો કે નયોની વિભિન્નતાઓને જોઈને સમજી નહિ શકવાથી અથવા નિર્ણય નહિ કરી શકવાથી કુતૂહલ, આશ્ચર્ય અને સંદેહશીલ થઈને શ્રમણ નિર્ગ્રંથ કાંક્ષા મોહનીયના શિકાર બની શકે છે. તેથી ગુરુઓએ પોતાના શિષ્યોને પહેલાથી જ વિવિધ પ્રકારે બોધ દ્વારા દઢ મનોબલી બનાવવા જોઈએ જેથી તેઓ આવી સ્થિતિઓના શિકાર બનીને પોતાની સુરક્ષાને ભયમાં નાખનારા ન બને; જ્ઞાનના અમોઘ શસ્ત્રથી સદા અજેય બનીને પોતાના સંયમ અને સમ્યક્ત્વની સુરક્ષા કરવામાં સમર્થ રહે. પ્રત્યેક શિષ્યો સાધકોએ પણ પહેલાં સ્વયં આ પ્રકારે અજેય અને સુરક્ષિત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ અને અશ્રદ્ધાજન્ય દરેક પરિસ્થિતિમાં **શ્રદ્ધાના અમોઘ શસ્ત્ર** રૂપ વાક્યને મગજમાં સદા તૈયાર રાખવું જોઈએ કે, **ભગવદ્ ભાષિત તત્ત્વ તો સત્ય જ છે, તેમાં શંકા કરવા જેવું જરા પણ નથી.**

## નિબંધ–૧૦૨

# સૂક્ષ્મ સ્નેહકાય અને મસ્તક ઢાંકવું વિચારણા

ઊંચા, નીચા, ત્રાંસા સદા નિરંતર સૂક્ષ્મ સ્નેહકાય વરસે છે. શાસ્ત્ર પાઠમાં સૂક્ષ્મ અને સ્નેહકાય શબ્દ છે એ બંને ય મહત્ત્વના છે. એના પછી કહ્યું છે કે જેમ બાદર અપ્કાયના વર્ષાબુંદો(ટીપાં) મળીને, એકઠા થઈને ચિરકાળ–કેટલાક સમય સુધી રહે છે તેમ આ સૂક્ષ્મ સ્નેહકાય એકઠી થઈને રહેતી નથી પરંતુ પડતાં-વરસતાં જ તત્કાલ વિધ્વંશ–નષ્ટ થઈ જાય છે.

આ પ્રમાણે અહીં સૂક્ષ્મ સ્નેહકાયને બાદર અપ્કાય જેમ હોવાનો-માનવાનો નિષેધ કરેલ છે અને ઓસ, ઝાકળ, ધુમ્મસ વગેરે જેવી ચક્ષુગ્રાહ્યપણ આ સ્નેહકાય નથી અને તેનું અસ્તિત્વ જ્યાં પડે, વરસે ત્યાં જ નાશ પામી જાય છે. આવી સ્થિતિમાં આ સૂક્ષ્મ સ્નેહકાયના નામે માથા ઉપર કપડું ઓઢવું અથવા કામળી ઓઢવી અને સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલાં પણ એક પ્રહર સુધી કાંબળી ઓઢવાની પરંપરા અત્યંત વિચારણીય છે અર્થાત્ સમીક્ષા કરવા યોગ્ય છે. કારણ કે આગમમાં કામળી કે વસ્ત્ર રાખવાનો જ સાધુ માટે આગ્રહ નથી. અચેલ હોવું અથવા વસ્ત્રની ઉણોદરી કરવાનું પ્રશસ્ત કહ્યું છે. યુવાન, સ્વસ્થ સાધુને એક જાતના જ વસ્ત્ર રાખવાની અર્થાત્ માત્ર સુતરાઉ વસ્ત્ર રાખવાની જ શાસ્ત્રાજ્ઞા છે, બીજી જાતના વસ્ત્ર રાખવાનો સ્પષ્ટ નિષેધ છે, તો ઊની વસ્ત્રરૂપ કામળી રાખવાના જરૂરી નિયમ ઘડવા આગમ વિપરીત પ્રરૂપણા છે તથા આ સૂક્ષ્મ સ્નેહકાયનું ખોટું, ભ્રામક, મનમાન્યું તાત્પર્ય બતાવીને ગેરસમજથી ચલાવેલી આચરણ પદ્ધતિ માત્ર છે, એમ સમજવું જોઈએ. આ વિષયમાં વિશેષ સ્પષ્ટીકરણ સારાંશના પુસ્તકોમાં દશાશ્રુતસ્કંધ સૂત્ર અને ભગવતીસૂત્રમાં યથાસ્થાને કરવામાં આવેલ છે. વિશેષ જિજ્ઞાસુ પાઠકોએ તે સ્થળોનું અધ્યયન અવશ્ય કરવું જોઈએ.

## નિબંધ–૧૦૩

# ગર્ભસ્થ જીવ સંબંધી આગમિક પરિજ્ઞા

**(૧)** માતા-પિતાના સંયોગજન્ય શુક્ર-શોણિતનું મિશ્રણ ૧૨ મુહૂર્ત સુધી પુત્રોત્પત્તિને યોગ્ય રહે છે. **(૨)** ઉત્પન્ન થનાર જીવ સર્વ પ્રથમ તે મિશ્રણનો આહાર કરી શરીર બનાવે છે. **(૩)** આવનાર જીવ પાંચે ય ભાવેન્દ્રિય સાથે





લઈને આવે છે, દ્રવ્યેન્દ્રિય વિના આવીને જન્મે છે. **(૪)** તેજસ કાર્મણની અપેક્ષા સશરીરી જન્મે છે, શેષ શરીરની અપેક્ષા અશરીરી આવીને ઉત્પન્ન થાય છે. **(૫)** જન્મ પછી ગર્ભમાં રહેલ જીવ માતાએ કરેલ, પરિણમાવેલ આહારમાંથી થોડોક અંશ **ઓજ** રૂપ આહાર ગ્રહણ કરે છે. **(૬)** ગર્ભમાં રહેલ જીવને કવલ આહાર હોતો નથી. **(૭)** ગર્ભગત જીવને અને માતાને બંનેને એક-એક રસહરણી નાડી હોય છે. **(૮)** પુત્રની નાડી માતાને સ્પર્શતી હોય છે અને માતાની નાડી પુત્રને સ્પર્શતી હોય છે. માતાની નાડીથી પુત્ર આહાર પ્રાપ્ત કરે છે અને પોતાની નાડીથી આહારનો ચય ઉપચય-પાચન થાય છે. **(૯)** માનવ શરીરમાં ત્રણ **માતૃઅંગ** અને ત્રણ **પિતૃઅંગ** પ્રધાન કહેવામાં આવ્યા છે. સ્થાનાંગ સૂત્રમાં પણ તે કહેલ છે. સમય સમય ક્ષીણ થતા તે અંગ જીવન ભર રહે છે અર્થાત્ તે અંગમાં માતા-પિતાના જીવન અંશ આયુષ્ય પર્યંત રહે છે. **(૧૦)** ગર્ભગત જીવ અશુભ વિચારોથી યુદ્ધના વિચારોથી અને વૈક્રિય લબ્ધિથી યુદ્ધ કરતાં મરીને નરકમાં પણ જઈ શકે છે તથા શુભ વિચારોથી ધર્મભાવોથી દેવગતિમાં ઉત્પન્ન થઈ શકે છે. **(૧૧)** ગર્ભમાં રહેલ જીવ ચિત્તા, પસવાડે, અંતકુબ્જ આસનથી પણ રહે છે. માતાના સુવા પર સુએ છે, બેસવા, ઉભા રહેવા પર ગર્ભગત બાળક પણ તેમ રહે છે. માતાના સુખી-દુઃખી થવા પર તે સુખી-દુઃખી પણ થાય છે. **(૧૨)** ગર્ભગત બાળક પ્રસૂતિ વેળાએ મસ્તકથી કે પગથી આવે તો સુખપૂર્વક બહાર આવે છે, આડું ત્રાંસુ આવે તો કષ્ટપૂર્વક બહાર આવે છે અથવા મરી જાય છે. **(૧૩)** અશુભ કર્મ લઈને આવનાર કાળા, કલૂટા, બેડોળ, અપ્રિય, અમનોજ્ઞ, હીનસ્વર, દીનસ્વર વગેરે **અનાદેય વચન** વાળા હોય છે. શુભ કર્મ સંગ્રહ કરીને આવનાર એનાથી વિપરીત ગૌરવર્ણ આદિ યાવત્ **આદેયવચન** વાળા હોય છે.

ગર્ભ સંબંધી આ વર્ણન શતક–૧માં છે અને કેટલાક તત્ત્વોનું કથન શતક–૨માં પણ કરવામાં આવેલ છે. જે આ પ્રમાણે છે– (૧) ઉદક ગર્ભ ઉત્કૃષ્ટ ૬ મહિના રહે છે. તિર્યંચનો ગર્ભ(ગર્ભગત જીવ) ઉત્કૃષ્ટ આઠ વર્ષ અને મનુષ્યનો ગર્ભ ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ ગર્ભરૂપે રહી શકે છે. ત્યાર પછી ગર્ભગત જીવ મરી જાય છે અથવા બહાર આવી જાય છે. મરનારો જીવ ફરી એ જ ગર્ભમાં આવીને ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ રહી શકે છે. આ પ્રમાણે એક જીવની નિરંતર એક જ ગર્ભસ્થળમાં રહેવાની કાયસ્થિતિ ૨૪ વર્ષની મનુષ્યની અપેક્ષાએ હોઈ શકે છે. (૨) એક જીવ એક ભવમાં અનેક સો વ્યક્તિઓના પુત્ર રૂપે ઉત્પન્ન થઈ શકે છે અર્થાત્ તેની માતાની યોનીમાં ૧૨ મુહૂર્તમાં એટલા પુરુષોનું વીર્ય પ્રવિષ્ટ થઈ શકે છે. સંજ્ઞી જલચર

તિર્યંચોમાં કે નદીમાં સ્નાન કરનારી સ્ત્રીઓની અપેક્ષા એવું સંભવી શકે છે અથવા એક સ્ત્રીનો સેંકડો પુરુષોની સાથે સંબંધ થઈ શકે છે ત્યારે તે બધા પુરુષોને તે સ્ત્રીના પુત્રના પિતા કહી શકાય છે. (૩) એક જીવને ઉત્કૃષ્ટ લાખો પુત્ર થઈ શકે છે. આ પણ કરોડ પૂર્વની ઉંમર અને તિર્યંચ પંચેન્દ્રિયની અપેક્ષા અધિક સંભવ છે. જલચર માદા એક સાથે લાખો ઈંડા મૂકી શકે છે અથવા સ્ત્રી યોનીમાં એક સાથે લાખો જીવ ઉત્પન્ન થઈને વિનષ્ટ થઈ જાય છે; તે પણ પુત્ર જ કહેવાય છે. આ જ કારણે મૈથુન સેવનમાં થનારા અસંયમને સમજાવવા માટે અહીં રૂ થી ભરેલી નળીમાં તપાવેલી શલાકા–સળી મૂકવાનું દષ્ટાંત ઉપમિત કરવામાં આવ્યું છે. મૈથુન સેવન મોહ પરિણત આત્મવિકાર ભાવ છે. એ સ્વયં ચોથું પાપ છે તથા લાખો પંચેન્દ્રિય જીવોના વિનાશનું કારણ હોવાથી પ્રથમ પાપથી યુક્ત પણ છે. એથી અબ્રહ્મને (કુશીલને) દશવૈકાલિક અધ્યયન-૬માં **"અધર્મનું મૂળ અને ઘણા દોષોનો ઢગલો છે,"** એવું બતાવવામાં આવ્યું છે.

## નિબંધ–૧૦૪

## કવલાહારનું પરિણમન

જીવના આત્મપ્રદેશોનું વિભાજન ક્યારે ય થતું નથી તે દેશથી કે અર્ધેથી ઉત્પન્ન થતા નથી, સર્વ આત્મપ્રદેશોથી ઉત્પન્ન થાય છે. સર્વ આત્મ પ્રદેશોથી આહાર કરે છે અર્થાત્ આહારનું પરિણમન સર્વ આત્મપ્રદેશોથી થાય છે. માત્ર દેખાવ પુરતું ગ્રહણ નિસ્સરણ મુખ આદિથી થાય છે. એ જ પ્રમાણે મૃત્યુ પણ સર્વ આત્મપ્રદેશોથી થાય છે. ગ્રહણ કરવામાં આવેલ આહાર પુદ્ગલોમાંથી ક્યારેક બધા આહારનું પરિણમન થાય છે, ક્યારેક દેશ આહારનું પરિણમન થાય છે અર્થાત્ રોમાહાર ઓજાહારમાં બધા ગ્રહણ કરાયેલ આહારનું પૂર્ણ પરિણમન થાય છે અને કવલાહારમાં સંખ્યાતમા ભાગનું આહાર રૂપે પરિણમન થાય છે, અવશેષ આહારનું નિસ્સરણ થઈ જાય છે. આ જ રીતે ચોવીસ દંડકમાં પણ સમજી લેવું જોઈએ.

***["અસંખ્યાતમા ભાગનું પરિણમન થાય છે" તેમ બોલવાની પરંપરા છે અને તેવો જ પાઠ પણ પ્રતોમાં મળે છે પરંતુ તે પાઠ અશુદ્ધ થઈ ગયેલ હોય તેમ જણાય છે. કારણ કે એકવારના કવલાહારમાંથી અસંખ્યાતમા ભાગનું પરિણમન થતાં જિંદગીમાં એક લાખ વાર ગ્રહણ કરેલા આહારનું કુલ પરિણમન એક લાખ અસંખ્યાતમા ભાગ થતાં એક ગ્રામ જેટલું પરિણમન પણ શરીરમાં નહીં થાય ત્યારે***





***બાલકના શરીરની વૃદ્ધિ થવી અસંભવ થઈ જાય, માટે સંખ્યાતમા ભાગના આહારનું પરિણમન સ્વીકારવું જ ઉચિત થાય છે. તે જ કારણે અહીં પ્રશ્નોત્તરમાં અને આ પ્રસંગે આગમ સારાંશમાં પણ સંખ્યાતમા ભાગને જ મૌલિક રૂપે સ્વીકારેલ છે.]***

## નિબંધ–૧૦૫

## વ્યવહારનય-નિશ્ચયનય કાલાશ્યવેશી અણગાર

કાલાશ્યવેશી અણગાર ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય હતા અને બાહ્ય પ્રવૃત્તિ અથવા વ્યવહારના આચરણ પ્રત્યે કંઈક સંદેહશીલ હતા અર્થાત્ આ વેશભૂષા અને બાહ્ય પ્રવૃત્તિઓ– સામાયિક, સંવર આદિ કેવી રીતે થઈ શકે છે.

ભગવાન મહાવીર સ્વામીના સ્થવિર ભગવંતોનો સમાગમ થવા પર પોતાની મૂંઝવણને તેમણે જિજ્ઞાસારૂપમાં અને આક્ષેપાત્મક શબ્દોમાં વ્યકત કરી, સ્થવિર ભગવંત અનુભવ વૃદ્ધ હતા. તેઓ તે અણગારની મનોસ્થિતિ સમજી ગયા અને વ્યવહારને ગૌણ કરીને નિશ્ચય નયની ભાષામાં બોલ્યા કે– આત્મા જ સામાયિક અને સામાયિક નો અર્થ છે, આત્મા જ સંવર અને સંવરનો અર્થ છે, પ્રત્યાખ્યાન વિવેક અને વ્યુત્સર્ગ પણ આત્મા જ છે. ગુણ ગુણીમાં હોય છે એથી એ સૌ આત્મસ્વરૂપ જ છે.

**પ્રતિપ્રશ્ન–** તો પછી ક્રોધમાન વગેરે પણ આત્મસ્વરૂપ જ છે, આત્મામાં હોવાથી; તો તેની ગર્હા શા માટે કરાય છે ? **સમાધાન–** ક્રોધાદિ આત્મસ્વરૂપ હોવા છતાં પણ અવગુણ રૂપ છે. તેની ગર્હા-વિવેક સંયમને માટે કરાય છે. ગર્હા દોષનો વિનાશ કરનારી છે તેમજ બાલભાવનું નિવારણ કરે છે. જેનાથી આત્મામાં સંયમ પુષ્ટ થાય છે, આત્મા સંયમમાં સ્થિર થાય છે.

સ્થવિરોનો સીધો અને સચોટ ઉત્તર કાલાશ્યવેષી અણગારને સરલતા પૂર્વક હૃદયગ્રાહી બન્યો. તેને અત્યંત સંતોષ થયો અને વિધિ સહિત વંદન કરીને તેણે કૃતજ્ઞતાના ભાવો નિમ્ન શબ્દોથી વ્યક્ત કર્યા, યથા– હે ભગવન્ ! આ પદોને મેં પહેલા જાણ્યા સાંભળ્યા ન હતા, તેનો મને બોધ ન હતો, અભિગમ (જ્ઞાન) ન હતું, અદષ્ટ, અશ્રુત, અવિચારિત, અવિજ્ઞાત, અપ્રગટ, અનિર્ણિત, અનિર્યૂઢ અને અનવધારિત હતા. આ વિષયમાં મને શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ નહિ હતી પરંતુ આપના દ્વારા એ પદોનો સાચો અર્થ પરમાર્થ સમજવા મળ્યો યાવત્ અવધારણ થવાથી હવે હું એ પદોની યથાર્થ શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરું છું જેમ કે આપે સમજાવ્યું છે.

આમ સરલાત્મા કાલાશ્યવેષી પુત્ર અણગાર મહાવીરના શાસનમાં સ્થવિર ભગવંતો પાસે પુનઃ મહાવ્રતારોપણ કરીને પાંચ મહાવ્રત-સપ્રતિક્રમણ ધર્મમાં દીક્ષિત બન્યા અને અનેક વર્ષ સંયમ પર્યાયનું પાલન કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા

**સામાયિક આદિના વ્યવહારનય પ્રધાન અર્થ–** (૧) સમભાવોમાં લીન બનવું, સાવદ્ય યોગોનો ત્યાગ કરવો એ **સામાયિક** છે. નવા કર્મોને રોકવા, જુનાનો ક્ષય કરવો એ સામાયિકનું પ્રયોજન છે. (૨) પાપોનો અથવા આહારાદિ પદાર્થોનો ત્યાગ કરવો એ **પ્રત્યાખ્યાન** છે. આશ્રવ રોકવો અને કર્મ નિર્જરા કરવી તે તેનું પ્રયોજન છે. (૩) પૃથ્વીકાયની જતના કરવી સંયમ, એમ ૧૭ પ્રકારના સંયમ અને ઈન્દ્રિય-મનનો નિગ્રહ કરવો સંયમ છે. (૪) સંવર–આશ્રવ નિરોધ (૫) વિવેક– વિશેષ બોધ. હેય ઉપાદેય તત્ત્વનું પૃથક્કરણ કરવું, ત્યાગ ન થાય તે પ્રવૃત્તિમાં વિવેકથી આચરણ કરવું. (૬) વ્યુત્સર્ગ–હેયનો ત્યાગ કરવો. પ્રવૃત્તિઓનો વધુમાં વધુ ત્યાગ કરવો, વિવેક અને વ્યુત્સર્ગ પણ સમ્યક અવબોધ પ્રાપ્તિમાં ઉપયોગી છે. આ એ છ પદોનો વ્યવહાર નય અપેક્ષા અર્થ-પ્રયોજન છે. નિશ્ચય અને વ્યવહાર બંને નય સાપેક્ષ મોક્ષમાર્ગની સાધના-આરાધના એ જ સાધકને સફળતા પ્રાપ્ત કરાવે છે.

### નિબંધ–૧૦૬

## અપ્રત્યાખ્યાની ક્રિયા કોને લાગે

અવ્રતી ચાર ગુણસ્થાન સુધીના જીવોને અવિરતિની અપેક્ષાએ આ ક્રિયા લાગે છે. પાંચમા, છટ્ઠા આદિ ગુણસ્થાનવાળાઓને વ્રત-પ્રત્યાખ્યાનની રુચિ થઈ જવાને કારણે આ ક્રિયા લાગતી નથી. આ ક્રિયામાં વર્તમાનના સાધન સંયોગ પુરુષાર્થનો કોઈ પ્રભાવ નહિ હોવાથી હાથી અને કીડી કે રાજા અને રંક બધાને આ ક્રિયા અવ્રતને કારણે લાગતી રહે છે. આ ભવમાં કંઈ પણ કર્યા વિના લાગનાર આ અવ્રત ક્રિયાથી છૂટવા માટે સીધો અને સરળ ઉપાય એ છે કે સમ્યક તત્ત્વોના અવબોધ અને શ્રદ્ધાની સાથે સાથે વ્રતોના સ્વરૂપને પણ સમજીને શ્રદ્ધા કરીને યથાશક્ય વ્રત-ત્યાગ-પ્રત્યાખ્યાનોનું અવધારણ કરતા રહેવું જોઈએ.

### નિબંધ–૧૦૭

## આધાકર્મ દોષવાળો આહાર અને તેનું ફળ

સંકલ્પ પૂર્વક જાણી જોઈને આધાકર્મ આહારનું સેવન કરવાથી જૈન





શ્રમણને સાત કર્મોની પ્રકૃતિ સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધની વૃદ્ધિ થાય છે. હળવા કર્મ ગાઢ બને છે અલ્પસ્થિતિ દીર્ઘ બને છે, અશાતા વેદનીયનો અધિકતમ બંધ થાય છે. ક્યારેક આયુષ્યનો બંધ થાય છે અને અનંત સંસારમાં પરિભ્રમણ વધે છે. કારણ કે તે શ્રમણ પોતાના આચાર ધર્મનું અતિક્રમણ કરે છે, છકાય જીવોના ઘાતની પરવાહ કરતા નથી અને દયા-ભાવની ઉપેક્ષા કરે છે તેમજ જેના શરીરનો આહાર કરે છે તે જીવો પર અનુકંપા કરતા નથી અને તેના જીવનની જીવવાની અપેક્ષા રાખતા નથી.

પ્રાસુક અને એષણીય આહાર કરનાર શ્રમણ સાતે ય કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશોની વૃદ્ધિ નહિ કરીને તે કર્મોને શિથિલ કરે છે, કારણ કે શુદ્ધ આહાર ગવેષક ભિક્ષુ પોતાના આચાર ધર્મનું સંરક્ષણ કરે છે, છકાય જીવોની અનુકંપાથી ભાવિત બને છે. તે તે જીવોના જીવનની અપેક્ષા રાખે છે તેથી છેવટે તેઓ સંસારથી મુક્ત થઈ જાય છે. વાસ્તવમાં સંયમમાં અસ્થિર ચિત્ત થઈ જનારા આત્મામાં જ વ્રત નિષ્ઠા, આચારનિષ્ઠા **પલોટ્ટઇ**–પરિવર્તન થઈ જાય છે, બદલાઈ જાય છે; જેનાથી તે વ્રત ભંગ કરે છે. જે સંયમમાં સ્થિરચિત્ત રહે છે તેઓની આત્મામાં આચાર નિષ્ઠા બદલાતી નથી, જેથી તે વ્રતભંગ કરતા નથી. આ પ્રમાણે પંડિત પણું અને બાલપણું(બાલત્વ) અશાશ્વત છે, બદલાતું રહે છે પરંતુ પંડિત અને બાલ બનનાર જીવ શાશ્વત છે.

**પ્રશ્ન–** આધાકર્મી વગેરે આહારના દોષોની ઉપેક્ષા કરવાથી શું થાય છે ?

**જવાબ :–** અહીં એ સમજાવ્યું છે કે ગવેષણાના મુખ્ય દોષ– આધાકર્મ, ક્રીત, સ્થાપના, રચિત દોષ અને કંતારભક્ત, દુર્ભિક્ષ ભક્ત, બદ્દલિયા ભક્ત, ગ્લાન ભક્ત, શય્યાતરપિંડ, રાજપિંડ આદિના વિષયમાં જે શ્રમણ (૧) આમાં કોઈપણ દોષ નથી એવું મનમાં વિચારે (૨) એવું વિચારીને ખાય (૩) એવું વિચારીને અન્યને આપે (૪) અનેક લોકોમાં એવી પ્રરૂપણા કરે; આ પ્રકારના પ્રવર્તનોમાં જો તે કાળ કરી જાય તો વિરાધક થાય છે પરંતુ પોતાની ભૂલ સ્વીકાર કરીને આલોચના પ્રાયશ્ચિત્ત કરી લે તો તે આરાધક થાય છે.

### નિબંધ–૧૦૮

## એકેન્દ્રિય અને શ્વાચ્છોશ્વાસ

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ તથા વનસ્પતિ એ પાંચે ય એકેન્દ્રિય જીવ પણ ત્રસ જીવોની જેમ નિરંતર શ્વાસોશ્વાસ લે છે, શ્વાસોશ્વાસ વર્ગણાના

પુદ્ગલોને ગ્રહણ કરે છે. તેઓ છ દિશાથી અથવા કોઇ ત્રણ, ચાર અને પાંચ દિશાથી પણ શ્વાસોશ્વાસ ગ્રહણ કરે છે. લોકમધ્યમાં છ દિશાથી અને લોકાંતમાં સ્થિત જીવ ત્રણ, ચાર,પાંચ દિશાથી શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરે છે. વાયુકાયના જીવ પણ નિરંતર વાયુના શ્વાસોશ્વાસ લે છે, સૈદ્ધાંતિક દષ્ટિએ જેને શ્વાસોશ્વાસ વર્ગણાના પુદ્ગલ કહેવામાં આવે છે, તેને જ સ્થૂલ દષ્ટિએ વ્યવહારથી વાયુ કહેવાય છે. શ્વાસોશ્વાસ વર્ગણારૂપ વાયુ અચેત હોય છે અને વાયુજીવ રૂપ વાયુકાય સચિત્ત સજીવ હોય છે. સમસ્ત જીવ સૃષ્ટિ અચેત વાયુ રૂપ શ્વાસોશ્વાસ વર્ગણાના (ઓકસીજનના-પ્રાણ વાયુના) શ્વાસ લે છે. એકેન્દ્રિય જીવ ત્વચાથી, સ્પર્શેન્દ્રિયથી શ્વાસ લે છે.

### નિબંધ–૧૦૯

## કેવળી ભગવંતોનો આહાર

સર્વજ્ઞ સર્વદર્શી ભગવાનને એવો કોઇ એકાંત આગ્રહ હોતો નથી. તેઓ જ્ઞાનથી જેવી સ્પર્શના દેખે-જાણે, તેવું જ આચરણ કરી લે છે. સ્કંધક સંન્યાસી ભગવાન પાસે આવ્યા તે દિવસોમાં ભગવાન નિત્યભોજી હતા, એવું મૂળ પાઠમાં કથન છે. એમ અન્ય સમયે ક્યારેક નિત્યભોજી ન પણ હોય ત્યારે તપસ્યા કરવાનું પણ સ્પષ્ટ થઇ જાય છે. ભગવાન મહાવીર સ્વામીએ ગોશાલકના ઉપદ્રવથી અભિભૂત થઇને-આતંકિત થઇને પણ ૬ મહિના સુધી ઔષધ ગ્રહણ ન કર્યું અને અંતમાં સિંહા અણગારને મોકલીને નિર્દોષ ઔષધ મંગાવીને તેનું સેવન પણ કરેલ હતું. આ રીતે ભગવતી સૂત્રના આ બંને વર્ણનોથી પણ એ સ્પષ્ટ થાય છે કે ભગવાન આહાર, ઉપવાસ, ઔષધ આદિના સંબંધમાં અનાગ્રહી વૃત્તિવાળા હતા.

### નિબંધ–૧૧૦

## તુંગિયા નગરીના શ્રાવકોના ગુણ

**ઐહિક ઋદ્ધિ– (૧)** તે શ્રમણોપાસક ઋદ્ધિસંપન્ન હતા (૨) પ્રભાવ-શાળી હતા અથવા સદા પ્રસન્ન રહેનારા હતા **(૩)** તેઓના લાંબા-પહોળા અનેક ભવન હતા **(૪)** આસન, શયન, વાહનોની તેઓને ત્યાં અધિકતા હતી **(૫)** ઘણું ધન હતું અને સોના ચાંદીના પણ ભંડાર ભર્યા રહેતા હતા **(૬)** તેઓ લેવડ-દેવડ અને વ્યાજનો ધંધો કરનારા હતા **(૭)** જમ્યા પછી ઘણું ભોજન તેઓના ઘરોમાં





બચતું હતું જે અનેક લોકોને અને કામ કરનારાઓને આપવામાં આવતું હતું **(૮)** તેઓના ઘરોમાં કામ કરનારા અનેક દાસ-દાસી અને નોકર કર્મચારી રહેતા હતા, ગાયો-ભેંસો, ઘેટાં-બકરાં આદિ અનેક પશુ પણ રહેતાં હતાં **(૯)** અનેક લોકોમાં ઋદ્ધિ અને પ્રતિષ્ઠાની અપેક્ષા તેઓ અપરાભૂત હતા અર્થાત્ અનેકોથી તેઓ અધિક ઋદ્ધિસંપન્ન હતા.

**ધાર્મિક આત્મગુણ– (૧) अभिगयजीवाजीवे**– તેઓએ જીવ તથા અજીવ તત્ત્વના સ્વરૂપને સમજીને આત્મસાત કરેલ હતું; પુણ્ય-પાપ તત્ત્વના અર્થ-આશયને સમજીને હૃદયંગમ કર્યો હતો; આશ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ અને મોક્ષના સ્વરૂપ સાધન આચરણને તથા બંધન અને તેનાથી મુક્તિના સ્વરૂપને સમજેલ હતા; અર્થાત્ તેઓ ૯ તત્ત્વ, ૨૫ ક્રિયાઓના તલસ્પર્શી જ્ઞાતા હતા અને હેય, જ્ઞેય, ઉપાદેય તત્ત્વોના જ્ઞાની, તત્ત્વજ્ઞ, તત્ત્વાનુભવી, તત્ત્વસંવેદક અને તત્ત્વદષ્ટા વિદ્વાન હતા. **(૨)** પોતાના સુખ દુઃખને સમભાવપૂર્વક સહન કરવા કોઇ પણ દેવી-દેવતાની સહાયની આકાંક્ષા–ઇચ્છા તેઓ નહિ કરતા હતા. પોતાની ધર્મ શ્રદ્ધામાં તેઓ એટલા દઢ મનોબળવાળા અનુભવી હતા કે કોઇ પણ દેવ-દાનવ તેઓને ધર્મશ્રદ્ધાથી વિચલિત કરી શકતા ન હતા. **(૩)** નિર્ગ્રંથ પ્રવચનમાં અર્થાત્ જિનેશ્વર ભાષિત કોઇ પણ તત્ત્વ કે આચારમાં સંદેહ રહિત, સંદેહાતીત હતા, ધર્મ અને ધર્મફળમાં તેઓને અંશમાત્ર પણ શંકા ન હતી. જિન ધર્મ સિવાય અન્ય ધર્મોમાં અથવા તેઓના પ્રવક્તાઓમાં તેમની કોઇ આકાંક્ષા કે આકર્ષણ પણ નહિ હતું. એથી તેઓ પોતાના પ્રાપ્ત જિનધર્મમાં નિષ્ઠા, રુચિથી પૂર્ણ સંતુષ્ટ હતા. **(૪)** તેઓ જિનધર્મના સૂક્ષ્મ કે ગહન અથવા સામાન્ય લાગતા એમ સર્વ તત્ત્વોનું ચિંતન મનન કરી યોગ્ય પ્રશ્ન ચર્ચાથી તેના પરમાર્થને, રહસ્યને પ્રાપ્ત કરેલ હતું અને તેને આત્મામાં વિનિશ્ચિત પાકું કરેલ હતું. **(૫)** ધર્મપ્રેમ સંબંધી અનુરાગ-આસ્થા-નિષ્ઠા તેઓની રગ-રગમાં ભરેલી હતી, તેમના હાડો-હાડમાં ધર્મરંગ ઉતરી ચૂક્યો હતો. **(૬) अयमाउसो ! णिग्ग थे पावयणे अट्ठे...** ! તેઓના ધર્મરંગની ઉત્કૃષ્ટતા એ પ્રકારે પ્રમાણિત હતી કે તેઓ જ્યાં પણ કોઇ શ્રાવક એકઠા થતા, ધર્મ ચર્ચા થતી તો તેઓના અંતરમાંથી સહજ શબ્દ નીકળતા હતા કે આ જીવનમાં કંઇ પણ સારભૂત તત્ત્વ છે તો તે નિર્ગ્રંથ પ્રવચન જ એક માત્ર અર્થભૂત છે, પરમાર્થ સ્વરૂપ છે, પ્રયોજનભૂત છે, શેષ સઘળો સંસાર પ્રપંચ, અસારભૂત છે, અનર્થભૂત છે, દુઃખદાયક છે.

**(૭) उसिहफलिहा-अव गुयदुवारा**– તેઓ ઉદાર હતા, દાની હતા, તેમના

ઘરના દ્વાર સદા યાચકોને માટે ખુલ્લા રહેતા હતા અર્થાત્ કોઇ પણ યાચક ત્યાંથી કંઇ ને કંઇ પ્રાપ્ત કરી લેતો હતો. બધાને માટે તેઓના ભાવ ઉદાર હતા, દિલ દરિયાવ હતા. તેઓને કોઈથી કોઇ પ્રકારનો ભય ન હતો. ખુલ્લા દરવાજા વાળા હતા. **(૮) चियत्त तेउर-घर-पवेसा**– કોઈપણ ઘર કે રાજાના રણવાસમાં તેઓનો પ્રવેશ ચિયત્ત–પ્રતીતકારી હતો અર્થાત્ તેઓનું શીલ સમાચરણ જીવન વ્યવહાર સમાજમાં લોકોમાં અને રાજયમાં પૂર્ણ વિશ્વસ્ત હતું. તેઓનું ચારિત્ર-સ્વદાર સંતોષવ્રત નિર્મળ હતું, ખ્યાતિપ્રાપ્ત હતું. અર્થાત્ તેઓથી કોઈને કોઈ પ્રકારનો ભય હતો નહિ અને તેઓ માટે પણ બધા લોકોના દ્વાર ખુલ્લા હતા. રાજદરબાર અને રાજ અંતઃપુરમાં પણ તેઓ વિશ્વાસપાત્ર હતા. **(૯)** તેઓ અનેક પ્રકારના ત્યાગ પ્રત્યાખ્યાન, અણુવ્રત, ગુણવ્રત, સામાયિક-પૌષધ આદિ ધારણ કરવામાં ઉત્સાહી, આળસ રહિત હતા. **(૧૦)** તેઓ શ્રમણ નિર્ગ્રંથોને યથાપ્રસંગ પોતાની અનુકૂળતા અનુસાર આહારાદિ ૧૪ પ્રકારના નિર્દોષ તથા સંયમ સહાયક પદાર્થોનું દાન દેતાં પોતે પણ યથાશક્તિ તપ સંયમનું આચરણ કરતાં આત્માને તેમાં જ ભાવિત કરતા હતા.

આ ગુણો પ્રત્યેક શ્રાવકમાં હોવા જોઈએ, આગમમાં શ્રેષ્ઠ આદર્શ શ્રમણોપાસકના વર્ણનમાં પ્રાયઃ આ પ્રકારના વિશેષણ–ગુણ સર્વત્ર વિસ્તૃત કે સંક્ષિપ્ત કોઇ ને કોઇ રૂપમાં પ્રાપ્ત હોય છે. ભૌતિક જીવનની વિશાળતા અને ધાર્મિક જીવનની મહાનતા બંનેના સુમેળ યુક્ત શ્રાવકનું જીવન શ્રેષ્ઠ અને આદર્શ ગણવામાં આવે છે.

## નિબંધ–૧૧૧

# ઈશાનેન્દ્રનો પૂર્વભવ

બીજા દેવલોકના ઈન્દ્ર ઈશાનેન્દ્ર પૂર્વભવમાં તામલી તાપસ હતા. તેણે તાપસી દીક્ષા લીધી હતી. તેનું કથાનક આ પ્રમાણે છે–

તામ્રલિપ્તિ નગરીમાં મૌર્યવંશમાં ઉત્પન્ન મૌર્યપુત્ર તામલી નામના ગાથાપતિ શેઠ રહેતા હતા. ધનાઢ્ય અને ૠદ્ધિસંપન્ન અને અનેક મનુષ્યો દ્વારા સન્માનિત હતા. એકવાર રાત્રિમાં તેને વિચાર આવ્યો કે પુણ્યથી પ્રાપ્ત આ સામગ્રી એકાંત ભોગવીને માત્ર ક્ષય કરવાનું જ ઉપયુક્ત નથી. માટે પુણ્ય છે ત્યાં સુધીમાં કંઈક આત્મસાધના કરવી જોઈએ. તદનુસાર તેણે **પ્રાણામા પ્રવ્રજ્યા** અંગીકાર કરવાનો નિર્ણય કર્યો. લૌકિક વ્યવહાર જાળવવા અર્થે અનેક





સ્વજન-પરિજનોને નિમંત્રિત કરીને ભોજન ઉપરાંત બધાને સંબોધિત સૂચિત કરી સત્કારિત સન્માનિત કરીને પુત્રોને કુટુંબનો ભાર સોંપીને, બધાની સંમતિ-સ્વીકૃતિ લઈને પ્રાણામા પ્રવ્રજ્યા સ્વીકારી. દીક્ષા લીધી ત્યારથી છઠના પારણે છઠ કરવાનો જીવનભરનો અભિગ્રહ-નિયમ કર્યો. પારણામાં તામલી તાપસ કાષ્ટપાત્રમાં ભિક્ષાચરી દ્વારા શુદ્ધ ભોજન પ્રાપ્ત કરીને તેને પાણીમાં ૨૧ વાર ધોઇ નીરસ બનાવી આહાર કરતા હતા. આ પ્રકારની ચર્યાનું પાલન તામલી તાપસે **સાઠ હજાર** વર્ષ સુધી નિરંતર કર્યું. પછી બે મહિનાનો પાદપોપગમન સંથારો તે જ તામ્રલિપ્તિ નગરીની બહાર કર્યો.

**પ્રાણામા પ્રવ્રજ્યા–** આ પ્રવ્રજ્યાવાળા સાધક દેવ, માનવ, દાનવ, પશુપક્ષી જે કોઈને ઉપર,નીચે, તિરછું જ્યાં દેખે ત્યાં તેને અત્યંત વિનયપૂર્વક પ્રણામ કરે છે. જે કોઈ સામે મળે તેને પણ પ્રણામ કરે છે.

સાઠ હજાર વર્ષ સુધી આ પ્રમાણે વિનય-વ્યવહાર, છઠ-છઠ તપ તથા પારણામાં ભિક્ષાચરીથી પ્રાપ્ત અને ૨૧ વાર પાણીથી ધોએલ આહાર અર્થાત્ ઉચ્ચકોટિના આયંબિલ આહારથી તેણે પોતાના ઔદારિક શરીરને તથા કાર્મણ શરીરને અત્યંત કૃશ કરી દીધું, હાડપિંજર જેવું શરીર બની ગયા પછી પણ જીવન રહેતાં અનશનની આરાધના શરૂ કરી હતી.

તે સમયે ઉત્તર દિશાના અસુરકુમાર દેવોની બલિચંચા રાજધાની, ઈન્દ્ર(બલીન્દ્ર)વિના ખાલી હતી અર્થાત્ ત્યાંના ઈન્દ્રનું ચ્યવન થઇ ચૂકયું હતું. નવા ઈન્દ્ર જનમ્યા ન હતા. ત્યાંના અનેક દેવ-દેવીઓએ ઉપયોગ લગાવીને તામલી તાપસને સંથારામાં જોયા અને અનેક દેવ દેવીઓએ તામલી તાપસની પાસે જઈ વિનયપૂર્વક નિવેદન કર્યું કે આપ નિયાણું કરીને અમારી રાજધાનીમાં ઈન્દ્ર રૂપે ઉત્પન્ન થઇ જાઓ. અનેક પ્રયત્ન કરવા છતાં પણ તે તાપસ તેઓના કોઇ પણ પ્રલોભનમાં ન પડયા અને નિષ્કામ નિયાણા રહિત બે માસનો સંથારો પૂર્ણ કરીને બીજા દેવલોકમાં ઈશાનેન્દ્રપણે ઉત્પન્ન થયા.

બલિચંચા રાજધાનીના દેવ દેવીઓએ જ્ઞાનમાં ઉપયોગ મૂકીને જાણ્યું કે તામલી તાપસ કાળધર્મ પ્રાપ્ત થયા છે અને ઈશાનેન્દ્ર રૂપે ઉત્પન્ન થયા છે તેમ જાણી-જોઈને અત્યંત ક્રોધિત થઈ મનુષ્ય લોકમાં આવીને તેના શરીરની કદર્થના કરી, સિંધરીને ડાબા પગમાં બાંધીને, ઢસરડીને તિરસ્કારાત્મક ઘોષણા કરતાં-કરતાં નગરમાં ફેરવ્યું અને અંતમાં ગામની બહાર એક તરફ ફેંકી દઈ ચાલ્યા ગયા. આ હકીકતને પોતાના દેવો દ્વારા જાણીને ઈશાનેન્દ્ર ક્રોધિત થઈ સીધમાં નીચાલોકમાં

રહેલી બલિચંચા રાજધાનીને પોતાની તેજોલેશ્યા યુક્ત એકાગ્ર દષ્ટિએ જોઇ. જેથી બલિચંચા રાજધાની ઈશાનેન્દ્રના દિવ્ય પ્રભાવથી લાલપીળી થઇ એકદમ તાપથી તપ્ત થઇ ગઇ. ત્યાંના દેવ-દેવી તાપથી હેરાન પરેશાન થઇ ગભરાવા લાગ્યા. અહીં તહીં ભાગવા લાગ્યા આખરે અસહ્ય સ્થિતિ થવાથી અને ઈશાનેન્દ્રના ક્રોધ પ્રભાવને સમજીને, નમ્ર બનીને, વિનય કરતાં-કરતાં ઈશાનેન્દ્રની ક્ષમાયાચના કરી અને હવે પછી એવું ક્યારે ય નહિ કરવાનો સંકલ્પ કર્યો. ત્યારે ઈશાનેન્દ્રે પોતાના દિવ્ય પ્રભાવને એટલે તેજોલેશ્યાને સંહરિત કરી લીધી.

આ પ્રસંગથી ઈશાનેન્દ્ર તિરછા લોકમાં પોતાની સાધના નગરી તામ્રલિપ્તિને અને રાજગૃહી નગરીમાં બિરાજિત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને જોયા. ઈશાનેન્દ્ર પ્રભુના અતિશયથી પ્રભાવિત થઇને પોતાની ઋદ્ધિ સહિત ભગવાનના દર્શન, પર્યુપાસના કરવા આવ્યા. ભગવાનના સમવસરણમાં સૂર્યાભ દેવની જેમ ૩ર પ્રકારના નાટક બતાવીને ચાલ્યા ગયા. ત્યારે ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ આ ઉપરોક્ત ઘટનાનું દિગ્દર્શન કરાવ્યું.

છઠ-છઠના પારણા અને પારણામાં ૨૧ વાર આહારને ધોઇને ખાવો તથા બે મહિનાનો પાદપોપગમન સંથારો, તેમાં પણ બલિચંચા રાજધાનીના દેવ-દેવીઓના પ્રલોભનમાં નહિં આવવું અને નિયાણું નહિ કરવું; એવી વિકટ તપમય આદર્શ સાધનાના પ્રભાવથી તે અત્યંત હળુકર્મી બની ગયા હતા. પછી દેવગતિ સ્વભાવથી વિશિષ્ટ અવધિજ્ઞાનના કારણે પોતાની નગરીને, પોતાના શરીરને જોવા માટે ઉપયોગ લગાડતાં ભગવાન મહાવીર સ્વામીને પણ જોયા. તેઓની અતિશય સંપદા, સાધુ સંપદા, આચાર સંપદા વગેરેથી પ્રભાવિત થઇ શુભ ચિંતન, શુભ અધ્યવસાયોથી દેવગતિમાં પણ સમ્યગદષ્ટિ બની શકે છે અને સમ્યગદષ્ટિ થઇ જવાથી ભગવાનના દર્શન કરવા જવાનું આકર્ષણ સહજ થઇ શકે છે.

**પરંપરાએ એવું પણ માનવામાં આવે છે કે** પાદપોપગમન સંથારાના સમયે પાછલા દિવસોમાં ક્યારેક તેણે ત્યાંથી જતાં-આવતાં ઈર્યાસમિતિ યુક્ત એકાગ્ર દષ્ટિથી ચાલતા જૈન શ્રમણોને જોયા હતા ત્યારે અનુપ્રેક્ષા કરતા તેને જૈન આચાર પર સમ્યક શ્રદ્ધા ઉત્પન્ન થવાથી(ત્યાગી તપસ્વી હળુકર્મી તો હતા જ) સહજ ભાવોથી સમકિતની પ્રાપ્તિ થઇ ગઇ હતી અને એ પરિણામોમાં સંથારો પૂર્ણ કરીને સમ્યગ્દષ્ટિ સહિત ઈશાનેન્દ્ર બન્યા હતા.

સાર એ છે કે તે ભગવાનની પાસે ભક્તિપૂર્વક દર્શન કરવા માટે ગયા





હતા અને ભગવાનને સર્વજ્ઞ તરીકે સ્વીકાર કરીને ગૌતમાદિને પોતાની ઋદ્ધિ ૩ર નાટક દ્વારા બતાવી અને ભક્તિપૂર્વક વંદન કરીને ચાલ્યા ગયા. આ આગમ વર્ણનથી પણ આ ઈન્દ્રનું તે સમયે સમ્યગ્દષ્ટિ હોવું સ્પષ્ટ થાય છે. ગ્રંથોમાં એ પણ પ્રસિદ્ધ છે કે વર્તમાનના ૬૪ ઈન્દ્ર સમ્યગ્દષ્ટિ છે તથા એક મનુષ્ય ભવ કરીને તે બધાય મોક્ષ જનારા છે. તેથી દાનામા પ્રવ્રજ્યાનું પાલન કરીને ઈન્દ્ર બનેલા ચમરેન્દ્ર પણ અત્યારે સમ્યગ્દષ્ટિ છે અને એક ભવ કરીને મોક્ષ જનારા છે. 'પ્રત્યેક જીવે ૬૪ ઈન્દ્ર રૂપે અનંતભવ કર્યા છે.' આ કથન અનુસાર ઈન્દ્રોમાંથી કોઇ પણ ક્યારે ય પણ મિથ્યાદષ્ટિ કે સમ્યગ્દષ્ટિ બંને પ્રકારના હોઇ શકે છે. પરંપરા માત્ર વર્તમાનના ૬૪ ઈન્દ્રોને એક ભવાવશેષી મોક્ષગામી માનવાની છે.

## નિબંધ–૧૧૨

# ચમરેન્દ્રનો જન્મ અને અહંભાવ

ભરતક્ષેત્રના વિદ્યાચલ પર્વતની તળેટીમાં બેભેલ નામનું સન્નિવેશ હતું. ત્યાં પૂરણ નામનો ગાથાપતિ હતો. તેણે પણ 'તામલી'ની જેમ સમય થતાં સાધના કરી લેવાનો નિર્ણય કરીને **દાનામા** પ્રવ્રજ્યા અંગીકાર કરી, ચૌમુખી કાષ્ટપાત્રમાં ભિક્ષા ગ્રહણ કરતો હતો. પાત્રના પહેલા ખાનામાં આવેલ આહાર પથિકોને, બીજા ખાનાનો આહાર કાગડા-કૂતરા વગેરેને, ત્રીજા ખાનામાં પ્રાપ્ત આહાર જલચર મચ્છ-કચ્છને દઈને ચોથા ખાનામાં મળેલ આહારથી છઠ-છઠના નિરંતર પારણા કરતો હતો. ૧ર વર્ષ સુધી આ પ્રમાણે તપસ્યા કરીને તેનું શરીર અત્યંત કૃશ થઈ જવાથી તે જ નગરની બહાર તેણે પાદપોપગમન સંથારો ધારણ કર્યો. એક મહિનાના સંથારાથી કાળ કરીને તે દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોની ચમરચંચા રાજધાનીમાં ચમરેન્દ્ર રૂપમાં ઉત્પન્ન થયો.

પર્યાપ્ત થતાં જ સ્વાભાવિક અવધિજ્ઞાનના ઉપયોગથી ઉપર સીધાણમાં શક્રેન્દ્રને જોયા. અજ્ઞાનવશ ક્રોધાયમાન થયો, પોતાના સામાનિક દેવોને સંબોધન કરી પૂછ્યું– આ મારી ઉપર કોણ બેઠો છે ? સામાનિક દેવોએ તેને જય-વિજયના શબ્દોથી વધાવી અને કહ્યું કે એ મહાન ઋદ્ધિસંપન્ન પ્રથમ દેવલોકના ઈન્દ્ર છે. એવું સાંભળીને તે ગુસ્સામાં અત્યધિક લાલપીળો થઇ ગયો. શક્રેન્દ્રની આશાતના કરવા જવાનો નિર્ણય કર્યો. અવધિજ્ઞાનથી પ્રભુ મહાવીરને ધ્યાનસ્થ જોયા અને વિચાર્યું કે ભગવાનનું શરણ લઈને જવું ઉચિત થશે. પોતાની શય્યામાંથી ઉઠીને ઉભો થયો. દેવદૂષ્ય વસ્ત્રનું પરિધાન કરીને શસ્ત્રાગારમાંથી **પરિઘરત્ન** નામનું

શસ્ત્ર લઈને એકલો જ ચમરચંચા રાજધાનીથી નીકળ્યો. પોતાના ઉત્પાત પર્વત પર આવીને ઉત્તર વૈક્રિય રૂપ બનાવીને સુંસુમાર નગરની બહાર ઉદ્યાનમાં જ્યાં ભગવાન અટ્ઠમભક્ત યુક્ત ૧૨ મી ભિક્ષુપડિમા ધારણ કરીને ધ્યાનસ્થ ઉભા હતા ત્યાં આવ્યો અને ભગવાનને વંદન, નમસ્કાર કરીને બોલ્યો કે હે ભગવન્ ! હું આપની નિશ્રા આશ્રય લઈને શક્રેન્દ્રની આશાતના કરવા જઈ રહ્યો છું. એવું બોલીને ઉત્તર પૂર્વમાં થોડે દૂર જઈ આકાશમાં વિકરાળ એક લાખ યોજનનું શરીર બનાવ્યું અને જ્યોતિષી વિમાનોને આઘાપાછા હટાવીને આતંક મચાવતાં પ્રથમ દેવલોકની સુધર્મા સભા સુધી પહોંચી ગયો. દેવલોકની ઈન્દ્રકીલને પોતાના પરિઘ રત્ન શસ્ત્રથી અથડાવીને આ પ્રમાણે બોલ્યો– ક્યાં છે શક્રેન્દ્ર ? ક્યાં છે તેના સામાનિક દેવ ? ક્યાં છે તેના આત્મરક્ષક દેવ અને ક્યાં છે તેની અપ્સરાઓ ? આજ હું શક્રેન્દ્રની ઘાત કરીશ અને બધાને મારા કાબૂમાં લઈ અધિનસ્થ કરીશ. એમ બોલીને શક્રેન્દ્રને અત્યંત અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અશુભ શબ્દોથી તિરસ્કૃત કરવા લાગ્યો. ત્યારે શક્રેન્દ્રે ક્રોધિત થઈ ચમરેન્દ્રને સંબોધીને અપમાન સૂચક શબ્દપ્રયોગ કરીને સિંહાસન પર બેઠા બેઠા જ પોતાના **વજ્ર** શસ્ત્રને ગ્રહણ કરી, ચમરેન્દ્રને મારવા માટે ફેંક્યું. એ વજ્રમાંથી હજારો ચિનગારીઓ, જ્વાળાઓ નીકળતી હતી તે આંખોને પણ અંજાવી દે એવું મહા ભયંકર ત્રાસજનક દેખાતું હતું.

તેને જોતા જ ચમરેન્દ્રનો ઘમંડ, ગુસ્સો નષ્ટ થઈ ગયો. તે તો ડરીને ઉંધે માથે ભાગ્યો અર્થાત્ માથું નીચે અને પગ ઉપર કરીને તત્કાળ ભગવાનની શરણમાં પહોંચી ગયો અને ***ભગવાન આપનું શરણ*** એમ બોલી ભગવાનના બંને પગની વચ્ચે નાનું રૂપ બનાવીને છુપાઈ ગયો. નીચે આવવામાં તેનું સ્વ-સ્થાન હોવાથી તેની ગતિ તીવ્ર હોવી સ્વાભાવિક છે. શક્રેન્દ્ર અને તેનું શસ્ત્ર તેને પહોંચી ન શક્યું. ભગવાન મહાવીરનું શરણ લઈને આવ્યો એવું જાણવાથી શક્રેન્દ્ર પણ શસ્ત્રને પકડવાને માટે તત્કાલ નીકળ્યા અને ભગવાનના મસ્તકથી ચાર આંગળ દૂર રહેલ વજ્રને શક્રેન્દ્રએ પકડી લીધું. શક્રેન્દ્રની મુટ્ઠીની હવાથી ભગવાનના મસ્તકના વાળ માત્ર કંપિત થયા.

ત્યારે શક્રેન્દ્રે ભગવાનને પરિસ્થિતિનું નિવેદન કરી તેમની ક્ષમા માગી. પછી થોડે દૂર જઈ ભૂમિને ત્રણવાર ડાબા પગથી આસ્ફાલીત કરી એટલે પગથી પછાડીને ચમરેન્દ્રને સંબોધન કરીને કહ્યું કે– ભગવાનના પ્રભાવથી તને છોડું છું, હવે તને મારાથી કોઈ ભય નથી. એમ કહીને શક્રેન્દ્ર દેવલોકમાં ચાલ્યો ગયો





અને ચમરેન્દ્ર પણ શક્રેન્દ્રથી મહા અપમાનિત થઈને ચૂપચાપ ચાલ્યો ગયો.

આ ઘટના ભગવાને ગૌતમસ્વામીના પૂછવાથી વર્ણવેલ છે અને પૂછવાનું કારણ પણ એ હતું કે તે સમયે પણ રાજગૃહી નગરીમાં ચમરેન્દ્ર ભગવાનના દર્શન કરવા આવેલ અને ગૌતમ આદિ અણગારોને પોતાની ઋદ્ધિ તથા ૩૨ પ્રકારના નાટક બતાવીને ચાલ્યા ગયા હતા. તેથી તેનો ભૂતકાળ જાણવાની જિજ્ઞાસાથી ગૌતમસ્વામીએ આ પ્રશ્ન કર્યો હતો.

ઉપર જવામાં શક્રેન્દ્રની ગતિ તેજ હોય છે, ચમરેન્દ્રની ધીમી, નીચે જવામાં ચમરેન્દ્રની ગતિ તેજ અને શક્રેન્દ્રની ધીમી હોય છે. વજ્રની ગતિ નીચે કે ઉપર જવામાં બંને ઈન્દ્રોથી ઓછી જ હોય છે.

**પ્રશ્ન–** ચમરેન્દ્રના ઉપર જવાની ઘટનામાં અરિહંત પરમાત્મા અને ભાવિતાત્મા અણગારના શરણની વાત છે તો શું **મંદિર-મૂર્તિનું શરણ** પણ લઈ શકાય છે ?

**જવાબ– (૧)** આ સૂત્રની કોઈ નકલમાં **અરિહંત ચેઈયાઈ** પાઠ પણ છે પરંતુ પ્રાચીન પ્રતોમાં એવો પાઠ નથી. **(૨)** અરિહંત અને અણગારને માટે એક વચનનો પ્રયોગ છે તો અરિહંત ચૈત્યમાં બહુવચનનો પાઠ પણ સંદેહ ઉત્પત્તિનું કારણ છે અને નિરર્થક છે. **(૩)** શરણ પોતાનાથી બળવાનનું લેવામાં આવે છે. મંદિરમૂર્તિ તો સ્વયંનું પણ રક્ષણ કરી શકતી નથી, ચોર ચોરી કરી જાય છે, સરકાર જપ્ત કરી લે છે. **(૪)** કોઈ મૂર્તિ દેવાધિષ્ઠિત હોય તોપણ તે દેવ ભૂત કે યક્ષ હોવાથી ચમરેન્દ્ર આગળ તુચ્છ હોય છે અને અરિહંત સિદ્ધ ભગવાન તો તે મૂર્તિમાં ક્યારે ય હોતા નથી. તેથી ચમરેન્દ્રને શક્રેન્દ્રની આશાતના કરવામાં શરણું તો શક્રેન્દ્રથી પણ બળવાનનું જોઈએ. તેવું મૂર્તિમાં ક્યારે ય પણ સંભવ નથી. તેથી અરિહંત અને ભાવિતાત્મા અણગાર બેના શરણનો એકવચનવાળો પાઠ ઉપયુક્ત-યોગ્ય છે. **(૫)** શક્રેન્દ્રે વજ્ર ફેંકયા પછી ચિંતન કર્યું કે કોઈના શરણ વિના ચમરેન્દ્ર આવે નહિ તો એ ચિંતનના પાઠમાં અરિહંત અને ભાવિતાત્મા અણગાર બે જ શબ્દ બધી નકલોમાં-પ્રતોમાં છે. આ રીતે ચમરેન્દ્રના શરણ લેવાના ચિંતનમાં મૂર્તિનો પાઠ અને શક્રેન્દ્ર દ્વારા શરણના ચિંતનમાં મૂર્તિ વિનાનો પાઠ હોવાનું પણ શંકા ઉપજાવનાર છે. એક જ પ્રકરણમાં બે પ્રકારના પાઠ યોગ્ય કહી શકાતા નથી, માટે **અરિહંત ચૈત્ય** શબ્દ જે કોઈ પણ પ્રતમાં આવેલ છે તે યોગ્ય નથી, એમ માનવું જ સમાધાન કારક છે. જેથી બે(અણગાર અને અરિહંત)ના શરણવાળો પાઠ સંદેહ રહિત અને યોગ્ય હોવાથી સ્વીકાર્ય છે.

## નિબંધ–૧૧૩

# અચિત્ત પદાર્થ કોનું ત્યક્ત શરીર

પૃથ્વી, પાણી, મીઠું, વનસ્પતિના ફૂલ-પાંદડા આદિ સચિત્ત પદાર્થ અગ્નિ ઉપર ચડયા વિના સૂર્યના તાપથી કે અન્ય તીક્ષ્ણ ક્ષાર-અમ્લ પદાર્થોથી અચિત્ત થઈ જાય તો તે પોતાના મૂળભૂત-પૃથ્વી પાણીનું અથવા વનસ્પતિનું શરીર(મુક્ત શરીર) કહેવાય છે. જ્યારે કોઈ પણ મીઠું, પાણી કે વનસ્પતિ પદાર્થ આદિ અગ્નિથી તપીને અચિત્ત બને છે ત્યારે તે અગ્નિનું મુક્ત શરીર કહેવાય છે. પૂર્વભાવની અપેક્ષાએ તેને પૃથ્વી, પાણી અથવા વનસ્પતિનું શરીર કહી શકાય છે પરંતુ વર્તમાનમાં તો તે પદાર્થ અગ્નિ પરિણામિત થઈ જવાથી અગ્નિનું પરિત્યક્ત શરીર કહેવાય છે. તેનું કારણ એ છે કે કોઈપણ પદાર્થ અગ્નિથી પરિતપ્ત થાય છે ત્યારે અમુક માત્રામાં ગરમ થવાથી તે પદાર્થ પૂરો અગ્નિ જીવોથી ગ્રહિત થઈ જાય છે તે પૂરો પદાર્થ અગ્નિ જીવ પિંડ બની જાય છે અને અગ્નિ પરથી હટાવી લીધા પછી તરત અચિત્ત થઈ જાય છે. જેમ કે દીપક, ટયૂબ-લાઈટ,બલ્બ બુઝાતાં જ પૂર્ણ અચિત્ત થઈ જાય છે. અગ્નિ જીવોનો એવો જ સ્વભાવ હોય છે કે અગ્નિ પ્રદીપ્ત થતાં જ જીવ આવીને જન્મી જાય છે અને અગ્નિ બુઝાતાં જ બધા અગ્નિ જીવ મરી જાય છે. આ જ કારણે અગ્નિ પર તપ્ત થનારા પદાર્થ અમુક અંશ તાપમાનમાં અગ્નિકાય જીવમય બની જાય છે અને અગ્નિથી અલગ કરી દેતાં જ તત્કાલ અચિત્ત થઈ જાય છે. યથા– ગરમ દૂધ અગ્નિથી તપ્ત થતાં અગ્નિ જીવમય બને છે અને ત્યાંથી ઉતાર્યા પછી અગ્નિજીવના અચિત્ત શરીર રૂપ બને છે. પરંપરાએ–પૂર્વભાવની અપેક્ષાએ તે દૂધ પંચેન્દ્રિય ત્યક્ત શરીર પણ કહી શકાય છે અને વર્તમાન પરિણામે તે ગરમ દૂધ **અગ્નિકાય જીવ મુક્કેલગ શરીર** કહેવાય છે.

## નિબંધ–૧૧૪

# હરિણૈગમેશી દેવ સંબંધી સાચી જાણકારી

તે માટે ભગવતી સૂત્રમાં પાઠ આ પ્રમાણે છે– **हरी ण हरिणेगमेसी सक्कदूए इत्थि गब्भ स हरमाणे..।** **હરી** એ વ્યક્તિગત વિશેષ નામ છે. **हरिणेगमेसी**– આ હરીના વિશેષ ગુણને પ્રગટ કરનાર વિશેષણ છે. જેમાં ત્રણ શબ્દનો પદચ્છેદ થાય છે. **હરિ**=ઈન્દ્ર, **નૈગમ**=નિર્દેશવચન, આદેશ વચન,





**એસી**=અપેક્ષા રાખનારા, સ્વીકારનારા. પ્રથમ દેવલોકના ઈન્દ્ર શક્રેન્દ્રના આદેશને સ્વીકારનારા અર્થાત્ શક્રેન્દ્રના આજ્ઞાકારી દેવ. **सक्कदूए**– દૂત કર્મ કરનારા, સંદેશવાહક. પોતાના વિશ્વસ્ત વ્યક્તિ દૂતકર્મ યોગ્ય હોય છે.– (૧) તે શક્રેન્દ્રની સાત સેનામાંથી પાયદળ સેનાના અધિપતિ-મુખી એટલે સેનાપતિ દેવ પણ છે, એવું અન્યત્ર વર્ણનમાં આવે છે. (૨) અહીંના શબ્દપ્રયોગ અનુસાર એ શક્રેન્દ્રનો વિશ્વસ્ત સેવક–દૂત પણ છે. (૩) ગુણસંપન્ન વ્યુત્પત્તિ અર્થવાળું પ્રસિદ્ધ નામ છે હરિણૈગમેષી દેવ. (૪) વ્યક્તિગત નામકરણથી આ **હરી** નામવાળા હરિણૈગમેષી દેવ છે.

પ્રસ્તુતમાં આ દેવની પોતાની વિશેષ કાર્યકુશળતા દર્શાવી છે. પાયદળ સેનાના અધિપતિ અને શક્રેન્દ્રના દૂત હોવા છતાં પણ આ દેવ ગર્ભ સંહરણની કલામાં સિદ્ધહસ્ત(સ્પેશ્યાલીસ્ટ-વિશેષજ્ઞ) હોય છે. કોઈપણ ગર્ભને અન્યત્ર લઈ જવાને માટે તે યોનીદ્વારથી જ ગર્ભને બહાર કાઢે છે, તોપણ તે નખથી અથવા શરીરના રોમથી પણ ગર્ભને કાઢી શકે છે અને નિકાલતી વખતે ગર્ભને જરા પણ કષ્ટ થવા દેતા નથી એટલી સૂક્ષ્મતાથી ગર્ભ સંહરણનું કાર્ય કરવામાં આ દેવ દક્ષ હોય છે. તે જ કારણે ગર્ભસંહરણના પ્રસંગવાળા આગમ કથાનકોમાં આ જ દેવનો નામોલ્લેખ છે. અંતગડ સૂત્રમાં કૃષ્ણ વાસુદેવના પૌષધ સમયમાં આ જ દેવ ઉપસ્થિત થયેલ, તેના સૂચન અનુસાર ગજસુકુમાલનો જન્મ અને દીક્ષા થઈ હતી. કૃષ્ણના છ મોટા ભાઈઓનું પણ સંહરણ સ્થાનાંતરણ આ જ દેવે કર્યું હતું. ભગવાન મહાવીરને દેવાનંદાના ગર્ભમાંથી ઉઠાવીને ત્રિશલા માતાના શરીરમાં શક્રેન્દ્રની આજ્ઞાથી આ જ દેવે રાખ્યા હતા.

આ દેવના નામની અન્ય પણ અર્થની કલ્પના પરંપરામાં ચાલે છે કે હરિણના જેવું રૂપ ધારણ કરીને આવાગમન કે કાર્ય કરનાર દેવ. આ અર્થને લઈને ચિત્રની કલ્પનામાં લોકો હરણના જેવા લાંબાં શિંગ યુક્ત હરણમુખાકૃતિ સહિત આ દેવના આકારના ચિત્રની કલ્પના કરે છે. સંહરણ કરનારા, હરણ કરનારા હોવાથી લખવા કે ઉચ્ચારણ કરવામાં ક્યારેક **હરણગમેષી દેવ** એમ પણ ચાલે છે. આગમ સમ્મત વ્યુત્પત્તિ પરક શબ્દ અને અર્થ ઉપર કહેલ છે.

## નિબંધ–૧૧૫

# દેવોને મનઃપર્યવજ્ઞાન જેવી ક્ષમતા

મનઃપર્યવ જ્ઞાન મુનિઓને, શ્રમણોને જ થઈ શકે છે. દેવોને વિશિષ્ટ

અવધિજ્ઞાન હોય તો તેઓ મનમાં મનન કરેલ રૂપી દ્રવ્યોને જાણી દેખી શકે છે. રૂપી દ્રવ્યોને જાણવું અવધિજ્ઞાનનો વિષય છે. મન વચન પણ રૂપી જ છે, અરૂપી નથી. આ વિષયને દર્શાવનારી અનેક ઘટના અહીં ચોથા ઉદ્દેશકમાં વર્ણવેલ છે. તે આ પ્રમાણે છે– એકવાર બે દેવ ભગવાનની સેવામાં આવ્યા, મનથી જ વંદન નમસ્કાર કર્યા, મનથી જ પ્રશ્ન પૂછયા, ભગવાને પણ મનથી ઉત્તર આપ્યો, દેવ સંતુષ્ટ થયા, વંદન નમસ્કાર કરી યથાસ્થાને બેસી પર્યુપાસના કરવા લાગ્યા. ગૌતમસ્વામીને જિજ્ઞાસા થઇ કે એ દેવ કયા દેવલોકથી આવ્યા ? ગૌતમસ્વામી ઉઠીને ભગવાનની નજીક ગયા, વંદન કરીને પૂછવા ઇચ્છતા હતા ત્યાં તો ભગવાને પોતે જ સ્પષ્ટીકરણ કરી દીધું કે તમને આવી જિજ્ઞાસા થઇ છે. એ દેવ જ તમારી જિજ્ઞાસાનું સમાધાન કરી દેશે. ગૌતમસ્વામીએ ફરી ભગવાનને વંદન નમસ્કાર કર્યા અને દેવોની નજીક જવા તત્પર બન્યા. દેવો પોતાની તરફ આવતા ગૌતમ સ્વામીને જોઇને જાતે પ્રસન્ન વદને ગૌતમ સ્વામીની નજીક ગયા, વંદન નમસ્કાર કર્યા અને કહ્યું– અમે આઠમા સહસ્રાર દેવલોકના દેવ છીએ. અમે મનથી જ વંદન નમસ્કાર કરીને પ્રશ્ન પૂછયો, સમાધાન પણ મનથી જ મેળવ્યું અને પર્યુપાસના કરી રહ્યા છીએ. અમારો પ્રશ્ન હતો કે ભગવાનના શાસનમાં ભગવાનના જીવન કાલમાં કેટલા જીવ મોક્ષ જશે. ઉત્તર મળ્યો કે મારા શાસનમાં **૭૦૦ શ્રમણ** આ ભવમાં મોક્ષ જશે.***(આ પાઠ અનુસાર ગૌતમસ્વામી માટે ૧૫૦૦ કેવળીને લઇને ભગવાનના સમવસરણમાં આવવાની કથાની વાત બરોબર નથી. કારણ કે તે સમયે પણ ભગવાનનું શાસન જ ચાલતું હતું.)***

અહીં દેવો સંબંધી વર્ણન કરતાં એ પણ સમજાવવામાં આવ્યું છે કે ભલે એ સ્પષ્ટ છે કે દેવ અસંયત હોય છે, તેઓમાં ૪ ગુણસ્થાન જ હોય છે. છતાં પણ ભગવાને ગૌતમ સ્વામીના પૂછવા પર એ જ સમજાવ્યું કે દેવોને અર્થાત્ તેઓની સમક્ષ તેઓને અસંયત નહિ કહેવા કારણ કે તે નિષ્ઠુર વચન છે. પુણ્યવાન પુરુષોને તેઓની સમક્ષ નિષ્ઠુર વચન કહેવા એ અવિવેક અને અસભ્યતાનું દ્યોતક છે. તે જ સત્ય ભાવને અન્ય શબ્દોમાં, ભાષામાં કહી શકાય છે અર્થાત્ દેવને **નોસંયત** કહી શકાય છે. સંયત અને સંયતાસંયત એ બંને પણ દેવતાને માટે કહી શકાતા નથી. કારણ કે એવું કહેવામાં અસત્ય વચનનો દોષ લાગે છે.

દેવોની ભાષા અર્ધમાગધી છે. જેમ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષા કોઇ દેશ વિશેષથી સંબંધિત નથી કોઇપણ ક્ષેત્રથી અપ્રતિબદ્ધ સ્વતંત્ર ભાષા છે તેમજ અર્ધમાગધી દેવોની ભાષા મનુષ્ય લોકના કોઇ ક્ષેત્રથી પ્રતિબદ્ધ ન હોઇ





સ્વતંત્ર અનાદિ શાશ્વત ભાષા છે. વ્યુત્પત્તિ અર્થ કરતાં તેને માગધ દેશની મુખ્યતાવાળી મિશ્રિત ભાષા પણ માનવામાં આવે છે. તોપણ તીર્થંકરો અને દેવોની અનાદિ ભાષા હોવાની દષ્ટિએ કોઇ દેશવિશેષથી સંબંધિત નહીં કરવાનું જ ઉચિત લાગે છે.

કેવલીનું મન અને વચન પ્રકૃષ્ટ અર્થાત્ સ્પષ્ટ હોય છે. જેને વૈમાનિક સમ્યગ્દષ્ટિ દેવ પર્યાપ્ત અને ઉપયોગવંત બને તો અવધિજ્ઞાનથી પણ જાણી શકે છે. મિથ્યાદષ્ટિ આદિ જાણી શકતા નથી. અનુત્તરવિમાનના દેવોને પણ અવધિ જ્ઞાન વિશિષ્ટ હોય છે. જેનાથી તેઓને મનોદ્રવ્ય વર્ગણા લબ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી તે દેવ ત્યાં રહેલા જ મનુષ્ય લોકમાં વિચરતા કેવળજ્ઞાની સાથે વાર્તાલાપ પ્રશ્નોત્તર કરી શકે છે. અનુત્તર વિમાનના દેવોનું મોહકર્મ અત્યંત ઉપશાંત હોય છે, તે તેઓના પૂર્વભવની સમ્યક આરાધનાનો પ્રભાવ છે.

## નિબંધ–૧૧૬

## આચાર્ય-ઉપાધ્યાયના કર્તવ્ય પાલનનું ફળ

ભગવતી શતક–૫, ઉદ્દેશક-૬ના અંતમાં બતાવ્યું છે કે જે આચાર્ય, ઉપાધ્યાય રુચિપૂર્વક, ઉત્સાહપૂર્વક, ખેદ વિના પોતાની જવાબદારીનું યથાર્થ પાલન કરે; પોતાનો સંયમ ઉન્નત રાખતા નિશ્રાગત બધા શ્રમણ-શ્રમણીઓનો સંયમ પણ ઉન્નત થાય તેનું ધ્યાન રાખે; આ પ્રકારના કર્તવ્ય પાલન અને સંયમનું પાલન કરતા તે આચાર્ય-ઉપાધ્યાય સર્વ કર્મ ક્ષય કરે તો તે જ ભવમાં મુક્ત થાય, એટલો લાભ પ્રાપ્ત કરે છે; કર્મ બાકી રહે તો બીજા કે ત્રીજા મનુષ્ય ભવ દ્વારા અવશ્ય મુક્ત થઇ જાય છે. વચ્ચેના બે ભવ દેવના ગણવાથી ઉત્કૃષ્ટ પાંચ ભવ કરીને અવશ્ય મુક્ત થાય છે. જો આચાર્ય આદિ કોઇ પણ શ્રમણ કે શ્રાવકાદિ કોઇના ઉપર જૂઠો આક્ષેપ લગાવે તો તેને તેવા જ પ્રકારનો આરોપ લાગવાનું ફળ શીઘ્ર મળે છે.

## નિબંધ–૧૧૭

## શ્રાવક અનારંભી નહીં - સૂક્ષ્મ અનુમોદન

**આરંભ–** કોઇ દંડકમાં અવ્રતની અપેક્ષા જીવ આરંભથી યુક્ત છે અને કોઇ સાક્ષાત્ છકાય જીવોની હિંસા કરવામાં આરંભયુક્ત છે. કુલ મળીને ચોવીસે ય દંડકના જીવ આરંભી છે, અનારંભી નહિ. માત્ર મનુષ્યમાં આરંભી પણ છે

અને અનારંભી પણ છે. અપ્રમત્ત સંયત ગુણસ્થાન આદિ ઉપરના ગુણસ્થાન વર્તી મનુષ્ય અનારંભી હોય છે. છઠ્ઠા ગુણસ્થાનના મનુષ્ય આરંભી-અનારંભી બંને હોય છે. પાંચ ગુણસ્થાનના બધા જીવ આરંભી છે, અનારંભી નહિ. જોકે પાંચમા ગુણસ્થાનવાળા પૌષધમાં અને આજીવન અનસનમાં અનારંભી હોઈ શકે છે, તેને અહીં ગૌણ સમજવું તથા શ્રાવકના કેટલાક કરણ યોગ પૌષધમાં ખુલ્લા હોય છે અને સંથારામાં ગૃહસ્થ સેવા પરિચર્યા કરે છે જેથી સૂક્ષ્મ-અનુમોદન રૂપ આરંભ ચાલુ રહેવાથી તેઓ પૂર્ણ અનારંભી હોતા નથી.

**પરિગ્રહ–નારકી અને એકેન્દ્રિયોમાં–** શરીર, કર્મ અને સચિત્ત-અચિત્ત, મિશ્રદ્રવ્યોનો પરિગ્રહ હોય છે. **દેવતાઓમાં–** શરીર, કર્મ, ભવન, વિમાન, દેવ-દેવી, મનુષ્ય-મનુષ્યાણી, તિર્યંચ-તિર્યંચાણી, આસન, શયન, ભંડોપકરણ તેમજ અન્ય સચિત્ત અચિત્ત કે મિશ્ર દ્રવ્યોનો પરિગ્રહ હોય છે. **વિકલેન્દ્રિયોમાં–** શરીર, કર્મ અને સચિત્ત, અચિત્ત, મિશ્રદ્રવ્ય, તથા બાહ્ય ભંડોપકરણ, સ્થાન આદિનો પરિગ્રહ થઈ શકે છે. **તિર્યંચ પંચેંદ્રિયોમાં–** શરીર, કર્મ, સચિત્ત, અચિત્ત, મિશ્રદ્રવ્ય તથા જળના સ્થાન– તળાવ, નદી આદિ. સ્થળના સ્થાન– પર્વત, ગ્રામ આદિ, વન ઉપવન આદિ, ઘર-મકાન, દુકાન આદિ, ખાડા, ખાઈ, કોટ વગેરે ત્રણ રસ્તા, ચાર રસ્તા–ચોક, ચતુષ્ક આદિ, વાહન, વાસણ આદિ, દેવ-દેવી મનુષ્ય મનુષ્યાણી, તિર્યંચ તિર્યંચાણી, આસન, શયન, ભંડોપકરણ. **મનુષ્યમાં–** તિર્યંચ પંચેન્દ્રિયની સમાન છે. વિશેષતા– ધન, સંપત્તિ, સોના, ચાંદી આદિ, ખાદ્યસામગ્રી, વ્યાપાર, કારખાના આદિ બધા પરિગ્રહ તિર્યંચથી વિશેષ અને સ્પષ્ટ રૂપથી હોય છે. આમ ચોવીસે ય દંડકમાં પરિગ્રહ સંજ્ઞા સ્વીકારેલ છે. કોઈમાં સ્થૂલદષ્ટિએ અને કોઈમાં સૂક્ષ્મ-સૂક્ષ્મતમ દષ્ટિએ પરિગ્રહ સંજ્ઞા સમજવામાં આવે છે.

## નિબંધ–૧૧૮

## મહાવીર દ્વારા પાર્શ્વપ્રભુના નામથી નિરુપણ

ઘટના એ સમયની છે જ્યારે ગોશાલક પણ ૨૪ મા તીર્થંકરના નામથી વિચરણ કરી રહ્યો હતો. પાર્શ્વપ્રભુના શાસનના કેટલાક સ્થવિર પોતાના યોગ્ય સંઘાડામાં વિચરણ કરી રહ્યા હતા. તેઓએ બે-બે ૨૪ મા તીર્થંકરના વિચરણની વાત જાણી. એકવાર કોઈ નગરીમાં ભગવાન મહાવીર સ્વામીના બિરાજવાની જાણ થઈ. તેઓને કયા તીર્થંકર સાચા છે એ વિષયમાં શંકા હતી. તેથી કોઈ સમયે



આગમ નિબંધમાળા ભાગ – ૩

ભગવાનની સમીપે પહોંચી વંદન વ્યવહાર કર્યા વિના જ ઊભા રહીને સીધા જ ભગવાનને પ્રશ્ન પૂછવા લાગ્યા. ભગવાન તો સર્વજ્ઞ હતા. તેઓને તો એવા વ્યવહારથી કોઈ નવાઈ થતી નથી. પ્રશ્ન પણ જિજ્ઞાસાવાળો નહિ પણ પરીક્ષાત્મક હતો. એથી સરલ વાત પણ ફેરવીને પૂછી હતી– ભંતે ! શું અસંખ્યલોકમાં અનંત રાત-દિવસ વીત્યા છે, વીતશે, થયા છે, થશે અને પરિત્ત રાત-દિવસ પણ વીત્યા છે, વીતશે ?

સ્થવિરોના મનના–અંતરના આશયને સમજીને પ્રભુએ લોકનું સ્વરૂપ પાર્શ્વનાથ ભગવાનના નામથી નિરૂપિત કર્યું કે– પાર્શ્વનાથ પુરુષાદાનીય અર્હંત ભગવંતે શાશ્વત અનાદિ અનવદગ્ર(અનંત) લોક કહેલ છે. ક્ષેત્રથી પરિમિત ગોલાકાર લોક કહ્યો છે, જે નીચે વિસ્તીર્ણ, મધ્યમાં સંક્ષિપ્ત અને ઉપર વિશાલ છે, નીચે પલ્યંક સંસ્થાન, મધ્યમાં શ્રેષ્ઠ વજાકાર, ઉપર ઉભા મૃદંગાકાર છે. તેમાં અનંત જીવ પણ ઉત્પન્ન થાય છે, મરે છે; પરિત્ત જીવ પણ ઉત્પન્ન થાય છે, મરે છે. જીવો અજીવોથી ઓળખાતો આ લોક છે. અનંત જીવો પર દિવસ રાત વીતે છે અને પરિત્ત જીવો પર પણ દિવસ-રાત વીતે છે અને લોક અસંખ્ય પ્રદેશાત્મક જ છે. એથી અસંખ્યપ્રદેશી આ લોકમાં અનંત જીવોની અપેક્ષા અનંત રાત-દિવસ અને પરિત્ત જીવોની અપેક્ષા પરિત્ત રાત-દિવસ થયા છે, થાય છે, વીત્યા છે, વીતે છે, નષ્ટ થયા છે અને નષ્ટ થશે.

આ પ્રમાણે વિના કોઈ ગડમથલ, સહજ સરલતા યુક્ત અને ભગવાન પાર્શ્વપ્રભુ પ્રત્યે સન્માનથી ભરેલ ઉત્તર સાંભળીને સ્થવિર સંતુષ્ટ થયા અને પોતાના મતિશ્રુતની નિર્મળતાથી નિર્ણય પણ કરી શક્યા કે આ જ ચોવીસમા તીર્થંકર છે. આ પ્રકારનો નિર્ણય થઈ જવાથી વંદન નમસ્કાર કરીને તેઓ પ્રભુ મહાવીરના શાસનમાં મહાવ્રતારોપણ કરી દીક્ષિત થઈ ગયા. છેદોપસ્થાપનીય ચારિત્રની મર્યાદામાં ઉપસ્થિત થઈ તપ-સંયમની આરાધના કરી, કેટલાય શ્રમણ તે જ ભવમાં મોક્ષગામી થયા અને કેટલાક દેવલોકમાં ઉત્પન્ન થયા.

એવા ભવ્ય જીવોના સમાધાન અને ઉદ્ધારનો પ્રસંગ કેવળજ્ઞાનથી જાણીને તીર્થંકર પણ પૂર્વ તીર્થંકરના નામે નિરૂપણ કરી શકે છે. ક્યારે ય એવા પ્રસંગે સામે અન્યમતાવલંબી હોય તો તેઓના માન્ય શાસ્ત્રોના સ્થળ નિર્દેશ પૂર્વક પણ તત્ત્વ નિરૂપણ અને શંકાનું સમાધાન કરી શકાય છે. ઉદ્દેશ્ય સાચો હોય તો સામા વાળા પર સત્યપ્રભાવ થાય છે અને તેનું ભલું પણ થાય છે, ઉદ્ધાર થઈ જાય છે.

## નિબંધ–૧૧૯

# અબાધાકાળ અને આયુષ્યકર્મ વિચારણા

ભગવતી સૂત્ર શતક–૬ના ત્રીજા ઉદ્દેશકમાં જઘન્ય ઉત્કૃષ્ટ બંધકાલ બતાવેલ છે. ઉત્કૃષ્ટ સ્થિતિની સાથે અબાધાકાળનું કથન છે, યથા– જ્ઞાનાવરણીય કર્મબંધમાં– **उक्कोसेण तीस सागरोवम कोडाकोडीओ, तिण्णि य वास सहस्साइ अबाहा, अबाहुणिया कम्मठिई कम्मणिस्सेगो ।**– જ્ઞાનાવરણીય કર્મનો ઉત્કૃષ્ટ બંધ ૩૦ કોડાકોડી સાગરોપમનો હોય છે તેમાંથી ત્રણ હજાર વર્ષનો અબાધાકાળ હોય છે. આ અબાધાકાળ જેટલા છોડીને શેષ કર્મસ્થિતિમાં કર્મ પુદ્ગલોની નિષેક રચના થાય છે.

તાત્પર્ય એ છે કે અબાધાકાલ જેટલી ૩ હજાર વર્ષની સ્થિતિમાં કર્મપ્રદેશ બંધ ન થતાં શેષ સ્થિતિમાં એટલે તીન હજાર વર્ષ ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિમાં કર્મપ્રદેશોની નિષેક રચના યુક્ત બંધ થાય છે. આ કથનથી એ સ્પષ્ટ થાય છે કે ૩૦૦૦ વર્ષની સ્થિતિ સુધી પ્રદેશબંધ પણ નહિ હોવાથી પ્રદેશોદય કે વિપાકોદય કંઈ પણ હોતો નથી. સાત કર્મોને માટે ઉપરોક્ત સ્પષ્ટ પાઠ છે તેથી તે સાતે ય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધમાં અબાધાકાલ જેટલા ઓછા સમયની જ કર્મ પુદ્ગલોના બંધની નિષેક રચના થાય છે અને તે અબાધાકાલનો સમય વીત્યા પછી જ પ્રદેશોદય અથવા વિપાકોદયનો જેવો પણ સંયોગ હોય છે, તે કર્મ ઉદયમાં આવે છે.

આયુષ્ય કર્મના અબાધાકાલનો હિસાબ સાત કર્મોથી જુદા જ પ્રકારનો છે. સાત કર્મોમાં ઉત્કૃષ્ટ જેટલા ક્રોડાક્રોડી સાગરોપમ હોય છે તેના પ્રમાણમાં અબાધાકાલ એક નિશ્ચિત હિસાબથી થાય છે, યથા– ૭૦ ક્રોડાક્રોડ સાગરબંધના ૭૦૦૦ વર્ષ, ૨૦ ક્રોડાક્રોડ સાગરબંધના ૨૦૦૦ વર્ષ, ૧૫ ક્રોડાક્રોડ સાગરબંધના ૧૫૦૦ વર્ષ, ૧૦ ક્રોડાક્રોડ સાગરબંધના ૧૦૦૦ વર્ષનો અબાધાકાલ હોય છે. આ એક નિશ્ચિત ગણિત–હિસાબવાળો અબાધાકાલ છે.

આયુષ્ય કર્મમાં એવું કંઇ નથી. તેમાં તો જીવ પોતાના ચાલુ ભવનો જેટલો સમય બાકી રહેવા પર આયુષ્ય બાંધે એટલો જ અબાધાકાલ કહેવાય છે. યથા– ઉંમરના અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે ૩૩ સાગરોપમનો આયુષ્યબંધ થાય તો અબાધાકાલ અંતર્મુહૂર્તનો જ કહેવાય. ૧૦ વર્ષ મનુષ્યની ઉંમર બાકી રહે ત્યારે ૩૩ સાગરોપમનો આયુષ્યબંધ કર્યો હોય તો ૧૦ વર્ષનો જ અબાધાકાલ





કહેવાશે. એક ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ શેષ રહેવા પર કોઈ ૧૦૦૦૦ વર્ષ દેવાયુનો બંધ કરે તો અબાધાકાલ ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ કહેવાય. કોઈ જીવે પચાસ હજાર વર્ષની ઉંમર બાકી રહેતાં ૧૦૦૦૦ વર્ષ દેવાયુનો બંધ કર્યો હોય તો ૫૦૦૦૦ વર્ષનો અબાધાકાલ કહેવાય. અર્થાત્ તેમાં આગલા ભવના આયુ- બંધથી તેનો કહેવાતો અબાધાકાલ જ અધિક થઈ જાય છે. ક્યારેક અત્યંત અલ્પ જ અબાધાકાલ હોય છે. એ માટે શાસ્ત્રકારે આયુષ્ય કર્મમાં ઉક્ત પાઠમાં ભિન્નતા રાખી છે. તેમાં **અબાહુણિયા કમ્મઠિઈ કમ્મણિસેગો** એમ ન કહેતા **કમ્મઠિઈ કમ્મણિસેગો** કહ્યું છે અર્થાત્ સંપૂર્ણ કર્મ સ્થિતિમાં કર્મપ્રદેશોની નિષેક રચના થાય છે. એથી આયુષ્ય કર્મમાં અબાધાકાલને છોડીને નિષેક રચનાની વાત નથી. અબાધાકાલ સહિત સંપૂર્ણ સ્થિતિમાં કર્મપ્રદેશોની નિષેક રચના થાય છે.

વાસ્તવમાં તો આયુષ્ય કર્મમાં અબાધાકાલ કહેવાની પરંપરા માત્ર બની ગઈ છે. શાસ્ત્રમાં તો આયુષ્ય કર્મનો અબાધાકાલ કહ્યો જ નથી, કેવલ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જ કહેલ છે અને તે સ્થિતિબંધમાં સર્વત્ર નિષેક રચના થાય છે તેમ કહેલ છે. તે આયુષ્ય કર્મના ઉદય યોગ્ય સંયોગ નહિ હોવાથી અને પૂર્વના આયુ-કર્મનો ક્ષય નહિ થાય ત્યાં સુધી આગળના આયુષ્યનો વિપાકોદય ચાલુ થતો નથી. પ્રદેશોદય તો આયુષ્ય કર્મબંધ પછી તુરત જ ચાલુ થઈ જાય છે. સ્ત્રીવેદનો બંધ કરનારા ત્રીજા આદિ દેવલોકમાં ચાલ્યા જાય છે તો તેનો અબાધાકાલ સમાપ્ત થવા પર અનેક સાગરોપમ સુધી સ્ત્રીવેદનો વિપાકોદય ન થતાં પ્રદેશોદય જ હોય છે. તે જ રીતે આયુષ્યકર્મનો કોઈ અબાધાકાલ શાસ્ત્રકારે તો કહ્યો જ નથી, તેથી ચાલુ આયુકર્મના સદ્ભાવમાં આગલા આયુષ્યનો પ્રદેશોદય થાય છે. તેમાં અબાધાકાલ માનવાની જરૂરત જ નથી. મૂળપાઠ જોવાથી જ આ વાસ્તવિકતા સમજી શકાય છે. કોઈપણ પ્રતમાં આયુષ્યકર્મનો અબાધાકાલ કહ્યો જ નથી, માત્ર ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહીને **કમ્મઠિઈ કમ્મણિસેગો** કહી દીધું છે. તેમ છતાં આયુષ્યકર્મનો અબાધાકાલ કહેવાની ખોટી પરંપરા અતિ રૂઢ થઈ ગઈ છે. માટે આગળના ભવનું આયુષ્ય કર્મ બાંધ્યા પછી તુરત જ તેનો પ્રદેશોદય ચાલુ થાય છે, મૃત્યુ થયા પછી જ આગળના ભવના આયુષ્યના વિપાકોદયનો પ્રારંભ થાય છે, ત્યારે કર્મનું વેદન કહેવાય છે– **ઉદઓ વિવાગ વેયણો**– વિપાકથી કર્મવેદન જ ઉદયની ગણતરીમાં ગણવામાં આવે છે.

અન્ય સાત કર્મોના જે પણ નવા બંધ થાય છે તેના અબાધાકાલનો સમય વીત્યા પછી જ પ્રદેશોદય ચાલુ થાય છે. વિપાકોદય પ્રસંગ સંયોગ થવા પર જ

થાય છે, યથા– અશાતાવેદનીય કર્મનો કોઇએ ૩૦ ક્રોડાક્રોડ સાગરોપમનો બંધ કર્યો, કાલાંતરે સંયમનો આરાધક થઈને અને મરીને અનુત્તરવિમાનમાં દેવ બન્યો, તો ૩૦૦૦ વર્ષ સુધી પ્રદેશોદય પણ નહિ થાય. ત્યાર પછી તે દેવનો પ્રદેશોદય અશાતાવેદનીયનો થતો રહેશે પરંતુ અશાતાનો વિપાક ઉદય ૩૩ સાગરની ઉંમર પૂરી થયા પછી મનુષ્ય બન્યા બાદ જ થશે. અનુત્તર દેવોને અશાતાનો પ્રસંગ સંયોગ નહિ હોવાથી વિપાકોદય પૂરા ભવ સુધી થતો નથી. પ્રદેશોદયથી તે કર્મ પુદ્ગલ ક્ષીણ થઈ જાય છે. તે ૩૩ સાગરના પ્રદેશોદયને અબાધાકાલ નથી કહેવાતો.

## નિબંધ–૧૨૦

# તમસ્કાય પાણીનું પરિણામ

તમસ્કાય પાણીનું પરિણામ છે, પાણી સ્વરૂપ છે. લોકમાં પાણીના વિભિન્ન પરિણામ છે, યથા– (૧) અનેક પ્રકારના વાદળના રૂપમાં પરિણત. જેમાં કેટલાક વાદળ મૂસળધાર વરસે, કેટલાક રિમઝિમ, ધીમે ધીમે વરસે, કેટલાક બારીક ફુવારા જેમ ફોરાના રૂપમાં ઉડવાની જેમ વરસે. (૨) ધૂંઅર– ધૂમ્મસ રૂપ પાણી (૩) કરા–હિમપાત રૂપ પાણી, બરફની દીવાલ રૂપ પર્વતીય પાણી (૪) ઓસ–ઝાકળ (૫) લવણ–શિખારૂપ પાણી (૬) પાતાળકળશોમાં ભરેલ પાણી (૭) આકાશથી વરસનારું પાણી (૮) પર્વતમાંથી નિરંતર નીકળનારું ઝરણાનું પાણી (૯) મહોતપોપ તીર ઝરણાનું ગરમ પાણી અને (૧૦) તમસ્કાય રૂપ. આવા પ્રકારના પાણીના પરિણામોથી એ સ્પષ્ટ થાય છે કે પાણી માત્ર સમતલ જ રહેતુ નથી પરંતુ ઊંચે-નીચે પણ રહે છે. ઊંચે ઉઠેલું પણ રહી શકે છે અને આકાશમાં ચાલી પણ શકે છે. આ ક્રમમાં આ તમસ્કાય રૂપ પાણી ધૂંઅર, ધૂમ્મસ જેવું ઉપર ઊઠેલું રહે છે.

જંબુદ્વીપથી અસંખ્યાત દ્વીપ સમુદ્ર પછી અસંખ્યાતમો અરુણોદક સમુદ્ર ચૂડીના આકારનો છે, તેની બાહ્ય જગતી–વેદિકાથી બધી દિશાઓમાં ૪૨૦૦૦ યોજન અંદર આવવાથી અહીંથી સંખ્યાતા યોજન જાડી અસંખ્ય યોજનના પરિમંડલાકારની એક અપ્કાયમય ધુંઅર–ધૂમ્મસ જેવી જલભીંત સમુદ્રજળની ઉપરની સપાટીથી એક સમાન પ્રદેશવાળી શ્રેણીરૂપ અર્થાત્ ચારે તરફ સમાન વિસ્તારવાળી પરિમંડલાકાર ગોળાઇમાં ઉપર ઊઠેલી છે. જે ૧૭૨૧ યોજન ઊંચાઈ સુધી એક સરખી પહોળાઈવાળી ભીંત જેવી છે. તેના પછી બહારની તરફ ઊંધા





રાખેલ ઘડાના આકાર જેવી ત્રાંસી વિસ્તૃત છે અને ઘડાની ઠીકરી સ્થાનીય જળ ભીંત પણ જાડાઈમાં સંખ્યાતથી વધતી અસંખ્ય યોજનની જાડાઈ વાળી છે જે પાંચમા દેવલોક સુધી ફેલાયેલ છે, પાંચમા દેવલોકના ત્રીજા રિષ્ટ પાથડા સુધી વ્યાપ્ત છે. સંપૂર્ણ તમસ્કાય ઊંધા–ઉલટા રાખેલ માટીના ઘડા કે સુરાહી–કૂંજાના આકારમાં છે પરંતુ પાંચમા દેવલોકની પાસે કુક્કડ પંજરના ઉપરના ભાગના આકાર જેવી કહેલ છે અર્થાત્ ઉપર ઘડા જેવી ગોળાઈ નથી પરંતુ સમતલ છે. તે સદા એક સરખી એ જ આકારમાં અનાદિકાળથી લોક સ્વભાવથી રહેલી છે, આપણે ત્યાં દેખાતી ધૂંઅર–ધૂમ્મસથી પણ તેમાં અંધકાર પ્રગાઢ હોય છે.

આ તમસ્કાયના ૧૩ નામમાંથી અધિક નામ અંધકારની મુખ્યતાવાળા છે. તેરમું નામ **અરુણોદક સમુદ્ર** એ પાણીરૂપ નામ છે અર્થાત્ આ તમસ્કાય કોઈ અલગ વસ્તુ નથી પરંતુ અરુણોદક સમુદ્રનો જ એક વિચિત્ર અંશ છે.

વૈમાનિક જ્યોતિષી દેવોને જંબુદ્વીપમાં આવવાને માટે આ તમસ્કાયને પાર કરવી પડે છે ત્યારે તે દેવ અંધકારથી ભયભીત–સંભ્રાત થઈને શીઘ્ર નીકળે છે. કોઈ દેવ એમાં વાદળ ગર્જન વિદ્યુત પણ કરી શકે છે. તે દેવકૃત વિદ્યુત અચિત્ત સમજવી કારણ કે બાદર અગ્નિકાય તો અઢીદ્વીપમાં જ હોય છે. દેવોના પોતાના શરીર વસ્ત્રાદિનો પ્રકાશ પણ તેના અંધકારથી હતપ્રભ થાય છે. ૯૦૦ યોજનની ઊંચાઈ સુધીના ક્ષેત્રમાં ત્યાં જે જ્યોતિષી વિમાન છે તે પણ આ તમસ્કાયની બહાર છે, અંદર નથી, કિનારા પર છે, તેની પ્રભા પણ તમસ્કાયમાં થોડી જઈને અંધકારથી નિષ્પ્રભ–નિસ્તેજ થઈ જાય છે. આ તમસ્કાયમાં બાદર પૃથ્વી અને અગ્નિ હોતી નથી. અપ્કાય, વાયુ કાય, વનસ્પતિકાય અને ત્રસકાયના જીવ એમાં હોય છે. (ત્રસ જીવ તિરછા લોકની અપેક્ષા સમજવા) સંસારના બધા જીવ તમસ્કાયમાં ઉત્પન્ન થઈ ચૂક્યા છે. તમસ્કાયના નામ આ પ્રમાણે છે– (૧) તમ (૨) તમસ્કાય (૩) અંધકાર (૪) મહાઅંધકાર (૫) લોકઅંધકાર (૬) લોકતમિશ્ર (૭) દેવ અંધકાર (૮) દેવતમિશ્ર (૯) દેવઅરણ્ય (૧૦) દેવવ્યૂહ (૧૧) દેવપરિઘ (૧૨) દેવ પ્રતિક્ષોભ (૧૩) અરુણોદ સમુદ્ર.

## નિબંધ–૧૨૧

# મારણાંતિક સમુદ્ઘાત એક વિચારણા

વર્તમાન ભવનું અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે કોઈ-કોઈ જીવ મારણાંતિક સમુદ્ઘાત કરે છે. આ અંતર્મુહૂર્તની સમુદ્ઘાતથી અગાઉ જીવે ક્યારનું

ય આગામી ભવનું આયુષ્ય બાંધી લીધું હોય છે ત્યારે મારણાંતિક સમુદ્ઘાતથી, પોતાના નિજ શરીરને છોડયા વિના, કેટલાક આત્મપ્રદેશોને આગામી જન્મસ્થાન સુધી ફેલાવે(લંબાવે) છે અને આયુષ્ય કર્મની ઉદીરણા કરી પુનઃ શરીરસ્થ થઈ પછી આયુષ્યને પૂર્ણ કરીને મરવા રૂપમાં) સમુદ્ઘાત કરીને અર્થાત્ મરીને(કારણ કે બીજીવાર સમુદ્ઘાતનું પ્રયોજન નથી રહેતું) ઉત્પત્તિ સ્થાનમાં જાય છે અને ત્યાં આહાર, તેનું પરિણમન અને શરીર નિર્માણ આદિ કરે છે.

વર્તમાન ભવનું આયુષ્ય રહે છે ત્યાં સુધી આગામી જન્મસ્થાન પર ગયેલા આત્મપ્રદેશ ત્યાં આહારાદિ ગ્રહણ, પરિણમન કરતા નથી. કારણ કે અહીં વર્તમાન ભવના શરીરમાં આહારાદિ ચાલુ હોય છે.

કેટલાક જીવ મારણાંતિક સમુદ્ઘાત કરતા નથી. તેઓ પ્રથમવારમાં જ આયુષ્ય પૂર્ણ થતાં મરીને(આગમ શબ્દોમાં મરણ સમુદ્ઘાત કરીને) આગામી જન્મસ્થાનમાં પહોંચીને આહાર,પરિણમન આદિ કરે છે.

શાસ્ત્રપાઠમાં સીધા મરીને જવા અને ઉત્પન્ન થઈ આહાર કરવાના કથનમાં પણ સમુદ્ઘાત શબ્દનો પ્રયોગ કર્યો છે. એમ જ કેવલીના મોક્ષ થવા સમયમાં પણ મરણ સમુદ્ઘાત શબ્દપ્રયોગ જોવા મળે છે. એથી એ શબ્દોના આગ્રહમાં નહિ જતાં સાચો આશય સમજવો જોઈએ કે– (૧) કોઈ જીવ આયુષ્ય સમાપ્ત કરી સીધા જ મરણ પ્રાપ્ત કરી આગામી સ્થાનમાં પહોંચીને આહાર અને પરિણમન કરે છે. (૨) કેટલાક જીવ મૃત્યુના અંતર્મુહૂર્ત પહેલાં મારણાંતિક સમુદ્ઘાત કરીને, આગામી જન્મસ્થાન સુધી આત્મપ્રદેશ ફેલાવીને, આયુષ્ય કર્મની ઉદીરણા કરી, પુનઃ શરીરસ્થ થઈ, પછી આયુષ્ય સમાપ્ત થતાં મરણ પ્રાપ્ત કરીને આગામી સ્થાનમાં ઉત્પન્ન થઈ આહાર, પરિણમન વગેરે કરે છે.

પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર જીવ છએ દિશાઓમાં લોકાંત સુધી ઉત્પન્ન થાય છે. ત્રસ જીવ છએ દિશાઓમાં ત્રસનાડીમાં જ પોત પોતાને ઉત્પત્તિ યોગ્ય સ્થળો સુધી ઉત્પન્ન થાય છે.

મૃત્યુ પ્રાપ્ત કરી એક સ્થાનથી બીજા સ્થાન સુધી જનારા બધા જીવ માર્ગમાં અવગાહનાનો સંકોચ વિસ્તાર નહિ કરતાં એક સરખી વિસ્તૃત(ચૌડી) શ્રેણી આત્મપ્રદેશોની અવગાહનાથી જ જન્મસ્થાન સુધી પહોંચે છે. મૂળપાઠમાં **एगपएसिय सेढि मोत्तूण । एगपएसिय** =એક સરખી. પૂર્વ પાંચમા ઉદ્દેશકમાં પણ **एगपएसियाए सेढीए**=એક સરખી પહોળાઈવાળી ભીંત રૂપમાં તમસ્કાય સમુદ્રી જલસપાટીથી ઉપર ઉઠેલી, જે ૧૭૨૧ યોજન સુધી એક સરખી





જાડાઈવાળી છે. ત્યાર બાદ થોડા-થોડા વિસ્તારમાં અને જાડાઈમાં ક્રમિક વધારો થાય છે. માટે શાસ્ત્રકારની શબ્દપ્રયોગની પદ્ધતિને ધ્યાનમાં રાખીને જ યોગ્ય અર્થ કરવો સંગત થાય છે.

## નિબંધ–૧૨૨

## ધાન્ય વગેરે સચિત્ત અને ઉગવાનો સ્વભાવ

વનસ્પતિના ૧૦ વિભાગ મૂળથી લઈને બીજ સુધી હોય છે. તેમાંથી ૯ વિભાગ તો સુકાઈ જવાથી અચિત્ત થઈ જાય છે પરંતુ દશમો બીજ વિભાગ છે તે સુકાઈ જવા છતાં પણ વર્ષો સુધી સચિત્ત રહી શકે છે. તેની ઉંમર જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સાત વર્ષની હોય છે. ભગવતી શતક–૬ ઉદ્દેશક–૭માં બતાવ્યું છે કે ધાન્ય આદિ સમસ્ત બીજ વિભાગ જો સુરક્ષિત કોઠી વગેરેમાં રાખી દેવામાં આવે અને તેના પર કોઈપણ પ્રકારનું શસ્ત્ર ન લાગે તો તેના સચિત્ત રહેવાની ઉત્કૃષ્ટ સ્થિતિ બને છે. ભગવતીમાં અને સ્થાનાંગ સૂત્રમાં આ ધાન્યાદિ બીજ વિભાગોની સ્થિતિની અપેક્ષાએ ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે– (૧) ઘઉં, ચોખા આદિ ધાન્ય ઉત્કૃષ્ટ ૩ વર્ષ સચિત્ત રહી શકે છે. (૨) મગ, ચણા, અડદ વગેરે દ્વિદળ (કઠોળ) ઉત્કૃષ્ટ પાંચ વર્ષ સચિત્ત રહી શકે છે અને (૩) શેષ બધા પ્રકારના બીજ અળસી, સરસવ, રાઈ, મેથી વગેરે ઉત્કૃષ્ટ સાત વર્ષ સુધી સચિત્ત યોનિ રૂપમાં, સજીવ રૂપમાં રહી શકે છે. ત્યાર પછી એ પદાર્થોની સચિત્ત યોનિ નષ્ટ થઈ જાય છે. સચિત્તતાની અપેક્ષાએ તે બીજ નથી રહેતા.

પ્રજ્ઞાપના સૂત્રમાં ઉગનારા પદાર્થ સચિત્ત, અચિત્ત, મિશ્ર ત્રણે પ્રકારની યોનિવાળા કહ્યા છે. તદનુસાર એ અચિત્ત બનેલા ધાન્યાદિનું શરીર બંધન સંઘાતન વિશિષ્ટ હોય, સુરક્ષિત રાખવામાં આવેલ હોય તો ૧૦–૨૦ પ્રતિશત બીજોમાં અચિત્ત થયા પછી પણ ઊગવાની ક્ષમતા રહે છે. તે અચિત્ત યોનિક બીજ કહેવાય છે. અહીં બંને શાસ્ત્રોમાં સચિત્તતાની અપેક્ષા જ સંપૂર્ણ યોનિનું વિશેષણમય કથન છે પરંતુ પ્રજ્ઞાપના સૂત્રના યોનિપદ અનુસાર અચિત્તયોનિક ઉગનારી વનસ્પતિઓનું અસ્તિત્વ સંભવ છે અને બીજ વિજ્ઞાનકેન્દ્રમાંથી જાણકારી મેળવવાથી એ સ્પષ્ટ થાય છે કે 'કેટલાક પરિપક્વ બીજ ૫–૧૦ વર્ષ સુધી પણ ઉગે છે.' સુરક્ષિત રાખેલા બધા બીજ લાંબા સમય સુધી નથી ઉગતા, પ્રતિવર્ષ ૫–૧૦ પ્રતિશત ઓછા થતાં થતાં ૮–૧૦ વર્ષ સુધીમાં તો ઉગી શકનારા બીજોની સંખ્યા નહિવત્ થઈ જાય છે. એનું કારણ એ છે કે તે બીજોનું પુદ્ગલમય બંધન

સંઘાતન પણ ધીરે ધીરે ૫–૧૦ વર્ષમાં ક્ષીણ થઈ જાય છે અને ઉત્પાદન ક્ષમતા–અંકુરિત થવાની યોગ્યતા નષ્ટ થઈ જાય છે.

પ્રસ્તુતમાં જ્ઞાતવ્ય–જાણવા યોગ્ય એ છે કે ઉગવાની ક્ષમતા કોઈની કેટલી–ગમે તેટલી પણ રહે પરંતુ સચિત્ત યોનિભૂતતા પ્રસ્તુત સૂત્ર કથન અનુસાર ત્રણ, પાંચ અને સાત વર્ષની ઉત્કૃષ્ટ સમજવી જોઈએ.

### નિબંધ–૧૨૩

## દેવોનું નર્કમાં જવું અને પરમાધામી

વાણવ્યંતર દેવતા નીચે પ્રથમ નરક સુધી જઈ શકે છે. નવનિકાયના ભવનપતિ દેવ બીજી નરક સુધી જઈ શકે છે. અસુરકુમાર દેવ ત્રીજી નરક સુધી જઈ શકે છે અને વૈમાનિક દેવ સાતમી નરક સુધી જઈ શકે છે. ઉપર પ્રથમ દ્વિતીય દેવલોક સુધી અસુરકુમાર અને વૈમાનિક દેવ જઈ શકે છે. આગળના દેવલોકોમાં કેવલ વૈમાનિક દેવ જ જાય છે, અસુરકુમાર દેવ જઈ શકતા નથી.

વ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની હોય છે. નવનિકાય દેવોની ઉત્કૃષ્ટ દેશોન બે પલ્યોપમની સ્થિતિ હોય છે. અસુરકુમારોની ઉત્કૃષ્ટ એક સાગરોપમથી અધિક સ્થિતિ હોય છે. વૈમાનિકમાં આવ-જા કરનારા દેવોની ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિ હોય છે. માટે પલ્યોપમની ઉંમરવાળા પ્રથમ નરક, અનેક પલ્યોપમવાળા બે નરક, સાગરોપમ(એક)વાળા ત્રણ નરક સુધી જઈ શકે.

દેવોની વૈક્રિય શક્તિ, ઋદ્ધિ આદિ તેઓની સ્થિતિ અનુસાર હીનાધિક હોય છે. તેથી દશહજાર વર્ષ આદિ સ્થિતિવાળા વ્યંતર દેવોની ક્ષમતા ઓછી હોય છે અને ક્રમશઃ એક પલ્યોપમની સ્થિતિવાળા વ્યંતર દેવોની ક્ષમતા અધિક હોય છે. આ જ રીતે ભવનપતિ અસુરકુમારોમાં પણ ૧૦ હજાર વર્ષથી પલ્યોપમ અને એક સાગરોપમ સુધીની સ્થિતિ હોય છે. વૈમાનિકમાં એક પલ્યોપમથી બે સાગરોપમ યાવત્ ૨૨ સાગરોપમ સુધીની સ્થિતિ બારમા દેવલોક સુધી હોય છે. તદનુસાર જ એ દેવોમાં ગમનાગમન ક્ષમતા અને ઋદ્ધિની ભિન્નતા હોય છે.

પ્રસ્તુતમાં વ્યંતરો, અસુરકુમારો, નવનિકાયો અને વૈમાનિકોની ઉપર નીચે જવાની જે ક્ષમતા દર્શાવી છે તે ઉત્કૃષ્ટ સ્થિતિ ઋદ્ધિની અપેક્ષાથી કહી છે. તેને તે જાતિના અલ્પર્ધિક-મહર્ધિક બધા દેવોને માટે સ્થિતિનો વિચાર કર્યા વિના માની લેવાનું ઉચિત હોતું નથી.





અસુરકુમારોનું નીચે ત્રીજી નરક સુધી જવાનું કહ્યું છે તો તેને ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિવાળાની અપેક્ષા સમજવું જોઈએ પરંતુ દશહજાર વર્ષ કે એક પલ્યોપમ અથવા ૫–૧૦ પલ્યોપમવાળાઓને પણ ત્રીજી નરક સુધી જવાનું માની લેવું યોગ્ય નથી. વૈમાનિકોનું સાતમી નરક સુધી જવાનું કહ્યું છે તો બધા વૈમાનિકોને એક સમાન નહિ સમજીને તેઓની ભિન્નતા તેમની સ્થિતિ પ્રમાણે સમજવી જોઈએ અર્થાત્ પહેલા બીજા દેવલોકના દેવ બે સાગરોપમની સ્થિતિના કારણે ત્રીજી નરક સુધી જ જઈ શકે છે, આગળ ક્રમશઃ વધતાં ઉપરના દેવ આગળ-આગળની નરક સુધી સ્થિતિના અનુપાતે જઈ શકે છે.

નવનિકાયના દેવ બીજી નરક સુધી જાય છે તો ત્યાં પણ દેશોન બે પલ્યોપમની સ્થિતિની અપેક્ષા સમજવી. બધી સ્થિતિવાળા નવનિકાય દેવ જાય એવું નહિ સમજવું. કારણ કે એક પલ્યોપમની સ્થિતિવાળા વ્યંતર પહેલી નરક સુધી જ જાય છે. દેવોની ગતિ-ઋદ્ધિ આદિ સ્થિતિ સાપેક્ષ જ હોય છે. તેથી એક પલ્યોપમથી અધિક સ્થિતિવાળા નવનિકાયના દેવોને જ બીજી નરક સુધી જવાનું સમજવું અને ૧૦ હજાર વર્ષથી એક પલ્યોપમ સુધીની સ્થિતિવાળાનું પ્રથમ નરક સુધી જ જવાનું સમજવું જોઈએ.

ઉપરોક્ત વર્ણનથી એ તાત્પર્ય સમજવું જોઈએ કે એક પલ્યોપમ સુધીની સ્થિતિવાળા દેવ પ્રથમ નરક સુધી, અનેક પલ્યોપમવાળા દેવ બીજી નરક સુધી અને એક-બે સાગરોપમની સ્થિતિવાળા દેવ ત્રીજી નરક સુધી જઈ શકે છે. એમ વૈમાનિકમાં પણ સ્થિતિના પ્રમાણમાં ચોથી, પાંચમી, છટ્ઠી આદિ નરક સુધી જવાનું સમજવું જોઈએ. આ પ્રકારની વિચારણા ઉપરથી એ પણ સમજી શકાય છે કે એક પલ્યોપમની સ્થિતિવાળા પરમાધામી દેવને માટે, અસુરકુમાર માટે કહેવાયેલ ત્રીજી નરક સુધી જવાનું કહેવાની પરંપરાને પકડી રાખવાનું કંઈ જરૂરી નથી. વાસ્તવમાં તેઓ પોતાની સ્થિતિ, રિદ્ધિ, ક્ષમતા અનુસાર પ્રથમ નરક સુધી જ જઈ શકે છે, આગળ બીજીથી સાતમી નરક સુધી પરસ્પરોદીરિત વેદના અને ક્ષેત્રવેદના હોય છે.

### નિબંધ–૧૨૪

## પ્રાપ્ત આહાર શુદ્ધાશુદ્ધ કઈ રીતે

ગોચરીમાં લઈ આવેલ નિર્દોષ ખાદ્યપદાર્થ કે પેયપદાર્થને શ્રમણ **(૧)** સારા મનોજ્ઞ પદાર્થ આવતાં ખુશ-ખુશ થાય; તે આહારની, દાતાની, બનાવનારની

પ્રસંશા,અનુમોદના કરે; તે પુદ્ગલોને આસક્તિ ભાવથી, મૂર્ચ્છિત બનીને, ગૃદ્ધિપણું કરીને ખાય તો તે નિર્દોષ પ્રાપ્ત આહારને **ઈંગાલ** નામના દોષવાળો બનાવી લે છે. **(૨)** આ જ રીતે અમનોજ્ઞ પદાર્થના સંયોગથી મનમાં દુઃખી થાય; અપ્રીતિ ભાવ કરે; મસ્તક, હાથ, શબ્દ આદિથી નાખુશી બતાવે; ગુસ્સાપૂર્વક નારાજગી, ખેદ, ખિન્નતા દેખાડે; આમ મન વિના, દુઃખી મનથી આહાર કરે તો તે નિર્દોષ પ્રાપ્ત આહારને **ધૂમદોષ**વાળો બનાવી લે છે. **(૩)** પ્રાપ્ત આહારમાં સ્વાદવૃદ્ધિ હેતુ મીઠું,મરચું,ખાંડ,ગોળ આદિ સંયોજ્ય-મેળવણી યોગ્ય પદાર્થ ઉમેરીને ભોજનને સ્વાદિષ્ટ બનાવીને, પુદ્ગલોમાં આનંદાનુભૂતિ કરતાં ખાય તો તે પોતાના નિર્દોષ આહારને **સંયોજનાદોષ** વાળો બનાવીને ખાય છે.

જે શ્રમણ આ પ્રમાણે નહિ કરતાં પ્રાપ્ત આહારને અનાસક્તિપૂર્વક હર્ષ-શોક કર્યા વિના ખાય છે, વિરક્તિ ભાવ સ્થિર રાખીને ખાય છે, પુદ્ગલાનંદી બનતો નથી, ખિન્ન પણ નહિ થતાં, શાંત સમાધિ ભાવ રાખીને, સ્વાદનું લક્ષ્ય નહિ રાખતા, દેહપૂર્તિ માટે જરૂરી હોવાથી, જે જેવું પ્રાપ્ત થયું છે તેને સારું ખરાબ કંઇ પણ નહિ બોલીને કે વિચારીને આહાર કરે છે, તે શ્રમણને ઉપરના ત્રણે ય દોષ લાગતા નથી, દોષથી બચી જાય છે.

જે શ્રમણ નિર્દોષ પ્રાપ્ત આહારને **(૧)** બે ગાઉ ઉપરાંત આગળ લઈ જઈને ખાય-પીએ **(૨)** પ્રથમ પ્રહરમાં લાવીને ચોથા પ્રહરમાં તે ખાય-પીએ **(૩)** દિવસમાં પ્રાપ્ત આહારને સૂર્યાસ્ત પછી કે રાત્રિમાં ખાય **(૪)** શરીરને અનાવશ્યક એવી અધિક માત્રામાં બિનજરૂરી ખાય તો તે શ્રમણ આ ચારે ય દોષ યુક્ત આહાર કરનાર બને છે. **૧.** સાધુએ અન્યત્ર આહાર લઈ જવાની ક્ષેત્રમર્યાદા બે કોશની છે. **૨.** નવકારશીમાં લાવેલ પદાર્થ ત્રણ પ્રહર સુધી ખાવા-પીવાની જ કાલ મર્યાદા છે. **૩.** રાત્રિ ભોજનનો સાધુને ત્યાગ આજીવન હોય છે. **૪.** બ્રહ્મચર્ય સમાધિ અને સ્વાસ્થ્ય સુરક્ષાને માટે તથા સદા ઊણોદરી તપને માટે શ્રમણે અલ્પ અથવા મર્યાદિત આહાર કરવાનો હોય છે. વિવેક વિના કે આસક્તિથી અમર્યાદિત ખાવું શ્રમણ જીવનને માટે યોગ્ય હોતું નથી.

**શ્રમણનો પૂર્ણ નિર્વદ્ય-નિર્દોષ આહાર–** સાવદ્ય પ્રવૃત્તિઓના પૂર્ણ ત્યાગી, સંસ્કાર શૃંગારથી રહિત શ્રમણ-નિર્ગ્રંથ અચિત્ત અને ત્રસ જીવ રહિત, ૪૨ દોષ રહિત આહાર કરે, જાતે આરંભ કર-કરાવે નહિ, સંકલ્પ કરે નહિ, નિમંત્રિત, ક્રીત,ઉદ્દિષ્ટ આહાર ગ્રહણ ન કરે. નવકોટિ શુદ્ધ આહાર સંયમયાત્રા નિર્વાહ માટે કરે; સુડ-સુડ કે બચ-બચ અવાજ ન કરતાં, નીચે નહિ ઢોળતાં, અલ્પ માત્રામાં





પણ સ્વાદ નહિ માણતા આહાર કરે; માંડલાના પાંચ દોષ ન લગાડે. જલ્દી-જલ્દી કે અત્યંત ધીમે-ધીમે આહાર ન કરે; વિવેકયુક્ત સમ-પરિણામોથી આહાર કરે, તો એ શાસ્ત્રાનુસાર, નિર્વદ્ય આહાર કર્યો કહેવાય છે.

## નિબંધ–૧૨૫

# પરમાવધિજ્ઞાની તે જ ભવે મુક્ત થાય

ભગવતી સૂત્રના શતક–૭, ઉદ્દેશક–૭માં પાંચ ઇન્દ્રિયના વિષયોની અપેક્ષા કામ અને ભોગનું વર્ણન છે. કાન અને આંખના વિષય–શબ્દ અને રૂપને કામ કહેલ છે તથા નાક, જીભ અને શરીરના વિષય ગંધ, રસ અને સ્પર્શને ભોગ કહેલ છે. તેથી કાન અને આંખવાળા જીવને કામી કહ્યા છે અને નાક, જીભ અને શરીર વાળા જીવને ભોગી કહ્યા છે. કામથી કેવલ ઇચ્છા-મનની તૃપ્તિ થાય છે અને ભોગથી પ્રાપ્ત પુદ્ગલોથી શરીરની પણ તુષ્ટિ-પુષ્ટિ થાય છે. કામ અને ભોગની વૃત્તિ પ્રવૃત્તિ જીવોને જ હોય છે, અજીવોને હોતી નથી. પરંતુ કામ-ભોગના પદાર્થ અર્થાત્ ઇન્દ્રિય વિષયરૂપ પદાર્થ સજીવ-અજીવ બંને પ્રકારના હોઈ શકે છે. ૨૪ દંડકમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય જીવ કેવલ ભોગી જ હોય છે; ચૌરેન્દ્રિય-પંચેન્દ્રિય કામી-ભોગી બંને હોય છે.

**અલ્પબહુત્વ–** (૧) કામી ભોગી અલ્પ હોય છે અને (૨) ભોગી તેનાથી અનંતગણા હોય છે. સિદ્ધ જીવોને પણ સાથે રાખવાથી ૧. બધાથી થોડા કામી ભોગી, ૨. નોકામી નોભોગી સિદ્ધ અનંતગણા, ૩. ભોગી જીવ અનંતગણા.

સ્વેચ્છાથી અને ઉપલબ્ધ ભોગોનો ત્યાગ કરવાથી મહાનિર્જરા થાય છે અથવા કર્મોનો અંત પણ થાય છે જેથી જીવ દેવગતિમાં કે મોક્ષગતિમાં જાય છે.

છદ્મસ્થ મનુષ્ય અને આધોવધિ જ્ઞાની મનુષ્ય જો દેવલોકમાં ઉત્પન્ન થાય તો તેઓ ત્યાં ક્ષીણભોગી હોતા નથી કારણ કે તેઓ ત્યાં વિપુલ કામભોગોનું સેવન કરે છે. જો આગામી(દેવ પછીના) ભવમાં તેઓ ભોગોનો પરિત્યાગ કરે તો મહાનિર્જરા અને મુક્તિ પ્રાપ્ત કરે છે.

પરમ અવધિજ્ઞાની અને કેવળજ્ઞાની એ જ ભવમાં મુક્ત થાય છે એથી તેઓ ક્ષીણભોગી કહેવાય છે. તેઓ કામભોગોનું સેવન કરતા નથી. આ શાસ્ત્રપાઠના પ્રશ્ન અને ઉત્તરથી સ્પષ્ટ થાય છે કે પરમાવધિજ્ઞાની તે જ ભવમાં મુક્ત થાય છે તેઓ ચરમ શરીરી હોય છે. **અસંજ્ઞી જીવ** ઇચ્છા અને જ્ઞાનના અભાવમાં ઇચ્છિત સુખ ભોગવી શકતા નથી અને સંજ્ઞી જીવ આળસ અને

અનુપયોગથી ઈચ્છિત સુખ ભોગવી શકતા નથી. આ તેઓની **અકામ નિકરણ વેદના** છે. **સંજ્ઞી જીવ** ઇચ્છા– અભિલાષા હોવા છતાં સાધનોના અભાવમાં કે ક્ષમતાના અભાવમાં ઈચ્છિત સુખ ભોગવી શકતા નથી. એ તેઓની **પ્રકામ નિકરણ વેદના** કહી છે. યથા– સમુદ્ર પારની વસ્તુઓ જોવી તથા દેવલોકના સુખોને પ્રાપ્ત કરવાના સાધન અથવા ક્ષમતા સંજ્ઞી મનુષ્યમાં પણ હોતી નથી.

## નિબંધ–૧૨૬

# કોણિક-ચેડાના યુદ્ધમાં મરનારની સમીક્ષા

આજ સુધીની પ્રાચીન બધી પ્રતોમાં જે સંખ્યા મૂળપાઠમાં મળે છે તે સંખ્યા બે દિવસની છે. અગાઉ પણ ૧૦ દિવસનું યુદ્ધ થયું હતું જેમાં બધા મળીને ૨ કરોડ મર્યા હોય તો યુદ્ધમાં કેટલા કરોડ લોકો–સૈનિકો આવ્યા હોય ? યુદ્ધનું મેદાન બે ચાર કરોડ ઉભા રહે, છાવણી બાંધે એવું કેટલું મોટુ હશે ? વગેરે પ્રશ્નોનું સમાધાન એ છે કે મૂલપાઠ એમ જ છે તેમાં કોઈ ભેદ વિકલ્પ કે પાઠાંતર નથી. માટે આગમ શ્રદ્ધાથી સ્વીકારવું જ રહ્યું. **सहस्साइ** ના સ્થાને **सयसहस्साइ** ભૂલથી લખાઈ ગયું હોય એવું માનવા માટે અન્ય પ્રતોનું પાઠાંતર પણ કોઈ મળવું જોઈએ. કોઈ આધાર મળ્યા વિના માત્ર તર્ક-વિતર્કથી માની લેવું વ્યક્તિગત કોઈના અધિકારની વાત નથી.

**તર્ક–** ચક્રવર્તી રાજાનું ૯૬ કરોડ મનુષ્યોનું પાયદળ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે જે ૬ ખંડની ચક્રવર્તીની ઋદ્ધિ રૂપ છે. અહીં યુદ્ધમાં બંને પક્ષથી આવેલ મનુષ્યોની સંખ્યા ૯૦ કરોડ કહી છે જે કેવલ એક ખંડના આર્યક્ષેત્ર માત્રની સંભવ છે. તો ચક્રવર્તીના ૯૬ કરોડની સામે માત્ર બે પ્રતિપક્ષી રાજાઓની ૯૦ કરોડની પાયદળ સેનાનું કથન શું વિચારણીય નથી બનતું ?

**સમાધાન–** ભગવતી સૂત્રમાં ૯૦ કરોડની સંખ્યાનો પાઠ નથી, ઉપાંગસૂત્રમાં છે. એક કરોડ ૮૦ લાખના મરવાનું કથન પણ ભગવતીસૂત્રમાં જોડીને નથી કહ્યું, ૯૬ લાખ અને ૮૪ લાખ એ બે જ સંખ્યા છે. આ પાઠને હજાર માની લેવાથી મરનારાની સંખ્યા ૧ લાખ ૮૦ હજાર થાય અને પાયદળ સેનાની કરોડની સંખ્યા લાખમાં માનવામાં આવે તો ૯૦ લાખની થાય, જેનો ચક્રવર્તીની ૯૬ કરોડની ૬ ખંડની પાયદળની સંખ્યા સાથે મેળ ખાય. વળી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ચક્રવર્તીના ઘોડા, હાથીની સંખ્યા લાખોમાં છે તો અહીં કોણિક આદિના ઘોડા આદિની સંખ્યા હજારોમાં છે. એ જ પ્રમાણે ચક્રવર્તીના પાયદળની સંખ્યા





કરોડોમાં છે તો એ રાજાઓની લાખોમાં માનવાનું યોગ્ય લાગે છે. આ તર્ક વજનવાળો છે. ***तत्त्व केवली गम्यं (तमेव सच्चं णिसं क ...)***

**તારણ– सयसहस्साइ** પાઠની જગ્યાએ **सहस्साइ** પાઠ અહીં ભગવતી સૂત્રમાં સ્વીકારવાથી તર્કસંગત શંકાઓનું સમાધાન થઈ જાય છે અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના ચક્રવર્તીની સેનાના પાઠથી પણ સામંજસ્ય થઈ જાય છે.

## નિબંધ–૧૨૭

# સદોષ-નિર્દોષ આહાર વહોરાવવાનું ફળ

**(૧)** સાવદ્યત્યાગી શ્રમણ નિર્ગ્રંથને નિર્દોષ કલ્પનીય આહાર ગુરુ બુદ્ધિથી પ્રતિલાભિત કરવાથી એકાંત નિર્જરા થાય છે તેમાં આહાર નિર્દોષ હોવાથી કોઈ પાપ લાગતું નથી.

**(૨)** સાવદ્યત્યાગી શ્રમણ નિર્ગ્રંથને ઔષધ ઉપચાર અથવા અન્ય કોઈ સંકટ યુક્ત પરિસ્થિતિમાં અથવા ક્યારેક અવિવેક અજ્ઞાનપૂર્વક, ભક્તિના અતિરેકથી શ્રમણ નિર્ગ્રંથની સાતા ભાવનાથી સદોષ આહાર વહોરાવવાથી ઘણું કરીને નિર્જરા અને દોષિત આહાર હોવાથી તેમાં થનારી વિરાધના કે સમાચારી ભંગથી અલ્પ પાપ પણ થાય છે. અહીં બહુતર નિર્જરા કહેવાનો આશય એ છે કે દાતા દ્રવ્યથી સૂઝતા હોવાથી દ્રવ્ય શુદ્ધ છે અને સંયમ સાધનામાં સહાયક હોવાનો શુભ ભાવ છે એથી ભાવથી શુદ્ધ છે અને પાત્ર પણ શુદ્ધ છે. કારણ કે શ્રમણ તથારૂપના નિર્ગ્રંથ છે. માત્ર વસ્તુ દોષિત હોવાનું અહીં અલ્પ પાપ કહ્યું છે.

**(૩)**સાવદ્યના અત્યાગી અસંયત અવિરત સંન્યાસીને ગુરુબુદ્ધિથી ત્યાગી માનીને આહારદાન કરે તો તે મિથ્યાત્વ ભાવના સેવનના કારણે મોક્ષ હેતુલક્ષી નિર્જરા કરતો નથી(કારણ કે એકાંત નિર્જરા તો ત્યાગી શ્રમણને આપવાથી થાય છે.) એકાંત પાપકર્મ કરે છે. આ કથનનો હેતુ મિથ્યાત્વના પોષણની અપેક્ષા છે. મિથ્યાત્વથી ભાવિત બનેલ વ્યક્તિ મોક્ષ હેતુલક્ષી સકામ નિર્જરા કરતા નથી. આમાં દાન લેનાર અસંયત હોવાથી અપાત્ર છે; દાતા તેને ગુરુત્યાગી પાત્ર સમજીને ખોટી-મિથ્યા માન્યતા રાખે છે, એથી દાતા પણ અશુદ્ધ છે ત્યારે વસ્તુ સદોષ નિર્દોષ કોઈ પણ હોય તેનું મહત્ત્વ રહેતું નથી.

એ ત્રણે પ્રકારના દાનમાં પુણ્યબંધ તો સર્વત્ર(ત્રણેયમાં) થાય જ છે કારણ કે ભાવનામાં ઉદારતા અને અનુકંપા હોય છે, લેનારને સુખ પહોંચે છે, અધ્યવસાય દાતાના શુભ હોય છે. તોપણ પ્રસ્તુત સૂત્રમાં તો પાપ અને નિર્જરાની

પ્રમુખતાથી જ પ્રશ્ન અને ઉત્તર છે. એ માટે એકાંત પાપ કે એકાંત નિર્જરા શબ્દ પ્રયોગ કર્યો છે અર્થાત્ એ બેમાંથી એકનો પૂર્ણ નિષેધ દેખાડવા માટે પ્રથમમાં એકાંત નિર્જરા અને ત્રીજામાં એકાંત પાપ કહ્યું છે. પુણ્યનો અહીં પ્રસંગ જ લીધો નથી. તેથી પુણ્યના નિષેધનો અહીં આશય નથી, એમ સમજવું જોઈએ. પુણ્યના પ્રસંગમાં તો શાસ્ત્રકારે ૯ પુણ્ય બતાવ્યા જ છે તેમાં ૯ પ્રકારના દાન સંસારના સમસ્ત પ્રાણીઓને માટે જિનશાસનમાં શ્રાવકોને માટે ખુલ્લા જ છે તેનો નિષેધ કોઈના માટે નથી. પ્રાચીન ટીકાકાર આચાર્યે પણ અહીંયા સ્પષ્ટ કર્યું છે કે–

**मोक्खत्थ ज पुण दाण , त पई एसो विहि समक्खाओ ।**
**अणुकम्पादाण पुण, जिणेहिं ण कयाइ पडिसिद्ध ॥**

**અર્થ–** સૂત્રોક્ત પ્રશ્નોત્તરમય વિધાન મોક્ષાર્થ દાનની અપેક્ષાથી છે પરંતુ અનુકંપાદાનનો જિનેશ્વરોએ ક્યાંય પણ નિષેધ કર્યો નથી.

## નિબંધ–૧૨૮

# સૂર્યપ્રકાશ તેજ અને નિસ્તેજ કેમ ?

સૂર્ય સદા એક સમાન પ્રકાશે છે. સવાર-સાંજ તે આપણાથી ઘણો દૂર હોવાથી લેશ્યા(તેજ)પ્રતિઘાતના કારણે નિસ્તેજ દેખાય છે અર્થાત્ અંતર અધિક હોવાથી તેનો પ્રકાશ મંદ મંદતમ લાગે છે. એ કારણે સવાર-સાંજ નિસ્તેજ અને નજીક જેવો લાગે છે, બપોરે-મધ્યાન્હે આપણા ભરતક્ષેત્ર ઉપર સીધો આવી જવાથી લેશ્યાભિતાપથી પ્રકાશ તીવ્ર તીવ્રતમ–પ્રખર થઈ જવાથી જાજવલ્યમાન, દેદીપ્યમાન અને દૂર ઊંચો દેખાય છે.

જેમ કોઈ સર્ચલાઈટને બે કિલોમીટર દૂરથી જુએ તો કેવી ઝાંખી દેખાય અને નજીક આવવાથી કેટલી ય તેજ–પ્રકાશિત દેખાય છે. એમ જ સૂર્યનું સમજવું. સર્ચલાઈટની સમાન સૂર્યનો પ્રકાશ સદા એક સરખો જ રહે છે, ઊંચાઈ પણ સદા પૃથ્વીથી ૮૦૦ યોજન જ રહે છે. આપણાથી તેનું ત્રાંસુ અંતર ઘટતું વધતું રહે છે, કારણ કે તે નિરંતર–૫૨૫૧ યોજનની ગતિએ ગોળાઈમાં પોતાના નિયોજિત મુકરર માર્ગે આકાશમાં આગળને આગળ વધતો રહે છે, ક્યાંય પણ રોકાતો નથી. અંતર ઘટવા-વધવાથી જ આપણને એ પરિવર્તન દેખાય છે.

સૂર્ય સદા ઉપર ૧૦૦ યોજન નીચે ૧૮૦૦ યોજન અને ત્રાંસો પ્રથમ મંડલમાં ૪૭૨૬૩ યોજન તપે છે, પોતાનો પ્રકાશ ફેલાવે છે તથા પ્રથમ મંડલમાં ૫૨૫૧ યોજન પ્રતિમુહૂર્ત(૪૮ મિનિટ)ની ગતિથી પરિક્રમા લગાવે છે. સવાર-





સાંજ અર્થાત્ સૂર્યોદય સૂર્યાસ્તના સમયે ઉનાળામાં આપણાથી ૪૭૨૬૩ યોજન દૂર હોય છે, જ્યારે સૌથી મોટો-લાંબો દિવસ હોય છે. શિયાળામાં દિવસ ટૂંકા-ટૂંકા થતા જાય છે ત્યારે આ સવાર-સાંજનું અંતર ઓછું-ઓછું થતું જાય છે અને ઓછામાં ઓછું ૩૧૮૩૧ યોજનનું અંતર નાનાથી નાના દિવસમાં થઈ જાય છે. ત્યારે સૂર્ય સર્વ અંતિમ મંડલમાં હોય છે અને ૫૩૦૫ યોજન પ્રતિમુહૂર્તની ગતિથી ચાલે છે. આમ સૂર્ય સદા વર્તમાન ક્ષેત્રને અર્થાત્ જે ક્ષેત્રથી પસાર થઈ રહ્યો હોય તેને પોતાના તાપ ક્ષેત્રની મર્યાદા અનુસાર પ્રકાશિત કરતો ચાલે છે.

નીચે ૧૮૦૦ યોજન સૂર્યના તપવાનું જે કહ્યું છે તે સલિલાવતી અને વપ્રા વિજયની અપેક્ષા કહ્યું છે. આ બંને વિજયો ૧૦૦૦ યોજન સમભૂમિથી નીચે છે. સૂર્યનો તાપ તે વિજય સુધી પૂરો પહોંચે છે, જ્યારે સૂર્ય તે વિજયની સીમાવાળા આકાશ મંડલમાં ચાલે છે.

## નિબંધ–૧૨૯

# આઠ કર્મબંધનાં કારણોનો વિસ્તાર

ભગવતી શતક–૮ના નવમા ઉદ્દેશકમાં કાર્મણ શરીર પ્રયોગ બંધની અંતર્ગત આઠે ય કર્મોના બાંધવા સંબંધી વિશિષ્ટ કારણ આ પ્રમાણે કહ્યા છે–

**(૧) જ્ઞાનાવરણીય કર્મ– ૧. પ્રત્યનીકતા**–વિરોધભાવ. મતિ આદિ પાંચ જ્ઞાન, જ્ઞાની અને શ્રુતજ્ઞાનના સાધન આગમશાસ્ત્ર આદિ પ્રત્યે વિરોધભાવ રાખવાથી, વિરોધ કરવાથી કે તેના વિરુદ્ધ આચરણ કરવાથી. **(૨) અપલાપ–** જ્ઞાન, જ્ઞાનીપુરુષ અને શ્રુતજ્ઞાનના સાધનો પ્રત્યે શ્રદ્ધાભાવ, બહુમાન અથવા આદર-ભાવ નહિ રાખતા અવિવેક, તિરસ્કાર કે નિંદા કરવાથી. **(૩) અંતરાય–** કોઈની જ્ઞાનવૃદ્ધિમાં કે જ્ઞાનના પ્રચાર-પ્રસારના આચરણમાં અવરોધક બનવાથી. **(૪) પ્રદ્વેષ–** જ્ઞાની પ્રત્યે ઈર્ષાભાવ, મત્સરભાવ, કષાયભાવ રાખવાથી અને કષાય યુક્ત વ્યવહાર કરવાથી. **(૫) આશાતના–** મનથી, વચનથી અને કાયાથી વિનય ભક્તિ નહિ કરતાં અવિનય, આશાતના કરવાથી, કટુવચન બોલવાથી, તેઓને સંતાપ અથવા કષ્ટ પહોંચાડવાથી. **(૬) વિસંવાદ–** જ્ઞાનીની સાથે વાતવાતમાં ખોટા ઝઘડા, વાદ અને અસંગત-ઉટપટાંગવિવાદ-ચર્ચા કરવાથી જીવ જ્ઞાનાવરણીય કર્મોનો વિશેષ બંધ કરે છે. સામાન્યતઃ અજ્ઞાનમય સંસ્કારથી એકેન્દ્રિય આદિ બધા જીવ દસમા ગુણસ્થાન સુધી જ્ઞાનાવરણીય કર્મોનો નિરંતર બંધ કરતા રહે છે.

**(૨) દર્શનાવરણીય કર્મ–** ચક્ષુ આદિ ચાર દર્શન અને દર્શની પ્રત્યે તથા કેવલ દર્શની પ્રત્યે વિરોધભાવ વગેરે ઉપરોકત ૬ અવગુણમય આચરણ કરવાથી દર્શનાવરણીય કર્મનો બંધ થાય છે.

**(૩) વેદનીય કર્મ–** એના બે વિભાગ-પ્રકાર છે– શાતાવેદનીય અને અશાતા-વેદનીય. **શાતાવેદનીય બંધ**ના ૧૦ કારણ છે– (૧-૪) પ્રાણ,ભૂત,જીવ સત્વની અનુકંપા કરવાથી (૫) એને દુઃખ નહિ પહોંચાડવાથી (૬) શોક ઉત્પન્ન નહિ કરવાથી (૭) એને ચિંતા નહિ કરાવવાથી, આંસુ નહિ પડાવવાથી, વિષાદ–ખેદ નહિ કરાવવાથી (૮) વિલાપ અને રુદન વગેરે નહિ કરાવવાથી (૯) માર-પીટ નહિ કરવાથી (૧૦) પરિતાપ-કષ્ટ નહિ પહોંચાડવાથી; સંક્ષેપમાં અન્ય જીવોને દુઃખ નહિ પહોંચાડતા સુખ પહોંચાડવાથી શાતાવેદનીય કર્મનો બંધ થાય છે. **અશાતાવેદનીય બંધ**ના ૧૨ કારણ છે– (૧-૬) અન્યને દુઃખ દેવાથી, શોક કરાવવાથી, વિષાદ–ખેદ કરાવવાથી, વિલાપ કરાવવાથી, મારપીટ કરવાથી અને પરિતાપ–કષ્ટ પહોંચાડવાથી. (૭-૧૨) અનેક જીવોને દુઃખ દેવાથી કે વારંવાર દુઃખ આદિ દેવાથી.

**(૪) મોહનીય કર્મ–** (૧-૪) તીવ્ર ક્રોધ, માન-માયા-લોભનું સેવન કરવાથી. (૫) દર્શન મોહનીયની તીવ્ર ઉદય પ્રવૃત્તિથી. (૬) ચારિત્રમોહનીયની તીવ્ર ઉદય પ્રવૃત્તિથી એમ છ પ્રકારે વિશિષ્ટ મોહનીયકર્મનો બંધ થાય છે. સામાન્યતઃ પ્રાયઃ કષાયના ઉદય માત્રથી મોહનીય કર્મબંધ થયા કરે છે.

**(૫) આયુષ્ય કર્મ–** ચાર-ચાર કારણોથી ચારે ય ગતિના આયુષ્યનો બંધ થાય છે. સ્થાનાંગમાં તેમજ નિબંધમાળા ભાગ–૨, પૃષ્ઠ–૨૧૮ જુઓ.

**(૬) નામ કર્મ–** કાયાની, ભાષાની, ભાવોની સરલતાથી તથા અવિસંવાદ યોગ વૃત્તિથી શુભનામ કર્મનો બંધ થાય છે. ત્રણેયની વક્તા અને વિસંવાદ યોગથી અશુભનામ કર્મનો બંધ થાય છે.

**(૭) ગોત્ર કર્મ–** જાતિ આદિ આઠ પ્રકારના અભિમાન કરવાથી નીચગોત્રનો બંધ થાય છે અને મદ–અભિમાન નહિ કરવાથી ઊંચ ગોત્રનો બંધ થાય છે.

**(૮) અંતરાય કર્મ–** દાન, લાભ, ભોગ, ઉપભોગની પ્રવૃત્તિમાં અને વીર્ય–શક્તિના પરાક્રમ કરવામાં એમ એ પાંચેયમાં અંતરાય કરવાથી તે તે પ્રકારના દાનાદિરૂપ અંતરાય કર્મનો બંધ થાય છે.

એક-એક કર્મ પ્રકૃતિના બંધમાં અનંત પરમાણુ પુદ્ગલ લાગેલ હોય છે. પ્રત્યેક આત્મપ્રદેશ પર અનંત-અનંત કર્મવર્ગણા આવૃત્ત પરિવેષ્ટિત હોય





છે. ૨૪ દંડકમાં આઠેય કર્મ હોય છે. મનુષ્યમાં ચરમશરીરીની અપેક્ષા આઠ અથવા સાત કે ચાર કર્મ પરિવેષ્ટિત હોય છે. આઠ રુચકપ્રદેશ પણ અનંત કર્મોથી પરિવેષ્ટિત હોય છે.

**કર્મોમાં કર્મની ભજના-નિયમા–** (૧) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મમાં પોતાના સિવાય છ કર્મની નિયમા મોહનીયની ભજના. (૨) મોહનીયકર્મમાં પોતાના સિવાય સાત કર્મની નિયમા. (૩) વેદનીય આદિ ચારેય અઘાતી કર્મોમાં પોતાના સિવાય ત્રણ અઘાતીકર્મોની નિયમા, ચાર ઘાતીકર્મોની ભજના હોય છે. જે કર્મની પૃચ્છા છે તે નથી ગણવામાં આવતું શેષ સાતની અપેક્ષા કથન કરવામાં આવે છે. આ ઉદયરૂપ કર્મની અપેક્ષા કથન છે.

## નિબંધ–૧૩૦

# ઉર્ધ્વ અધો તિર્યક લોકનું સ્વરૂપ

અનંતાનંત આકાશરૂપ અલોક છે, જેની મધ્યમાં લોક છે. તે લોક નીચેથી ઉપર સુધી ૧૪ રાજુ પ્રમાણ છે. નીચે ચારે ય દિશાઓમાં એટલે કે પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સાત રાજુ પ્રમાણ પહોળો અને ગોળાકાર છે. એ જ રીતે મધ્યમાં એક રાજુ પ્રમાણ પહોળો અને ગોળાકાર છે, જે સમભૂમિ રૂપ તિરછા લોક છે. ઉપર પાંચમો દેવલોક પાંચ રાજુ પ્રમાણ લાંબો, પહોળો, ગોળાકાર છે. સિદ્ધશિલાથી ઉપર લોકનો ચરમાંત ભાગ છે જે એક રાજુ પ્રમાણ લાંબો, પહોળો-ગોળ છે.

સાતમી નરકની નીચે ચરમાંત સાત રાજુ વિસ્તારનો છે તે ક્રમશઃ ઓછો થતાં પ્રથમ નરકની ઉપરની સપાટી સુધી નીચેથી સાત રાજુ આવતાં ૧ રાજુ થઈ જાય છે. પ્રથમ નરક પૃથ્વીની ઉપલી સપાટી જ આપણી સમભૂમિ રૂપ તિરછાલોક છે. અહીંથી વળી ઉપરની બાજુ લોકની લંબાઈ-પહોળાઈ ક્રમશઃ વધે છે જે એક રાજુથી વધતી-વધતી પાંચમા દેવલોક સુધી અર્થાત્ સમભૂમિથી સાડાત્રણ રાજુ ઉપર જતાં પાંચ રાજુની થઈ જાય છે. ત્યાંથી ઉપરની તરફ આગળ પુનઃ અર્થાત્ પાંચમા દેવલોકથી આગળ સાડા ત્રણ રાજુ ઉપર જતા સુધી વિસ્તાર ઘટતાં ઘટતાં એક રાજુનો વિસ્તાર થઈ જાય છે.

આ પ્રમાણે નીચેથી ઉપર ચૌદ રાજુ પ્રમાણ લોક, નીચે પ્રારંભમાં સાત રાજુ વિસ્તારવાળો, સમભૂમિ પર એક રાજુ, ફરી પાંચમા દેવલોકમાં પાંચ રાજુ અને ઉપરના ચરમાંતમાં એક રાજુ વિસ્તારવાળો છે.

આ પ્રમાણે સંપૂર્ણ લોકનો આકાર ઉપર-ઉપર રાખેલ ત્રણ સકોરા જેવો છે. જેમાં પહેલું શકોરું ઉલટું, બીજું શકોરું સીધું અને તેના પર ત્રીજું શકોરું ફરી ઉલટું રાખવાથી આ લોકનો આકાર બને છે. વિશેષતા એ છે કે ઉપરના બે શકોરાની ઉંચાઈ સમાન હોય અને નીચેના શકોરાની ઉંચાઈ તેનાથી બે ગણી હોય તો તે લોકના યથાર્થ આકાર જેવો બને છે. લોકના મુખ્ય ત્રણ વિભાગ આ પ્રમાણે છે–

**(૧) અધોલોક–** ૧૪ રાજુ પ્રમાણ લોકના નીચેના સાત રાજુનું ક્ષેત્ર અધોલોક છે. તેના મુખ્ય સાત પેટા વિભાગ છે તે સાત નરકરૂપ છે. જેમાં સાતમી નરક નીચે છે. પછી ઉપર–ઉપર છટ્ઠી, પાંચમી વગેરે છે. બધાથી ઉપર પ્રથમ નરક પૃથ્વી છે. **વિશેષમાં–** નીચે લોકાંતથી સર્વપ્રથમ અસંખ્ય યોજન પ્રમાણ આકાશ માત્ર છે. ત્યાર પછી તેના ઉપર અસંખ્ય યોજન તનુવાત છે, પછી તેના ઉપર અસંખ્ય યોજન ઘનવાત છે, તેના ઉપર વીસ હજાર યોજન ઘનોદધિ છે અને તેના ઉપર પછી સાતમી નરક પૃથ્વીપિંડ છે. નીચેથી અહીં સુધી એક રાજુ ઊંચાઈ થાય છે અને લંબાઈ-પહોળાઈ સાતથી ઘટીને સાધિક છ રાજુ રહી જાય છે.

સાતમી નરકના પૃથ્વીપિંડની ઉપર પુનઃ અસંખ્ય યોજન પ્રમાણ આકાશ, પછી અસંખ્ય યોજન ઉપર સુધી તનુવાય, પછી અસંખ્ય યોજન ઘનવાય છે. તેના ઉપર વીસહજાર યોજનની ઘનોદધિ છે અને તેના ઉપર છટ્ઠી નરકનો પૃથ્વીપિંડ છે. નીચેથી ત્યાં સુધી બે રાજુ ઊંચાઈ થાય છે. આ જ ક્રમથી પાંચમી, ચોથી, ત્રીજી, બીજી, પહેલી નરકપૃથ્વી સુધી ઉપર-ઉપર ક્રમશઃ આકાશ, તનુવાય, ઘનવાય, ઘનોદધિ અને પછી પૃથ્વી સમજવી જોઈએ. આ રીતે આ અધોલોક મુખ્ય સાત નરક પૃથ્વીરૂપ વિભાગવાળો અને સાત રાજુ ઊંચાઈવાળો છે.

### (૧) નરક પૃથ્વીપિંડની સમભૂમિથી દૂરી અને તેની પહોળાઈ :–

| | | નીચે | પહોળાઈ |
|---|---|---|---|
| ૧. | પ્રથમ નરક પૃથ્વી | સમભૂમિ જ છે. | ૧ રાજુ |
| ૨. | બીજી નરક પૃથ્વી | ૧ રાજુ | ૧.૮ાા રાજુ |
| ૩. | ત્રીજી નરક પૃથ્વી | ૨ રાજુ | ૨.૭ રાજુ |
| ૪. | ચોથી નરક પૃથ્વી | ૩ રાજુ | ૩.પાા રાજુ |
| ૫. | પાંચમી નરક પૃથ્વી | ૪ રાજુ | ૪.૪ રાજુ |
| ૬. | છટ્ઠી નરક પૃથ્વી | ૫ રાજુ | ૫.રાા રાજુ |
| ૭. | સાતમી નરક પૃથ્વી | ૬ રાજુ | ૬.૧ રાજુ |
| ૮. | લોકાંત | ૭ રાજુ | ૭ રાજુ |





### (૧) નરકપૃથ્વીની નીચેના લોકાંતથી દૂરી-ઊંચાઈ :–

| | | નીચેના લોકાંતથી |
|---|---|---|
| ૧. | સાતમી નરકનો પૃથ્વીપિંડ | ૧ રાજુ |
| ૨. | છટ્ઠી નરકનો પૃથ્વીપિંડ | ૨ રાજુ |
| ૩. | પાંચમી નરકનો પૃથ્વીપિંડ | ૩ રાજુ |
| ૪. | ચોથી નરકનો પૃથ્વીપિંડ | ૪ રાજુ |
| ૫. | ત્રીજી નરકનો પૃથ્વીપિંડ | ૫ રાજુ |
| ૬. | બીજી નરકનો પૃથ્વીપિંડ | ૬ રાજુ |
| ૭. | પહેલી નરકનો પૃથ્વીપિંડ | ૭ રાજુ |

**(૨) તિરછા લોક–** ૧૪ રાજુ પ્રમાણ લોકની મધ્યમાં હોવાથી એને મધ્યલોક પણ કહેવાય છે અર્થાત્ અહીંથી લોક સાત રાજુ નીચે છે અને ૭ રાજુ ઉપર છે. આ તિરછા લોક અસંખ્ય યોજન અર્થાત્ એક રાજુ પ્રમાણ લાંબો-પહોળો અને ગોળાકાર છે, તેની મધ્યમાં જંબુદ્વીપ છે અને જંબુદ્વીપની મધ્યમાં મેરુ પર્વત છે. મેરુપર્વતના મધ્ય કેન્દ્રબિંદુથી ચારેય દિશામાં તિરછા લોક અર્ધા-અર્ધા રાજુ પ્રમાણ છે. સામ સામેની બે દિશાઓનો યોગ એક રાજુ પ્રમાણ થાય છે. જંબુદ્વીપ થાળીના આકારે ગોળ એક લાખ યોજન વિસ્તારવાળો છે. તેની ચારે તરફ ચૂડીના આકારનો લવણ સમુદ્ર છે, તે બે લાખ યોજનના વિસ્તારવાળો છે. તેના પછી એક દ્વીપ, એક સમુદ્ર એમ અસંખ્ય દ્વીપ, અસંખ્ય સમુદ્ર ચૂડીના આકારવાળા છે.

પાછળનાથી આગળના દ્વીપ કે સમુદ્ર બમણા-બમણા વિસ્તાર વાળા છે. અંતમાં સ્વયંભૂરમણ સમુદ્ર પા(૧/૪)રાજુ વિસ્તારવાળો ચૂડી આકારનો છે. આ પ્રમાણે તિરછા લોકના એક રાજુ વિસ્તારમાં અર્ધા રાજુ ક્ષેત્ર એકલા સ્વયંભૂરમણ સમુદ્રે ગ્રહણ કરી રાખ્યું છે, શેષ અર્ધા રાજુમાં સમસ્ત અસંખ્ય દ્વીપ સમુદ્ર છે.

આ તિરછાલોક જાડાઈની અપેક્ષા ઉપર-નીચે ૧૮૦૦ યોજનનો છે. સમભૂમિથી ૯૦૦ યોજન નીચે સુધી અને સમભૂમિથી ૯૦૦ યોજન ઉપર સુધીનું ક્ષેત્ર તિરછાલોકનું માનવામાં આવ્યું છે. આ તિરછાલોકની નીચેના ૯૦૦ યોજનમાં વાણવ્યંતર દેવોના અસંખ્ય નગર છે અને ઉપરના ૯૦૦ યોજનમાં જ્યોતિષી દેવોના અસંખ્ય વિમાન છે. નીચેના ૯૦૦ યોજન પછી અધોલોકનો પ્રારંભ થાય છે અને ઉપરના ૯૦૦ યોજન પછી ઉર્ધ્વલોકનો પ્રારંભ થાય છે. પાંચે ય જ્યોતિષી ઉપર ૧૧૦ યોજન ક્ષેત્રમાં છે. સોળ(૧૬) વ્યંતર નીચે ૮૦૦

યોજન ક્ષેત્રમાં છે. દસ જૂંભક વ્યંતર પર્વતો પર અર્થાત્ વૈતાઢ્ય અને કંચનગિરિ પર્વતો પર હોવાનું વર્ણન મળે છે.

**(૩) ઊર્ધ્વ લોક–** સમભૂમિથી ૯૦૦ યોજન ઉપર ગયા પછી ઊર્ધ્વલોક શરૂ થઈ ૧૪ રાજુ પ્રમાણ લોકની ઉપલી સપાટી સુધી ઉર્ધ્વલોક છે. લગભગ દોઢ રાજુ ઉપર જતાં દેવલોકનો પ્રારંભ થાય છે. સર્વ પ્રથમ પહેલો-બીજો દેવલોક છે. બંને દેવલોકનું પૃથ્વીતળ એક જ છે અને તે પૂર્ણ ચંદ્રાકાર, ગોળ છે. બંને દેવલોકોનું વિભાજિત ક્ષેત્ર અર્ધ ચંદ્રાકારે છે.

દક્ષિણ વિભાગમાં પ્રથમ દેવલોક છે અને ઉત્તર વિભાગમાં બીજો દેવલોક છે. આ રીતે ત્યાંથી અસંખ્ય યોજન એક રાજુ ઉપર જવાથી એટલે સમભૂમિથી અઢી રાજુ ઉપર જવાથી ત્રીજો-ચોથો દેવલોક છે. તે બન્ને પહેલા-બીજા દેવલોકની જેમ જ એક જ પૃથ્વીપિંડ પર અર્ધ ચંદ્રાકારે વિભાજિત છે. તેના પછી ક્રમશઃ અસંખ્ય-અસંખ્ય યોજન ઉપર-ઉપર જવાથી પાંચમો, છટ્ઠો, સાતમો અને આઠમો દેવલોક ક્રમશઃ પૂર્ણ ચંદ્રાકારે એકબીજાની સીધમાં ઉપર છે. તેના પછી અસંખ્ય યોજન ઉપર નવમો-દશમો દેવલોક એક સપાટી પર બંને અર્ધ ચંદ્રાકાર છે. પછી અસંખ્ય યોજન ઉપર જવાથી ૧૧ મો ૧૨મો દેવલોક પણ એક સપાટી પર બંને અર્ધ ચંદ્રાકાર ક્ષેત્રવાળા છે.

તેના ઉપર કેટલાક(અસંખ્ય યોજન) દૂર જવાથી પહેલી બીજી ત્રીજી ગ્રૈવેયક ભૂમિ એક બીજાની ઉપર ઉપર ક્રમશઃ નજીક નજીક (સંખ્યાતા યોજનના આંતરે) સ્વતંત્ર છે. આ પ્રથમ ગ્રૈવેયક ત્રિક છે. તેનાથી થોડે દૂર (અનેક ક્રોડા-ક્રોડી યોજન) ઉપર જવાથી દ્વિતીય ગ્રૈવેયક ત્રિક આ જ રીતે છે. જે ચોથી પાંચમી છટ્ઠી ગ્રૈવેયક ભૂમિરૂપ છે અને આપસમાં સંખ્યાતા યોજનના આંતરે થોડી થોડી ઊંચાઈ પર છે. એ જ રીતે અનેક ક્રોડાક્રોડી યોજન ઉપર જવાથી ત્રીજી ગ્રૈવેયક ત્રિક છે જે સાતમી આઠમી નવમી ગ્રૈવેયક ભૂમિરૂપ એક બીજીથી ઉપર-ઉપર સંખ્યાતા યોજનના આંતરે છે. આ પ્રમાણે ત્રણ ત્રિકમાં નવ ગ્રૈવેયકની નવ પૃથ્વીઓ છે, જે પ્રત્યેક પૂર્ણ ચંદ્રાકારે છે.

તેના પછી ઉપર(અસંખ્ય યોજન) જવાથી અણુત્તર વિમાનની ભૂમિ આવે છે. તે પણ પૂર્ણ ચંદ્રાકાર છે. તે એક જ ભૂમિ સપાટી પર ચારે દિશાઓમાં ચાર અનુત્તર વિમાન છે અને વચમાં એક સર્વાર્થસિદ્ધ નામક પાંચમું અનુત્તર વિમાન છે. પ્રથમ દેવલોકથી લઈને અનુત્તર વિમાન સુધી સર્વત્ર વૈમાનિક દેવોનો નિવાસ છે.





અનુત્તર વિમાનથી ૧૨ યોજન ઉપર જતાં સિદ્ધશિલા છે જે આઠ યોજન મધ્યમાં જાડી છે અને ચારે કિનારે માખીની પાંખથી પણ પાતળી છે. આ સિદ્ધશિલા ૪૫ લાખ યોજન લાંબી-પહોળી-ગોળાકાર છે. તેની ઉપરની સપાટી સીધી સપાટ ૪૫ લાખ યોજન વિસ્તારવાળી છે. તેનો નીચેનો ભાગ વચમાં આઠ યોજન સુધી ચારે તરફ આઠ યોજન જાડો છે પછી ક્રમશઃ ઘટતાં ઘટતાં ૪૫ લાખ યોજનના અંતિમ કિનારે સર્વત્ર માખીની પાંખવત્ પાતળો છે. આ સિદ્ધશિલાથી એક યોજન ઉપર લોકાંત છે અર્થાત્ ૧૪ રાજુ લોકનો કિનારો છે. તે જ ઊર્ધ્વલોકનો પણ કિનારો છે. આ પ્રમાણે આ સંપૂર્ણ ઊર્ધ્વલોક પણ લગભગ સાત રાજુ પ્રમાણ ઊંચાઈવાળો છે.

| દેવલોક | સમભૂમિથી ઊંચાઈ | દેવલોકની ચૌડાઈ |
|---|---|---|
| પહેલો-બીજો | ૧ાા રાજુ | ૨ાા રાજુ |
| ત્રીજો-ચોથો | ૨ાા રાજુ | ૩ત્ત રાજુ |
| પાંચમો | ૩ાા રાજુ | ૫ રાજુ |
| છટ્ઠો | ૩ રાજુ | ૪ાા રાજુ |
| સાતમો | ૪ રાજુ | ૪ રાજુ |
| આઠમો | ૪ા રાજુ | ૩ાા રાજુ |
| નવમો-દસમો | ૪ રાજુ | ૩ રાજુ |
| અગિયારમો-બારમો | ૫ા રાજુ | ૨ા રાજુ |
| નવ ગ્રૈવેયક | ૬ રાજુ | ૧ રાજુ |
| પાંચ અનુત્તર વિમાન | ૭ રાજુ(દેશોન) | ૧ રાજુ(સાધિક) |

**અલોક–** લોકની ચોતરફ અનંત ક્ષેત્રમય અલોક છે. તેમાં પૃથ્વીપિંડ આદિ અથવા જીવ, પુદ્ગલ આદિ કંઈ પણ નથી, માત્ર આકાશમય અલોક ક્ષેત્ર છે.

**પ્રશ્ન–** લોક-અલોકનો વિસ્તાર અસત્ કલ્પનાથી કઈ રીતે સમજી શકાય છે ?

**જવાબ– લોકવિસ્તાર–** એના માટે અસત્ કલ્પનાથી એ રીતે સમજાવ્યું છે– ચાર દિશાકુમારી દેવીઓ જંબૂદ્વીપની જગતી પર ચારે દિશાઓમાં ઉભા રહીને બલિપિંડને ભૂમિ પર ફેંકે. એ સમયે મેરુપર્વતના શિખર પર ઊભા રહેલ છ દેવોમાંથી પ્રત્યેક દેવ તે ચારેય બલિપિંડોને ભૂમિ પર પડતા પહેલાં ગ્રહણ કરી શકે એટલી તીવ્ર ગતિવાળા હોય, એવા તે દેવ મેરુથી છ દિશાઓમાં ચાલવાનો પ્રારંભ કરે ત્યાર પછી એક વ્યક્તિની ૧૦૦–૧૦૦ વર્ષની સાત પેઢી ખતમ થઈ

જાય ત્યાં સુધી તેઓ ચાલે તોપણ લોકનો અંત આવતો નથી. છતાં પણ ઝાઝું(અધિક)ક્ષેત્ર પાર કર્યું છે થોડું ક્ષેત્ર બાકી રહ્યું છે. પાર કરેલાથી નહિ પાર કરેલું ક્ષેત્ર અસંખ્યાતમા ભાગનું છે, નહિ પાર કરેલાથી પાર કરેલું ક્ષેત્ર અસંખ્યાતગણું છે. આ ઉપમાથી લોકનો વિસ્તાર અસંખ્ય યોજન સમજવો.

**અલોક વિસ્તાર–** ઉપરના દષ્ટાંતની જેમ જ એને પણ સમજવો. વિશેષ એ છે કે એમાં ૮ દેવીઓ ૮ દિશાથી બાલપિંડ ફેંકે, તેને ગ્રહણ કરી શકે, પકડી શકે તેવા ૧૦ દેવ ૧૦ દિશામાં ચાલે છે એમ કહ્યું છે. આમાં ગયેલા ક્ષેત્રથી નહિ ગયેલ ક્ષેત્ર અનંતગણું બાકી રહે છે.

## નિબંધ–૧૩૧

# દસમો,અગીયારમો પૌષધ : શંખ-પુષ્કલી

શ્રાવસ્તી નગરીમાં શંખ પ્રમુખ અનેક શ્રાવક રહેતા હતા. જે જીવા-જીવ આદિ તત્ત્વોના જાણકાર હતા ઈત્યાદિ શ્રાવકના આગમ વર્ણિત ગુણોથી સંપન્ન, ૧૨ વ્રતધારી, મહિનામાં ૬ પ્રતિપૂર્ણ પૌષધ કરનાર શ્રમણોપાસક હતા. એક વાર ભગવાન મહાવીર તે નગરીમાં પધાર્યા. શંખ આદિ શ્રાવક મળીને પગપાળા જ ભગવાનની સેવામાં પહોંચ્યા. ઉપદેશ સાંભળ્યો. ઘરે પાછા ફરતી વખતે માર્ગમાં શંખ શ્રાવકે પ્રસ્તાવ રાખ્યો કે આજે આપણે ખાતા-પીતા સામુહિક પક્ખી પૌષધ કરીએ. પુષ્કલી આદિ અન્ય શ્રાવકોએ તેના કથનનો સ્વીકાર કર્યો. બધા પોત–પોતાના ઘર તરફ ચાલ્યા. સ્થાન અને ભોજન તૈયાર કરવાની જવાબદારીનો નિર્ણય પણ થયો જ હશે. એનું કથન મૂળપાઠમાં નથી. ઘરે પહોંચતા સુધી શંખ શ્રાવકના વિચાર બદલાઈ ગયા. તેઓએ પત્ની ઉત્પલાને પૂછીને ઉપવાસ યુક્ત પૌષધ પોતાની પૌષધશાળામાં કર્યો જે તેના ઘરથી સંલગ્ન હતી.

અન્ય શ્રાવકોએ એક સ્થાન પર(સંભવતઃ પુષ્કલીની પૌષધશાળામાં) એકત્રિત થઈ પૌષધ વ્રત ધારણ કર્યું. ભોજનનો સમય થતા સુધી શંખ શ્રાવકના નહિ આવવા પર પુષ્કલી શ્રાવક પૌષધમાં યતનાપૂર્વક બોલાવવા ગયા. શંખજીના ઘરે પહોંચીને ઉત્પલા શ્રાવિકાના કહેવાથી તેઓ પૌષધશાળામાં ગયા. ઈર્યાવહિનું પ્રતિક્રમણ કરીને વિનય સહિત શંખજીને ચાલવાનું નિવેદન કર્યું. શંખજીએ સ્પષ્ટતા કરી કે મેં ઉપવાસ યુક્ત પૌષધ કરી લીધો છે. તેથી તમે લોકો ખાતા-પીતા પક્ખી પૌષધનું પરિપાલન કરો. પુષ્કલીજી ત્યાંથી નીકળીને પોતાના સ્થાનમાં આવ્યા, અન્ય શ્રાવકોને જણાવ્યું કે શંખજી નહિ આવે કારણ કે તેઓએ ઉપવાસ





યુક્ત પૌષધ કરી લીધો છે. ત્યારે બધાએ આહાર કરીને દિવસ-રાત પૌષધથી આત્માને ભાવિત કર્યો. બીજા દિવસે પુષ્કલી આદિ બધા શ્રાવક સ્નાનાદિ આવશ્યક ક્રિયાથી નિવૃત્ત થઈ એક સ્થાને એકઠા થઈ ભગવાનના દર્શન કરવા ગયા. શંખજી પૌષધનું પારણું કર્યા વિના જ એકલા ભગવાનની સેવામાં પહોંચી ગયા હતા. પરિષદ એકઠી થઈ, પ્રવચન થયું, પ્રવચન પછી કેટલાય શ્રાવક શંખજી પાસે પહોંચીને ઠપકો દેવા લાગ્યા, ખીજાવા લાગ્યા. અવસર જોઈને ભગવાને જાતે જ શ્રાવકોને સંબોધન કરી કહ્યું કે– હે આર્યો ! તમે શંખ શ્રમણોપાસકની આ પ્રમાણે નારાજી નિંદા ન કરો. શંખ શ્રાવક પ્રિયધર્મી દઢધર્મી છે અને વર્ધમાન પરિણામોના કારણે એમ કર્યું છે અને શ્રેષ્ઠ ધર્મજાગરણાથી પૌષધનું આરાધન કર્યું છે અર્થાત્ કોઈ પણ છેતરવાના પરિણામથી એવું કર્યું નથી. પ્રભુના સ્પષ્ટીકરણ કરવાથી શ્રાવક શાંત થયા. પછી પ્રશ્ન-ચર્ચા થઈ. જેમાં ગૌતમ સ્વામીએ જાગરણાના વિષયમાં પૂછયું. શંખજીએ ચારેય કષાયનું ફળ પૂછયું. કષાયના કટુ વિપાક–અશુભ ફળ સાંભળી શ્રાવકોએ શંખજીની ક્ષમાયાચના કરી. બધા શ્રાવક પોત-પોતાને ઘર ગયા. ગૌતમસ્વામીએ શંખજીનું ભવિષ્ય પૂછયું, ભગવાને કહ્યું– શંખજી દીક્ષા નહિ લે પરંતુ અનેક વર્ષો સુધી શ્રાવક વ્રતોનું આરાધન કરી પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે. પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ યાવત્ સંયમ-તપનું આરાધન કરી, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરીને મુક્ત થશે. આ સંપૂર્ણ વર્ણન ભગવતી સૂત્ર શતક–૧૨ના પ્રથમ ઉદ્દેશકમાં છે.

**પ્રશ્ન– શંખ આદિ શ્રાવકોના ઉક્ત વર્ણનથી પૌષધ સંબંધી શું ફલિતાર્થ નીકળે છે ?**

**જવાબ–** પુષ્કલીજી જ્યારે શંખજીને બોલાવવા તેમની પૌષધશાળામાં પહોંચ્યા ત્યારે તેઓએ પહેલા ઈરિયાવહિનો કાયોત્સર્ગ કર્યો, પછી વાત કરી. એથી તેઓનું પૌષધમાં જવાનું સ્પષ્ટ થાય છે. પછી પુષ્કલીજીના પાછા આવી ગયા બાદ બધા શ્રાવકોએ આહાર કર્યો.

(૧) શ્રાવકના અગિયારમા વ્રતમાં ઉપવાસ વિના પણ પૌષધ કરી શકાય છે. (૨) એવો પૌષધ પણ પ્રતિપૂર્ણ પૌષધ કહી શકાય છે.(સાવદ્ય ત્યાગની અપેક્ષા) (૩) ઉપવાસ વગરના પૌષધ પચ્ચક્ખાણ પછી આહાર કરી શકાય છે. (૪) પૌષધ પચ્ચક્ખાણ પછી આવશ્યક હોય તો **યતનાપૂર્વક ગમના-ગમન** કરી શકાય છે. તેના માટે પહેલાથી મર્યાદા કરવાની આવશ્યકતા હોતી નથી. (૫) વ્યાખ્યાન સાંભળ્યા પછી પોતપોતાના ઘરે જઈને આવશ્યક નિર્દેશ કરી પછી એક સ્થાન પર એકત્રિત થવામાં એક પ્રહરથી અધિક સમય પણ લાગી શકે છે.

(૬) ખાતા-પીતા સામુહિક પૌષધની વાત ન થતી તો તે શ્રાવક તે દિવસે પાખી હોવાથી ઘરે જઈને પૌષધ તો કરવાના હતા જ પરંતુ કેવો પૌષધ કરતા અને ક્યારે કરતા એ નિર્ણય તે સમય સુધી નહિ લેવાયેલ. તેથી ઘેર જઈને કોઈ શ્રાવક ખાતા-પીતા પૌષધ પણ કરતા, કોઈ ઉપવાસ યુક્ત પૌષધ પણ કરત. કોઈ ઘરે જઈને શીઘ્ર પૌષધ કરત અને કોઈ થોડીવાર પછી પણ કરત. એથી પ્રતિપૂર્ણ પૌષધ વ્રતધારી તે શ્રાવકોને પણ આઠ પ્રહરના સમયનો કે ચૌવીહાર ત્યાગનો અર્થાત્ આહાર નહિ કરવાનો પણ આગ્રહ ન હતો.

એ બધા ફલિતાર્થોમાં ભગવતી સૂત્ર, ૬ પ્રતિપૂર્ણ પૌષધ વ્રતધારી ભગવાનના શાસનના પ્રમુખ શ્રાવક અને ભગવાન મહાવીર સાક્ષીરૂપ અને પ્રમાણરૂપ છે. એથી પરંપરાઓના આગ્રહમાં કોઈના દ્વારા એ સૂત્ર ફલિતાર્થોનો ઈન્કાર નહિ કરવો જોઈએ.

**પ્રશ્ન– પૌષધની વિધિને માટે અહીં શું ફલિત થાય છે ?**

**જવાબ–** પૌષધ લેતા પહેલાં પોતાના સૂવાના, બેસવાના, રહેવાના સ્થાનનું પ્રતિલેખન, પ્રમાર્જન કરવામાં આવે છે. શારીરિક લઘુશંકા, દીર્ઘશંકા નિવારણ યોગ્ય ઉચ્ચાર-પ્રસ્રવણ(પાસવણ) ભૂમિનું પ્રતિલેખન અર્થાત્ નિરીક્ષણ-પ્રેક્ષણ કરવામાં આવે છે. પોતાને બેસવા-સૂવા અને પૌષધમાં ઉપયોગમાં લેવાના ઉપકરણોનું આસન-શયનનું પ્રતિલેખન કરવામાં આવે છે. એમ શંખજીએ કર્યું હતું. પૌષધમાં આવશ્યક ગમનાગમન કરવામાં આવે તો તેનું ઈર્યાવહિ પ્રતિક્રમણ કાયોત્સર્ગ કરાય છે. કેમ કે પુષ્કલીજીએ શંખજીની પૌષધશાળામાં પહોંચીને કાયોત્સર્ગ કર્યો હતો. ત્યાર પછી જ પ્રાસંગિક વાત કરી હતી.

**પ્રશ્ન– શ્રાવક-શ્રાવિકાને વંદન-નમસ્કાર કેવી રીતે થાય છે ?**

**જવાબ–** પુષ્કલીજી જ્યારે શંખજીના ઘરે ગયા ત્યારે શંખજીની ઉત્પલા પત્ની સાત-આઠ ડગલા સામે ગઈ અને વંદન નમસ્કાર કરી આસન નિમંત્રિત કરીને પછી આવવાનું કારણ પૂછ્યું. અહીં પાઠમાં હાથ જોડીને મસ્તક નમાવવાની પ્રવૃત્તિને માટે **व दइ णम सइ** એવો પ્રયોગ છે. પુષ્કલીજીએ શંખજીની પૌષધ શાળામાં પહોંચીને ઈર્યાવહિ પ્રતિક્રમણ કરીને પછી શંખજીને વંદન નમસ્કાર કરીને પોતાની વાત શરૂ કરી. આ વર્ણનથી શ્રાવક-શ્રાવિકાઓનો પરસ્પર હાથ જોડી મસ્તક નમાવવારૂપ વંદન નમસ્કાર કરવાનો વ્યવહાર પ્રગટ થાય છે.

**પ્રશ્ન– ત્યાગ ભાવનાઓનું મહત્ત્વ અધિક હોય તે અહીંથી કેવી રીતે ફલિત થાય છે ?**





**જવાબ–** સામાન્ય લૌકિક બુદ્ધિથી જોઈએ તો શંખજી એ જ ખાતા-પીતા પૌષધનો પ્રસ્તાવ આપ્યો હતો. તદનુસાર તેણે પણ કરવું જોઈતું હતું પરંતુ તેમણે ત્યાગ-તપની વૃદ્ધિના પરિવર્તિત ભાવોને ગૌણ નહિ કરતાં તેનો યથેષ્ટ આદર કરી, તેને જ કાર્યાન્વિત કર્યા. ખાતા-પીતા પૌષધની અપેક્ષા ઉપવાસ યુક્ત પૌષધનું મહત્ત્વ ત્યાગની અપેક્ષા વિશેષ છે જ, એમા કોઈ શંકા નથી. પછી ભલે શ્રાવકોનો ઠપકો(અવ્યવહારિકતા માટે) સાંભળવો પડે તે સ્વીકાર્ય ગણ્યો. પુષ્કલીજી આવ્યા તો તેને વિવેકપૂર્વક પોતાના વ્રત વિષે કહી દીધું. પુષ્કલીજી પણ ઉત્તર સાંભળીને વિવેકપૂર્વક ચાલ્યા ગયા. ત્યાગ વૃદ્ધિની પાછળ થએલી અવ્યવહારિકતાની દષ્ટિના માનસથી કેટલાક શ્રાવકોએ બીજા દિવસે પ્રવચનોપરાંત ઉપાલંભ આપ્યો. રોષ પ્રગટ કર્યો પરંતુ ભગવાને શંખજીની ધર્મ જાગરણા ત્યાગ-તપનું મહત્ત્વ દર્શાવીને શ્રાવકોને શાંત રહેવાનું ફરમાવ્યું. તેથી પણ એ સ્પષ્ટ છે કે વ્યવહારિકતાનું મહત્ત્વ ભલે પોતાના સ્થાને ઉચિત-યોગ્ય છે. તોપણ ત્યાગ તપ, આત્મવિકાસની વૃદ્ધિ જ્યાં હોય ત્યાં વ્યવહારિકતાને ગૌણ કરવું આગમ દષ્ટિએ અનુચિત મનાતુ નથી.

**પ્રશ્ન– ખાતા-પીતા પૌષધ કરનાર શ્રાવકોએ પોતાના વ્રત નિયમના છ પ્રતિપૂર્ણ પૌષધમાં એને નહિ ગણતા અલગ ગણના કરી હોય, એવું માની શકાય છે ?**

**જવાબ–** આગમોમાં શ્રાવકોના છ પૌષધના નિયમની તિથિનું સ્પષ્ટીકરણ પણ છે કે– શ્રાવક એક મહિનાની બે આઠમ, બે ચૌદશ તથા અમાવસ્યા, પૂનમ; આ છ દિવસોમાં તેઓ પ્રતિપૂર્ણ પૌષધ કરનારા હોય છે. પ્રસ્તુત પ્રસંગમાં શ્રાવકોએ જે પૌષધ કર્યો હતો તે પાખીનો દિવસ હતો કારણ કે પાખી લૌકિક પંચાગની ચૌદશ; અમાસ કે પૂનમના દિવસે જ હોય છે. તેથી અહીં મૂલપાઠમાં કહેલ પાખીનો દિવસ શ્રાવકોના ૬ પૌષધનો જ દિવસ હતો.

ભગવાને બીજા દિવસે શ્રાવકોને શંખજી પર આક્રોશ કરવાની ના કહી પરંતુ એમ નહિ કહ્યું કે તમે ખાતા-પીતા પક્ખી પૌષધ કર્યો એ બરાબર નહિ કર્યું. ગૌતમ સ્વામીએ પણ આ વિષયની કોઈ ચર્ચા નથી કરી અને આગમમાં ઉપલબ્ધ આ ઘટનામાં પણ તે શ્રાવકોએ પૌષધ વ્રત ખોટું કર્યું– યથાનિયમ નથી કર્યું અથવા પોતાની ૬ પૌષધની પ્રતિજ્ઞામાં આગારનું સેવન કર્યું એવું કોઈ કથન કરવામાં આવ્યું નથી.

**પ્રશ્ન– તે શ્રાવકોએ પૌષધના પચ્ચક્ખાણ ખાધા પછી લીધા કે પહેલાં લીધા ?**

**જવાબ–** પુષ્કલી શ્રાવક શંખ શ્રાવકને બોલાવવા ગયા ત્યારે તેઓએ પૌષધ પચ્ચક્ખાણ લઈ લીધા હતા. તેથી તેઓએ શંખજીની પૌષધશાળામાં પહેલાં

ઈર્યાવહિ પ્રતિક્રમણ કર્યું હતું, પછી વાત કરી હતી. સામાન્ય રૂપે શ્રાવક ક્યાંય પણ જાય તો ત્યાં ઈર્યાવહિ કરતા નથી. પુષ્કલી આદિ શ્રાવકોએ શંખજીના નહિ આવવાથી, પછી જ આહાર ગ્રહણનો કાર્યક્રમ કર્યો હતો, તે વાત સૂત્ર પાઠથી સ્પષ્ટ થાય છે. જેથી તે શ્રાવકોએ પૌષધના પચ્ચક્ખાણમાં આહાર પાણીના સિવાય સાવદ્યયોગના પચ્ચક્ખાણ કર્યા હતા. તદનુસાર સાવદ્ય યોગનો, પાપોનો સંપૂર્ણ ત્યાગ બે કરણ, ત્રણ યોગથી હોવાના કારણે તેઓનો એ પૌષધ પ્રતિપૂર્ણ પૌષધની ગણતરીમાં લેવામાં આવેલ છે, એમ સમજવું યોગ્ય લાગે છે.

### નિબંધ–૧૩૨

## પુદ્ગલ પરાવર્તનના પ્રકાર

પુદ્ગલ પરાવર્તનના સાત પ્રકાર છે– (૧) ઔદારિક પુદ્ગલ પરાવર્તન (૨) વૈક્રિય (૩) તૈજસ (૪) કાર્મણ (૫) મન (૬) વચન (૭) શ્વાસોશ્વાસ પુદ્ગલ પરાવર્તન. પુદ્ગલોના અનંત પ્રકાર હોય છે તોપણ અપેક્ષાથી અહીં સાત પ્રકારની પુદ્ગલ વર્ગણાઓથી સાત પુદ્ગલ પરાવર્તન કહ્યા છે. જીવ અનાદિકાલથી ઉપરોક્ત સાતે ય પ્રકારના પુદ્ગલ ગ્રહણ કરે છે અને છોડે છે. લોકના સમસ્ત પુદ્ગલોને જીવ ઔદારિક શરીરરૂપમાં ગ્રહણ કરી લે તેટલા સમયને ઔદારિક પુદ્ગલ પરાવર્તન કહેવાય છે. એમાં ઓછામાં ઓછું એક વાર બધા પુદ્ગલોનું ઔદારિક રૂપમાં ગ્રહણ થવું અનિવાર્ય છે. એની વચ્ચે જેનું બીજી ત્રીજીવાર ગ્રહણ થઈ જાય તેની કોઈ ગણતરી થતી નથી. એ જ રીતે વૈક્રિય, તૈજસ આદિ વર્ગણાના રૂપમાં સમસ્ત પુદ્ગલોના ગ્રહણનો ક્રમ–વારો આવી જાય તો તે પુદ્ગલ પરાવર્તન બને છે.

પ્રત્યેક પુદ્ગલ પરાવર્તનના બનવામાં અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી અર્થાત્ અનંત કાલચક્ર વ્યતીત થાય છે. ત્યારે એક જીવ લોકના સમસ્ત પુદ્ગલોને તે–તે એક વર્ગણારૂપમાં ગ્રહણ કરી શકે છે. જે પુદ્ગલ ગ્રહણનો સંયોગ અધિક મળે છે તે પુદ્ગલ પરાવર્તન જલ્દી પૂર્ણ થાય છે. યથા– કાર્મણ પુદ્ગલ પરાવર્તન. કારણ કે તે પ્રત્યેક ભવમાં અને અધિકતમ સંયોગ થવાવાળું છે. જે પુદ્ગલોના ગ્રહણનો સંયોગ જીવને ઓછો થાય છે, તે પુદ્ગલ પરાવર્તન દીર્ઘ સમયે પૂર્ણ થાય છે, યથા– વૈક્રિય પુદ્ગલ પરાવર્તન.

આ અપેક્ષાએ– (૧) સર્વથી નાનું(ઓછા સમયમાં પૂર્ણ થનાર) કાર્મણ પુદ્ગલ પરાવર્તન (૨) તેનાથી તૈજસ પુદ્ગલ પરાવર્તન મોટું હોય છે. કારણ કે





તેના પુદ્ગલ કાર્મણ જેટલા નિરંતર ગ્રહણ થતા નથી. (૩) એનાથી ઔદારિક પુદ્ગલ પરાવર્તન મોટું હોય છે. નરક દેવમાં તેનો સંયોગ રહેતો નથી. (૪) એનાથી શ્વાસોશ્વાસ પુદ્ગલ પરાવર્તન મોટું હોય છે કારણ કે અપર્યાપ્ત મરનારા અનંત જીવોને શ્વાસોશ્વાસ હોતા નથી અને દેવોને શ્વાસોશ્વાસ અતિ અલ્પ હોય છે. (૫–૭) એનાથી ક્રમશઃ મન, વચન અને વૈક્રિય પુદ્ગલ પરાવર્તન ઘણા લાંબા કાલમાં પૂર્ણ થનાર હોય છે.

જે પુદ્ગલ પરાવર્તન મોટા છે, તે જીવે આજ સુધી ઓછા કર્યા છે અને જે નાના છે તે જીવે અધિક કર્યા છે. એ અપેક્ષાએ જીવે (૧) બધાથી ઓછા વૈક્રિય પુદ્ગલ પરાવર્તન કર્યા છે અને (૭) સર્વથી અધિક કાર્મણ પુદ્ગલ પરાવર્તન કર્યા છે. શેષ પાંચેયના ઉલટાક્રમથી અધિક-અધિક સમજી લેવા જોઈએ.

### નિબંધ–૧૩૩

## અઢાર પાપનું સ્વરૂપ અને ભેદ

શતક–૧૨, ઉદ્દેશક–૫ માં ક્રોધાદિના પર્યાય શબ્દ આ પ્રમાણે કહ્યા છે– **(૧) ક્રોધના પર્યાયવાચી ૧૦ શબ્દ–** ક્રોધ, કોપ, રોષ, દોષ, અક્ષમા, સંજ્વલન, કલહ, ચાંડિક્ય, ભંડણ, વિવાદ.

**(૨) માનના પર્યાયવાચી ૧૨ શબ્દ–** માન, મદ, દર્પ, સ્તંભ, ગર્વ(ઘમંડ) આત્મોત્કર્ષ, પરપરિવાદ, ઉત્કર્ષ, અપકર્ષ, ઉન્નત, ઉન્નામ, દુર્નામ.

**(૩) માયાના પર્યાયવાચી ૧૫ શબ્દ–** માયા, ઉપધિ, નિયડી, વલય, ગહન, ણૂમ, કલંક, કુરૂપ, જિહ્નતા, કિલ્વિષ, આદરણતા, ગૂહનતા, વંચનતા, પ્રતિકુંચનતા, સાઈ(સાદિ)યોગ.

**(૪) લોભના પર્યાયવાચી ૧૬ શબ્દ–** લોભ, ઈચ્છા, મૂર્ચ્છા, કાંક્ષા, ગૃદ્ધિ, તૃષ્ણા, ભિજ્જા, અભિજ્જા, આશંસના, પ્રાર્થના, લાલપનતા, કામાશા, ભોગાશા, જીવિતાશા, મરણાશા, નંદિરાગ.

આ બધા શબ્દ એકાર્થક છે તોપણ તેના વ્યુત્પત્તિ પરક આદિ જુદા-જુદા અર્થ પણ થાય છે. જે વિવેચનયુક્ત ભગવતી સૂત્રમાં જુઓ.

**(૫ થી ૯)**હિંસા આદિ પાંચ પાપના અનેક નામ અને પર્યાયવાચી શબ્દ પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં છે. શેષ ૯(૧૮–૪+૫= ૯) પાપના અર્થ આ પ્રમાણે છે– **(૧૦)** રાગ–પુત્ર આદિ સ્વજન પર સ્નેહ **(૧૧)** દ્વેષ–અપ્રીતિ **(૧૨)** કલહ–સ્થૂલ વચનોથી કોઈને જેમ-તેમ બોલવું, વચનયુદ્ધ કરવું **(૧૩)** અભ્યાખ્યાન–

અવિદ્યમાન દોષોનો આરોપ લગાડવો, મિથ્યા કલંક ચડાવવું **(૧૪)** પૈશુન્ય– ચુગલી કરવી, પીઠ પાછળ દોષ વર્ણવવા **(૧૫)** પરપરિવાદ–બીજાની નિંદા, અવગુણ-અપવાદ કરવો, અવહેલના કરવી, તિરસ્કાર–પરાભવ કરવો **(૧૬)** રતિ-અરતિ–પ્રતિકૂલ સંયોગોમાં જે ઉદ્વેગ પેદા થાય તે અરતિ છે એમ મનોનુકૂલ સંયોગોમાં હર્ષ આનંદના જે પરિણામ હોય છે તે રતિરૂપ છે **(૧૭)** માયામૃષા– કપટ યુક્ત જૂઠ, ઠગાઈ, ધોખાબાજી વગેરેમાં જે કપટ પ્રપંચનો વ્યવહાર થાય છે તે માયા-મૃષા પાપ છે **(૧૮)** મિથ્યાદર્શન શલ્ય–ખોટી શ્રદ્ધા, જિન-વચનથી વિપરીત શ્રદ્ધા. અઢાર પાપમાં આ અંતિમ પાપ વિશિષ્ટ પાપ હોવાથી શલ્ય– કંટકની ઉપમાથી યુક્ત કહ્યું છે.

### નિબંધ–૧૩૪

## દરેક જીવની સાથે સંબંધઃ અનંતવાર

આ જીવ બધા જીવોના માતા-પિતા આદિ સંબંધી રૂપમાં પણ અનેક વાર યા અનંતવાર જન્મી ચૂકયો છે અને બધા જીવ એના માતા-પિતા આદિ બની ચૂક્યા છે. એ જ પ્રમાણે શત્રુ-મિત્ર આદિ અને દાસ, નોકર આદિના રૂપમાં પણ અનેકવાર કે અનંતવાર સમજી લેવું જોઈએ.

***પ્રત્યેક જીવ લોકના બધા આકાશ પ્રદેશોમાં અનંત જન્મ મરણ કરી ચુક્યા છે. જ્યાં જે ક્ષેત્રમાં જેવો સ્વભાવ છે તેને અનુરૂપ અનંત અનંત ભવ કરવાનું સમજી લેવું. જેવી રીતે નવ ગ્રૈવેયકમાં દેવરૂપમાં અનંત ભવ કહેવા, દેવીરૂપમાં ન કહેવા. અનુત્તર વિમાનમાં દેવ–દેવીરૂપમાં અનંતભવ ન કહેવા. ૧–૨ વખત જ ત્યાં ભવ થાય છે, વગેરે સર્વત્ર અનંતભવોને ઉપયોગ પૂર્વક સમજવા જાઈએ.***

### નિબંધ–૧૩૫

## પાંચ પ્રકારના દેવ તથા અલ્પબહુત્વ

અલ્પબહુત્વ– (૧) સર્વથી થોડા નરદેવ(ચક્રવર્તી) હોય છે. તે ઉત્કૃષ્ટ ૩૭૦ સંપૂર્ણ લોકમાં હોઈ શકે છે. ૩૭૦=૧૭૦ વિજયમાંથી ૧૫૦માં ઉત્કૃષ્ટ ચક્રવર્તી હોઈ શકે છે. ૧૫૦માંથી પણ ૨૦માં એક-એકની પછી ૧૧–૧૧ જન્મ્યા હોવાની પરંપરા ચાલે છે તો ૨૦×૧૧=૨૨૦ પરંપરાએ જન્મેલા + ૧૫૦ ઉત્કૃષ્ટ ચક્રવર્તી પદ ભોગવનાર, એમ બંને મળીને ૩૭૦ ની સંખ્યા બને છે. (૨) નરદેવથી દેવાધિદેવ સંખ્યાતગણા હોય છે. એ ઉત્કૃષ્ટ ૧૮૩૦ હોઈ શકે છે. ઉત્કૃષ્ટ





૧૭૦ વિજયમાં તીર્થંકર હોઈ શકે છે. જેમાં ૨૦ ની પાછળ જન્મેલા ૮૩–૮૩ની પરંપરા ચાલે છે, તો ૨૦×૮૩=૧૬૬૦+ તીર્થંકર પદ ભોગવનાર ઉત્કૃષ્ટ ૧૭૦ એમ બંને મળીને ૧૬૬૦+૧૭૦= ૧૮૩૦ની સંખ્યા બને છે. (૩) તેનાથી ધર્મદેવ(સાધુ-સાધ્વી) સંખ્યાતગણા. એ અનેક હજાર ક્રોડ હોય છે. (૪) તેનાથી ભવ્ય દ્રવ્ય દેવ અસંખ્યગણા. મનુષ્ય-તિર્યંચમાં દેવાયુ બાંધેલા જીવ અસંખ્ય હોય છે. (૫) તેનાથી ભાવદેવ અસંખ્યગણા. દેવ આયુ બાંધેલા મનુષ્ય-તિર્યંચોથી વાસ્તવિક દેવ અસંખ્યગણા હોય છે.

### નિબંધ–૧૩૬

## લોક મધ્ય અને ત્રણે લોકનું મધ્ય ક્યાં છે?

**(૧) ચૌદ રાજુપ્રમાણ લોકનું મધ્ય–** પહેલી નરકપૃથ્વીની નીચે જે આકાશાંતર આવે છે તેમાં અસંખ્યાતમા ભાગે અસંખ્ય યોજન જવા પર લોક મધ્ય આવે છે. **(૨) અધોલોકનું મધ્ય–** ચોથી નરકની નીચેના આકાશાંતરમાં લગભગ અર્ધે જવાથી આવે છે. **(૩) તિરછા લોકનું મધ્ય–** મેરુ પર્વતની વચ્ચે સમભૂમિ પર આવનાર બે ક્ષુલ્લક પ્રતરોના આઠ રુચક પ્રદેશ તિરછાલોકનું મધ્ય છે. ત્યાંથી ૧૦ દિશાઓ નીકળે છે. તેથી તે સ્થળ દિશાઓનું પણ મધ્યકેન્દ્ર છે. **(૪) ઊંચાલોકનું મધ્ય–** પાંચમા દેવલોકના ત્રીજા રિષ્ટ નામના પાથડામાં છે, ત્યાં જ તમસ્કાયની ઉપલી સપાટી છે.

**દિશાઓના આકાર સંસ્થાન–** ચાર દિશાઓ, સગડુદ્ધિ સંસ્થાન-ગાડીની ધોંસરી(ધૂંસરી) સમાન આકારવાળી છે. ચાર વિદિશાઓ છિન્ન મુક્તાવલી સંસ્થાનવાળી છે. ઊંચી-નીચી દિશા ચાર પ્રદેશી હોવાથી રુચક સંસ્થાનવાળી છે.૧૪ રાજુપ્રમાણ લોક સર્વથી અલ્પ પહોળો **તિરછાલોકના ક્ષુલ્લક પ્રતરમાં છે.** ઉત્કૃષ્ટ પહોળો **સાતમી નરકના આકાશાંતરમાં છે.** મધ્યમ પહોળો વિસ્તૃત **પાંચમા દેવલોકમાં છે.** ક્ષેત્રફળની અપેક્ષાએ તિરછોલોક સર્વથી અલ્પ છે, ઊર્ધ્વલોક તેનાથી અસંખ્યગણો છે અને અધોલોક તેનાથી વિશેષાધિક છે.

### નિબંધ–૧૩૭

## શ્રાવકના પ્રત્યાખ્યાનમાં કરણ યોગ

ભગવતી સૂત્ર શતક–૮, ઉદ્દેશક–૫માં શ્રાવકના અણુવ્રત માટે ૪૯ ભંગ આપવામાં આવ્યા છે અર્થાત્ શ્રાવક તે વ્રતોને એટલા પ્રકારે કરણ યોગોથી ધારણ

કરી શકે છે. તેનો મતલબ એ નથી કે દરેક શ્રાવક કોઈ પણ કરણયોગના ભંગથી વ્રત ધારણ કરી લે, પરંતુ સૂત્રના પાઠોમાં(ઉપાસક દશા વગેરેમાં) સ્પષ્ટ કરવામાં આવેલા કરણ યોગથી સામાન્ય રૂપે શ્રાવક તે વ્રતો કે પ્રત્યાખ્યાન કરી શકે છે. વિશેષ કરણ યોગ સ્વતંત્ર વધારવા કે ઘટાડવા માટે શ્રાવકની પરિસ્થિતિ તેમજ વિશિષ્ટ યોગ્યતાની પણ આવશ્યકતા જરૂરી છે.

ભગવતી સૂત્ર શતક–૮ ઉદ્દે.૫માં આ પણ વર્ણન છે કે સામાયિકમાં બેઠેલા શ્રાવકના ઉપકરણ ચોર ચોરી લે અથવા તેની પત્નીનું કોઈ અપહરણ કરી લે તો સામાયિક પૂર્ણ થયા પછી તે શ્રાવક તે પદાર્થોની કે પોતાની પત્નીની શોધ કરે છે કારણ કે આવા શ્રાવકની સામાયિકના પ્રત્યાખ્યાન અમુક સીમા તેમજ કરણ યોગના હોય છે. જેમા તે પદાર્થોનો પૂર્ણ ત્યાગી ત્રણકરણ ત્રણયોગથી હોતો નથી.

તે ભગવતી સૂત્રના વર્ણન અનુસાર આ સ્પષ્ટ થાય છે કે સામાન્ય ઘર-પરિવાર તથા વ્યાપારી શ્રાવક સામાયિકમાં ત્રણ કરણ ત્રણ યોગરૂપ ભંગથી ત્યાગી હોતો નથી, પરંતુ જો આનંદ વગેરે શ્રાવકોની જેમ નિવૃત્ત સાધનાવાળા હોય, પુત્રને ગૃહસંસારનો ભાર આપીને નિવૃત્ત થઈ ગયા હોય એટલે કે જીવન પર્યંત પરિવાર અને પરિગ્રહથી પૂર્ણ નિવૃત્ત બની સાધનામય થઈ જાય; તે ઈચ્છિત કરણ યોગથી ***યાવત્*** ઉત્કૃષ્ટ ત્રણકરણ ત્રણયોગથી પણ કોઈ પ્રત્યાખ્યાન કે સંથારો કરી શકે છે. પરંતુ ઘર પરિવારમાં રચ્યો-પચ્યો વિશિષ્ટ જ્ઞાની સાધક પણ છેવટે સામાયિક પૌષધનો સમય પૂર્ણ થતા જ સમસ્ત પરિવાર અને પરિગ્રહનો અધિકારી જ રહે છે. તેની માલિકીની પરંપરાને પૂર્ણ વિરક્ત હોવાનું સામાયિક વગેરેમાં પણ શાસ્ત્રકારે સ્વીકારી નથી. માટે શ્રાવકના અણુવ્રત ધારણ કરવામાં કરણયોગનાં ૪૯ ભંગ હોવા છતાં દરેક શ્રાવક ઘર-પરિવારથી પૂર્ણ નિવૃત્તિ લીધા વિના ત્રણકરણ ત્રણયોગથી સામાયિક કે પૌષધાદિ કરી શકતો નથી.

આવશ્યક સૂત્રની ૧૩૦૦ વર્ષથી પણ વધારે પ્રાચીન વ્યાખ્યામાં છઠ્ઠા આવશ્યક પછી ચૂલિકામાં શ્રાવકના બાર વ્રતનો મૂલપાઠ અને વિવેચન છે જેમાં શ્રાવકના ત્રણકરણ ત્રણયોગના પ્રત્યાખ્યાનની સામાયિક વગેરે માટે પ્રશ્ન ઉઠાવી નિષેધ કર્યો છે. નિવૃત્તિ અને સંલેખના પહલાં કોઈ શ્રાવક ત્રણકરણ ત્રણયોગ થી પ્રત્યાખ્યાન કરી શકતા નથી, એવું ત્યાં સ્પષ્ટ કથન છે.

તેથી આગમ પાઠોના આધારે નિર્ણય કરવામાં પણ વિવેક રાખવો ખૂબજ જરૂરી છે. જૈન આગમોનું બહુમુખી અધ્યયન તેમજ શોધપૂર્વક ચિંતન મનન





હોવું પણ તેટલુ જ આવશ્યક છે. માટે બે કરણ ત્રણયોગના સામાયિક પૌષધ ના ઘોષ પાઠો પ્રમાણે જ પ્રત્યાખ્યાન કરીને પૂર્ણ વૈરાગ્ય ભાવોથી અધિકતમ કરણ યોગોની સાધના કરવાથી તેવી જ નિર્જરાનું ફળ તો સાધકને અવશ્ય મળી જ રહે છે. અર્થાત્ જે જેટલા વધારે વિવેક રાખસે તેને તેટલુ ફળ પ્રાપ્ત થાશે. માટે પ્રચલિત કરણ યોગોમાં સામાન્ય રૂપથી કોઈએ હસ્તક્ષેપ કરવો જોઈએ નહીં.

# સંથારો - દીક્ષા તારીખનું રહસ્ય

આગમ નિબંધમાળા, ભાગ–૧ માં આગમ મનીષી પૂ.શ્રીની તબિયતમાં સુધારો તથા સંથારાની તારીખ કવર પૃષ્ઠ – ૪ ઉપર દર્શાવેલ, તે વાંચીને મુંબઈ (કલ્યાણ)થી આચાર્ય શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સુશિષ્ય શ્રી મુક્તિશ્રમણ વિજયજી મ.સા.ની પત્ર દ્વારા જિજ્ઞાસા વ્યક્ત કરવામાં આવી, જેનું સમાધાન પત્ર દ્વારા કરવામાં આવ્યું, તે જીજ્ઞાસા તથા સમાધાનનું વિવરણ આ મુજબ છે.

**જિજ્ઞાસા** : જૈનાગમ નવનીત, આગમ નિબંધમાળા ભાગ–૧ પુસ્તક મળેલ છે. પરિચય વૃતમાંથી બે વાત વાંચતાં આશ્ચર્ય થયું. નિવૃત્તિ સંલેખના તારીખ અને સંથારા તારીખ. આ તારીખ નક્કી કરવા પાછળનું રહસ્ય શું ? તે જણાવવામાં વાંધો ન હોય તો જિજ્ઞાસા પૂર્ણ કરશોજી.

**સમાધાન :–** પૂ. મુનિરાજ શ્રી મુકિતશ્રમણવિજયજી, સાદર વંદન.

મને ૨૮ વર્ષની ઉંમરથી જાણકારી છે કે મારી ઉંમર ૭૦ વર્ષથી ઉપર અને વધારેમાં વધારે ૭૮ વર્ષની છે અને ઓછામાં ઓછી ૭૨ વર્ષની છે. મારા જીવનમાં એકલ વિહાર પણ નક્કી છે. તેથી આગમ(કલ્પ્ય) આધારિત ઓછામાં ઓછી ૪૦વર્ષની ઉંમર તથા ૧૯વર્ષની દીક્ષા પર્યાય પછી એકલા રહેવાની શરૂઆત કરેલ હતી. આજે પણ ભાડાના મકાનમાં એકલો રહું છું, પોતાનું કાર્ય –કપડા ધોવા, ભોજનની વ્યવસ્થા, મકાન સફાઈ વિગેરે જાતે કરું છું. મારી જન્મકુંડળીમાં ગણિત ૭૨ વર્ષથી આગળ વધતું નથી તેમ લખેલ છે.

આચાર્યશ્રી પદ્મસાગરજી મ.સા.ના જ્યોતિષમાં નિષ્ણાત એક સંતે મને આજથી ૨૮ વર્ષ પહેલા અમારી પાંચ મિનિટની મુલાકાતમાં કહેલ હતું કે– ૭૦ વર્ષની આસપાસ તમારું અકસ્માત/ઓચિંતુ મૃત્યુ થશે. અર્થાત મૃત્યુ સમયે કોઈની વધારે સેવા લેવી નહીં પડે. અને એકલવિહાર જ આપના માટે જીવનભર પ્રશંસાપાત્ર રહેશે.

આગમ કાર્ય પૂર્ણ કરવાના મધ્ય સમયમાં જ હું કોઈ તાંત્રિક પ્રયોગમાં ફસાયને અશાતા કર્મનો ભોગવટો બે વર્ષમાં કરી ચૂકયો છું. હવે હું સ્વસ્થ, પેટ દર્દ રહિત, હિમ્મત સાથે આંતર ચેતનાથી જાગૃત બન્યો. ૬૮મું વર્ષ શરૂ થયું ત્યારથી સંલેખના સંથારાનું નિર્ધારણ(અનુપ્રેક્ષણ) મારા પોતાના શ્રુતજ્ઞાનથી કરી અહીં-તહીં વાત કરવા લાગ્યો. કેટલાકને સારું લાગ્યું. નિકટના એક બે શ્રદ્ધાળુને ગમ્યું નહીં. સમજાવવા છતાં પોતાનો મત ચાલુ રાખ્યો. તેથી મેં વિચાર કરી એક દિવસ અહીં રાજકોટમાં ૨૫–૩૦ વર્ષથી જ્યોતિષ કાર્યાલય ધરાવતા પ્રતિષ્ઠિત જ્યોતિષી પાસે ગયો. તેમને મેં મારો પરિચય આપ્યો અને જણાવ્યું કે એક પરીક્ષાર્થી તરીકે તમારી પાસે આવ્યો છું. મને આયુષ્ય જોવાનો સારો અનુભવ છે એમ જણાવી તેમનો હાથ જોવા માટે માંગ્યો અને હાથ જોઈને કહ્યું કે 'આપની ઉંમર ૮૪ વર્ષ આસપાસ છે. હવે આપ મારો હાથ જુઓ, હું ૭૦ વર્ષ ઉંમરે સમાધિ લેવા ઈચ્છું છું.' તેમણે મારો હાથ જોઈને બતાવ્યું કે– 'આપનું જીવન એક મહાન પુરુષનું અલૌકિક જીવન છે અને આપની ઉંમર ૭૪ વર્ષ આસપાસની છે, જો આપ સાત્વિક જીવન ક્રમબદ્ધ જીવશો તો. અન્યથા ૨–૪ વર્ષ ઓછી ઉંમર પણ થઈ શકે છે. આપનો નિર્ધારણ યોગ્ય છે પરંતુ મારી પોતાની નમ્ર સલાહ એ છે કે માનવ જીવનમાં આપ સત્કાર્ય કરી રહ્યા છો, સંત-સતિઓને આ ઉંમરે કોઈ પણ વેતન વગર ભણાવી સેવા આપો છો તો માનવ જીવનને ટૂંકાવવું ન જોઈએ. આ જીવનમાં સમાજ સેવા જેટલી થઈ શકે તેટલી કરવી જોઈએ.'

મેં પૂછ્યું– 'છતાં પણ મારી ભાવના પોતાના ક્ષયોપશમિક જ્ઞાન મુજબ આમ નક્કી કરેલ છે તેમાં કાંઈ ખોટું તો નથી ને ?' તો કહ્યું કે– 'આપ તો પોતે એક અલૌકિક જ્ઞાની પુરુષ છો. આપના નિર્ણયને ખોટો કહેવા જેવું કાંઈ નથી.'





હું જય જિનેન્દ્ર ધન્યવાદ કહી ઉઠી ગયો. તેમણે કોઈ ફી પણ માંગી ન હતી. બહાર અનેક લોકો બેઠા હતા. હું ઘરે આવી ગયો. પુસ્તકમાં આ વિચારોને છપાવવાનો નિર્ણય કરી લીધો. મુંબઈમાં વસતા એક રાજસ્થાની શ્રદ્ધાળુ શ્રાવકને ફોન પર ફરીથી સમજાવ્યા. તેને ન ગમવાથી આખરે તે રૂબરૂ અમદાવાદ આવીને મળ્યા. કલાક સુધી ચર્ચા થઈ, ત્યાર પછી એની સમજમાં આવ્યું. શ્રદ્ધાથી મારી હિમ્મતની પ્રસંશા કરી.

આગમ જ્ઞાનથી નક્કી થયેલ(સોપક્રમી) આયુષ્ય, ૧/૩ ભાગ આયુષ્ય બાકી રહે ત્યારે તૂટી શકે છે. આગમ આયુષ્ય ગણિતથી ૭૦ વર્ષની અમારી ઉંમરમાં ૧૪ મહીના વધારવાથી અને ૯ મહિના ગર્ભના ઉમેરવાથી ૨૩ મહિના એટલે લગભગ બે વર્ષ થઈ જાય છે, તેથી ૭૦ + ૨ = ૭૨ વર્ષ મારી કુંડળીમાં લખેલ છે તે થઈ જાય છે.

ઉપર બતાવેલું દરેક અપેક્ષા, અનુભવોથી અને એકલવાયુ જીવન હોવાથી સમયથી પહેલાં સાવચેતી સાથે સ્વસ્થ હાલતમાં સંથારો કરવો શ્રેષ્ઠ સમજણ છે. છતાં પણ નક્કી કરેલ સમય મર્યાદા પહેલાં વચ્ચે કોઈ બનાવનો (ઉપક્રમ) આભાસ થાય તો ક્યારેય પણ સાવધાન–જાગૃત રહેવાનો અભ્યાસ હંમેશ હોવાથી સંથારો કરી શકાય છે. નિશ્ચિત તિથિ તો અંતિમ જરૂરી તિથિ સમજવી જાઇએ.

મારા દીક્ષાગુરુ–દાદાગુરુના સ્વર્ગવાસ થયાના ૧૨ દિવસ પછી વિહારમાં એક નાનકડા ગામમાં વહેલી સવારે ૪ વાગ્યે મને તેઓશ્રીએ સાધુવેશમાં સ્વપ્નામાં દર્શન આપ્યા. ૫–૧૦ મિનિટ વાતો–પ્રશ્નોત્તર સાથે મારી પાસેથી શારીરિક સેવા પણ લીધેલી હતી અને કહ્યું કે– 'તમે જિન નામ કર્મ બાંધશો.' ઉંમર અંગે મારા પ્રશ્નના જવાબમાં ઈશારાથી જે બતાવ્યું તેનો અનુભવીઓના મતે અર્થ ૭૦ વર્ષથી વધારે કહી શકાય. પછી મારી નિંદર ઉડી ગઈ અને હું ફરી સુતો નહીં પરંતુ, સ્વાધ્યાય વિગેરેમાં સમય વિતાવ્યો.

મેં મારા જીવનમાં મારી ઉત્કૃષ્ટ શક્તિ(રસાયન)થી હંમેશા શ્રુત જ્ઞાનની વધારેમાં વધારે આરાધના વિભિન્ન રીતે કરેલ છે. હવે મને શ્રુતજ્ઞાનથી એ પણ આભાસ-ખ્યાલ થવા લાગ્યો છે કે હું પ્રથમ દેવલોકનો એક ભવ કરી

મહાવિદેહના અન્યતર વિજયમાં ગુરુદેવ કથિત જિન રૂપમાં જન્મ ધારણ કરી આત્મકલ્યાણ કરીશ.

એટલા માટે મેં ૧–૨ મહિના સંથારો ચાલે એવી હિંમતપૂર્વક નિર્ણય કરેલ છે. જીવનમાં પણ હંમેશા તપસ્યા,(સંથારાનો મનોરથ હંમેશા રહે તેના અભ્યાસ અર્થે) ક્રમબધ્ધ વાર્ષિક-માસિક તપ, કરતો રહું છું. અનેક પર્યુષણમાં એક સાથે સળંગ અઠાઈ–આઠ ઉપવાસ સફળતા પૂર્વક કરેલ છે. અને ૨૦૧૪માં પણ પર્યુષણમાં અઠાઈ કરવાનો સંકલ્પ કરેલ છે. આપની જિજ્ઞાસા સંતોષવા મેં આપનો પત્ર આવ્યો તે જ દિવસે રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યે પ્રત્યુત્તર લખી, આ પત્ર મારફત જવાબ લખ્યો છે. મેં પ્રથમ વખત જ કેટલીક મારી આંતિરક વાતો વ્યક્ત કરી છે. આશા છે આપને સંતોષ તથા સમાધાન પ્રાપ્ત થશે. પ્રત્યુત્તરની પ્રતિક્ષા છે...

**સમાધાનની પહોંચ :** તમારો પત્ર સમયસર મળી ગયો હતો. જીવનના પ્રત્યેક પડાવ પર તમે જે સાવધાની સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યા છો તે એક આદર્શ કહી શકાય છે. શરીરનું ભેદ જ્ઞાન થયા પછી આ સહજ શક્ય બને છે. તમે પહેલીવાર આ રીતે વિસ્તૃતમાં બધી વિગત જણાવી તેથી ખૂબ આનંદ થયો. મારા મનની ઉત્કંઠા–જિજ્ઞાસા સંતોષાય ગઈ. સંથારા દીક્ષા સમયે આવી પડનારી માનસિક વિડંબનાઓથી સમાધિ ક્યાંય પણ ખંડિત ન બને તે જ ખુબ મહત્વનું છે. તમારું મનોબળ દ્રઢ જ નહિ, સુદ્રઢ છે એટલે વાંધો નહિ આવે. આગમ વિષયક અઢળક સાહિત્ય તમારી કલમે લખાયું છે એ આનંદની વાત છે.... તમારી શુભ ભાવનાની અનુમોદના...

**દ : મુક્તિશ્રમણ વિજય.**

**પ્રશ્ન :** તમારા ભાવિ દીક્ષા–સંથારાની આ રીતે જાહેરાત કેમ ?

**ઉત્તર :** સંયમ અને શ્રાવક વ્રત સમજણપૂર્વક લેવાવાળા પ્રાયઃ દરેક સાધક ધર્મના રંગમાં રંગાઈ જાય છે, સિધ્ધાત્મા બનવાની પ્રબળ ઉત્કંઠા જેને જાગૃત થઈ જાય છે તેની રગેરગમાં ધર્મ સમાઈ જાય છે. ત્યારે તેણે દેશવિરતિ–અણુવ્રત અથવા સર્વવિરતિ–સંયમ ગ્રહણ કરવાની, જિનશાસનમાં વ્રત આરાધના કરી





વહેલામાં વહેલી તકે સંસારથી મુક્ત થવાનું પરમ લક્ષ્ય તથા આત્મપરિણામ અને આત્માથીપણું અને સાધન જીવનની પ્રાપ્તિ થાય છે.

એવા આત્માઓ માટે આગમમાં ત્રણ–ત્રણ મનોરથ જીવનમાં અંતરમનથી રસાયન–શક્તિપૂર્વક, જિંદગીભર કરવાની પ્રબળ પ્રેરણા અને તેનું ઉચ્ચ(પ્રકૃષ્ટ) ફળ ઠાણાંગ સૂત્રમાં બતાવેલ છે તથા રોગ, ઉપદ્રવ વિગેરે આવી જાય ત્યારે સાધન આહાર ત્યાગ કરે તેવો સંદેશ છે, નહીં કે દવાખાનાના ચક્કર ખાઈને, સોઈ શરીરમાં મારી–મારીને, લોહી, ગ્લુકોઝ નશોમાં ભરી ભરીને કમોતે મરે.

મારા આ પ્રકાશન માટે અંતરમનનો ભાવ અને ઉદ્દેશ એ જ છે કે દરેક સાધક હંમેશાં ત્રીજા મનોરથનું પાંચ મિનિટ માટે સ્મરણ કરે અને મનમાં સંથારો કરવાનો ભાવ કરતો રહે તો તેને એક દિવસ આયુષ્ય આદિનો અનુભવ જરૂર થઈ શકે છે. એવું શ્રુતજ્ઞાનથી અનુમાન, પોતાના જ્ઞાનાવરણીય કર્મની મહાન નિર્જરાથી, પોતાની સાંસારિક કુંડળી જોવાથી, હસ્તરેખાના અનુભવથી, જ્ઞાનીના નિમિત્તથી, જ્યોતિષી વ્યક્તિઓના મિલન એમ કેટલીક રીતે જાણી શકાય છે, તેનો પોતાનો આગમિક લક્ષ્ય પણ બની જાય છે કે આયુષ્યના બે તૃતીયાંશ ભાગ પસાર થયા પછી ગમે ત્યારે બંધાયેલ આયુષ્ય પૂર્ણ થઈ શકે છે તો મને એક–તૃતિયાંશ બાકી રહેલ મર્યાદામાં, અમુક ઉંમરમાં, અમુક સમય સંથારો કરી લેવો છે. તેના પહેલાં દરેક પ્રવૃત્તિઓથી યોગ્ય સમયે નિવૃત્તિ લઈ સંલેખના એક–બે વર્ષ તેમજ ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ કરવાનો દ્રઢ ભાવ કરી લેવો છે. જો આયુષ્ય પોતાની ધારણાથી ૧–૨–૪–૧૦ વર્ષ વધારે હોય તો પણ સંથારાના પરમ ત્યાગ તપથી ૫–૧૦ દિવસ કે મહિનો, બે મહિના, ત્રણ મહિનામાં ઉદય થઈને પૂર્ણ થનાર જ છે. મારે મૃત્યુંજય(મૃત્યુ પર વિજય મેળવીને) બની પરમ શાંતિ અને સુખનો રસ્તો લેવો જ છે. વૃદ્ધાવસ્થા અને મરણના વિચિત્ર દુઃખોમાં અટવાવું નથી. એવી દશા દેખાય એટલે આગમ આજ્ઞા(તપ કરવાની) સ્વીકારી લેવી છે. દવાખાનાના ચક્કર ક્યારેય કાપવા નથી. આજ મારું જિનશાસનનું જ્ઞાન મળવાનું પરમ સૌભાગ્યનું સાચું ફળ હશે. એ માટે મારે જીવનમાં તપનો અભ્યાસ અને તેનો આનંદ જરૂર લેતા

રહેવું છે, અનાહારીપણાનો અભ્યાસ—અનુભવ કરતા રહેવું છે.

બસ, આ પ્રેરણાને દરેક સાધક પામે, પરમ વૈરાગ્ય—શૂરવીરતામાં મસ્ત રહે એવો મારો આ પ્રકાશનનો ઉદ્દેશ છે, સાથે સાથે એમ કરવામાં મારી પોતાની દ્રઢતા, હિમ્મત પણ દિવસે બે ગણી, રાત્રે ચાર ગણી દ્રઢ—સુદ્રઢ બને, ફળસ્વરૂપ હું આરાધક બનું.

મારી આ અભિવ્યકિતને (નિબંધમાળાના બે ભાગોમાં) કારણે અનેક આત્માને પરમ આનંદ અને નિજાત્મ પ્રેરણા મળી છે. જેનાથી એક શ્વેતાંબર મૂર્તિપૂજક સંતે પણ ૨—૪ વર્ષ પછી અર્થાત ૨૦૧૮ માં પોતે પણ તેમ કરશે તેમ મનમાં નિશ્ચય કરેલ છે, મનથી દઢ સંકલ્પ કરેલ છે. અને કેટલાક શ્રાવક પણ આ કક્ષા અમારે પણ પામવી છે, જીવનનું શ્રેય અને અનુપમ લાભ આ જ છે, અમારે પણ આમ જ કરવું છે, એવો વિચાર ધરાવે છે, સમજવા લાગ્યા છે. તથા જે સાધક વૃદ્ધાવસ્થા અને મૃત્યુ સમયે(અનેક વર્ષોની સાધના છતાં અસાવધાન દશાને કારણે) ભક્તોની ભક્તિમાં કુમરણથી મૃત્યુ પામે છે અને બહાર લોકો શાંતિનો દેખાડો કરે છે, અમારે આમ જીવવું નથી, કરવું નથી એવો મનથી સંકલ્પ કરવા લાગ્યા છે.— **ઈતિ શુભમ્ સર્વ સાધકાનામ્.**





# વીતેલી વાત

**(સ્વાસ્થ્ય સુધાર અને પ્રાયશ્ચિત્ત)**

આગમ મનીષી મુનિરાજશ્રીના વિચિત્ર કર્મોદયથી ૨૦૧૧ના ૫મી જાન્યુઆરીના દિવસે અચાનક ઔપદ્રવિક પેટમાં તીવ્ર વેદના થવાથી અને ૬ મહિનામાં કોઈ ઉપચાર કારગતન થવાથી તથા ૧૫ કિલો વજન ઘટી જવાથી, જેમાં સંયમના આવશ્યક કાર્ય હેતુ ચાલવું વગેરે પણ દુઃશક્ય થવાથી ૧૨ જુલાઈ ૨૦૧૧ના દિવસે શ્રાવક જીવન સ્વીકાર કરવો જરૂરી થયો. પુનઃ પાંચ જાન્યુઆરી ૨૦૧૩માં ૧૬ કલાક સુધી વિચિત્ર ઝાડા-ઉલ્ટીઓ થયા પછી ઔપદ્રવિક રોગ પૂર્ણરૂપે શાંત થઈ ગયો. બે મહિના પછી નબળાઈ પણ ઓછી થઈ ગઈ. ધીરે-ધીરે ૨૦૧૪ જાન્યુઆરીમાં સ્વાસ્થ્ય અને વજન પૂર્વવત્ થઈ જવાથી અને પૂરી હિંમત આવવાથી આગમ સંબંધી પ્રકાશનનું કાર્ય જે બાકી હતું તે પૂર્ણ કરતાં આગળ ૨૦૧૬ના જાન્યુઆરીએ પ્રાયશ્ચિત્ત રૂપે(પ્રાયશ્ચિત્ત પૂર્ણ સ્વસ્થ થઈ ગયા પછી જ થઈ શકે છે. એટલે) એક વર્ષની નિવૃત્તિ યુક્ત સંલેખના તથા ડિસેમ્બર ૨૦૧૬ પછી ફેબ્રુઆરીમાં દીક્ષા તથા સંથારો ગ્રહણ કરી આત્મશુદ્ધિ અને સાધના આરાધનાના પ્રાવધાન રાખ્યું છે. સંલેખનાના એક વર્ષના સમયમાં ચાર સ્કંધ(મોટા પચ્ચક્ખાણ એટલે સચિત્ત ત્યાગ, કાચા પાણીનો ત્યાગ, રાત્રી ભોજન ચૌવિહાર ત્યાગ, બ્રહ્મચર્ય )પાલન; રાજકોટની બહાર જવાનો ત્યાગ, ચાર વિગય ત્યાગ તથા આયંબિલ, ઉપવાસ વગેરે તપ, મોબાઈલ ત્યાગ, મૌન વગેરે નિયમ સ્વીકાર. અંતમા જે સંતોની પાસે જે ક્ષેત્રમાં(ઉમરગાંવ—મુંબઈ) દીક્ષા લેવી હશે ત્યાં વાહન દ્વારા પહોંચીને પાંચ ઉપવાસની સાથે દીક્ષા—સંથારો ગ્રહણ કરશે.

**વ્યાધિ વિગત :—** પેટમાં કાળજાની જગ્યાએ હાઈપર એ.સી.ડી.ટી, શ્વાસ અને હૃદયના ધબકારા આ ત્રણે રોગનો એક સાથે ઉપદ્રવ અને અસહ્ય વેદના સપ્ટેમ્બર ૨૦૧૧ સુધી એટલે નવ મહિના રહી હતી .

**:: નિવેદક ::**

ડી. એલ. રામાનુજ, મો. ૯૮૯૮૦ ૩૭૯૯૬